પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર


સંસ્થાપક : ર.મ.રા.

સળંગ અંક
૯૦૧

જાન્યુઆરી ૨૦૦૩
વર્ષ : ૭૯મું

તંત્રી : ધીરુ પરીખ





ચિત્રકાર] **ધ રોકબી વિનસ** [વેલેસ્કવીઝ

ઈ.સ. ૧૬૪૮માં તૈયાર થયેલું વિનસનું આ તૈલરંગી ચિત્ર અત્યારે લંડનની નેશનલ ગૅલરિમાં સંગ્રહાયેલું છે. સ્પૅનિશ કલાજગતમાં નિર્વસ્ત્ર નારીદેહનું ચિત્રાંકન ત્યારે વર્જ્ય ગણાતું, કારણ કે તે અશ્લીલ લેખાતું. આ ચિત્રમાં આડી પડેલી વિનસ સામે કામદેવ દર્પણ ધરીને બેઠો છે, જેમાં વિનસનો ચહેરો પ્રતિબિંબિત થાય છે. આવો આ વિષય ટિશીઅને પ્રચલિત કર્યો હતો. પંખાળો હૃષ્ટપુષ્ટ કામદેવ અને આડી પડેલી વિનસના રંગપોતમાં સ્પર્શક્ષમ અનુભૂતિ કરાવવાની ચિત્રકારની ક્ષમતા દષ્ટિગોચર થાય છે, તે સાથે અશ્લીલતાને ઓળંગી જતું કે ઓગાળી નાખતું નર્યું દેહસૌંદર્ય જ ચિત્રકારને અભિપ્રેત છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૬મું | અંક ૧

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

જાન્યુઆરી ○ ૭૬મું વર્ષ ○ ૨૦૦૩

સાંકળિયું

'કુમાર' સળંગ અંક ૯૦૧

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૭ - ૦૦

—'કુમાર'નું અમૃતપર્વ અને 'કુમાર ટ્રસ્ટ'નો દાનનિધિ—

'કુમાર'ને વધુ સમૃદ્ધ કરવાના આશયથી 'કુમાર ટ્રસ્ટ'ની રચના અને તેની સક્રિયતા સાર્થક થાય તે માટે જે આર્થિક સધ્ધરતા જોઈએ તે સારુ ગુજરાતની પ્રજાજોગ દાનની જાહેર અપીલ કરવામાં આવી. આ અપીલના સંદર્ભમાં અત્યાર સુધીમાં લગભગ રૂપિયા ૧૦,૦૦,૦૦૦=૦૦ એકત્ર થયા છે. પરન્તુ આ રકમ વધુ **માતબર** બને તો જ વધુ સિદ્ધિને હાંસલ કરી શકાય. અત્યાર સુધીમાં અમને મળેલાં દાન માટે દાતાઓનો આભાર વ્યક્ત કરીએ છીએ અને હજુ પણ વધુ દાન માટે આ અપીલને પુનઃ રજૂ કરીએ છીએ.

ગરવી ગુજરાતના આવતી કાલના નાગરિકના ઘડતરના ઉમદા હેતુથી ૧૯૨૪માં કલાગુરુ રવિશંકર રાવળે બચુભાઈ રાવતના સહયોગથી શરૂ કરેલું 'કુમાર' માસિક ગુજરાતના યુવાધનને સંસ્કારશ્રી બક્ષવાનો તેનો ઉદ્દેશ ઉત્કૃષ્ટતાપૂર્વક પાર પાડવા મથતું રહ્યું છે. ૧૯૮૭થી ૧૯૯૦ દરમ્યાનનાં ત્રણ વર્ષો બાદ કરતાં પોણી સદી ઉપરાંતની 'કુમાર'ની સૂચિત દીર્ઘ સાહિત્ય-સંસ્કાર સેવા વિરલ છે.

કોઈ પણ સંસ્કારી પ્રજા ગૌરવ અનુભવે એવું આ માસિક અણથક યાત્રા કરતું રહે તેવી શુભેચ્છા અને તે ફળવતી બને તેવું આયોજન કરવું એ આપણી, એટલે કે 'કુમારે' જેમનું ઘડતર કર્યું છે એ સૌ ગુજરાતીઓની ઉમદા ફરજ બનવી જોઈએ.

'કુમાર'ના વાચક-ચાહક સૌને, આપણું 'કુમાર' ચિર'કુમાર' રહે એ માટે વિશાળ ભંડોળ ઊભું કરવાની હાર્દિક વિનંતી કરીએ છીએ.

'કુમાર'ના આજે ૩૫૦૦ ગ્રાહકો છે. ગુણવંતી ગુજરાતને માટે આ સંખ્યા કંઈ માતબર ન ગણાય. આ સંદર્ભે આપણે સૌ એવો શુભસંકલ્પ કરીને ગુજરાતનાં ગામેગામની શાળા-મહાશાળા અને ગ્રંથાલયો દ્વારા 'કુમાર'નો એવો જબરદસ્ત પ્રચાર-પ્રસાર કરીએ કે જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં મ્હોરે સદાકાળ 'કુમાર'; પછી એ ગુજરાતી ગુજરાતમાં વસતો હોય કે એ વસતો હોય સાત સમંદર પાર!

ટૂંકમાં 'કુમાર'ની ગ્રાહક સંખ્યા ૭૫૦૦ થઈ જાય એવી લોકલહર આપણે સરજીએ!

'કુમાર ટ્રસ્ટ'ને અપાતાં દાન કલમ ૮૦-જી અન્વયે આયકરરાહતને પાત્ર છે તે આપની જાણ સારુ સહજ. આપના ઉમદા સક્રિય સહયોગની અપેક્ષા સહ.

૧. 'કુમાર' માટે દાનનો ડ્રાફ્ટ/ચેક 'કુમાર ટ્રસ્ટ'ના નામનો જ લખવો અને 'કુમાર કાર્યાલય લિ.', ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦ ૦૦૧ એ સરનામે મોકલવો.

૨. 'કુમાર'નું લવાજમ (વાર્ષિક રૂ. ૧૫૦, ત્રિવાર્ષિક રૂ. ૪૦૦, પંચવાર્ષિક રૂ. ૬૭૫) 'કુમાર કાર્યાલય લિ.'ના નામે જ ચેક/ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલવું. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫ ઉમેરવા.

—આપના—

રઘુવીર ચૌધરી	પી.સી.વૈદ્ય	નટુ પરીખ	જયન્ત પાઠક (સુરત)
જે. એસ. સેવક	કુમારપાળ દેસાઈ	અનિલ રેલિયા	ભગવતીકુમાર શર્મા (સુરત)
જયન્ત પંડ્યા	લાભશંકર ઠાકર	રાધેશ્યામ શર્મા	રમેશ બી. શાહ (સુરત)
ભોળાભાઈ પટેલ	ચિનુ મોદી	જોરાવરસિંહ જાદવ	મહેન્દ્ર મેઘાણી (ભાવનગર)
પ્રકાશ ન. શાહ	ચંદ્રકાન્ત શેઠ	હસમુખ બારાડી	ખોડીદાસ પરમાર (ભાવનગર)
બકુલ ત્રિપાઠી	મનહર મોદી	ક્ષેમુ દિવેટિયા	બલવન્ત કે. પારેખ (મુંબઈ)
રાજેન્દ્ર શાહ	મધુસૂદન પારેખ	રાસબિહારી દેસાઈ	સુરેશ દલાલ (મુંબઈ)
નિરંજન ભગત	મધુસૂદન ઢાંકી	અશોક હર્ષ	રમણલાલ ચી. શાહ (મુંબઈ)
વિનોદ ભટ્ટ	કનુભાઈ જાની	હસુ યાજ્ઞિક	યશવન્ત ત્રિવેદી (મુંબઈ)
ધીરુભાઈ ઠાકર	ચિમનલાલ ત્રિવેદી	મહેશ દવે (ઈમેજ પબ્લિકેશન)	મનોજ ખંડેરિયા (જૂનાગઢ)
અનિલા દલાલ	ચંદ્રકાન્ત ટોપીવાળા	મનુભાઈ શાહ (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય)	દુષ્યન્ત પંડ્યા (જામનગર)
વસુબહેન	નૌતમભાઈ વખારિયા	ભગતભાઈ શેઠ (આર.આર.શેઠની કંપની)	બલવન્ત જાની (પાટણ)
ગીતા પરીખ	કૃષ્ણકાન્ત વખારિયા	મહેન્દ્ર શાહ (નવભારત સાહિત્ય મંદિર)	રમેશ પારેખ (રાજકોટ)
હરિકૃષ્ણ પાઠક	જગન મહેતા	હંમેશ મોદી (રન્નાદે પ્રકાશન)	ભાનુપ્રસાદ પંડ્યા (રાજકોટ)
કુલીનચંદ્ર યાજ્ઞિક	પ્રાણલાલ પટેલ	દિલાવરસિંહ જાડેજા (વ.વિ.નગર)	જ્યોતિ ભટ્ટ (વડોદરા)
જિતેન્દ્ર દેસાઈ	બંસીલાલ વર્મા 'ચકોર'	ભગીરથ બ્રહ્મભટ્ટ (વ.વિ.નગર)	કાન્તિ કાપડિયા (વડોદરા)
રજનીકુમાર પંડ્યા	ગજેન્દ્ર શાહ	ઉશનસ્ (વલસાડ)	ધીરેન્દ્ર મહેતા (ભૂજ)
			ચંદ્રકાન્ત મહેતા (દિલ્હી)

વાચકો લખે છે

ગજબ આ વાત*




કોઈએ જોયો છે—
હાથમાં 'ભાલો' લઈને
તેજી તોખાર પર સવારી કરતો,
યૌવનના તેજે તરવરતો,
નિર્ભય અને સશક્ત
છતાં ધૈર્ય અને શાંતિ રાખતો
સૌને - આબાલવૃદ્ધને - આનંદ આપતો,
નવસોમે ડગલે પણ
ચિર-યુવાન,
માત્ર ૭૫ નહીં, પણ પૂરાં ૭૫ વર્ષનો,
દુનિયાની દસમી અજાયબી સમો
આપણો (માફ કરજો, આપણું-)
આ 'કુમાર'?
(છે ને ગજબ આ વાત!)
(*'કુમાર'ના અમૃતપર્વ પ્રસંગે)

-ગીતા પરીખ (અમદાવાદ)

•

'કુમાર'નો મોનોગ્રામ



'કુમારે' સાધ્યા રંગો
પદ-સકલરૂપે
ત્યહીં રેખા-પીંછી
પથ ઉદધિનો
સંગ લહેરે!
પછી દોડે ઊડે નભવિહરતો અશ્વલય શો!
રણે ઘૂમે ભાલાં શબદ-કિરણો કુદ્ધ લડતાં
વ્યોમ રણમાં!

-ડૉ. હિમાંશુ ભટ્ટ (રાજકોટ)

•

પ્રિય! અપૂર્ણ હજી ક્ષણની કથા
ભરતીઓ સ્વર-વ્યંજનની વૃથા.
નભ વિશીર્ણ તણી કરચો મહીં
શરવરી મુખ શીર્ણ ગ્રથી રહી.

પ્રકટ લેશ ન થૈ - ક્યમ તો કહું?
થઈ શિરીષ કદી સ્પરશી મૃદુ,
ક્વચિત સ્પંદિત વ્યોમ શું વિસ્તરી,
નિબિડ પ્રાવૃષ થૈ વરસી કદી.

નિત નવું કંઈ સંચિત કેટલું!
થઈ શક્યું પણ વ્યક્ત ન-જેટલું.
અવ નથી ભવિતવ્યની ઝંખના,
નહિ વ્યતીત વિશે અનુરંજના.

દ્રહ અજંપ તથાપિ નિવેશમાં
પૃથુલ પક્ષ્મ રહ્યાં અવશેષમાં.

-ભાનુપ્રસાદ ત્રિવેદી (ગાંધીનગર)

દ્રહ = ધરો, નિવેશ = પડાવ

•

'કુમાર'ના યાદગાર અમૃત-પર્વ નિમિત્તે ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા! નવેમ્બર ૨૦૦૨નો અંક વાંચીને અતિ આનંદિત થયો. મનોરમ્ય મુખપૃષ્ઠ અને આ અંકમાંની કૃતિઓ ખરેખર પ્રશંસનીય છે. આ અંકમાં શ્રી ઠાકોરભાઈ દેસાઈનો વિસ્તૃત પરિચય વાંચ્યો. ઉપરાંત કાવ્યો પણ રોચક છે. આ અંકમાં શ્રી ભગવતીકુમાર શર્માનું કાવ્ય 'તાપીને' એક સરસ રચના છે.

- ઈશ્વરલાલ પરમાર (અમદાવાદ)

•

વિક્રમ સંવત ૨૦૫૯ના નૂતન-વર્ષાભિનંદન. આપના તરફથી 'કુમાર' ત્રીજા દશકના પૂર્વાર્ધનાં ચરિત્રોમાં જયપ્રકાશ નારાયણ, અશોક હર્ષ (મે ૧૯૪૬, અંક ૨૬૯) તેમની જન્મસાલ ૧૯૯૮માં છપાયેલ છે તે ખોટી છે. જયપ્રકાશ નારાયણનો જન્મ ઈ.સ. ૧૯૦૨માં ૧૧ ઑક્ટોબરે થયેલ છે. (જન્મસાલની છાપભૂલ છે)

- મનુભાઈ મસાલાવાળા (અમદાવાદ)

•

મે ૨૦૦૨ના 'કુમાર'માં 'વિશ્વના મહાન ચિત્રકારો-૫'માં એક હકીકતદોષ છે. પાન ૩૨૩ પર વચ્ચેના કૉલમમાં '૧૮૭૦ના અરસામાં ફ્રૅંકો પર્શિયન વૉર ફાટી નીકળી હતી' એવો ઉલ્લેખ છે. સાચી વાત એ છે કે 'ફ્રૅંકો પ્રુશિયન વૉર ફાટી નીકળી હતી.' પર્શિયા એટલે આધુનિક ઈરાન અને પ્રુશિયા એટલે આધુનિક જર્મની. *- અમિતાભ મડિયા (અમદાવાદ)*

•

'કુમાર' દીપોત્સવી અંક (ઑક્ટોબર-૨૦૦૨)માં પૃષ્ઠ ૭૧૨ પર 'પંચ' શીર્ષક હેઠળ 'પંચાગ્નિ' આપેલ છે તેમાં નીચે પ્રમાણે પંચાગ્નિઓ છે : (૧) આહવનીય, (૨) દક્ષિણાગ્નિ, (૩) ગાર્હપત્ય, (૪) સભ્ય અને (૫) આવસથ્ય. એમ પાંચ નામો છે. તેમાં 'સભ્ય'ને સ્થાને સામ્ય તથા 'ગાર્હપત્ય'ને સ્થાને 'હાર્હપત્ય' આપેલું છે.

'કુમાર' સામ્પ્રત યુગનું સર્વોત્તમ માસિક છે અને આપના જેવા સારસ્વતની રાહબરી હોય પછી તેમાં શું કહેવું? ખૂબ સુંદર લેખો અને ઉત્તમ શૈલીનું ઉત્કૃષ્ટ સાહિત્ય એટલે જ 'કુમાર'.

- ડૉ. જે. કે. ભટ્ટ (વડોદરા)

•

ઑક્ટોબર-૨૦૦૨ના 'કુમાર'ના અંકમાં રજનીકુમાર પંડ્યાની લેખમાળા 'ફિલ્માકાશ' વાંચીને અગાઉના લેખ જેવી જ મજા રહી. રજનીકુમાર પંડ્યાએ જૂની ફિલ્મોના ઇતિહાસને ઢંઢોળીને ધરબાઈ ગયેલી ફિલ્મોમાં એક નવો જ પ્રાણ ઉમેર્યો છે. છતાં ક્યાંક રજૂઆતમાં પોતાની ક્ષતિ દેખાઈ હોય ત્યાં ફેરફાર કરવા માટેની પણ તૈયારી હોય એ આટલા ઊંચા કટારલેખક માટે પ્રશંસાની વાત ગણાય.

પ્રસ્તુત ફિલ્માંકન-૨૨ના અંતમાં લેખકે નોંધ સાથે લખ્યું છે કે ઇન્દુલાલ યાજ્ઞિકની ફિલ્મનું નામ અગાઉના અંકમાં લખાયેલું હતું તે સરતચૂકથી બદલીને સાચું નામ હવે લખવામાં આવે છે.

આ સંદર્ભે 'કુમાર'ના વિશાળ વાચકવર્ગની જાણ માટે એક હકીકત પ્રત્યે ખાસ ધ્યાન દોરવા માગું છું કે પ્રસ્તુત ઇન્દુલાલ યાજ્ઞિક (નયા ગુજરાતના પ્રણેતા)ની ફિલ્મ ૧૯૨૮માં રજૂઆત પામી હતી એટલું જ નહીં, એ ફિલ્મનું સાચું નામ 'પાવાગઢનું પતન' હતું, જે મુંબઈમાં સપ્ટેમ્બર - પંદર તારીખ - ૧૯૨૮ના રોજ ઇમ્પિરીઅલ થીએટરમાં રજૂઆત પામી હતી. *- પ્રબોધ કાપડિયા (ભાવનગર)*

નૂતન વર્ષ ૨૦૫૯ : નવા વર્ષે વાચકોએ મોકલેલાં સ્વહસ્તે દોરેલાં કેટલાંક અભિનંદન-ચિત્રોના નમૂના



હરિભાઈ દા. ટંડેલ (વિજલપોર)



જયા પી. ટંડેલ




સવજી છાયા (દ્વારકા)



વનસ્પતિમાંથી બનાવેલ ચિત્ર (બાબુલાલ વોરા)




કાગળનું કટિંગ કરી બનાવેલ ચિત્ર (બાબુલાલ વોરા-અમદાવાદ)




આંગળાં-અંગૂઠાથી બનાવેલ ચિત્રો (બાબુલાલ વોરા-અમદાવાદ)



બળવંત જોષી (રાજકોટ)



ભાડદિયા યશવંતરાય (જામનગર)



પાણીમાં દરિયામાં વચ્ચે આવેલ કિલ્લો - દીવ (બળવંત વ્યાસ - ઊના)

નથી છૂટી જવું / *ઉશનસ્*

(શિખરિણી • સૉનેટ)

નહીં રે, ના ભૈ, ના; નથી છૂટી જવું એમ ત્વરિત,
ભવોના ચકાવા થકી, જનમ એકાદ શું, વધુ
હજી લેવા જોશે કંઈ, પૃથિવીનું પૂર્ણ હું મધુ
હજી ક્યાં પામ્યો છું? પૃથિવીપ્રીત એ તો અમરિત!

બીજાની શી વાર્તા? નવ પ્રીત તણી - જોની - તું કથાઃ
શક્યો છું ક્યાં પૂરી ચહી હું તુજને આ ભવ મહીં?
અરે, કોઈ પ્રીતિ - તવ પણ - પૂરી થાય જ નહીં;
હજી તારું બાકી અમૃત; મળ્યું તે તો હતી વ્યથા.

હજી આ બ્રહ્માણ્ડે કંઈ પૃથિવીઓ, તારક, ગ્રહો;
લઈ એક્કેકો ત્યાં જનમ, સહુ - શું ગાંઠ ગ્રથવી.
હજી બાકી - ગાંઠે વળગણ મને; ના હું હળવી
ઉકેલી ગાંઠોને કરીશ ગતિ; એ બોજ ગરવો;

જવા દો, એ લાંબી લચક લવરી જેવી કથની;
લીધાં-દીધાં કિન્તુ વચન તણું શું?
- એ યે ખરું કની?

'ઘાયલ'ને— / *જગદીશ ત્રિવેદી*

ઘાયલ પંખી
માળો મૂકી
ઊડી ગયું આકાશ.

ટહુકા મીઠા
રહ્યા હવે આ
હવા મહીં ગુંજરતા.

લાજ નથી આવતી? / *રમેશ પારેખ*

(ગાન)

મારી સામે ટગરટગર જોતાં સ્હેજે ય તને
લાજ નથી આવતી તે સારું છે?

મારામાં જોવાનું શું છે?
આ મેલખાઉ ફાળિયું ને કેડિયું કધોણું,
ઝાઝાં થીગડિયાળી ચોરણી,
ને હાથમાં છે છલકાતી છાશભર્યું દોણું;

શીંગડેથી ખચકાવી ખેંચી લઈ જાઉં છું
-એ જોરાવર પાડરડું મારું છે.

ભુરાયા સાંઢને હું બાથમાં ભરું તો
તે પલળેલો ગાભો થઈ જાતો
એવો હું રાંક તેને-
તાજા કકરાવેલા દાતરડા જેવી જોઈ થાતો!

મુંને એમ થાયઃ
મારો જીવ તારા ડચકારે હેંડતું લવારું છે...

ક્રાન્તિમંત્ર / *ધીરુ પરીખ*

(વનવેલી)

એકમાંથી બનું હું અનેકઃ
આવો ક્રાન્તિમંત્ર જડ્યો જેને છેક
તેણે કીધી સૌપ્રથમ ક્રાન્તિ;
સૃષ્ટિના સર્જને લાધી શાન્તિ!

વળી પાછી સમયની ક્લાન્તિ.
પાછી શરૂ થઈ
ભ્રાન્તિમાંથી શાન્તિ માટે ક્રાન્તિ.

માફીપત્રો વેચીવેચી પાપમુક્તિ માટે
ધર્મહાટો ખૂલ્યાં,
એવા એક હાટદ્વારે
ચોપાનિયું ચોંટાડીને માર્ટિન લ્યૂથરે
ક્રાન્તિની મશાલને શી ચાંપી ચિનગારી!

માનવના મૂળમાંની પશુતાને પામનારી
અશ્મિલોની તપાસથી
ગ્રંથમણિ જન્મ્યો : 'ધ ડિસેન્ટ ઑફ ધ મૅન.'
વળી 'દાસ કૅપિટલ'—
રાજકીય વિચારધારાની ક્રાન્તિદેન.

રશિયાની હો કે પછી ફ્રાન્સની હો,
ભારતની હોય ભલે ૧૮૫૭ સાલે ક્રાન્તિ;
વિવિધ સમયે અને વિવિધ ભૂભાગે
વિવિધ ક્ષેત્રોમાં જન્મે ક્રાન્તિ
અને જન્મતી રહેશે વિધવિધ ક્રાન્તિ;
પછી શાન્તિ પછી ક્રાન્તિ.
અને આમ શાન્તિ તથા ક્રાન્તિ
ઉભય એ ચરણોથી માનવ-ઉત્ક્રાન્તિ.
શાન્તિઃ ક્રાન્તિઃ શાન્તિઃ

રાખ્યું અમે / *ચિનુ મોદી*

(ગઝલ)

છે સિલકમાં શું? ગણી રાખ્યું અમે,
જે બચ્યું તે સમસમી રાખ્યું અમે.

વારસામાં માત્ર વ્યાકુળતા મળી,
આંસુ એકાદું હજી રાખ્યું અમે.

આપ તો આવી શકો ક્યારેય પણ
દ્વાર ક્યાં ખુલ્લું નથી રાખ્યું અમે?

શોધશું ને પ્હોંચશું એના ઘરે,
નામ-સરનામું લખી રાખ્યું અમે.

એ ખરે 'ઈર્શાદ' સ્વાભાવિક રીતે
(તે) પાંદડું પીળું કરી રાખ્યું અમે.

જુઓ / *મનહર મોદી*

(ગઝલ)

એમની આંખમાં મઢેલું છે
એક સપનું મને જડેલું છે.

આંખ થાકી ગઈ રડી લઈને
તો હૃદય ધ્રૂસકે ચઢેલું છે.

રાત છે ને છતાં દિવસ ગણજો
એમણે એટલું કહેલું છે.

આમ દેખાય છે સાવ સીધું મન
છેક ઊંડે જુઓ, વળેલું છે.

બંધ આંખોમાં બે સૂરજ જેવું
એક આખું જગત ભરેલું છે.

હોય દરિયો તો એને સમજાવું
રેતનું નાવડું નડેલું છે.

એક પંખી, ને વાદળું એક જ
તો ય આકાશ હચમચેલું છે.

થરથરે છે બિચારું સુખ એનું
જોઈને મારું દુઃખ ડરેલું છે.

દોડશે હું ને મારો પડછાયો
એ જ જોવાનું, કોણ પહેલું છે.

હરિ-ગીત / *રવીન્દ્ર પારેખ*

હરિ, મળ્યાને આપણને તો
ઢગલો વર્ષો થયાં,
હરિ, મને ધરતી પર નાખી
તમે ગયા તે ગયા!

હરિ, તમારું વ્રત લીધું છે
તમને ફરી મળવા,
કારણ, તમે તો ઠીક, તમારો
ખ્યાલ ન પામ્યો ફળવા,
તમે ભીડમાં હો તો પૂછવું પડે,
હરિ, છે ક્યાં?

જેમ મને મળવા માટે હું
ક્યાંક મને અવરોધું,
તેમ તમે કણકણમાં વ્યાપો
તો ય હું કણમાં શોધું,
હરિ, હવે તો દર્શન દો
મારા પર લાવી દયા!

સૂત્રસાર

ખોજ પૂરી થતાં હયાતી ખતમ!

રાધેશ્યામ શર્મા

સફળતાની સીડી માણસ ચઢી ચૂક્યો કે રાજીનો રેડ ('હેવિ રેડ') થઈ જાય છે.

પણ નિષ્ફળતાની ઝીણી ખંજરી રણકે તો નિરાશ બની પીળો ('ઍનિમિક) પડી જાય છે.

સફળતા અને નિષ્ફળતાનાં બે શિખરોની વચ્ચે માણસ ખેંચાતો લટક્યા કરે છે - ચિંતાની ખીણમાં!

ટાગોરે ત્યારે યોગ્ય જ ગાયું :

તારી આશાલતા પડશે તૂટી
ફળ ભલે ના ઊતરે
તેથી કાંઈ ચિંતા કર્યે ચાલશે ના.

મનુષ્યને કોઈ મૂળભૂત ચિંતા સતાવતી હોય તો તે છે 'પોતે પરતંત્ર બની જશે'ની ચિંતા!

સ્વાતંત્ર્ય ઝૂંટવાઈ જવાની ચિંતા એને અડોઅડ અડકીને બેઠી છે. આવી ચિંતાઓને ચાલના અર્પનાર પ્રધાન તત્ત્વ કયું? મહત્ આકાંક્ષા, મહત્ત્વાકાંક્ષા. ગજા ઉપરવટ મહત્ત્વાકાંક્ષાના મહાલયે પહોંચવાની અંતિમ ચાહના રાખવી એ ય ચિંતાને નિમંત્રિત કરનાર દશા છે, ભીતિને નોંતરનારી સ્થિતિ છે. રવીન્દ્રનાથે એમની એક ગીતકથામાં આ વાત વણી લીધી, આ પ્રમાણે :

બહુ બહુ જન્મો પરમાત્માને ગોત્યા, પણ મળ્યા નહિ,
ક્યારેક ચાંદતારા પર પ્રભુની ઝાંખી ઝલક મળતી.

ત્યાં એક સ્વપ્નસમો ચમત્કાર સંભવ્યો. પરમાત્માનું ભવન પ્રાપ્ત થઈ ગયું. જન્મોની ખોજ ફળી ગઈ.

મહાલય પર તકતી પણ ચોડી હતી : 'ભગવાનનું ઘર...' પણ ત્યાં એક સાંકળ લટકતી હતી. સાંકળ ખેંચતાં જ ઘંટ વાગે, ઘંટનો રણકાર થતાં જ ભગવાનનો સાક્ષાત્કાર થઈ જાય...

સાંકળ ખેંચવા જતો હાથ એકાએક લકવો લાગ્યો હોય એમ અટકી ગયો. એક ચિંતાયુક્ત ભીતિની લકીર મનમાં તરંગો જન્માવી ગઈ. 'સાક્ષાત્કાર થઈ જશે પછી તો મારી જીવન-સમગ્રની શોધ ખતમ થઈ જશે. ખોજ ખતમ થતાં મારી હયાતી પણ ખતમ! પ્રભુ-પ્રાપ્તિ પછી હું શું કરવાનો? શોધની આગગાડીનું અંતિમ સ્ટેશન આવતાં 'આગ' ઓલવાઈ જવાની. જીવતરનો અર્થ જ નહીં રહેવાનો. તેથી સાંકળ પડતી મેલી! ગીતની અંતિમ પંક્તિ છે :

જાણુ છું એનું સરનામું, પણ શોધ હજી ચાલુ છે!!

સૂફીના સ્વારથનું સ્વરૂપ

જે સાચું લાગતું હોય તે કહી જ નાખવું જોઈએ.

સત્ય બોલવું અને પ્રિયકર બોલવું એવું હંમેશાં બનતું નથી.

માટે તો ઘણા કહે છે ને સત્ય હંમેશાં કડવું હોય છે. કટુ અને તિક્ત હોય છે સત્ય.

દોષ દેખાતાં જ દોષદર્શન કરાવવું ઘટે. એમાં લજ્જા-સંકોચ રાખવો જરીકે જરૂરી નથી. આલોચના કરવી જ ઘટે. આલોચના યા ટીકાને નિન્દા માનવાની કશી જરૂર નથી.

એક ચિંતક કહે છે : 'આલોચના કરવાથી રાષ્ટ્રની પ્રતિભા ખીલી ઊઠે છે.' ટીકાના ડિટર્જન્ટ સાબુથી જ લોકોના મળોનું, દોષોનું વિરેચન અને વિસર્જન થશે! જ્યાં સુધી વિવેચન બહાર નહિ પ્રકટે ત્યાં સુધી એમ જ મનાશે કે બધું બરાબર ચાલી રહ્યું છે. ક્યાંયે કશું કહેવાજોગું છે જ નહિ.

આવી યથાવત્ - જેમ છે તેમ અકબંધ-સ્થિતિ જૂઠા નકામા બની ગયેલા યંત્ર જેવી જડ થઈ જશે.

કોઈ કહેનારું નથી તો કોઈ સાંભળનારું યે નથી - એવો ઘાટ સ્થગિતતા અને બધિરતા આણશે. માટે વસ્તુસ્થિતિના ગુણદોષોનું પ્રદર્શન કરવું ઘટે.

ખોટાની નિન્દા અને સાચાની સ્તુતિ કરતાં ખચકાવાની જરૂર નથી - આવું સાધારણ રીતે મનાતું હોય છે.

કશું ખોટુંય નથી છતાં વસ્તુ-વિગત-બાબતને બીજી નિરાળી, ન્યાળી દૃષ્ટિએ જોવાનો અંદાજ પણ નોંધપાત્ર છે...

હાયાતના પુત્ર અનવરને, એના અનુયાયીએ એકલાઈને એક વેળા પૂછી પાડ્યું : 'તમે આવા લોકોની ટીકા કે આલોચના કેમ નથી કરતા?'

અનવરે ચોંકાવનારો ઉત્તર આપ્યો : 'કેવળ સ્વાર્થ ખાતર!'

ઉત્તરથી મૂંઝાયેલા અનુયાયીને અનવરે સમજ આપી : 'જો કોઈ પાડોશીના દોષ ખુલ્લા કરી ટીકા કરે તો તે ગામ માટે બરાબર હોઈ શકે. પણ એ જ માણસ, ઉદ્ધતાઈને ઉલ્લંઘી શક્યો ના હોય તો, ટીકાના જવાબમાં વધુ ઉદ્ધત બની જશે.

હવે મારી ઉદ્ધતાઈને ઊંડી ખોદવા જેટલો મારી જાતને ભ્રષ્ટ કરું તેટલો હું નિઃસ્વાર્થી નથી જ! મતલબ કે હું આવો સ્વાર્થી છું... □



સર ટૉમસ રો

—વાય.એમ.ચીતલવાલા—

પ્રાચીન હિન્દુસ્તાનના ઇતિહાસમાં પરદેશથી આવતા રાજદૂતોએ લખેલા અહેવાલો મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક માહિતી શ્રોતની ગરજ સારે છે. ચંદ્રગુપ્ત મૌર્યના દરબારગઢમાં ગ્રીક એલચી મૅગેસ્થિનીએ પાંચ વર્ષ રહીને તે સમયના રોજબરોજના જીવન અંગેની પ્રચુર માહિતી તેની નોંધોમાં આપેલી છે. મેગેસ્થિનીએ પછી ભારત આવનાર અન્ય અગ્રિમ હરોળના રાજદૂત હતા સર ટૉમસ રૉ, જે મુઘલ સમ્રાટ જહાંગીરના દરબારમાં ત્રણ વર્ષ રહી તેમના અનુભવો વિશેના ખબરનામા કે જર્નલ દ્વારા બાદશાહ, તેના દરબાર અને લોકોના જીવન વિશે વિસ્તૃત માહિતી આપેલી છે. એ રીતે મધ્યકાલીન ઇતિહાસ લેખનમાં ઊંચું મૂલ્ય ધરાવે છે.

સર ટૉમસ રૉ મુઘલ ભારતમાં ઈંગ્લન્ડથી આવનાર પ્રથમ વ્યક્તિ ન હોવા છતાં તેમનાં હિન્દુસ્તાનમાંનાં રોકાણનું મહત્ત્વ અકદેરું છે. શહેનશાહ અકબરના શાસન દરમિયાન ઈંગ્લન્ડની રાણી એલિઝાબેથ પ્રથમના ભલામણપત્ર સાથે ત્રણ અંગ્રેજ વેપારી - ન્યુબરી, ફિત્ચ અને લીડ્ઝ મુઘલ દરબારમાં આવ્યા. આ પત્રમાં એલિઝાબેથે અકબરને 'કેમ્બેયા (ખંભાત)ના રાજા' તરીકે સંબોધ્યા જે પરથી તે સમયે ખંભાતનું વેપારી મથક તરીકેનું મહત્ત્વ સમજી શકાય છે. અકબર અને જહાંગીરના રાજ્યઅમલના સમયમાં પશ્ચિમી જગતનો ભારત સાથેનો વેપાર ખૂબ જ વધી જવા પામ્યો હતો અને ગુજરાતનાં ૮૦ બંદરો આ વ્યાપારી શૃંખલામાં સંકળાયેલાં હતાં. કોલંબસે કરેલી અમેરિકાની શોધ પણ એક રીતે પશ્ચિમના હિન્દુસ્તાન સાથેના વ્યાપારી સંબંધોને આભારી હતી. અબુલ ફઝલે જણાવ્યું છે કે, અમેરિકાની શોધ અંગે સમ્રાટ અકબરને જાણ હતી, સાથે ત્યાંની તંબાકુ હિન્દુસ્તાનમાં જહાંગીરના સમયમાં આવેલી જેના ઉપયોગ પર નિયંત્રણ મૂકવામાં જહાંગીર અસફળ રહ્યો હતો.

ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ સુરતમાં ૧૬૧૨માં કોઠી (ફૅક્ટરી) સ્થાપી જેના અમલદારો મુઘલ સરકાર જોડે સંપર્કમાં રહી તેમનાં વ્યાપારી હિતોની રક્ષા કરતા. પણ પોર્ટુગિઝની જેમ ઈંગ્લન્ડના રાજાના શાહી પ્રતિનિધિની હેસિયતથી કોઈ ઈંગ્લિશ રાજદૂતની મુઘલ દરબારમાં નિમણૂક ન થઈ હોવાથી અંગ્રેજ અધિકારીઓનું વર્ચસ્વ અત્યંત મર્યાદિત હતું, તેમાં પણ એડવર્ડ નામના ઈસ્ટ ઇન્ડિયા કંપનીના પ્રતિનિધિને તો શહેનશાહના દરબારમાં અપમાનો સહન કરવાં પડ્યાં. મુઘલો જોડે પોર્ટુગિઝોએ મજબૂત સંબંધો વિકસિત કર્યા હતા તેની સરખામણીમાં અંગ્રેજો હજુ ઘણા પાછળ હતા. ઈસ્ટ ઇન્ડિયા કંપનીના વરિષ્ઠ અધિકારીઓને લાગ્યું કે કોઈ પ્રભાવશાળી વ્યક્તિ જ મુઘલ દરબારમાં ઈંગ્લિશ વર્ચસ્વ સ્થાપી શકે. ઈંગ્લન્ડના રાજા જેમ્સે આ ગ્રાહ્ય રાખી ૩૫ વર્ષીય રૉ પર પસંદગી ઉતારી. ટૉમસ રૉ ઉચ્ચ ખાનદાનમાંથી ઊતરેલા તો હતા જ પણ મેધાવી વ્યક્તિત્વ ધરાવનાર સાહસવીર પણ હતા, જેણે પ્રથમ વખત ગુયાનનાં જંગલોમાં ૪૫૦ કિલોમીટર સુધીના ઊંડાણમાં એમેઝોન નદીકાંઠાની ખતરનાક સફર ખેડી હતી. વધુમાં તેઓ રાજા જેમ્સના શાહી એલચી તરીકે હિન્દુસ્તાન જઈ રહ્યા હતા. અગાઉ રાણી એલિઝાબેથે તેમને 'સર'ના ઇલ્કાબથી નવાજેલા. એ રીતે ઈંગ્લન્ડના શાહ ઘરાનાના અંતર્ગત વર્તુળોમાંના એક હતા.

ઈંગ્લન્ડથી નીકળેલા રૉ એ સાડા સાત મહિનાની દરિયાઈ સફર ખેડી ૧૮મી નવેમ્બર ૧૬૧૫ના રોજ સુવાલીના બારામાં 'હોપ' નામના જહાજમાંથી ભારતની ધરતી પર પગ મૂક્યો. સુવાલી સુરતથી ૧૬ કીલોમીટર દૂર છે, પણ કાંઠા પર સુરતના બધા જ અંગ્રેજો બ્રિટિશ એમ્બેસડરનું સ્વાગત કરવા એકઠા થયા હતા. અંગ્રેજ જહાજોને ધ્વજા-પતાકાથી શણગારવામાં આવ્યાં હતાં, જેમાંથી ૪૫ તોપો ધમાકેદાર સલામીરૂપે ધણધણી ઊઠી. કાંઠા પર ૧૦૦ જેટલા અંગ્રેજ સૈનિકોએ ગાર્ડ ઑફ ઑનર આપ્યું. અંગ્રેજો એવું બતાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા કે પોર્ટુગિઝ વાઈસરૉયની સરખામણીમાં રાજા જેમ્સના એલચી જરાય ઊતરતી કક્ષાના નથી. એ સમયે સુવાલી અને સુરતનો પોર્ટ વિસ્તાર શાહજાદા ખુર્‌રમ (શાહજહાં)ની જાગીર ગણાતી. સુરતના ગવર્નર ઝુલફિકાર ખાને ટૉમસ રૉના સરસામાનની રાબેતા મુજબની જડતી લેવાની

ઘોષણા કરી. ગવર્નરના આવા તુમાખીભર્યા વર્તનથી રૉ નારાજ થયા. ખરેખર ઝુલફિકાર ખાનનો આમાં કોઈ વાંક નહોતો, કારણ કે શાહજાદા ખુર્રમ પર પોર્ટુગિઝ અસરની સજ્જડ પકડ હતી. પોતે ઈંગ્લન્ડના શાહી એલચી હોવાને નાતે તેમનો યોગ્ય માનમુલાએજો જાળવવામાં આવશે તેવી ગવર્નરની હૈયાધારણની વિરુદ્ધનું કસ્ટમ અધિકારીઓના વલણ સામે રૉ લખે છે, 'મેં કેટલીક પિસ્તોલો ઘોડા પરના જીન પર લટકાવી લીધી અને મુઘલ અધિકારીઓને જણાવ્યું કે, આ હથિયારોથી હવે હું કામ લઈશ કારણ કે તેઓએ મારા જોડે દુરવ્યવહાર કર્યો હતો.' રૉએ તાપી નદીને હોડીઓ દ્વારા પાર કરી સુરત શહેરમાં વસવાટ કર્યો. લગભગ દોઢ મહિના સુધી સુરતમાં રહી જહાંગીરને વહેલી તકે મળવા ઉત્સુક બન્યો. આ સમય દરમિયાન શહેનશાહ તરફથી ગવર્નરને એક સંદેશો મળ્યો જેના પરિણામે ઝુલફિકાર ખાનના વલણમાં હકારાત્મક તબદિલી આવી. કદાચ જહાંગીરને આખી ઘટનાની જાણ થઈ હતી અને તેણે ગવર્નરને કડક ભાષામાં ઠપકો આપ્યો, જેના ફળસ્વરૂપે કસ્ટમ અધિકારીઓએ સર ટૉમસ રૉનો અટકાવેલો સામાન પરત કર્યો.

આ સમયે જહાંગીરે અજમેરમાં લાંબો મુકામ કર્યો હતો. રૉ બે મહિનાના પ્રવાસ પછી અજમેર પહોંચ્યો. જહાંગીરે તેનું સારું સન્માન કર્યું અને અન્ય કોઈ એલચી (તુર્કી કે ઈરાનના એલચી સહિત)ને અપાય તેવી છૂટ-છાટો ટૉમસ રૉને મળી. તે ગમે ત્યારે જહાંગીરના અંગત નિવાસમાં પણ મળી શકતો. સર ટૉમસ રૉએ લાવેલ કેટલીક ઈંગ્લિશ વસ્તુઓ જહાંગીરને ભેટ આપી, જેનાથી શહેનશાહે ખૂબ જ ખુશી દર્શાવી. અજમેરમાં જહાંગીરનો એક વર્ષ ઉપરાંતના મુકામનો અંત આવ્યો અને તેણે માળવાના માન્ડુ તરફ પ્રયાણ કર્યું. સર ટૉમસ રૉએ પણ શહેનશાહના ધીમી ગતિએ ચાલતા કાફલા પાછળ જવાનું નક્કી કર્યું. અજમેરના તેના અગિયાર માસના નિવાસ દરમિયાન એક મહત્ત્વની ઘટના બની ગઈ. રૉના અંગત પાદરી હૉલનું અજમેરમાં મૃત્યુ થયું. પરિણામે રૉએ અન્ય પાદરીને તાત્કાલિક ઈંગ્લન્ડથી રવાના કરવાની માગણી કરી જેના ફલસ્વરૂપે રિવરેન્ડ એડવર્ડ ટેરિ ૧૬૧૬ના સપ્ટેમ્બરમાં સુરત બંદરે ઊતર્યો. ટેરિએ ઓક્ષફર્ડ યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ લીધેલું અને તે ઘણો તેજસ્વી હતો. રૉની સરખામણીએ તેણે તેના ભારત-પ્રવાસ વિશે લખેલું પુસ્તક 'એ વોયજ ટુ ઈસ્ટ ઈંડિયા' હિન્દુસ્તાન વિષે વધુ માહિતી સભર છે. રૉના અજમેર રોકાણ દરમિયાન તેણે જહાંગીર અને તેના અધિકારીઓ જોડે સંબંધો વિકસાવવાના પ્રયત્ન કરી જોયા અને તે વેપાર સંબંધી મુઘલ સરકાર જોડે સંધિથી જોડાવા માગતો હતો; જેમાં અંગ્રેજોને એકહથ્થુ વેપારી સહુલતો મળે તેવી યોજના હતી. પણ આમાં તેને બહુ સફળતા મળી નહીં. જો કે ગુજરાતના ભાવિ સૂબેદાર મક્કરબખાન જોડે તેના સંબંધો ગાઢ બન્યા જેને લઈને અમદાવાદમાં અંગ્રેજ કોઠીની સ્થાપના શક્ય બની.

જહાંગીરના માન્ડુ આવવા પાછળનો આશય તો શાહજાદા ખુર્રમની બીજાપુર અને એહમદનગર પરની ચઢાઈ પર નિગરાની રાખવાનો હતો. એડવર્ડ ટેરિ જુદા રસ્તે થઈ સુરતથી સર ટૉમસ રૉથી આગળ નીકળી રસ્તામાં આવતા ઉજ્જૈન પહોંચ્યો. તેની સાથે જહાંગીર માટે ઈંગ્લેન્ડથી ઘણી ભેટ સોગાદો આવી હતી. ઊંચા ઓલાદના ઈંગ્લિશ કૂતરા (માસ્ટિફ અને ગ્રેન્ડહાઉન્ડ), લેડીજ હેટ્સ (ટોપીઓ) અંગ્રેજ બાનુઓનાં ચિત્રો અને કાચની બનેલી પેટીઓ હતી. જહાંગીરે સર ટૉમસ રૉના આવ્યા પહેલાં આ બધી ભેટસોગાદો ટેરિ પાસેથી મેળવી લીધી જેથી રૉ થોડા નાસીપાસ થયા કારણ કે તે શહેનશાહને પોતાના હાથે ભેટ આપવા માગતા હતા. આ અંગે એક રમૂજી બનાવ બની ગયો. ટેરિ જ્યારે આ કૂતરા લઈ માન્ડુ તરફ આવતો હતો ત્યારે એક કૂતરો તેના પાંજરામાંથી છટકી ગયો અને નજીક ઊભેલા હાથીની સૂંઢને વળગી પડ્યો. હાથીએ સૂંઢ આમતેમ ફેરવી પણ તેણે જરાય મચક ન આપી, જેથી હાથીએ સૂંઢને ગોફણની જેમ ફેરવી કૂતરાને ઊંચે સુધી ઉછાળી દૂર ફેંક્યો. આ વાત જ્યારે જહાંગીરે સાંભળી ત્યારે તે ખડખડાટ હસી પડ્યો. જહાંગિરને કૂતરા પ્રિય હતા. તેણે દરેક કૂતરા માટે એક નોકર રાખ્યો જે કૂતરા પર બેસતી માખોને ઉડાડતો. અમુક સમયે બાદશાહ પોતાના હાથે ચાંદીની સાણસીથી કૂતરાને ખોરાક ખવડાવતો. માન્ડુમાં કેમ્પ નાખ્યાના થોડા સમય પછી શાહજાદો ખુર્રમ દખણમાં જીત મેળવી માન્ડુ પહોંચ્યો. શાહજાદાનું ગરમજોશીથી સ્વાગત કરવામાં આવ્યું. તેને શાહજહાંનો ઈલ્કાબ અને ૩૦,૦૦૦ અશ્વારોની મનસબદારી આપવામાં આવી.

સર ટૉમસ રૉએ જહાંગીરને ભેટરૂપે જે વસ્તુઓ આપેલી તેમાં રાજા જેમ્સે બહુમૂલ્ય કાળા મોતીનાં ઘરેણાં મોકલાવેલાં જેને અંગ્રેજો પોતાના પોશાક પરના ખભાના નીચેના ભાગે લટકાવતા. ટૉમસ રૉ જહાંગીરે પહેરેલા અપરંપાર મોતી, હીરા, માણેક અને અન્ય ઝવેરાત જોઈ ઝંખવાઈ ગયો. બાદશાહને તેણે આપેલાં મોતીઓનો ઉપયોગ કરશે કે કેમ તે અંગે દ્વિધા હતી, પણ જ્યારે જહાંગીર હાથી પર બેસી સવારીમાં નીકળ્યો ત્યારે ટૉમસ રૉએ જોયું કે શહેનશાહે મોતીનાં ઘરેણાં પાઘડી પર ચોડ્યાં હતાં અને ટૉમસ રૉ તરફ જોઈ તેણે સ્મિત કર્યું, જાણે કહી રહ્યા હોય, 'જુઓ તમારાં મોતી અહીં છે.' માન્ડુથી જહાંગીરે ખંભાતમાં રોકાઈ ૧૬૧૮માં અમદાવાદ આવીને મુકામ કર્યો. રૉ પણ અમદાવાદ પહોંચ્યો પણ અમદાવાદ આવ્યા પછીની કોઈ નોંધ રૉની ડાયરીમાં મળતી નથી. એવું જણાય છે કે અહીં આવ્યા પછી રૉએ ડાયરી લખવાનું બંધ કર્યું કે પછી તેના લખાણનો અમદાવાદ મુકામનો ભાગ નષ્ટ પામ્યો હોય. આ સમય

દરમિયાન જહાંગીરનો ઉતારો કાંકરિયા પાસેના રાજમહેલમાં હતો. અમદાવાદની ગરમી અને ધૂળથી ત્રસ્ત જહાંગીર ઓછામાં પૂરું હોય તેમ માંદો પડ્યો. આ સમય દરમિયાન અમદાવાદમાં એક પ્રકારના ગંભીર રોગથી લોકો ટપોટપ મરવા લાગ્યા. સર ટૉમસ રૉના કાફલામાં સાત જણ પણ માર્યા ગયા. ટેરિએ આપેલ વૃત્તાંત પરથી તે પ્લેગ હોવાની શક્યતા જણાય છે. અત્યંત નબળાઈથી નંખાઈ ગયેલા જહાંગીરે અમદાવાદને 'ગર્દાબાદ' અને 'બીમારીસ્તાન' જેવાં વિશેષણો જરૂર આપ્યાં પણ અમદાવાદના વૈભવથી તે પ્રભાવિત પણ થયો. આ પ્લેગની નોંધપાત્ર બાબત એ હતી કે માંસાહારી લોકોમાં જાનહાનિ ઓછી થયેલી. થોડાં વર્ષો અગાઉ સુરતમાં ફેલાયેલા પ્લેગમાં પણ આ હકીકતનો ઉલ્લેખ થયેલો, તે જોતાં કદાચ આ બન્ને પ્લેગ એક જ પ્રકારના હતા. જેથી લાગે છે કે પ્લેગના જંતુઓ ગુજરાતમાં સુષુપ્ત અવસ્થામાં રહે છે અને અમુક પ્રકારની પરિસ્થિતિ ઊભી થતાં તે બીમારી સ્વરૂપે ફેલાય છે.

ટૉમસ રૉના અમદાવાદના રોકાણ દરમિયાન તેને જહાંગીર જોડે રોજ મળવાનું થતું. તેની એક નોંધ પરથી જહાંગીરની રમૂજ-વૃત્તિનો ખ્યાલ આવે છે. એક સાંજે શહેનશાહે સર ટૉમસ રૉને રાજમહેલ આવવાનું આમંત્રણ આપ્યું. જ્યારે રૉ ત્યાં પહોંચ્યા તો જહાંગીર ત્યાં હતા નહીં. રાહ જોતાં રાત્રિ થવા લાગી અને એકાએક આખા વિસ્તારમાં ફાનસ ઓલવી દેવામાં આવ્યાં. અંધારામાં એક બળદગાડું રાજમહેલના ચોગાનમાં દાખલ થયું. રૉએ આશ્ચર્ય સાથે જોયું કે તેને હિન્દુસ્તાનનો શહેનશાહ ચલાવી રહ્યો હતો અને તેની બાજુમાં બેઠી હતી તેની બેગમ નૂરજહાં.

ટૉમસ રૉ જોડે જહાંગીરને સારું બનતું હોવા છતાં તે જોઈએ તેટલી વ્યાપારિક છૂટછાટ મેળવી ન શક્યો તે હકીકત છે. રૉ હિન્દુસ્તાનના શહેનશાહ અને ઈંગ્લિસ્તાનના રાજા વચ્ચે એક વ્યાપારી સંધિ થાય તેવું ઇચ્છતો હતો અને એ પ્રકારનું લખાણ તેણે જહાંગીરને આપ્યું હતું. પણ વજીર આશફખાને કંઈ ને કંઈ વાંધા કાઢી આખીય બાબત ઢીલમાં નાખી દીધી અને એ રીતે આ બાબત પર ઠંડું પાણી ફરી ગયું. તેમ છતાં શાહજાદા ખુર્રમે કાઢી આપેલા ફરમાનના આધારે સુરતમાં છૂટથી વેપાર કરવાની બાંહેધરી રૉને આપવામાં આવી. શાહજાદા ખુર્રમ (શાહજહાં) વિશે રૉનો અભિપ્રાય બહુ સારો નથી. રૉએ તેને ગંભીર મુખમુદ્રાવાળો અને અત્યંત અભિમાની તરીકે વર્ણવ્યો છે. કદાચ રૉની જોઈએ તેવી સફળતા ન મળતાં તે ખુરરમ વિશે વધુ પડતો નિરાશાજનક અભિગમ ધરાવતો હોવાનું શક્ય છે. સને ૧૬૧૯ના ઑગસ્ટના અંતે રૉ સુરતથી પરત ઈંગ્લન્ડ જવા રવાના થયો અને એ રીતે એક અત્યંત વિવેકી પણ ચબરાક અને દીર્ઘ-દૃષ્ટિ ધરાવનાર રાજા જેમ્સના એલચી તરીકે મધ્યકાલીન ભારતીય ઈતિહાસ પર પોતાની આગવી પહેચાન છોડતો ગયો. ❒

લઘુકથા

વારસાગત

દુર્ગેશ ઓઝા

છેલ્લાં દશ વરસથી રામશંકરના કુટુંબ અને તેમની જમીનનું જતન કરી રહેલા મગને ફળદ્રુપ ખેતર જોઈ રાજીપો વ્યક્ત કર્યો. ટાઢ, તડકો કે વરસાદ કશુંય ગણકાર્યા વિના તેણે દર વર્ષે ફળો, શાકભાજી અને અનાજનો મબલખ પાક ઉપજાવી અઢળક કમાણી કરાવી આપી હતી. તેની આ મહેનતનો બદલો વાળવાનો શુભવિચાર રામશંકરને આવતાં એમણે જમીનનો એક કટકો મગનને કાઢી આપ્યો ને કહ્યું, 'મગન, આજથી આ જમીન તારી. આમાં તું તારું મકાન અને ખેતર બંને બનાવજે!' પરંતુ પાકું લખાણ થાય એ પહેલાં જ રામશંકરે દેહ છોડ્યો ને બન્યું એવું કે મગનની જમીનમાં મબલખ પાક પાક્યો અને રામશંકરના દીકરા મોહનનાં ખેતરોમાં પાક નિષ્ફળ ગયો.

સ્વજનોએ સલાહ આપી : 'તારા બાપે આ જમીન મગનને આપી એ સાચું, પણ એનો પુરાવો ક્યાં છે? વહેવારું બન. આકડે માખો વગરનું મધ છે. ચારપાંચ આગેવાનોની ત્યારે હાજરી હતી પણ એને તો આપણે ફોડી લેશું!'

...મગન તો હરખભેર આવકારી રહ્યો. 'આવો આવો નાના શેઠ, તમારા પ્રતાપે ને તમારા બાપુની કૃપાથી આ મારી જમીનમાં સોનાનો સૂરજ...!'

'મારી જમીન એમ? આ જમીન તારી છે એનો કોઈ આધાર, કોઈ લખાણ છે તારી પાસે??'

'રામશંકરનો બોલ એ જ મારે મન ભગવાનનો...'

'એ ન ચાલે. આ જમીન તારી નથી, શું સમજ્યો? લે આ કાગળો ને કર સહી એટલે છેડો ફાટે.'

મોહનના આ શબ્દોથી મગનને હાથ નીચેની જમીન સરી જતી લાગી. દોસ્ત સમી જમીન જમીનદોસ્ત થતી લાગી. મગને ધ્રૂજતા હાથે સહી કરી. મોહને કાગળો આંચકી લીધા અને સ્વજનો અટ્ટહાસ્ય કરી રહ્યા. મોહન બોલી ઊઠ્યો : 'હવે કામ પૂરું. હવે તારી પાસે કોઈ સાબિતી નહિ માગે. હા.. હા... હા... મૂરખ, આજથી આ જમીન કાયદેસરની તારી થઈ ગઈ. લે સાચવ આ તારો દસ્તાવેજ.'

સ્તબ્ધ સ્વજનોએ પ્રશ્નસૂચક નજર માંડી એટલે મોહને મગનને હડસેલતાં કહ્યું, 'હું રામશંકરનો દીકરો છું.' ❒

આપણો મનુ!

રાઘવજી માધડ

દરરોજ કરતાં આજે રવિશંકર વહેલા ઊઠ્યા. બગાસું ખાઈને થોડી વાર પથારીમાં બેઠા. રાતભર મનોમન કરેલી ગોઠવણને આંખો બંધ કરીને રવિશંકરે તપાસી. પછી નિરાંત અનુભવતા તે પ્રાતઃ ક્રિયાઓમાંથી પરવારીને પૂજા કરવા બેઠા. પણ ચિત્ત ચોંટ્યું નહિ એટલે રોજિંદા આ કર્મકાંડને રવિશંકરે ઝડપથી સંકેલી લીધો.

રવિશંકરને ઘણાં કામ કરવાનાં હતાં. પણ સઘળાં કામ સમય પ્રમાણે સૂતાં હતાં. ઘડીભર વિચાર કરીને તેઓ ખડકી બહાર નીકળ્યા.

મોં સૂઝણું થવા આવ્યું હતું. શેરી આળસ મરડીને ઊભી થવામાં હતી. રવિશંકરને રીસ ચઢી. તે સ્વગત બોલ્યા : 'પડી છે કોઈને!?'

'શેની?'

રવિશંકર એકદમ ઊભા રહી ગયા. ત્યાં કૂતરાએ ડાચિયું કર્યું. ઝડપથી પાછા હટ્યા. કૂતરાની પૂંછડી પર પગ પડી ગયો હતો. મોં બગાડતા રવિશંકર પાછા ઘેર આવ્યા.

કોઈ દિવસ મરતાને પણ મર નહિ કહેનાર - પાકા પત્ની પરાયણ રવિશંકરે, પત્નીને જગાડ્યાં. પત્ની નર્મદાબહેન એકદમ ઊઠી ગયાં અને ઊંઘરેટી આંખોથી રવિશંકરને તપાસ્યા. પછી બગાસું ખાવાના બદલે પહોળું મોં કરીને બોલ્યા : 'અટાણમાં આ થેલી લઈને...'

પત્નીના આ સહજ સવાલે રવિશંકરના મોં પર અણગમો ઊપસી આવ્યો. તેને કહેવાનું મોં પર આવી ગયું, 'ગામને તો ઠીક, પડી નો હોય, પણ તનેય..' પણ આમ કહેવું માંડી વાળીને રવિશંકર કટાણું મોં કરીને બોલ્યા : 'બકાલું લેવા! બીજે ક્યાં...?'

'પણ અટાણમાં?'

રવિશંકર થોડા ઝંખવાયા. એટલે ભોંઠપ અનુભવતા તે ખુરશી પર બેઠા. આંખો બંધ કરી અને આંખોની પાછળ એક નવતર દુનિયા ઊઘડવા લાગી... બસ, એક જ દિવસમાં સઘળું વસૂલ.

થોડી વારે પત્ની નર્મદાબહેને રવિશંકરને ટપાર્યા : 'કેમ, અટાણમાં બકાલું લેવા?'

પત્નીનું કહેવું સાંભળ્યું. છતાંય રવિશંકરે આંખો ખોલી નહિ. બંધ આંખોમાં રચાયેલી સોનેરી દુનિયામાં પોતે ખોવાઈ ગયા હતા. તેમાંથી પાછું વળવું ગમતું નહોતું, એટલે કશું બોલ્યા નહિ અને—

'પણ કંઈ કે'શો કે પછી...'

રવિશંકરે શાંતિથી આંખો ઉઘાડી. આંખોમાં સુખનો સાગર છલકતો હતો. તે સાવ હળવેકથી છતાંય મોં ભરીને બોલ્યા : 'આજે અમારા કેળવણી નિરીક્ષક સાહેબ પધારવાના છે!'

'લ્યો...!' નર્મદાબહેન છણકો કરીને બોલ્યાં : 'એમાં શું મોટી વાત કરી તે...'

'કેળવણી નિરીક્ષક એટલે કોણ એ તું જાણ્ય છો?'

નર્મદાબહેન કશું જ બોલ્યા વગર રવિશંકરની સામે જોઈને ઊભાં રહ્યાં.

'મનુભાઈ સાહેબ! આપણો... આપણો...'

'મનકો!!' નર્મદાબહેનથી એકદમ બોલાઈ ગયું.

પણ પછી કંઈક અજુગતું થઈ ગયું હોય એમ પતિ-પત્ની બેઉએ ક્ષણભર એકબીજાંની સામે જોયું. મોં પરના દીવડા બુઝાઈ ગયા. હરખ હોલવાઈ ગયો.

'ભલે...' નર્મદાબહેન થીજેલી ક્ષણો વચ્ચે તિરાડ પાડીને બોલ્યાં : 'સાહેબ થયો... પણ મારા મન તો એ મનકો જ છે!'

'હા...હા... એમ રાખ...' કહીને રવિશંકર એકદમ ખડકી બહાર નીકળી ગયા. તેમને પત્નીનો ફળફળતો નિઃસાસો સંભળાયો નહિ.

બજાર હજુ ઊઘડવામાં હતું. શાકની લારીઓ આવી નહોતી. પાદરમાં નજરનો સાવરણો ફેરવીને નર્મદાશંકર ઓશિયાળા થઈને ઊભા રહ્યા.

—બસ નહોતી આવી. બસમાંથી બકાલું ઊતરે... આ તે કેવું? રવિશંકર મનોમન હસ્યા અને સ્વગત બોલ્યા : 'પે'લાં ગામડાંમાંથી શહેરમાં બકાલું જતું ને હવે શહેરમાંથી ગામડામાં...'

'પાણી અને દૂધની કોથળિયું પણ શહેરમાંથી આવે છે એમાં બકાલાની વાત ક્યાં કરો, રવિશંકર!'

'હા... હા...' કરતાં રવિશંકર બસ સ્ટૅન્ડના ઓટલા પર બેઠા.

શાળાની વાર્ષિક તપાસણી અર્થે તાલુકામાંથી કેળવણી નિરીક્ષક આવવાના હતા. કેળવણી નિરીક્ષક છે નવા પણ કડક બહુ છે એવું રવિશંકરે લાકડિયા તાર મારફતે સાંભળેલું. પણ પછી ખબર પડેલી કે કેળવણી નિરીક્ષક એ બીજું કોઈ નહિ પણ મનુ, પોતાનો મનુ.

—છાતી ગજગજ ફૂલવા લાગી.

થોડી વારે બસ આવી. ધૂળના ગોટા ઉડાડતી બસ લીમડા નીચે ઊભી રહી. રવિશંકર એકદમ ઊભા થઈ ગયા અને બસમાંથી ઊતરતા એક એક માણસને જોવા લાગ્યા...

—કદાચ, મનુ.

'હા, ભલું પૂછવું. અમારી પાસે બે ઘડી બેસવું હોય તો હાલ્યો પણ આવે!'

બસ ગઈ. મનુ ન ઊતર્યો. પણ બકાલાવાળા ઊતર્યા હતા. રવિશંકરને થોડી નિરાંત થઈ.

રવિશંકર આ પહેલાં દેવળિયા ગામે શિક્ષક હતા. મનુ દેવળિયા ગામનો સવજી ખત્રીનો દીકરો. ભારે તોફાની. સાંજ પડે ગામની બે-ચાર ફરિયાદો આવી જ હોય. તેનો બાપ સવજી ખત્રી મનુથી ગળે આવી ગયેલો. રવિશંકરને ભલામણ કરેલી. બસ, પછી તો મનુ રવિશંકર અને નર્મદાબહેનના ઘરનું એક અંગ બની ગયેલો. ભલે પારણું ન ઝૂલ્યું. પણ ભગવાને દીકરો તો દીધો!

તાજાં રવૈયાં રીંગણાં લઈને રવિશંકર ઘેર આવ્યા. અને પત્ની નર્મદાબહેનને થેલી લંબાવતા બોલ્યા : 'ભરેલાં કરજે!'

'હા... હા...' નર્મદાબહેન મીઠો રોષ વ્યક્ત કરતાં બોલ્યાં : 'તમે કે'શો તો જ થાશે!' પછી હરખાયેલા મોંને સહેજ ગર્વીલું કરીને નર્મદાબહેન બોલ્યાં : 'મને ક્યાં નથી ખબર કે મનુને ભરેલાં રીંગણાં બહુ ભાવે છે!'

પછી નર્મદાબહેનને એકાએક સાંભરી આવ્યું હોય એમ ઠપકો આપતા હોય એવા સ્વરે, રવિશંકરની સામે જોઈને બોલ્યાં : 'તમારે કાલે મને નો કે'વાય?'

રવિશંકર કશું બોલ્યા નહિ.

'આમ મારા સામે ખોડાઈને શું ઊભા છો?' નર્મદાબહેને ઊંચા સાદે કહ્યું : 'જાવ ગામમાં ને બીજું લાવવાનું છે તે...'

નર્મદાબહેને કહ્યા મુજબ રવિશંકર ફરી ગામમાં ગયા અને સઘળું લઈને ઉતાવળા પગે પાછા આવ્યા.

'મારો પિટડિયો સીધો જ રસોડામાં જાશે અને ખાંખાં ખોળાં કરવા લાગશે!'

રવિશંકર, પત્નીના મોં પર અને અવાજમાં ઊભરાતા વાત્સલ્ય ઝરણાથી ભીંજાવા લાગ્યા, ગદ્ગદિત થવા લાગ્યા.

'મને લાગે છે કે મારા હાથનું જમવા મનુ ભૂખ્યો જ આવશે!'

વરસોથી વિખૂટો પડેલ દીકરો ઘેર પાછો ફરતો હોય એવા હરખથી રવિશંકર અને પત્ની નર્મદાબહેનની આંખો ભીંજાવા લાગી. કોઈ એકબીજાં સામે નજર મેળવી શક્યું નહિ. ઘડીભર વ્યથાનું વાતારવરણ રચાઈ ગયું.

દશ થવા આવ્યા હતા. એટલે રવિશંકર નિશાળે જવા તૈયાર થયા. નિશાળનો સમય અગિયારનો હતો. પણ મનુ કદાચ વહેલો આવે! વળી રવિશંકરને પોતાના મને ધોખો કર્યો : 'મનુ ભલેને અધિકારી રહ્યો, પણ કાંઈ પરાયો થોડો છે! સીધો ઘેર જ આવે ને! જવાશે જમી-પરવારીને!'

રવિશંકર ઉચક જીવે ખુરશીમાં બેઠા. આંખો બંધ કરી. એને આંખોમાં કશુંક ખીલવા લાગ્યું...

પોતે મનુ જેવા યુવાન અધિકારી સાથે અડોઅડ ચાલ્યા જતા હોય. ધીમું ધીમું બોલતા હોય. આછું મરકતા હોય. ગામવાળા જુએ. ઊભી બજારે પોતાનો મોભો પથરાઈ પો પડે. પોતે ખાલી માસ્તર જ નથી. પણ એક અધિકારીના અંગત માણસ છે, સ્વજન છે.

રવિશંકરની આંખો ઊઘડી ગઈ અને તેઓ ખુરશી પરથી એકદમ ઊભા થઈ ગયા. રસોડે આવ્યા. જોયું તો પત્ની નર્મદાબહેન રસોઈ કરવામાં મશગૂલ હતાં.

'રોટલી હમણાં નો કરતી.'

'હા... હા...' નર્મદાબહેન મોં ભરીને બોલ્યાં : 'એટલી તો અમને ખબર પડે!'

રવિશંકર કશું બોલ્યા વગર પત્ની સામે જોઈ રહ્યા.

'એને ગરમાગરમ ફૂલકા રોટલી ભાવે છે!'

હા... હા... કરતા રવિશંકર ઓસરીમાં આવ્યા. ઊભા રહ્યા. દીવાલ-ઘડિયાળ તરફ નજર ગઈ. સાડાદશ થવા આવ્યા હતા.

નિશાળે આવ્યા. અગિયાર થવામાં પૂરી દશ મિનિટ બાકી હતી. શાળાના પ્રાંગણમાં વિદ્યાર્થીઓ વ્યવસ્થિત બેઠાં હતાં. પ્રાર્થના બોલાતી હતી. તમામ શિક્ષકો પ્રાર્થના કાર્યક્રમમાં જોડાયેલા હતા.

મનુને થશે કે ના, નિશાળ છે ને કંઈ! રવિશંકરની આંખોમાં ટાઢક પ્રસરી અને મનમાં રાજીપો પ્રકટ્યો.

'તમે મોડા પડ્યા એનું શું રવિશંકર!'

રવિશંકર સડ્ક થઈ ગયા. પણ તુરત જ પોતાની જાતને રવિશંકરે સંભાળી લીધી અને સ્વગત બોલ્યા : 'અધિકારી આવતા હોય તો ચિંતા ને?'

'હા, એ ખરું!'

'આ આવે છે એ તો...' રવિશંકર આગળ બોલી શક્યા નહિ. લાગણીના લીધે ગળું રૂંધાવા લાગ્યું. પ્રાર્થનામાં સૌની સાથે બેઠા. એ પૂર્વે દરેક શિક્ષક પર નજરનો હળવો પીછડો ફેરવી લીધો.

હેડ માસ્તરે જરૂરી સૂચનાઓ આપી. વિદ્યાર્થીઓ સૌ પોત-પોતાના વર્ગમાં ગોઠવાયા. શિક્ષકો પણ લોબીમાં ઊભા રહ્યા વગર વર્ગોમાં ગયા. રવિશંકર પણ પોતાના વર્ગમાં પહોંચી ગયા.

વિદ્યાર્થીઓની હાજરી પૂરી. લેસન તપાસ્યું. પણ કામમાં જીવ લાગતો નહોતો. એક-એક મિનિટ ભારેખમ લાગતી હતી. ત્યાં હેડમાસ્તરનું કહેણ આવ્યું, 'સાહેબ આવી ગયા છે!'

—મનુ ઉર્ફે કેળવણી-નિરીક્ષક એમ. કે. પટેલ આવી ગયા હતા.

લાગણી તરબોળ અપેક્ષાઓને કાંખમાં દબાવીને રવિશંકર ચાલ્યા. ઑફિસ જેવા રૂમના બારણા પાસે આવીને ઊભા રહ્યા.

રૂમની અંદર સામેની ખુરશી પર મનુ બેઠો હતો. રવિશંકરે જોયું મનુ પ્રથમ દૃષ્ટિએ ઓળખાય એમ નહોતો. બદલાઈ ગયો હતો અને 'મોટાસાહેબ' જેવો જ લાગતો હતો.

મનુ અને રવિશંકરની નજર એક થઈ. ક્ષણભર સઘળું થંભી ગયું. પછી થોડી વારે મનુ બોલ્યો : 'તમે અહીં છો?'

રવિશંકર કશું બોલી શક્યા નહિ.

'તમને કહે છે, સાહેબ!'

'હેં... હા... હા...'

રવિશંકરથી ઊભા રહી શકાયું નહિ. તેઓ પોતાના વર્ગમાં પાછા ગયા. ખુરશી પર બેઠા.

'વરસો થઈ ગયાં. સંપર્ક જ ક્યાં છે તે...'

'વાત સાચી છે...' રવિશંકરે મનોમન ઉત્તર વાળ્યો.

વિદ્યાર્થીઓ અવાજ કરવા લાગ્યા. રવિશંકરને થયું કે ઊભા થઈને એક-બેને વળગાડી દે! પણ કોઈને માર્યા નહિ અને બારાક્ષરી બે વખત લખવાનું કહીને રવિશંકર અબોલ થઈ ગયા.

'જમવાનું...!!'

રવિશંકર એકદમ ઊભા થઈ ગયા અને ફરી પાછા મનુ સામે આવીને ઊભા રહ્યા.

—સંબોધન કરવાની બાબતે રવિશંકર મૂંઝાયા. 'સાહેબ' કહે તો રખેને મનુનું દિલ દુભાય અને ન કહે તો... પણ સઘળી શક્તિ એકઠી કરીને રવિશંકરે સંબોધન વગર જ કહ્યું : 'જમવાનું તૈયાર જ છે...'

'જમવાનું!! હા... હા...' મનુ રવિશંકર સામે જોઈને બોલ્યો : 'પણ હું બહારનું લેતો નથી એટલે...!'

રવિશંકરના કાન પહોળા થઈ ગયા. જાણે કાનમાં ખીલા ઠોક્યા હોય!

'ઘેર મારાં બેનને... મઝામાંને!?'

પ્રત્યુત્તર આપ્યા વગર જ રવિશંકર ઊપડ્યા. તેમનાથી વધુ સમય ઊભા રહી શકાય એવી સ્થિતિ નહોતી. વર્ગખંડ સુધી તો માંડ માંડ પહોંચી શક્યા. ખુરશીમાં બેસતાંની સાથે જ ઢગલો થઈ ગયા. 'હોય... અધિકારી છે. એમની પણ મર્યાદા હોયને?'

થોડી વાર પછી રવિશંકર પોતાના ઘવાયેલા મન માથે સાંત્વનનો પાટો વીંટવા લાગ્યા.

'સાયેબ, પાણી!'

રવિશંકર ઝબકી ગયા. જોયું તો એક વિદ્યાર્થી પાણીનો લોટો લઈને સામે ઊભો હતો. તેના નિર્દોષ ચહેરા સામે ઝાંખીને જોયું. પછી પાણીનો આખો લોટો રવિશંકર ગટગટાવી ગયા. સાથે બીજું પણ...

કટ્... કટ્... અવાજે રવિશંકર ચોંક્યા. ઊભા થયા. ત્યાં તપાસણી અર્થે હેડમાસ્તર સાથે મનુ વર્ગમાં આવ્યો.

'આવો... આવો...!'

મનુ રવિશંકરની ખુરશી પર બેઠો. હાજરીપત્રક તપાસ્યું. કશુંક નોંધ્યું. પછી વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછ્યા... પણ ગભરાટ કે ગમે તે કારણો હોય, પણ વિદ્યાર્થીઓ બરાબર જવાબ આપી શક્યા નહિ. મનુ ઉર્ફે કેળવણી નિરીક્ષકશ્રીને ઠીક ન લાગ્યું. તેમણે રવિશંકર સામે જોયું. ચહેરાને તીક્ષ્ણ નજર વડે ત્રોફ્યો. પછી મોં બગાડીને દબાતા અવાજે કહ્યું : 'તમારી કાર્યશૈલી બરાબર નથી લાગતી!'

'હેં?'

—રવિશંકરને માથે આખી શાળા કડ્ડભૂસ કરતી જાણે તૂટી પડી.

'હવેથી ધ્યાન રાખશો!'

તેઓ ગયા. પણ રવિશંકરને કળ વળતાં બહુ વાર લાગી. કળ વળી. છતાંય પોતે હકીકતને સ્વીકારવા કોઈ રીતે તૈયાર નહોતા. ના, મનુ એમ બોલે જ નહિ!

નિશાળ બંધ થયા પછી રવિશંકર ઘેર આવ્યા. પણ ઘર સુધીનો રસ્તો રવિશંકરને લાંબો થઈ પડ્યો.

નર્મદાબહેન તો રાહ જોઈને ખડકી પાસે જ ઊભાં હતાં. પત્નીને જોઈ રવિશંકરે મુખવટો પહેરી લીધો. પછી રડવા જેવું હસ્યા અને નર્મદાબહેન કંઈ પૂછે એ પહેલાં જ બોલ્યા : 'થાકીને વાટ જોઈ-જોઈને?'

નર્મદાબહેન કશું બોલ્યાં નહિ.

રવિશંકર પેટ ભરીને સમજતા હતા. પુત્રવિહોણી પત્નીને. એટલે પત્ની સામે જોવાના બદલે આડું જોઈને બોલ્યા : 'આપણો મનુ તો...'

'મનુ તો...!!'

રવિશંકર ઓસરી પર આવ્યા. તેઓની પાછળ નર્મદાબહેન ઉચક જીવે ઓસરી પર આવ્યાં.

રવિશંકરે ગોળામાંથી પાણીનો લોટો ભર્યો. પછી નર્મદાબહેન સામે જોયું.

'નથી આવ્યો આપણો મનુ...' કહીને રવિશંકર મોં વીંછળવા લાગ્યા. ❑

સુધારો

નવેમ્બર ૨૦૦૨ના અંકમાં માધુકરી વિભાગમાં પૃ. ૭૭૪ : 'સૂર્જા ક્રાંતિના સર્જક' લેખમાં જે ફોટો છપાયો છે તે ખોટો છે. તે ફોટો દીપકભાઈ ગઢિયાનો નથી. લેખક તરફથી કોઈ અન્ય ફોટો ભૂલથી આવેલો તે છપાઈ ગયો છે. - તંત્રી

ફિલ્માકાશ-૨૪
ન્યૂ થીએટર્સની 'મુક્તિ' ફિલ્મમાં અનેકવિધ નવીનતા

— રજનીકુમાર પંડ્યા —

ન્યૂ થીએટર્સને ૧૯૩૭ની એક મહત્ત્વની અને અત્યંત યશોદાયી ફિલ્મ 'પ્રેસિડન્ટ'ની સંગીત-સમૃદ્ધિ વિષે વાત કરતાં આજે પણ સાયગલપ્રેમીઓ ધરાતા નથી. આર. સી. બોરાલના અને પંકજ મલિકના સંગીત નિદર્શનમાં તૈયાર કરવામાં આવેલ એના ગીત-સંગીત અને પાર્શ્વસંગીત બંનેમાં તાજગી હતી. ગીતોના શબ્દો સરળ હતા, જો કે ગીતકાર કોણ હતું તેની નોંધ ક્યાંય મળતી નથી, પણ શબ્દોની લઢણ ઉપરથી તે કેદાર શર્મા દ્વારા લખવામાં આવ્યું હોય તેવો અણસાર મળે છે. કેદાર શર્માનાં ગીતોમાં ઊંચું કાવ્યત્વ નહોતું, પણ જીભે શબ્દો તરત જ ચઢી જાય તેવી સાદગી હતી અને ક્યાંક રમૂજની છાંટ પણ હતી.

'પ્રેસિડેન્ટ'નું એક ગીત હતું એવું રમૂજી, જે સાયગલના સ્વરમાં હતું. એના શબ્દો જુઓ, અત્યારના યુગમાં પણ કેવા બંધબેસતા આવે છે :

'રહેગી ના બદરીયા છાઈ
હોંગે ઈક દિન સૂર્યકે દર્શન
વહી ઘડી અબ આઈ
તનખ્વાહ બઢ ગઈ હમારી
ચાર સૌ હર મહિને
કામ કિયા નહીં ગયા મહિના
ફીર ભી તનખ્વાહ પાઈ.'

જો કે સાયગલની એક મર્યાદા હતી કે (જો કે તેમના ચાહકો માનવા તૈયાર નહીં હોય) કરુણ કે રમૂજી, બન્ને પ્રકારનાં ગીતોમાં તેમનો અવાજ એકસરખો રહેતો હતો. એમના સ્વરમાં જન્મજાત ઘૂંટાયેલી દર્દીલી સરગમ તેને માટે જવાબદાર હતી, કે જે પછીની પેઢીના ગાયકોમાં તલત મહેમુદમાં હતી. અંગત રીતે મને સૌથી વધુ પ્રિય ગાયક તલત મહેમુદ હોવા છતાં તેમનાં હાસ્યગીતોને હું નિષ્ફળ ગણું, જ્યારે ગીતાદત્ત એ મર્યાદાને ઓળંગી ગયા હતા. નહીં તો તેમના ગળામાં વેદના છલોછલ હતી. મન્ના ડેને બન્ને પ્રકારમાં કૌશલ્ય હાંસલ હતું, પણ સાયગલનાં હાસ્ય-ગીતોમાં પણ તેમની વેદનાની 'નોટ' બરકરાર રહેતી હતી. ખેર, આ અભિપ્રાય ભેદનો મામલો છે.


'મુક્તિ'ના એક દૃશ્યમાં નવાબ, મેનકા અને અન્ય કલાકાર

પ્રેસિડેન્ટનું દેશભરમાં ધૂમ મચાવનારું અને આજે પણ લોકો ગણગણે છે તે ગીત હતું, 'એક બંગલા બને ન્યારા'. એમાં જે ચિત્રાત્મકતા હતી તેમાં સાયગલના કંઠે સજીવતા આરોપી દીધી હતી. 'ભંડાર તો લછમી કે હાથોમેં સારા' પંક્તિના ઊંચા સપ્તકમાં ગાન વેળા શ્રોતાઓ ઊંચા આકાશને આંબતા હતા. એ ગીતના વાદ્યસંગીતમાં ઘંટડીના અવાજે નવીનતા આણી દીધી હતી.

બીજું એક સુંદર ગીત 'પ્રેમકા હય ઈસ જગમેં પંથ નિરાલા' સાયગલ અને પહાડી સન્યાલના સંયુક્ત સ્વરોમાં હતું. એ ગંભીર હતું, રોમૅન્ટિક કે કોમેડી હતું, છતાં બહુ લોકપ્રિય થયું હતું. જો કે લોકો એ ગીતના સંદર્ભમાં પહાડી સન્યાલને ભૂલી ગયા છે અને માત્ર સાયગલને જ યાદ કરે છે. એ સાયગલનો જ કરીશ્મા છે - ગાનમાં સ્વર પણ એમનો જ 'પ્રોમિનન્ટ' જણાય છે.

એક ગીત 'ફીર ભી તૂમ ઈતને નહીં દૂર' સાયગલ સિવાયના કોઈ પુરુષ સ્વરમાં હતું. ના, પહાડી સન્યાલ પણ નહીં. રેકોર્ડ ઉપર એ જમાનામાં ગાયકની નહીં પરંતુ ફિલ્મનાં પાત્રોનાં નામ આવતાં હતાં એટલે આજે એ ગીત સાંભળવા પણ મળતું નથી. ત્યાં એના ગાયકના નામ વિષે આપણને વાકેફ કરી શકે તેવું તો કોણ હયાત હોય? પણ ગીત મધુર હતું. એ ગીતની અંતિમ પંક્તિ 'હારમેં હોતી હૈ જીત, યહી હય પ્રીતકી રીત' એ વખતના નિષ્ફળ પ્રેમીઓ માત્ર ગાઈ ગાઈને તસલ્લી મેળવતા હતા. હોંશિયારપુરના એક પ્રેમીએ પોતાના મરણ સંદેશમાં માત્ર આ પંક્તિઓ ટાંકી હતી ને છાપાંઓમાં એની ઠીક ચકચાર થઈ હતી.

'પ્રેસિડેન્ટ' ફિલ્મના અંતિમ ચરણના એક દશ્યમાં નાટકની ભજવણી આવતી હતી. એમાં મિલની અધ્યક્ષા



સાયગલની એક વિશિષ્ટ તસવીર

પ્રભાવતીદેવી (કમલેશકુમારી)ના જન્મદિવસની ખુશાલીમાં એક પુરુષવિરોધી નાટક ભજવવામાં આવે છે - એ નાટકનું ગીત : 'માયા રાનીકી નગરી હૈ, સંગલ યીમ હૈ નાંવ, ઈસ નગરીમેં નઝર ના આયે, કહીં પુરુષકી છાંવ' માત્ર મહિલાઓના કોરસ રૂપે હતું. આમ છતાં માયારાનીનું લગ્ન જે પુરુષ સાથે થશે તે ઘેટું બની જશે તેવી રમૂજી કલ્પના એમાં હતી.

સાયગલનું બીજું એક ગીત બહુ પ્રચલિત થયું નહોતું અને તે હતું 'ના કોઈ પ્રેમકા રોગ લગાયે, પાપી અંગ અંગ રચ જાયે.' બીજું એક ગીત 'ચંદ્રમુખી કી શાદીમેં' પણ સમૂહ મહિલા સ્વરોમાં હતું.

પણ એક નવતરપ્રયોગવાળા સાયગલના ગીતની વાત કર્યા વિના 'પ્રેસિડેન્ટ'ના અમર સંગીતનાં વાત અધૂરી જ રહી જાય. 'એક રાજેકા બેટા લેકર, ઉડનેવાલા ઘોડા, દેશ દેશ કી સૈરકી ખાતીર અપને ઘરસે નીકલા' ગદ્ય અને પદ્યના અજબ મિશ્રણ જેવા શબ્દોને સાયગલે બડી ખૂબીથી ગાયા હતા. એ પછી વર્ષો બાદ અશોકકુમારે 'આશીર્વાદ' અને અમિતાભ બચ્ચને પણ બે-ત્રણ ફિલ્મોમાં આ પ્રકારનાં ગીતો ગાયાં. પણ કોઈને સાયગલના આ ગીત જેવી પ્રસિદ્ધિ મળી નથી.

'પ્રેસિડેન્ટ' ફિલ્મે આ રીતે સંગીતના મામલે ઘણાં સીમાચિહ્નો પ્રસ્થાપિત કરી આપ્યાં. બેશક, તેમાં રાયચંદ બોરાલ જેટલો જ ફાળો પંકજ મલિકનો પણ હતો. બલકે લોકજીભે ચડી શકે તેવાં ગીતોમાં તેમની કુશળતા થોડી વિશેષ હતી પણ આમ છતાં 'કરોડપતિ' કે આ 'પ્રેસિડેન્ટ' જેવી ફિલ્મોમાં તેમનું નામ બોરાલના સહસંગીતકાર તરીકે નહીં, પણ સહાયક સંગીતકાર તરીકે જરા નાના અક્ષરોમાં આવતું. આ અન્યાય તેમને કોરી ખાતો હતો. પણ તેમની શાલીનતા તેમને વિરોધ તો શું પણ નારાજગી વ્યક્ત કરતાં રોકતી હતી.

પણ તેમની આ નારાજગી દૂર થઈ ન્યૂ થીએટર્સની એ જ વર્ષ (૧૯૩૭)ની બીજી ફિલ્મ 'મુક્તિ'થી. મુક્તિ ફિલ્મથી જ પંકજ મલિકનું નામ સ્વતંત્ર સંગીતકાર તરીકે આવતું થયું. એમ કહી શકાય કે 'મુક્તિ' ફિલ્મે જ તેમને અન્યાયમાંથી મુક્તિ અપાવી. એટલે એ ફિલ્મનાં બીજાં પાસાંઓ વિષે ઊંડા ઊતરતાં પહેલાં એના સંગીત વિષે પહેલાં જાણી લઈએ.

ન્યૂ થીએટર્સની આ ફિલ્મમાં કુલ ચૌદ ગીતો હતાં. જે હોવી જોઈતી સામાન્ય સંખ્યા કરતાં બમણાં જ ગણાય. ફિલ્મની કથાની માગ હોય કે ન હોય પણ ન્યૂ થીએટર્સની અંદર નવાં જ પ્રવેશેલાં નામી કલાકાર કાનનદેવીના મધુર કંઠનો ભરપૂર સુંદર લાભ મેળવવા જ આટલાં બધાં ગીતોનું આયોજન કરવામાં આવ્યું હતું એ નિર્વિવાદ છે. એના ગીતકારો પણ આરઝુ લખનવી ઉપરાંત, 'પ્રેમ' અસગર હુસૈન 'શોર' હતા. એક રચના તો 'ગાલિબ'ની ગઝલમાં જરૂરી પાદપૂર્તિ કરીને આરઝુ લખનવીએ બનાવી કાઢી હતી. (કોઈ પણ ઉમ્મીદ બર નહીં આતી, કોઈ સુરત નઝર નહીં આતી) ગાયક કલાકારો પણ ખાસ્સા ઉમેરાયા હતા. વિદ્યાપતિમાં આ જ વર્ષમાં જેમના કંઠનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે ઘુમી ખાન, ઉપરાંત ગાયિકા કલ્યાણીના સ્વરમાં પણ 'હમ બેકસોં કો પૂછનેવાલા કોઈ નહીં' ગીત હતું. (આ કલ્યાણી દસેક વર્ષ અગાઉ મુંબઈમાં ધારાવીની એક ઝૂંપડપટ્ટીમાં રહેતાં હતાં. નૌશાદે મને એમનો ઝૂંપડા નંબર પણ આપ્યો હતો, પણ હું મળવા જઈ શક્યો નહોતો) કાનન દેવીના સ્વરમાં ત્રણ ગીતો હતાં (સાંવરીયા મન ભાયા રે/ન જાને ક્યા હૈ દિલકા રાગ, સોઝ યે હૈ, યા સાઝ/કૈસા ઉજડા ચમન ખુશીકા કૈસા નશીબ ફૂટ ગયા) ઘુમી ખાનના સ્વરમાં 'ભૂલ કરે પછતાય' ગીત હતું, તો પંકજ મલિકના ખુદના સ્વરમાં 'શરાબી શોચ ન કર મતવાલે, અને 'કૌન દાસ હૈ જાના' જેવાં બે ગીતો હતાં.

પણ સૌથી રસપ્રદ વાત એ હતી કે ફિલ્મના સંગીત નિર્દેશક તરીકે ટાઈટલમાં પંકજ મલિકનું નામ હતું છતાં કાનનદેવીના ગીત 'કૈસા ઉજડા ચમન ખુશીકા'ની સ્વરરચના આર.સી.બોરાલે કરી હતી અને ઓરકેસ્ટ્રા સંચાલન પંકજ મલિકે કર્યું હતું ને કાનનદેવીના 'ન જાને ક્યા હૈ દિલકા રાગ'ની સંપૂર્ણ સ્વરરચના અને સંચાલન આર.સી.બોરાલે કર્યું હતું.

પણ આ બધાં જ ગીતોમાંથી આજે પાંસઠ વર્ષના અંતરાલ પછી સૌને યાદ રહી ગયાં હોય અને આજે પણ લોકો વારંવાર સાંભળવા માગતા હોય તે 'શરાબી શોચ ન કર મતવાલે' અને 'કૌન દેશ હૈ જાના બાબુ, કૌન દેશ હૈ જાના'.

પંકજ મલિકે કોઈ અદ્‌ભુત ઈન્વોલમેંટથી એને ગાયાં છે. એક વાત એ પણ નોંધવી જોઈએ કે હમરાઝના ગીતકોષમાં 'શરાબી સોચ ન કર' ગીતના ગાયક એકલા પંકજ મલિકને દર્શાવ્યા છે જે બરાબર નથી. મારી પાસે કેસેટમાં એ ગીત છે અને તેમાં પંકજ મલિક સાથે એક સ્ત્રીસ્વર પણ છે. એ કાનનદેવીનો નથી લાગતો. (છતાં જાણકારો એ કોનો છે એ બાબતમાં પ્રકાશ પાડશે તેવી આશા રાખું છું)

કાનનદેવીનાં ગીતો પણ સારાં એવાં લોકપ્રિય થયાં હતાં. વિશેષતઃ 'કૈસા ઉજડા ચમન ખુશીકા' બંગાળી-હિન્દી બંને ભાષામાં બનેલી 'મુકિત' ફિલ્મની વાર્તા બંગાળી સાહિત્યકાર સજનીકાંત દાસની હતી. જ્યારે બંગાળી આવૃત્તિના એના સંવાદો પી.સી. બરુઆ અને ફણી મઝમુદારે લખ્યા હતા. હિંદી આવૃત્તિના સંવાદો લખનાર વિષે માહિતી મળતી નથી, બંગાળી આવૃત્તિની નવીનતા એ હતી કે એમાં પહેલી જ વાર રવીન્દ્રનાથ ટાગોરનાં ગીતોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તે પણ તેમની જ અસલ સુરાવલીમાં. આ ગીતો હતાં : 'સબાર રંગે રંગ', 'મેશા તે હોબે' અને 'તાર બિદાય બેલાર માલા ખાનિ'.

હિંદી આવૃત્તિના કલાકારો હતા પી.સી.બરુઆ, પંકજ મલિક, નવાબ, કાનનદેવી, જગદીશ શેઠી, વિક્રમ કપુર, મેનકા, દેવબાલા અને કલ્યાણી (જેણે ગીત પણ ગાયું હતું. બંગાળી આવૃત્તિમાં પહાડી સન્યાલ, અહીં સન્યાલ અમર મલિક જેવા ઉત્તમ કલાકારો પણ હતા. આ ફિલ્મની બન્ને આવૃત્તિના કૅમરામેન હતા બિમલ રૉય અને દિગ્દર્શન હતું બરુઆનું પોતાનું જ.

ફિલ્મની વાર્તા સામાજિક સંદેશ આપતી છતાં ભરપૂર નાટ્યત્વવાળી હતી. એક મેલોડ્રામા પણ કહી શકાય. પ્રશાંત (બરુઆ)એ નગ્ન સ્ત્રી મૉડેલોના ચિત્રો દોરવા માટે પ્રખ્યાત કલાકાર છે, જે સમાજના વિરોધ છતાં ચિત્રા (કાનનદેવી)ને પરણ્યો હોય છે. તેના સસરા (વિપુલ ચૌધરી) હંમેશાં તેને આવાં ચિત્રો દોરવા બદલ ઠપકો આપ્યા કરતા હોય છે પણ પ્રશાંતને તેની પરવા નથી, તે ચિત્રાને ચાહે છે, પણ સમાજને નહીં. ચિત્રા તેને અને સમાજ બન્નેને ચાહે છે પણ પ્રશાંતનું નામ અનેક સ્ત્રીઓ સાથે જોડાતાં, તેમનાં લગ્નજીવનમાં ભંગાણ પડે છે. ચિત્રા અંતે લગ્નબંધનમાંથી મુક્તિની માગણી કરે છે, જે પ્રશાંત એને બક્ષે છે અને દૂર દૂર આસામના જંગલોમાં ખોવાઈ જાય છે. ચિત્રા તેને મૃત માને છે, અને પાછળથી કરોડપતિ વિપુલ (જગદીશ શેઠી)ને પરણે છે. નવદંપતી આસામનાં જંગલોમાં જ હાથીના શિકારે જાય છે ને નાટકીય રીતે પ્રશાંતના વહાલા હાથીનો જ શિકાર કરે છે - પ્રશાંત કે જેના ઉપર જંગલમાં એક ધર્મશાળાના માલિક (પંકજ મલિક)ની સ્ત્રી મિત્ર ઝરણા (મેનકા) આસક્ત છે. તેને આ હાથીના મોતની ખબર પડતાં ગુસ્સે ભરાય છે. આ માટે મારામારી, અપહરણ જેવાં અનેક દૃશ્યો ભજવાય છે અને અંતે પ્રશાંતની અસલી ઓળખ ચિત્રા સમક્ષ છતી થાય છે પણ ચિત્રાને અપહરણકર્તાઓ પાસેથી છોડાવવા જતાં ગોળીબારથી તેનું મોત નિપજે છે.

તેનું મૃત્યુ એ પ્રતીકાત્મક રીતે ચિત્રાની મુક્તિનું અંતિમ શિખર સિદ્ધ થાય છે. લગ્નબંધનમાંથી સ્ત્રીની મુક્તિને 'ગ્લોરી-ફાય' કરવામાં આવી હતી. બરુઆ મુળભૂત રીતે જ પ્રતીકોના પ્રેમી એવા કલાકાર હતા. આ ફિલ્મમાં પ્રથમ દૃશ્યથી જ એવી કલાપદ્ધતિ અપનાવવામાં આવી હતી. પ્રશાંતને પોતાના સ્ટુડીઓમાં પહોંચવા માટે એક દ્વારમાંથી નીકળી બીજા દ્વારમાં અને બીજામાંથી નીકળી ત્રીજા, ચોથા, પાંચમા દ્વારમાં જતો બતાવવામાં આવ્યો હતો, જે મંઝિલ સુધી પહોંચવા માટેના પરિશ્રમનું પ્રતીક હતું. (આ દ્વાર બદલ પદ્ધતિના ઉપયોગ પાછળથી સત્યજીત રાયે 'ચારુલતા')માં અને વિજય આનંદે 'જહોની મેરા નામ'માં કર્યાનું મને યાદ છે. દૃશ્યાત્મકતાની રીતે આ બહુ સચોટ અભિવ્યક્તિની પદ્ધતિ છે. સિવાય કે તે વારંવાર વપરાઈને અસર ગુમાવી બેસે) પહાડોનાં દૃશ્યો એકબીજાં ઉપર સુપર ઈમ્પોઝ કરીને પ્રકૃતિનો મહિમા કરવામાં આવ્યો હતો. વાતોને અનુરૂપ જ અભિવ્યક્તિ આપે તેવી છબીકલા એ બેશક બિમલ રૉયના કૌશલ્યની જ નીપજ હતી, પણ તેમાં જે કલ્પનાશીલતાનો સર્જક સ્પર્શ હતો તે બરુઆનો હતો.


પંકજ મલિકની એક દુર્લભ તસવીર
(રમેશ દાણી-વડોદરાના સૌજન્યથી)

'પ્રેસિડેન્ટ' અને 'મુક્તિ' ઉપરાંત બીજી સુંદર ફિલ્મો ન્યૂ થીએટર્સ આ ૧૯૩૭ની સાલમાં આપી. તેની વાત આવતા અંકે.

નોંધ : દૃષ્ટિવાન જાણકાર વાચકમિત્રોના સહયોગથી આ લેખમાળા વધુ ને વધુ માહિતી શુદ્ધ બને તેવી મારી કામના ફળીભૂત થઈ રહી છે તેનો મને આનંદ છે. ધોરાજીના જૂની ફિલ્મો અને તેના સંગીતના સમર્થ જાણકાર, માજી સાંસદ શ્રી અરવિંદ પટેલે જણાવ્યું છે કે ન્યૂ થીએટર્સની 'પ્રેસિડેન્ટ' ફિલ્મની વાતોના પ્લૉટ પરથી જ ૧૯૬૬માં ગુરુદત્તે 'બહારે ફિર ભી આયેગી'નું નિર્માણ આરંભ્યું હતું. એમાં સાયગલવાળું પાત્ર એ પોતે ભજવતા હતા ત્યાં જ તેમણે આત્મહત્યા કરી. તેના પછીથી એ પાત્ર ધર્મેન્દ્રે ભજવ્યું હતું. બીજાં સ્ત્રી પાત્રોમાં માલાસિંહા અને તનુજા હતાં. તેમની વાત સાથે હું સહમત થાઉં છું. કારણ કે 'બહારે

(અનુસંધાન પૃ. ૧૬ પર)

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

હમણાં જ રંગભૂમિનાં પુરસ્કર્તા દીનાબહેન પાઠક સદ્‌ગત થયાં. (તેમના 'મેનાગુર્જરી'ના સેંકડો નાટ્યપ્રયોગો ગુજરાતીઓએ નિહાળ્યા છે) ત્યારે તેમની સાથે દ્વારકામાં અડધો કલાક મળવાનું થયેલું તે વાત યાદ આવી. અમદાવાદથી 'આનંદમ્'ના ઉપક્રમે શ્રી વિનોદભાઈ ભટ્ટ, સુશ્રી વસુબહેન, કોકિલાબહેન વ્યાસ, શ્રી ક્ષેમુ દિવેટિયા જેવા મિત્રો સાથે પોરબંદર બિરલામાં અને ગુરુકુળમાં કાર્યક્રમ આપી દીનાબહેન દ્વારકા આવ્યાં હતાં. લગભગ પંદરેક વર્ષ પહેલાંની વાત છે, વિનોદભાઈને ફોન ઉપર સાલમુબારક કરતી વખતે એ વાત મેં વાગોળી, ત્યારે કહે, 'પોરબંદરમાં હોળીના દિવસે કાર્યક્રમ હતો.' ઘણાં વિદ્યાર્થીઓ - સ્કૂલ/કૉલેજનાં પણ તેમાં હતાં. તેમાં વિદ્યાર્થીઓ હોળીના મૂડમાં, જરા હોંકારા કરવા લાગ્યાં, એટલે દીનાબહેન કહે, 'શાંત રહો, હમ કલાકાર હૈં.'

'કલાકારે એમ કહેવું પડે ખરું?' કોઈએ ટીખળ કરી. દીનાબહેન હસી પડ્યાં. વસુબહેન બોલી ઊઠ્યાં : 'આમ હોંકારા કરશો તો આ કાર્યક્રમ નહીં આપીએ.'

'પ્રૉમિસ! વચન આપો છો!' કોઈ બોલી ઊઠ્યું. ફરી સૌ હસી પડ્યાં.

વિનોદભાઈ કહે : 'અહીં મા-બાપોને સારાં કહેવાં કે તેમણે હોળી જેવા દિવસે આપ સૌને કાર્યક્રમમાં મોકલ્યાં છે કે પછી આપ સૌને સારા કહીએ કે જેઓ આવા મોજ કરવાના દિવસે આ હૉલમાં અમોને ઉત્તેજના (!) આપવા આવ્યાં છો? સૌ ખડખડાટ હસી પડ્યાં. તાળીઓ પડી. દ્વારકમાં વિનોદભાઈ સાથે સૌ 'તોરણ'માં ઊતર્યાં હતાં. દીનાબહેન વિશરોલીમાંની ધર્મશાળામાં ઊતર્યાં હતાં. વિનોદભાઈએ એમનાં પત્ની, જેમને તેઓ 'માસ્તર' કહેતા, તેને દીનાબહેન સાથે મારી ઓળખ કરાવવા મોકલ્યાં. મેં ખબર પૂછ્યા કે, 'અમારાં બેન 'માસ્તર' કેમ છે?'

તો કહે, 'માસ્તર' કે 'માસ્ટર'! પછી કહે આનંદમાં છે!'

જો કે વિનોદભાઈએ કદાચ એમને અનુલક્ષીને જ પહેલું પુસ્તક 'પહેલું સુખ તે મૂંગી નાર' ૧૯૬૨માં લખેલું હશે?

દીનાબહેનનો ધર્મશાળામાં ઊતરવાનો ઓરડો મૂતરડી પાસે હતો. પાછળ તળાવ હતું. તેમાં કોઈ કોઈ યાત્રિકો દિશાએ જતાં એટલે થોડી થોડી દુર્ગંધ આવતી હતી. મેં કહ્યું કે, 'બહેન, આપનો ઓરડો બદલી લઈએ. અહીં ટૉયલેટની દુર્ગંધ આવે છે.'

દીનાબહેન બોલ્યાં : 'ભાઈ, બધું આપણાં પેટમાં ભરેલું છે! પછી સૂગ શા માટે? ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન માટે આટલું તપ તો કરવું જ જોઈએ ને?'

અમે ઓરડો ફેરવાવી આપ્યો. એટલે કહે, 'યુધિષ્ઠિરે સ્વર્ગમાં જતાં થોડી વાર નરકનું દર્શન કરેલું, કેમ? ચાલો ભાઈ હવે ભગવાનનાં દર્શન કરીએ?' અમે મંદિરે ગયાં.

ભારતીય સિનેમા, ટેલિવિઝન અને નાટ્યસંસ્થાનાં આ ધુરંધર કલાકાર મંદિરમાં દ્વારકાધીશ પાસે, દુ:ખણાં લઈ (આંખો મીંચી) માથે ઓઢી, હાથ જોડી નમી રહ્યાં ત્યારે આંખોમાં આંસુ હતાં.

અનુસંધાન] ફિલ્માકાશ [પૃ. ૧૫ થી

ફિર ભી આયેગી'ની રજૂઆતની સાથે જ ગુરુદત્તે ભજવેલાં દૃશ્યો પણ અલગથી બતાવવામાં આવતાં હતાં. ટેમ્પરામેંટલી ગુરુદત્ત આ સાયગલની વધુ નજીક હતા એટલે ધર્મેન્દ્ર કરતાં એ વધુ ઉપયુક્ત લાગતા હતા તે મેં એ વખતે પણ નોંધ્યું હતું.

વિશેષ નોંધ : લેખમાળા હપ્તા-૨૨માં મેં કરેલા એક ભૂલસુધારને રદ કરતો એક સુધારો ભાવનગરના શ્રી પ્રબોધ કાપડિયા નામના સુજ્ઞ વાચકે કર્યો છે. તેમણે લખ્યું છે કે ઈન્દુલાલ યાજ્ઞિક અને હીરાલાલ ડૉક્ટરની ૧૯૨૮માં બનેલી ફિલ્મનું નામ 'પાવાગઢનો પ્રલય' નહીં પણ અગાઉ જણાવ્યા મુજબ 'પાવાગઢનું પતન' જ હતું. સમર્થનમાં તેમણે લખેલ 'બે ઘડી મોજ' સાપ્તાહિકમાં ૯-૯-૧૯૨૮ની પ્રકટ થયેલી જાહેર-ખબરની ઝેરોક્ષ મોકલી છે ને જણાવ્યું છે કે એ ફિલ્મ મુંબઈના ઈમ્પીરિયલ સિનેમામાં ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૨૮ના રોજ રિલીઝ થઈ હતી. હીરોહીરોઈન નવીનચંદ્ર અને વાસંતી હતાં. એવી જ રીતે ભાવનગરના બીજા જાણકાર મિત્ર ભરત પંડ્યાએ 'કુમાર'ના નવેમ્બર ૨૦૦૨ના અંકમાં વાચકોના પત્રોના વિભાગમાં બે ત્રણ હકીકતો તરફ ધ્યાન દોર્યું હતું. એમાં એક તો મુદ્રણદોષની જ વાત છે. જ્યારે પ્લેબૅક સિસ્ટમના આવિષ્કાર અંગેના તેમના મંતવ્ય વિષે જણાવું કે તેમણે જે વિગતો 'જવાની કી હવા'ના સંદર્ભમાં આપી છે તે તો મેં લેખમાળાના એપ્રિલ-૨૦૦૨ના હપ્તા-૧૬માં વર્ણવી જ છે. મતલબ કે તે ચૂકી ગયો નથી. એમને જણાવું કે તે ફિલ્મ તેમના જણાવ્યા મુજબ ૧૯૩૪ની નહીં, પણ ૧૯૩૫ની હતી. (ક્રમશઃ)

પસ્તીનાં પાનાં

— ડૉ. પ્ર. ચુ. વૈદ્ય —

ટેક્સાસ એ. ઍન્ડ એમ. યુનિવર્સિટી

તા. ૧૬-૧૦-૯૭ : કૉલેજ સ્ટેશન અહીંનું વિદ્યાનગર જેવું ગામ છે. અમેરિકાના ટૅક્સાસ રાજ્યની જૂનામાં જૂની કૉલેજ. ટૅક્સાસ એ. ઍન્ડ એમ. કૉલેજનું ગામ તે કૉલેજ-સ્ટેશન. આ 'એ. ઍન્ડ એમ.' એટલે ઍગ્રિકલ્ચરલ ઍન્ડ મિકેનીકલ. મૂળ ખેતીવાડી અને તેને લગતી યંત્ર-વિદ્યાની કૉલેજ. પછી તો ટૅક્સાસ એ. ઍન્ડ એમ. યુનિવર્સિટી થઈ. ટૅક્સાસ રાજ્યની ત્રણ સૌથી જૂની યુનિવર્સિટીઓ : **Texas A & M., Texas Women's University (TWU)** અને **Prairies A.& M.** શરૂઆતમાં તો (૧) **T. A. & M.** ગોરા પુરુષો માટે, (૨) **TWU** સ્ત્રીઓ માટે, (૩) **P.A. & M.** કાળાઓ માટે. પણ હવે ભેદ રહ્યા નથી અને સંયોગો તો જુઓ. મારા જમાઈ ટૅક્સાસ એ ઍન્ડ એમ. યુનિવર્સિટીમાંથી **Ph.D.** થયા અને મારી પુત્રી **TWU**માંથી **Ph.D.** થઈ!

આપણે ત્યાં યુનિવર્સિટી લાયબ્રેરીમાં દાખલ થવા માટે પાસ જોઈએ. દાખલ થાવ એટલે તમારી થેલી કે દફતર બહાર પટાવાળાને સોંપી દેવું પડે અને લાયબ્રેરીમાં કોઈ પુસ્તક જોઈતું હોય તો ક્લાર્કને કહો અને તે પુસ્તક કાઢી આપે, અને અહીં ટૅક્સાસ એ. ઍન્ડ એમ.ની લાયબ્રેરીમાં તમે એમ ને એમ દાખલ થશો, તમારી પાસેનો થેલો કોઈ તપાસશે નહિ કે લઈ લેશે નહિ. લાયબ્રેરીના વિશાળ હૉલમાં પુસ્તકોનાં ખુલ્લાં કબાટ કે ઘોડા, જોઈએ તે પુસ્તક લઈને વાંચવા બેસી શકો. જુદાં જુદાં પંદર જેટલાં કમ્પ્યૂટર. અહીં તો ઘર, વર્ગ, લાયબ્રેરી બધું જ એરકંડિશન્ડ એટલે કમ્પ્યૂટર માટે જુદી ખાસ સગવડની જરૂર નહિ. હું એક ખાલી ટેબલ પર મારું કામ કરવા બેસી ગયો અને મારા જમાઈ એક કમ્પ્યૂટર પર. દોઢ-બે કલાકે અમારા કામમાંથી પરવારી અમે ઘર ભેગા થઈ ગયા!

અમેરિકન ડાયાલિસિસ

તા. ૨૪-૧૦-૯૭ : આપણે ત્યાં હેમો ડાયાલિસિસ થાય છે એટલે ધોરી નસમાં સીધું પાણી દાખલ કરાય છે. એ વિધિ બહુ કષ્ટદાયક છે. અમેરિકામાં ૧૯૮૫ના અરસામાં ડાયાલિસિસની નવી પદ્ધતિ શોધાઈ છે. આપણા પેટમાં ડૂંટીવાળા ભાગ ઉપર પહેલાં ચામડી, પછી માંસપેશી અને ચરબીના થર. તેની નીચે એક અર્ધ પારદર્શક આવરણ અને તેની નીચે આંતરડાં - આવી વ્યવસ્થા હોય છે. હવે પહેલાં હળવી સર્જરી કરી પેટમાં એક નળી દાખલ કરે છે જે ઉપલાં માંસપેશી અને ચરબીના થર પાર કરી પેલી અર્ધ પારદર્શક મેમ્બ્રેન સુધી જાય છે. નળી મારફત શુદ્ધ પાણી તે મેમ્બ્રેન ઉપર જાય છે. આ પાણી આંતરડાં અને માંસપેશીઓ મારફત શોષાય છે અને કિડની (મૂત્રાશય) ઓછું કામ કરતું હોવાથી શરીરમાં જે કચરો જમા થયો હોય તે આ પાણીમાં ઓગળી જાય છે. બે-ત્રણ કલાક પછી એ જ નળી વાટે પાણી બહાર ખેંચી લેવાય છે એટલે ડાયાલિસિસ પૂરું થાય.

બાલાજી સવારે ૮-૩૦ વાગે ટીવી જોતા બેસે. ખાસ્સું બે લિટર પાણી ભરેલી થેલી ઊંચા સ્ટેન્ડમાં ભરાવી હોય. દરદીને ગ્લુકોઝ ચડાવે છે તેમ આ બે-અઢી લિટર પાણી નળી મારફતે મેમ્બ્રેન સુધી પહોંચી જાય. આને અડધા કલાક જેટલો સમય લાગે. થેલી ખાલી થઈ જાય એટલે પેટની નળી સાથેનું કનેક્શન છોડી, નળીને બૂચ લગાવી દે. પછી બાલાજી ગાડીમાં ઑફિસે જાય. ઑફિસેથી ૧૨-૩૦ વાગે આવી બાલાજી ખુરશીમાં બેસે. નીચે જમીન પર થેલી મૂકે. ધીમે ધીમે પાણી ટપકીને થેલીમાં ભરાય. પેટમાં પાણીનો ભાર રીતસરનો હળવો થઈ ગયો લાગે. પછી ત્યાં જ બેઠાં લંચ લે અને નવા પાણીની નવી થેલી ઊંચા સ્ટેન્ડમાં ભરાવી પેટની પેલી મેમ્બ્રેન આસપાસ બે-અઢી લિટર પાણી ચડાવવાની વિધિ શરૂ થાય. આ કામ પૂરું થાય એટલે ફરી પાછા ઑફિસે. સાંજે ૬-૦૦ વાગે આવી, પાણી કાઢી, જમે. રાત્રે ૮ વાગે સૂઈ જાય. રાત્રે ૧૦-૦૦ વાગે ઊઠીને ફરી પાછું અઢી લિટર પાણી પેટમાં મેમ્બ્રેન આસપાસ ભરાવીને સૂઈ જાય તે સવારે ૮-૦૦ વાગે કાઢે અને ફરી પાછી આ વિધિ શરૂ!

પાણી સીધું માંસપેશી વચ્ચે મોકલવાનું હોવાથી ચેપ ન લાગે તેની ખાસ ચીવટ રાખવી પડે. જંતુનાશક દવાથી હાથ, નળીનાં જોડાણ, નળીનાં બૂચ વગેરે દર વખતે ચીવટથી સાફ કરવાનાં રહે અને આ બધું દીવાનખાનામાં, સોફા ઉપર બેસીને ટીવી જોતાં જોતાં થઈ શકે તેવી વ્યવસ્થા થઈ છે એટલે હવે અમેરિકામાં ડાયાલિસિસ કષ્ટદાયક ઓછું થઈ ગયું છે.

આ ક્રિયાની હળવી બાજુ પણ છે. બે-અઢી લિટર પાણી પેટમાં ગયા પછી પતિ-પત્નીનો વાર્તાલાપ સાંભળવા જેવો છે. બાલાજી પેટ પર હાથ ફેરવીને કહે, **'I am pragnant. I now know how you feel pregnancy!!'**

નૉબલ ઈનામ વિજેતા દારિયો ફો

તા. ૯-૧૨-૯૭ : આ વર્ષનું સાહિત્ય માટેનું નૉબલ ઈનામ ઈટાલિયન નાટકકાર દારિયો ફોને મળ્યું છે. મેં કે તમે આ દારિયો ફોનું નામ ન સાંભળ્યું હોય એ તો બને પણ ગુજરાતી સાહિત્ય પરિષદના તંત્રી ભોળાભાઈ પટેલ લખે છે કે, 'મારા જેવા ઘણા એ નામ પહેલી વાર સાંભળતા હશે. છાપામાં આવેલી ટૂંકનોંધ પરથી જાણવા મળ્યું કે દારિયો ફોનાં નાટકોમાં વર્તમાન રાજકારણ પર તીખા અને વેધક કટાક્ષો સાથે હાસ્યરસનું મિશ્રણ હોય છે. ૭૧ વર્ષના ફોએ ૭૦ નાટકો લખ્યાં છે પણ આપણાં

(અનુસંધાન પૃ. ૩૩ પર)

અનોખો અને અદ્વિતીય ૨૦૦૩ ક્રિકેટ વર્લ્ડકપ

ડૉ. પી. ડી. શર્મા

ક્રિકેટ વિશ્વના ઘણા ઓછા દેશોમાં રમાય છે છતાં પ્રચાર માધ્યમોને કારણે તે આજે વિશ્વની ખૂબ જ લોકપ્રિય રમત બની છે અને તેથી જ દરેક રમતપ્રેમીની નજર ૨૦૦૩ની ૯મી ફેબ્રુઆરીએ વેસ્ટ ઈન્ડીઝ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે વર્લ્ડ-કપની પહેલી મૅચ તરફ છે. આ વખતનો વર્લ્ડકપ અનોખો રહેશે, કારણ કે બાવીસ-બાવીસ વર્ષ સુધી રંગભેદની નીતિને કારણે ટેસ્ટક્રિકેટમાંથી બહિષ્કૃત થયેલું દક્ષિણ આફ્રિકા આજે આઝાદ થયા બાદ આ વર્લ્ડકપનો શ્વેત-અશ્વેતની એકતા બતાવવા ઉપયોગ કરશે, આથી જ આ વર્લ્ડકપના ચાર હજાર સ્વયં-સેવકોમાંથી અડધોઅડધ અશ્વેત છે. આ રીતે દક્ષિણ આફ્રિકા ક્રિકેટને રાષ્ટ્રિય એકતાના પ્રતીક તરીકે 'ગો બિયોન્ડ ક્રિકેટ'ના સૂત્ર સાથે આફ્રિકાના દેશોમાં લોકચાહના અપાવવા માગે છે. આ વર્લ્ડકપ દ્વારા દક્ષિણ આફ્રિકા ઘરઆંગણે એકતા સાધીને જગતને બતાવવા ચાહે છે કે રંગભેદ એ દક્ષિણ આફ્રિકાનો દટાયેલો ભૂતકાળ બની ગયો છે. વિશ્વકપની અમુક મૅચો ઝિમ્બાબ્વેમાં પણ રમાશે.

ક્રિકેટ વર્લ્ડકપ - ઈતિહાસ અને વિકાસ : ક્રિકેટના ઈતિહાસમાં સૌપ્રથમ 'આંતરરાષ્ટ્રિય એકદિવસીય મૅચ' ૫મી જાન્યુઆરી, ૧૯૭૧ના રોજ મેલબૉર્ન ખાતે ઑસ્ટ્રેલિયા અને ઈંગ્લન્ડ વચ્ચે યોજાઈ હતી, જે રસપ્રદ નીવડતાં તેની વિશ્વસ્પર્ધા યોજવાનું એ વખતના આયોજકોએ વિચાર્યું. આ યોજનાને ઈંગ્લન્ડની વીમાકંપની 'પ્રુડેન્શિયલ ઈન્સ્યુરન્સ કંપની'એ વધાવી લીધી. આ રીતે પ્રથમ વિશ્વકપ ૧૯૭૫માં 'પ્રુડેન્શિયલ કપ'ના નામે ઈંગ્લન્ડ ખાતે એક નવા જ પ્રયોગ સ્વરૂપે યોજાયો હતો. આ રીતે સૌપ્રથમ વિશ્વકપ ઈંગ્લન્ડમાં ૭મી જૂન, ૧૯૭૫ના રોજ યોજાયો. ફાઈનલ મૅચ વેસ્ટ ઈન્ડીઝ અને ઑસ્ટ્રેલિયા વચ્ચે યોજાઈ હતી. જેમાં વેસ્ટ ઈન્ડીઝે ૧૭ રને વિજય મેળવી 'પ્રુડેન્શિયલ ટ્રૉફી' મેળવી હતી. આ વિશ્વકપમાં ભારત ત્રણમાંથી એક મૅચ પૂર્વ આફ્રિકા સામે દસ વિકેટથી જીત્યું હતું. દ્વિતીય વિશ્વકપ પણ ઈંગ્લન્ડ ખાતે જ યોજાયો હતો. આ વિશ્વકપમાં કુલ ૧૫ મૅચો રમાઈ હતી. ફાઈનલ મૅચ ૨૩મી જૂન, ૧૯૭૯ના રોજ વેસ્ટ ઈન્ડીઝ અને યજમાન દેશ ઈંગ્લન્ડ વચ્ચે યોજાઈ હતી. વેસ્ટ ઈન્ડિઝે પુનઃ શ્રેષ્ઠ દેખાવ કરીને ૯૨ રનથી વિજય મેળવ્યો હતો અને વેસ્ટ ઈન્ડીઝના કૅપ્ટન ક્લાઈવ લૉઈડે પુનઃ 'પ્રુડેન્શિયલ ટ્રૉફી' મેળવી હતી. ત્રીજો વિશ્વકપ પણ ઈંગ્લન્ડમાં ૧૯૮૩માં જૂનમાં યોજાયો હતો. આ તૃતીય વિશ્વકપમાં કપિલદેવના નેતૃત્વ હેઠળ ભારતે સૌપ્રથમ વાર શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો અને પ્રથમ વાર ફાઈનલ સુધી પહોંચી બબ્બે વખત વિશ્વવિજેતાનો તાજ મેળવનાર વેસ્ટ ઈન્ડીઝને ફાઈનલમાં ૪૩ રને પછાડી ભવ્ય 'પ્રુડેન્શિયલ ટ્રૉફી' મેળવી હતી.

ચોથો વિશ્વકપ સૌપ્રથમ વાર ઈંગ્લન્ડની બહાર ૧૯૮૭માં ભારત-પાકિસ્તાનના સહયજમાનપદ હેઠળ યોજાયો. ફાઈનલ મૅચ ૮મી નવેમ્બર, ૧૯૮૭ના રોજ ઑસ્ટ્રેલિયા અને ઈંગ્લન્ડ વચ્ચે યોજાઈ હતી. ઍલન બોર્ડરની કપ્તાની હેઠળ ઑસ્ટ્રેલિયાએ રોમાંચક ફાઈનલમાં ઈંગ્લન્ડને માત્ર ૭ રનથી પરાજિત કરીને 'રિલાયન્સ કપ' મેળવ્યો હતો. પાંચમો વિશ્વકપ ૧૯૯૨માં ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડના સહયજમાનપદ હેઠળ યોજાયો હતો. આ વિશ્વકપમાં સૌપ્રથમ વાર દક્ષિણ આફ્રિકાએ પ્રવેશ મેળવતાં કુલ નવ દેશો વચ્ચે ૩૭ મૅચ યોજાઈ હતી. આ વિશ્વકપની ફાઈનલ મૅચ ૨૫મી માર્ચ ૧૯૯૨ના રોજ મેલબૉર્ન ખાતે પાકિસ્તાન અને ઈંગ્લન્ડ


સચિન તેંડુલકર


કપિલ દેવ


રાહુલ દ્રવિડ


સૌરવ ગાંગુલી



ઈમરાન ખાન

વચ્ચે યોજાઈ હતી. ઈમરાનખાનની કપ્તાની હેઠળ પાકિસ્તાને સૌપ્રથમ વાર ઈંગ્લન્ડને ૨૨ રને પરાજિત કરી 'બેન્સન ઍન્ડ હેજીસ કપ' મેળવ્યો હતો. છઠ્ઠો વિશ્વકપ ૧૯૯૬માં પુનઃ ભારત-પાકિસ્તાન અને શ્રીલંકાના સહયજમાનપદ હેઠળ યોજાયો હતો. આ વિશ્વકપની ફાઈનલ મૅચ ૧૭મી માર્ચ, ૧૯૯૬ના રોજ લાહોર ખાતે શ્રીલંકા અને ઑસ્ટ્રેલિયા વચ્ચે યોજાઈ હતી. અર્જુન રણતુંગાના નેતૃત્વ હેઠળ શ્રીલંકાએ ઑસ્ટ્રેલિયાને ૭ વિકેટથી પરાસ્ત કરી 'વિલ્સ કપ' મેળવ્યો હતો. ભારતે આ વિશ્વકપમાં સેમિફાઈનલ સુધી શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. સાતમા ક્રિકેટ વિશ્વકપનું પુનઃ આયોજન ઈંગ્લેન્ડમાં થયું હતું. આ વિશ્વકપમાં સૌથી વધુ ૪૨ મૅચો રમાઈ હતી. આ વિશ્વકપ માટે આઈ.સી.સી.એ જાતે 'આઈ.સી.સી. ટ્રૉફી' પ્રચાર કરી હતી અને તે કાયમ માટે કોઈ એક દેશને ન મળતાં ફરતી રહેશે એટલે કે દર વખતે વિજેતા દેશને આપવામાં આવશે તથા આ રીતે એની કાયમી માલિકી આઈ.સી.સી.ની રહેશે. કોઠા-૧માં ક્રિકેટ વિશ્વકપની આગેકૂચ આપવામાં આવી છે.

પાંચ ગણા પુરસ્કાર : ગયા વિશ્વકપ કરતાં ૨૦૦૩ના વિશ્વકપમાં પાંચ ગણા પુરસ્કાર છે. આ વખતે જે ટીમ વર્લ્ડકપ જીતશે તેને વિશ્વકપની સાથે બે લાખ ડૉલરની રોકડ રકમ મળશે. આ સિવાયનાં વ્યક્તિગત ઈનામો પણ ઘણાં મોટાં છે.

ભવ્ય ઉદ્દ્ઘાટન : દક્ષિણ આફ્રિકાએ વિશ્વકપ માટે ભવ્ય ઉદ્દ્ઘાટનની યોજના બનાવી છે. ઉદ્દ્ઘાટન-સમારોહ પાછળ લાખો ડૉલરની રકમ ખર્ચાશે. આ ઉદ્દ્ઘાટનમાં વિશ્વ-બંધુત્વની ભાવના સાથે સંગીતમય વાતાવરણ ઊભું કરવાની પણ દક્ષિણ આફ્રિકાની ઈચ્છા છે. આ વખતના ઉદ્દ્ઘાટનને રંગીન રસપ્રચુર બનાવવા દક્ષિણ આફ્રિકાની મોટી મોટી મલ્ટિનૅશનલ કંપનીઓ પણ પૂરો સહયોગ આપવા માટે તૈયાર થઈ છે. મુખ્ય આયોજક અલી બાકરની અંગત દેખરેખ હેઠળ સ્ટેડિઅમોને નવા રંગરૂપ અપાઈ રહ્યા છે અને સ્વૉટિંગ વિકેટો પણ તૈયાર કરાઈ રહી છે. દક્ષિણ આફ્રિકામાં યોજનારા આ વર્લ્ડકપને રસપ્રચુર અને ભવ્ય બનાવવા માટે ભૂતપૂર્વ ક્રિકેટરો, ક્રિકેટના વિશેષજ્ઞો, અમ્પાયરો, કટાર લેખકો અને કૉમેન્ટેટરોની પણ મદદ લેવાઈ રહી છે.



સુનિલ ગાવસ્કર

ખાસ તાલીમ : હાલમાં સૌથી વધુ ધ્યાન દક્ષિણ આફ્રિકાની ટીમ પર કેન્દ્રિત છે, કારણ કે દક્ષિણ આફ્રિકાનું ક્રિકેટ બોર્ડ અને ત્યાંનાં લોકો ઈચ્છે છે કે આ વખતે તેમની ટીમ જ વિશ્વ-વિજેતા બને. આ માટે ખેલાડીઓને ખાસ તાલીમ અપાઈ રહી છે. અગાઉના બે-ત્રણ વિશ્વકપમાં દક્ષિણ આફ્રિકાનો દેખાવ સારો હોવા છતાં તે વિજેતાપદથી વ્હેંત છેટે રહી ગયું હતું, તેથી આ વખતે તે કોઈ કસર છોડવા માગતું નથી. દક્ષિણ આફ્રિકાના ક્રિકેટરો ગંભીરતાથી પ્રૅક્ટિસ તો કરી જ રહ્યા છે. સાથે સાથે ઑસ્ટ્રેલિયા, શ્રીલંકા અને ભારત જેવી સબળ ટીમોનો પણ અભ્યાસ ચાલી રહ્યો છે.

ક્રિકેટનો જ્વર : હાલમાં સમગ્ર દક્ષિણ આફ્રિકામાં ક્રિકેટનો જ્વર ચરમ સીમાએ છે. ત્યાંનાં બજારોમાં દક્ષિણ આફ્રિકાના સ્ટાર ખેલાડીઓનાં પોસ્ટરોનું ધૂમ વેચાણ ચાલી રહ્યું છે. છાપાંઓ અને મૅગેઝીનોમાં ત્યાંના અને અન્ય ટીમોના ક્રિકેટરોના લેખો તથા રંગીન તસ્વીરો પ્રગટ થઈ રહ્યાં છે. હાલમાં સમગ્ર દક્ષિણ આફ્રિકામાં સંપૂર્ણપણે ક્રિકેટમય વાતાવરણ છે. ૨૦૦૩નો વિશ્વકપ પ્રથમ દિવસથી અંતિમ દિવસ સુધી સંપૂર્ણપણે રોમાંચક રહે તેવા પ્રયત્નો પણ કરવામાં આવ્યા છે.

તમામ મેદાન સરખા : ક્રિકેટના ઈતિહાસમાં તમામ મૅચોના સ્ટેડિઅમ સરખા હશે. દક્ષિણ આફ્રિકાએ એનાં પંદરે મેદાનો પાંસઠ મિલ્યન દક્ષિણ આફ્રિકન ડૉલરનો ખર્ચ કરીને એકસરખાં બનાવી કમાલ કરી છે. આથી તમામ મૅચોમાં ખેલાડીઓને સમાન વાતાવરણમાં ખેલતા હોવાનો વિશિષ્ટ અનુભવ થશે. આઠ લાખ જેટલા પ્રેક્ષકો આ વર્લ્ડકપ નિહાળશે અને આ જ સુધીમાં ક્યારેય થયો ન હોય તેવો તેર મિલ્યન ડૉલર નફો દક્ષિણ આફ્રિકા આ વર્લ્ડકપમાંથી મેળવશે.

ઑલિમ્પિક સ્પર્ધાનો રૂઆબ : આ વખતે પહેલી જ વાર વર્લ્ડકપ ક્રિકેટને ઑલિમ્પિક સ્પર્ધાનો રુઆબ આપવામાં આવશે. આને માટે દક્ષિણ આફ્રિકાએ સિડની ઑલિમ્પિક્સમાં ખાસ ટીમ મોકલી હતી અને તેથી આ વર્લ્ડકપના પ્રારંભે ઑલિમ્પિક રમતોત્સવ જેવી રંગતભરી ઉજવણી, ગીતો, સાંસ્કૃતિક અસ્મિતા બતાવતાં નૃત્યો વગેરેનું આયોજન થશે. વિશ્વના જુદી જુદી રમતોના એકતાલીસ જેટલા સમર્થ ખેલાડીઓ 'ક્રિકેટ ઍમ્બેસડર' જેમ ઘોષિત કરીને વર્લ્ડકપને ક્રિકેટ સ્પર્ધાથી ઘણું વ્યાપક રૂપ

ક્રિકેટ વર્લ્ડકપની આગેકૂચ

અ.નં.	વર્ષ	સ્થળ	કપ	વિજેતા	પરિણામ	ઉપવિજેતા
૧.	૧૯૭૫	લૉર્ડ્સ	પ્રુડેન્શિયલ કપ	વેસ્ટઇન્ડિઝ	૧૭ રન	ઑસ્ટ્રેલિયા
૨.	૧૯૭૫	લૉર્ડ્સ	પ્રુડેન્શિયલ કપ	વેસ્ટઇન્ડિઝ	૯૨ રન	ઈંગ્લન્ડ
૩.	૧૯૮૩	લૉર્ડ્સ	પ્રુડેન્શિયલ કપ	ભારત	૪૨ રન	વેસ્ટઈન્ડિઝ
૪.	૧૯૮૭	કોલકત્તા	રિલાયન્સ કપ	ઑસ્ટ્રેલિયા	૭ રન	ઈંગ્લન્ડ
૫.	૧૯૯૨	મેલબોર્ન	બેન્સન ઍન્ડ હેજીસ કપ	પાકિસ્તાન	૨૨ રને	ઈંગ્લન્ડ
૬.	૧૯૯૬	લાહોર	વિલ્સ કપ	શ્રીલંકા	૭ વિકેટ	ઑસ્ટ્રેલિયા
૭.	૧૯૯૯	લૉર્ડ્સ	આઈસીસી કપ	ઑસ્ટ્રેલિયા	૮ વિકેટ	પાકિસ્તાન
૮.	૨૦૦૩	જોહસબર્ગ	આઈસીસી કપ	---	---	---

આપવામાં આવશે.

જેન્ટી રોડ્સના માનમાં સિક્કો : ૧૯૯૨ના વર્લ્ડકપમાં બ્રિસબેનમાં પાકિસ્તાનના ઈન્ઝમામ ઉલ હકને દક્ષિણ આફ્રિકાના ખેલાડી જેન્ટી રોડ્સે આબાદ ડાઈવ લગાવીને કૅચ આઉટ કર્યો હતો. દક્ષિણ આફ્રિકાનો ૧૯૬૯માં જન્મેલો જેન્ટી રોડ્સ વિશ્વનો 'શ્રેષ્ઠ ફિલ્ડર' ગણાયો. વાઈના દર્દથી પીડિત એવા આ જેન્ટી રોડ્સે ક્રિકેટમાં એની ફીલ્ડિંગથી આગવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આવો જોન્ટી રોડ્સ વર્લ્ડકપ પછી નિવૃત્ત થવાનો છે અને તેથી દક્ષિણ આફ્રિકાએ એના પ્રદાનને પોંખવા માટે પચાસ સેન્ટનો સિક્કો વર્લ્ડકપ દરમ્યાન બહાર પાડવાનું નક્કી કર્યું છે.

આતંકવાદથી રક્ષણ : આતંકવાદથી રક્ષણ માટે એક કિલોમીટર દૂર પાર્કિંગ રહેશે. પરંતુ એક કિલોમીટરનો રસ્તો કંટાળાજનક ન બને તે માટે રસ્તાની બંને બાજુઓ ગાયકો, વાદકો અને નૃત્યકારો મનોરંજન પીરસતા હશે. વર્લ્ડકપના ઉદ્ઘાટન માટે અત્યારે પાંચસો જેટલા ભાગ લેનારાઓ તૈયારી કરી રહ્યા છે. એમાં ભાઈચારાનો સંદેશો આપતું ગીત-સંગીત હશે અને વિશેષ તો દક્ષિણ આફ્રિકાની લોકસંસ્કૃતિનું એમાં દર્શન હશે. વિકેટ કેવી તૈયાર કરવી એ અંગે પણ ઝીણવટભરી વિચારણા ચાલી રહી છે. આ રીતે કહેતાં થાકીએ એટલી આ વર્લ્ડકપની વિશેષતાઓ છે. આમ ૨૦૦૩માં દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વેમાં આયોજિત થનાર 'ક્રિકેટ વિશ્વકપ' અનોખો, અજોડ અને અદ્વિતીય સાબિત થશે તેમાં કોઈ બેમત નથી. □

ઝેનકથા

ભૂલવાની અને યાદ રાખવાની વાત

બહાદુરભાઈ જ. વાંક

પોતાના શિષ્યોને વ્યાખ્યાન સાંભળવા બાબતે વિસ્તૃત સમજ આપ્યા બાદ ગુરુ બજુવા બોલ્યા : 'મારાં વ્યાખ્યાનોમાં તમે મારા એકાદ શબ્દને પણ સાંભળવાનું ચૂકી જશો, તો તમે મારા આખા વ્યાખ્યાનને પણ સાંભળવાનું ચૂકી જશો.'

કેટલાંક શિષ્યો બોલ્યાં : 'પણ અમને તો આપના વ્યાખ્યાનનો શબ્દે-શબ્દ યાદ રહી જાય છે. પછી કંઈ પણ ભૂલી જવાનો અમારા માટે પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.'

'એટલે તમને મારું વ્યાખ્યાન પૂરેપૂરું યાદ રહી જાય છે એમ જ ને?' ગુરુએ પૂછ્યું.

'હા.. જી.. યાદ ન રહે તો પછી વ્યાખ્યાન સાંભળવાનો પણ શું અર્થ હોઈ શકે?'

બજુવા બોલ્યા : 'તો હવે સાંભળી લો મારી વાત... તમે લોકો મારા વ્યાખ્યાનને જરા પણ સાંભળી કે યાદ રાખી શકતાં નથી!'

શિષ્યો બોલ્યા : 'કહો તો અમે આપના વ્યાખ્યાનના કેટલાક અંશો સંભળાવી દઈએ.'

બજુવા બોલ્યા : 'સ્મૃતિમાંથી તમે જે કાંઈ બોલી બતાવો, એ સરવાળે તો અસત્ય જ પુરવાર થાય છે એનો તમને ખયાલ છે?'

'એ વળી કઈ રીતે? અમને આપની વાત સમજાતી નથી.' શિષ્યોએ પોતાની દ્વિધા રજૂ કરી.

'અધ્યાત્મની ભાષામાં કંઈ પણ યાદ રાખવું એ ભૂલી જવા બરાબર છે ને કંઈ પણ ભૂલી જવું એ યાદ રાખવા બરાબર છે. હવે હું તમને પૂછું છું... તમને શું યાદ છે ને તમે શું ભૂલી ગયા છો, એ વિશે કંઈ કહી શકશો?'

એક પણ શિષ્ય જવાબ ન આપી શક્યો. પછી એક બાજુ સાવ મૌન બેસી રહેલા આપાજીને ગુરુએ પૂછ્યું, 'તને શું યાદ છે ને શું ભૂલી ગયો છે એ વિશે કંઈ જવાબ આપી શકશે?'

'મને કંઈ પણ યાદ નથી ને હું કંઈ પણ ભૂલી ગયો નથી.' આપાજીએ જવાબ આપ્યો.

ગુરુ બજુવાએ કહ્યું, 'તમારા બધામાં એકમાત્ર આપાજી જ એકીસાથે બધું સાંભળી ને યાદ રાખી શકે છે, ને એકીસાથે બધું જ ભૂલી પણ શકે છે!!'

આપાજી બોલ્યા : 'હું યાદ રાખવાની કે ભૂલવાની પંચાતમાં પડતો નથી. હું તો માત્ર સાંભળું છું. જેમ ગુરુના શબ્દોને સાંભળું છું, એમ જ - એ જ રીતે ને એ જ માત્રામાં સમગ્ર અસ્તિત્વને પણ સાંભળું છું.!'

ને ગુરુ બજુવા ખુશ ખુશ થતાં બોલી ઊઠ્યા : 'આપાજી! આજે તો તેં અમને બધાને આખેઆખું 'શ્રુતિ ઉપનિષદ' જ જાણે સંભળાવી દીધું!!' □

યંત્રવિજ્ઞાન અને ૨૧મી સદી

— પ્રહ્‌લાદ છ. પટેલ —

સી.ઈ.એમ. જોડે પોતાના પુસ્તક 'The Story of civilization'માં એક સુંદર સ્પષ્ટતા કરી છે કે 'Culture is what we are and civilization is what we have.' માણસના વિચારો, વિવેક, શિષ્ટતા તથા વ્યક્તિ, વસ્તુ કે ઘટના પ્રત્યેનો સુચારુ અભિગમ એ સંસ્કાર છે. આપણાં સાધનો, સુવિધાઓ અને સંપત્તિથી સંસ્કૃતિ નક્કી થાય છે.

વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિશે પણ એમ જ કહી શકાય. આત્મસંસ્કાર એ વિજ્ઞાન અને મોટર, મોબાઈલ જેવાં સાધનો અને ભૌતિક સુવિધાઓ ટેક્નોલૉજી ગણાય. એટલે કે 'Science is what we are and technology is what we have.'

ટેક્નોલૉજીને ત્રણ પ્રકારથી જોઈ શકાય છે : (૧) સમય સાધન ટેક્નોલૉજી જે સમયનો બચાવ કરે છે. રેલવેગાડી, વિમાન વગેરે. એક સમય એવો હતો કે મુંબઈથી લંડન દરિયાઈ માર્ગે જવા માટે જેટલા મહિના લાગતા હતા આજે એટલા જ કલાકમાં જઈ શકાય છે. અઢારમી સદીમાં યુરોપમાં પશ્ચિમ કિનારેથી ચીનના પૂર્વ છેડે જવા માટે આશરે દોઢ-બે વર્ષ લાગતાં હતાં. અત્યારે એટલા સમયમાં પૃથ્વી ઉપરથી ગુરુ (જૂપિટર) ઉપર જઈ શકાય તેમ છે. (૨) સંહારક ટેક્નોલૉજી જેમ કે એકે-૪૬, મશીનગન, મિસાઈલ વગેરે ન્યૂક્લિઅર સંહારક ટેક્નોલૉજીએ હિરોશીમા અને નાગાસાકી ઉપર તેનો પરચો બતાવી દીધો છે. (૩) ઉત્પાદન ટેક્નોલૉજી જે માનવશ્રમનો વિકલ્પ બની શકે છે અથવા તો તેને પૂરક બને છે. ઉત્પાદન ટેક્નોલૉજીમાં સંહારક શસ્ત્રોનાં ઉત્પાદનનો પણ સમાવેશ થાય છે.

વિજ્ઞાન વ્યવહારમાં પ્રયોજાય ત્યારે ટેક્નોલૉજી બને છે અને ટેક્નોલૉજીના ઉપયોગથી ઉદ્યોગો તૈયાર થાય છે એટલે કે ગઈ કાલનું વિજ્ઞાન આજે ટેક્નોલૉજી અને આજની ટેક્નોલૉજી આવતી કાલના ઉદ્યોગ સ્વરૂપે આવે છે.

લોકોની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ સંતોષવા માટે ટેક્નોલૉજીનો વિકાસ અનિવાર્ય છે. તેના વિકાસ દ્વારા આત્મ-નિર્ભર થવાય છે. મતલબ કે લોકોની જરૂરિયાતો મુજબ માલનું ઉત્પાદન થાય તેવા ઉદ્યોગો માટેની ટેક્નોલૉજીનો વિકાસ કરવાનું નિહિત થાય છે. એકવીસમી સદીમાં ટેક્નોલૉજી સ્થાનાંતરણ (ટ્રાન્સફર)ની ભૂમિકા અગત્યની છે.

આશરે ૧૬૦ વર્ષ પહેલાં વિદ્યુત, ૧૦૦ વર્ષ પહેલાં ક્ષ-કિરણો, ૫૦-૬૦ વર્ષ પહેલાં કમ્પ્યૂટર, રોબોટ, ૪૦ વર્ષ પહેલાં લેસર ટેક્નોલૉજી હાથ લાગી. ૧૦-૨૦ વર્ષમાં બાયો-ટેક્નોલૉજી અને ઈન્ટરનેટ સુલભ થયાં. ૧૦૦૧ની અને ૨૦૦૧ની સાલના માણસની જીવનશૈલીમાં ઝાઝો (ક્રાંતિકારી) ફેર પડ્યો નથી. પણ જે સ્ફૂરતાથી વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો વિકાસ થઈ રહ્યો છે તે રીતે ૩૦૦૧ની સાલનો માણસ (જો આપણે જીવતા હોઈશું તો)ની તદ્દન જુદી જ પ્રકૃતિ હશે, વિચિત્ર પ્રવૃત્તિઓ હશે. તે સમયે કશુંક અણચિંતવ્યું પણ બને.

અગ્નિ અને ચક્રની શોધો સીમાચિહ્નરૂપે છે. પણ કેટલીક ટેક્નોલૉજીની શોધો ક્રાંતિકારી છે.

અણુ-પરમાણુઓ એકત્રિત થતાં સૃષ્ટિનું સર્જન થાય છે અને વિખરાતાં પ્રલય થાય છે. આથી પરમાણુ શક્તિ સૃષ્ટિ-સર્જક અને સૃષ્ટિ-સંહારક છે. સર્જન અને સંહારની ગાથા એટલે વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો ઇતિહાસ. ન્યૂક્લિઅર ટેક્નોલૉજીની મદદથી ઊર્જા ઉત્પન્ન કરી શકાય છે. રેડિયો સમસ્થાનિકો વડે સંશોધન, તબીબી અને કૃષિક્ષેત્રે રચનાત્મક કાર્યો થઈ રહ્યાં છે. ન્યૂક્લિઅર મૅક્સિન આજે રોગોના નિદાન અને ઉપચાર માટે નિર્ણાયક રીતે મદદરૂપ છે. તેનું વિનાશક પાસું તો જાણીતું છે.

ચોમાસામાં આકાશમાં વીજળીના પ્રબળ લિસોટા અને જોરદાર કડાકા અને ભડાકા દરમિયાન ૧૦ કરોડ વૉલ્ટ જેટલું વિદ્યુતદબાણ, ૨૦,૦૦૦ ઍમ્પિયર જેટલો વિદ્યુતપ્રવાહ અને આશરે ૩૩૦૦૦° C. તાપમાન પેદા થાય છે. આ ઊર્જાને નાથી શકાય તો ભારતના તમામ ન્યૂક્લિઅર રિઍક્ટરો વર્ષ દરમિયાન જેટલી વિદ્યુત પેદા કરે છે લગભગ તેટલી વિદ્યુત-ઊર્જા તેમાંથી મળે. આ ઊર્જાને વ્યવહારુ બનાવવા માટે એકવીસમી સદીના ટેક્નોલૉજિસ્ટો સામે મોટો પડકાર છે.

અવકાશ ટેક્નોલૉજીએ તો દુનિયાને સાંકડી બનાવી દીધી છે. કૃત્રિમ ઉપગ્રહોને લીધે આંતરદેશીય સંદેશાવ્યવહાર સરળ અને સુલભ થયો છે. પૃથ્વીના પેટાળમાં રહેલા સંસાધનોની ખોજ શક્ય બની છે. હવામાન અને મોસમની જાણકારી સવેળા મળવા લાગી છે. સંશોધનમાં સુવિધાઓ ઉપલબ્ધ થઈ છે.

ભવિષ્યમાં અવકાશ ટેક્નોલૉજી વડે શત્રુના મિસાઈલ અને ઉપગ્રહો તોડી પડાશે, અવકાશયુદ્ધ ખેલાશે, હંટર (કીલર) સેટેલાઈટ શત્રુના નિશાન પર ત્રાટકશે. યુદ્ધના કમાન્ડરો સેટેલાઈટ હશે. વિદ્યુત ચુંબકીય સ્પંદ (પલ્સ) શત્રુના દેશમાં એવા સમયે અને એવા સ્થળે ફેંકવામાં આવશે જેથી બધાં તંત્રો એકસાથે ઠપ થઈ જશે. આ રીતે યુદ્ધનું સ્વરૂપ બદલાઈ જશે.

પ્રકાશવિજ્ઞાન ક્ષેત્રે લેસર ટેક્નોલૉજી સંશોધને, ઇજનેરી, ઔદ્યોગિક, સંદેશાવ્યવહારક્ષેત્રે સુગમતા કરી આપી

છે. સામાન્યતઃ કૅન્સરનું નિદાન તેના ત્રીજા તબક્કામાં થાય છે. પણ હવે N_2 (નાઈટ્રોજન) લેસર વડે કૅન્સરનું પ્રથમ તબક્કામાં નિદાન શક્ય બન્યું છે અને એકવીસમી સદીમાં લશ્કરી ક્ષેત્રે તે આશ્ચર્યજનક કામગીરી બજાવશે. મિસાઈલને અધવચ્ચેથી તોડી પાડશે અને ઉપગ્રહોને નિષ્ક્રિય કરી નાખશે.

રેષા પ્રકાશિકિ (ફાઈબર ઑપ્ટિક્સ)થી તબીબી અને સંદેશાવ્યવહાર ક્ષેત્રે ક્રાંતિ થઈ છે. પ્રકાશીય રેષાઓથી તૈયાર કરેલ સાધન-ઍન્ડોસ્કોપ વડે શરીરના અંદરના ભાગોનું નિરીક્ષણ કરી શકાય છે. સંદેશાવ્યવહાર ક્ષેત્રે તાંબાના તાર વડે એકસાથે આશરે ૨૪ સંદેશા, જ્યારે ગ્લાસ ફાઈબર (વાળની જાડાઈ જેટલા પોલા રેષા) એકસાથે ૧૩૦૦ સંદેશા (ટેલિફોન કૉલ્સ)નું વહન કરે છે.

પરંપરાગત વાહકો કરતાં રેષા-પ્રકાશિકી-ટેક્નોલૉજીના જે ફાયદા છે તેમાં નાનું કદ અને સૂક્ષ્મતા ખાસ છે. તે હલકા અને મજબૂત હોય છે. વિદ્યુત-વિક્ષોભની તેમના ઉપર અસર થતી નથી. લશ્કરી ઉપયોગોમાં તેના વડે સંચારણ કરતાં ભીડ થતી નથી.

૧૯મી સદી વરાળયંત્રની હતી. ૨૦મી સદી દહન-ચલિત યંત્રોની રહી અને ૨૧મી સદી ગ્રીડયંત્રની હશે. હવે માણસ કમ્પ્યૂટરયુગમાં પ્રવેશી ચૂક્યો છે. કમ્પ્યૂટર જટિલ ગણતરીઓ કરે છે, નિર્ણયો કરવામાં મદદ કરે છે. હવે તો કમ્પ્યૂટરે કળા, મનોરંજન, સંશોધન, યુદ્ધ જેવાં તમામ ક્ષેત્રોને આવરી લીધાં છે. એકવીસમી સદીમાં કમ્પ્યૂટર સાર્વત્રિક બનશે અને માણસ માટે તેનું મહત્ત્વ પ્રાણવાયુ જેટલું હશે.

કમ્પ્યૂટરોના જોડાણથી ગ્રીડ રચાશે જે ઇન્ટરનેટ હશે. લગભગ બધા જ વ્યવહારો ઇન્ટરનેટથી થશે. ઇન્ટરનેટ પાસેથી માહિતીઓ મેળવી શકાશે અને તેમના ઉપયોગ માટે તેની પાસેથી માર્ગદર્શન મેળવાશે. ઇન્ટરનેટ જગત ઉપર શાસન કરશે અને તે સરમુખત્યાર બની પણ જાય. ઇન્ટરનેટ પર્સનલ (અંગત) કમ્પ્યૂટર સાથે જોડાશે. યંત્રમાં તો ખરું જ પણ માણસના શરીરમાંય કમ્પ્યૂટરીકૃત ચિપ્સ ગોઠવાશે. ઇન્ટરનેટ માણસના રોજબરોજના જીવનનો હિસ્સો બનશે. આ સાથે સલામતી અને ખાનગી જીવનના પ્રશ્નો વધુ ગંભીર બનશે. જૈવ ચિપ્સથી માનવીના ભાવિ રોગોની આગોતરી માહિતી મળશે, આગોતરા ઉપાયો થશે. સરેરાશ આયુષ્ય વધશે. સ્ત્રીશિક્ષણ વધશે, પરિણામે સ્ત્રીનો સમાજમાં મોભો વધશે.

કમ્પ્યૂટરનાં બે કાર્યો - એનિમેશન (પ્રાણસંચાર) અને સિમ્યુલેશન (કૃત્રિમ અનુકરણ) ધ્યાનાકર્ષક બનશે. એનિમેશન તકનિકી વડે હૂબહૂ ચિતાર રજૂ કરી શકાય છે. તેમાં ભ્રામક (આભાસી) વાસ્તવિકતા હોય છે. રાજધાની એક્સપ્રેસના અકસ્માત, ફૂલનદેવી પર ગોળીબાર કે વર્લ્ડ-ટ્રેડ સેન્ટર ઉપરના હુમલાને કમ્પ્યૂટર વડે એનિમેશન પદ્ધતિથી આબેહૂબ રીતે કમ્પ્યૂટરના પડદા ઉપર દેખાડી શકાય છે. આ ચિત્રો કેટલીક હકીકતો તારવવામાં મદદરૂપ થાય છે.

કમ્પ્યૂટર વડે સિમ્યુલેશન-કૃત્રિમ અનુકરણ-કરી શકાય છે. સાયન્ટિફિક અમેરિકને રજૂ કરેલ ટીવી શ્રેણી - ફ્રંટિયર્સમાં એક વ્યક્તિની સામે ડિજિટલ વ્યક્તિ રજૂ કરી છે. સિમ્યુલેશનમાં ભૌતિકવિજ્ઞાનના નિયમોનો ખાસ આધાર લેવામાં આવે છે.

એનિમેસન અને સિમ્યુલેશનમાં ભૌતિક લક્ષણો અદ્દલ રીતે રજૂ કરી શકાય છે, પણ તેમાં અસલ ભાવો પેદા કરી શકાતા નથી. તે એકવીસમી સદીમાં શક્ય બનશે.

હવે તો કમ્પ્યૂટર અને ઇલેક્ટ્રૉનિક પ્રયુક્તિઓ વડે તૈયાર કરેલ યંત્રમાનવ (રોબોટ) વ્યવહારમાં આવી ચૂક્યો છે. રોબોટ વડે ઑફિસ તથા ઘરમાં ઘણાંખરાં કાર્યો થશે. દવાખાનામાં દાક્તરને મદદ કરશે. કમ્પ્યૂટર દર્દીના રોગનું નિદાન કરે અને રોબોટ તેની શસ્ત્રક્રિયા કરે તે દિવસ દૂર નથી. ઉદ્યોગોમાં જોખમી કાર્યો રોબોટ કરશે - રાસાયણિક ઉદ્યોગોમાં ખાસ યુદ્ધમાં સૈનિક તરીકે અને હુમલાઓમાં શાર્પ-શૂટર તરીકે કાર્ય કરશે. અતિસૂક્ષ્મ (નેનો) રોબોટ લોહીની વાહિનીમાં જઈને સાફસૂફી કરી પાછો આવશે. રોબોટ ન્યૂક્લિઅર યુદ્ધાગ્ર લઈ જઈ શકે છે અને અત્યંત ચોકસાઈપૂર્વક તે લક્ષ ઉપર બૉમ્બ ફેંકી શકે છે. વિસ્ફોટક બોંબને નિષ્ક્રિય બનાવવા માટે રોબોટનો ઉપયોગ થશે.

ઠંડી-ગરમીની રોબોટ ઉપર અસર થતી નથી. તે ચોવીસે કલાક કામ કરી શકે છે. વિષાણુ (વાયરસ)ની તેના ઉપર અસર થતી નથી. તે શૂન્યાવકાશમાં પણ કામ કરી શકે છે.

રોબોટ ચોકસાઈભર્યો માલ તૈયાર કરે છે માટે બજારમાં તેની માગ વધુ રહેશે. એકવીસમી સદીમાં આ ઘટના વિકસતાં રાષ્ટ્રો માટે ચિંતાજનક બનશે. ભવિષ્યમાં સંદેશાવ્યવહાર અને ટેલિમેડિસનની સુવિધા વ્યાપક બનશે ત્યારે માનવજાત માટે અત્યંત ઉપકારક બનશે. દૂર-દરાજનાં ગામોમાં કોઈ દર્દીના ગંભીર દર્દનાં લક્ષણો દાક્તર ઈ-મેલ દ્વારા મુંબઈ કે ન્યૂ યૉર્કના દાક્તરને જાણ કરશે ત્યારે ત્યાંના દાક્તરો દર્દનું નિદાન કરી ઉપચારની વિગતો વળતા ઈ-મેલ દ્વારા ગામના દાક્તરને મળશે. આમ, તાત્કાલિક ઉપચાર કરીને દર્દીને બચાવી લેવાશે.

આધુનિક ટેક્નોલૉજીએ સૂક્ષ્મતાની દિશા પકડી છે: વાલ્વની જગાએ ટ્રાન્ઝિસ્ટર આવ્યા, ટ્રાન્ઝિસ્ટરની જગાએ સંકલિત પરિપથો (IC), પછી બૃહદ્-માપક્રમ ICનું આગમન થયું. આથી ઇલેક્ટ્રૉનિક ઉપકરણનું કદ ખૂબ જ ઘટી ગયું. આથી તે સસ્તાં થયાં. તે સાથે ઉત્તરોત્તર વધુ ને વધુ ક્ષમતા ઉપરાંત આયુષ્ય વધ્યું.

હવે તો નેનો ટેક્નોલૉજીનો યુગ શરૂ થયો છે.

નેનોમીટર એટલે મીટરનો અબજમો ભાગ. નેનો સેકન્ડ એટલે સેકન્ડનો અબજમો ભાગ. નેનો (અત્યંત સૂક્ષ્મ) ટેક્નોલૉજીનો પૂર ઝડપે વિકાસ થઈ રહ્યો છે. નેનોવિસ્તારમાં દ્રવ્યના ગુણધર્મો બદલાઈ જાય છે. આમાંથી એવાં દ્રવ્યો તૈયાર થાય છે જેમનો તબીબી, બાયોટેક્નોલૉજી, ઑપ્ટોઇલેક્ટ્રોનિક્સ, ઈજનેરી વગેરે ક્ષેત્રે વ્યાપક ઉપયોગ થવા લાગ્યો છે.

૧૯૯૧માં એસ. ઈસિજિમાએ કાર્બન નેનો ટ્યૂબની શોધ કરી. આ ટ્યૂબ એટલી બધી મજબૂત હોય છે કે તે ~૧૫૦ ગિગાપાસ્કલ (એક અબજ પાસ્કલ) દબાણ સામે વળ્યા કે તૂટ્યા સિવાય ટકી રહે છે. આર્થર સી. ક્લાર્કે તેમના પુસ્તક ફાઉન્ટન ઑફ પૅરૅડાઈસમાં સ્પેસ એલિયેટર (અવકાશ લિફ્ટ)ની કલ્પના કરેલી છે. તે માટેનાં મજબૂત દોરડાં નેનો-ટેક્નોલૉજીએ પૂરાં પાડ્યાં. આમ, એક કલ્પના વાસ્તવિકતા બની.

અર્ધવાહક નેનો ટ્યૂબ વડે એવાં ઇલેક્ટ્રોનિક પરિપથો બનાવી શકાય છે જે હાલની ટેક્નોલૉજી વડે મળતા પરિપથો કરતાં હજાર ગણા નાના હોય છે. આવી નેનોટ્યૂબના વાહક ગુણધર્મોનો ઉપયોગ કરીને વિદ્યુત નેટવર્ક, રોબોટ અને નેનોયંત્રો ભવિષ્યમાં તૈયાર કરી શકાશે.

છેલ્લાં દસ-વીસ વર્ષમાં ઈન્ટરનેટ અને બાયોટેક્નોલૉજીની બોલબાલા વધી છે. બાયોટેક્નોલૉજી એટલે જૈવ-તંત્રો, જૈવ-માહિતી અને જૈવ-પ્રક્રિયાઓનો ઉદ્યોગમાં ઉપયોગ. આ અર્થમાં બાયોટેક્નોલૉજી હજારો વર્ષથી વ્યવહાર (અસ્તિત્વ)માં છે. સૂક્ષ્મ જીવો ઉપર નિયંત્રણ રાખવાની ક્ષમતા અને તેમના વિવિધ ઉપયોગોથી બાયોટેક્નોલૉજીને વર્તમાન સ્વરૂપ મળ્યું છે. તેમાંથી જનનિક ઇજનેરીનું અવતરણ થયું. આ જી.ઈ.ને આધારે ડી.એન.એ.નો વિસ્તૃત અભ્યાસ શક્ય બન્યો. ડી.એન.એ. જટિલ અણુ છે, જેને વ્યક્તિની નેનો પ્રતિકૃતિ ગણી શકાય. એટલે કે ડી.એન.એ. વ્યક્તિનાં તમામ સ્વાભાવિક અને શારીરિક લક્ષણો ધરાવે છે. હવે, ડી.એન.એ.માં ફેરફાર કરવાનું શક્ય બન્યું છે. તેમાંથી વાંધાજનક લક્ષણો દૂર કરી શકાય છે અને તેમાં ઇચ્છિત લક્ષણો ઉમેરી શકાય છે.

જનનિક ઈજનેરીને કારણે ડી.એન.એ.નું બંધારણ બદલીને ઇચ્છિત લક્ષણોવાળાં સંતાનો પેદા કરી શકાશે. આ રીતે જનિનની દૃષ્ટિએ ફેરફાર કરેલું શરીર મેળવી શકાશે. ડી.એન.એ.ની નકલ કરી શકાશે, જેથી વંશપરંપરાગત રોગો નિર્મૂળ કરી શકાશે. તે સાથે જનિન-થૅરાપિનો મહિમા વધશે અને તેનો અસામાજિક તથા ગેરકાનૂની ઉપયોગ પણ વધશે. અન્ય ટેક્નોલૉજીની જેમ બાયોટેક્નોલૉજી સારાં અને નરસાં પરિણામો લાવશે.

ડી.એન.એ.માં જરૂરી પરિવર્તનો કરીને વ્યક્તિ પોતાનાં બાળકોને વૈજ્ઞાનિક, સૈનિક, ખેલાડીઓ વગેરે બનાવી શકશે. એકવીસમી સદીના મધ્યમાં (૨૦૫૦માં) કદાચ આ બાબત સાર્વત્રિક અને સર્વસામાન્ય બને તો નવાઈ નહીં! આ પ્રકારની જનનિક ઇજનેરીથી માણસોની સુધારેલી આવૃત્તિ - વિકસિત સમાજ અને અવિકસિત સમાજ વચ્ચે ગંભીર સામાજિક અને રાજકીય સમસ્યાઓ પેદા થશે.

ટેક્નોલૉજી અને બાયોટેક્નોલૉજીના ફાયદા અને ગેરફાયદા છે. આથી માણસે માત્ર તેની જાત, કુટુંબ, સમાજ કે રાષ્ટ્રને વફાદાર રહેવાનું નહીં, પણ સમગ્ર જગતને વફાદાર રહેવું પડશે. આ બાબતે એચ.જી.વેલ્સની ટકોર કે સલાહને ધ્યાનમાં લેવા જેવી છે. તેમણે ભાવિ ટેકનોલૉજીના સ્વરૂપની કલ્પના કરીને માનવજાત સામે બે વિકલ્પો રાખ્યા છે : માણસે વિશ્વ કે વિનાશ એ બેમાંથી એકની પસંદગી કરવાની રહેશે. રચનાત્મક ઉત્પાદન-ઉપયોગથી આ વિશ્વ હર્યુંભર્યું બની રહેશે. વિવેક અને સંયમ ચૂકશે તો માણસના લમણે વિનાશ લખાશે. વેલ્સ આ વાત ગર્ભિતપણે કહેવા માગે છે.

માણસ પૃથ્વી ઉપર બંધાયેલો રહેવા માગતો નથી. ટેક્નોલૉજીના ટેકે હવે તેણે પૃથ્વીની બહાર નીકળી અન્ય ગ્રહો સાથે સંપર્ક સાધવાની મથામણ શરૂ કરી છે. વાઈકિંગ, વૉયેજર અને અન્ય મિશનોથી તેનો પ્રારંભ થઈ ચૂક્યો છે. આથી અપાર્થિવ અભિનવ યંત્રવિજ્ઞાનનો યુગ શરૂ થયો છે. આ યુગનાં બે લક્ષણો છે. એક તરફ માણસ અણુ-પરમાણુની ભીતરમાં રહેલી શક્તિની ખોજ કરવા મચી પડ્યો છે તો બીજી બાજુ વિરાટ વિશ્વ તરફ ગતિ કરી રહ્યો છે. તે રીતે વિરાટ સૃષ્ટિનો તાગ મેળવવા મથી રહ્યો છે.

કાર્લ સેગને પોતાના પુસ્તક 'કૉસ્મૉસ' (ટીવી શ્રેણી પણ છે)માં કેટલાક સવાલો પેદા કર્યા છે. દૂર દૂર સજીવ-સૃષ્ટિ ક્યાં છે? કેવા પ્રકારની સૃષ્ટિ છે? બુદ્ધિશાળી માનવ સંસ્કૃતિની ખોજ કરવાનું તે સૂચવે છે.

વૉયેજર સૂર્યમંડળની સીમા એકવીસમી સદીની મધ્યે ઓળંગીને અન્ય તારાજગત કે તારાવિશ્વમાં આગળ વધશે એટલે કે લગભગ ૨૦૬૦ની સાલમાં, જે લોકો જીવતાં હશે તે, આજના સમય (૨૦૦૨)ને બે રીતે યાદ કરશે : એક તો આ સમયે વૉયેજરે બાહ્ય તારાવિશ્વ માટે મુસાફરી શરૂ કરી હતી અને બીજું આ સમયે મુગ્ધ મેનકા જેવી ટેક્નોલૉજીની ઉપસ્થિતિ વચ્ચે માણસ સ્વવિનાશથી બચી શક્યો તે માટે:

અહીં કાર્લ સેગન એચ.જી.વેલ્સની વાત કરતા હોય તેવું લાગે છે. ટેક્નોલૉજી પ્રત્યે માણસે ૨૦૦૨માં રચનાત્મક અભિગમ અપનાવી અને પોતાનું રક્ષણ કર્યું, નહીંતર વિનાશ થયો હોત.

શા માટે માણસ પોતે અથવા તેમનાં યાનો તે બાહ્ય તારા-જગતમાં જવા અથવા મોકલવાની ખેવના ધરાવે છે? સીધી વાત છે કે પોતાની જિજ્ઞાસાવૃત્તિને સંતોષવા. પોતાના જેવી માનવ-

સંસ્કૃતિની શોધમાં તે બહાર જવા માગે છે. પૃથ્વી સિવાય કોઈ ઈતર ગ્રહ ઉપર સજીવસૃષ્ટિનું અસ્તિત્વ છે કે નહીં તે જાણવા માટે માણસ પ્રયાસો કરે છે. બાહ્ય તારાજગતમાં કોઈ ગ્રહ ઉપર કદાચ માનવજાતિનો ભેટો થાય. શક્ય છે કે આ માનવજાત આદિ અવસ્થામાં હોય. ભાષા અને સંપર્ક માધ્યમોના અભાવને કારણે આપણી સાથે સંદેશા-વ્યવહાર સ્થપાયો ન હોય. આવી માનવ-જાત બુદ્ધિયુક્ત તો હોય. તો પછી સવાલ એ થાય છે કે આ બુદ્ધિશાળી માનવ-જાતે આપણા કે અન્ય ગ્રહની મુલાકાત કેમ લીધી નથી? આવી પ્રગતિશાળી માનવ-જાત ઉદાર અને ભલી હશે. તેથી આવા પ્રગતિશાળી માનવો આપણી પ્રવૃત્તિઓમાં ખલેલ પહોંચાડવા માગતા નહીં હોય. આ બધાની વચ્ચે સ્ટીફન હૉકિંગ એવી શંકા વ્યક્ત કરે છે કે આવી માનવ-સંસ્કૃતિ બીજે નહીં હોય તેમ માનવું ઠીક લાગે છે. અન્ય ગ્રહ ઉપર માનવો હશે તો બુદ્ધિશાળી ન પણ હોય. ઉત્ક્રાંતિનું અનિવાર્ય પરિણામ બુદ્ધિ છે. એવું આપણે સમજી (માની)એ છીએ. આ માન્યતા બરાબર છે કે નહીં તેવો સ્વાભાવિક પ્રશ્ન થાય. બુદ્ધિને જીવન સાથે શું સંબંધ તે હજુ સ્પષ્ટ થયું નથી. આ સ્પષ્ટતામાં ભાવિ વિજ્ઞાન અને ટેક્નોલૉજી કદાચ મદદરૂપ થશે. બૅક્ટેરિયા અને બીજા કેટલાક સૂક્ષ્મ જીવો બુદ્ધિ વિના જીવે છે. આ હકીકત આ સમસ્યાના ઉકેલ તરફ લઈ જઈ શકે તેમ છે. બુદ્ધિ વિના જીવી શકાય છે તો બુદ્ધિથી સર્વનાશ પણ નોંતરી શકાય છે. આપણે આપણી બુદ્ધિ વડે તૈયાર કરેલી ન્યૂક્લિઅર ટેક્નોલૉજી જે દિવસે પૃથ્વીનો નાશ કરશે તે દિવસે બૅક્ટેરિયા તો જીવતા રહેશે. ત્યારે વેલ્સ, ઍંગન કે અન્ય વિચારકોએ કરેલી વાતો યાદ આવશે. આ બૅક્ટેરિયા નવી સજીવ સૃષ્ટિનું નિર્માણ કરશે અને બુદ્ધિ વિનાના બૅક્ટિરિયા માણસને બેઠો કરશે.

નવી શરૂ થયેલી સહસ્રાબ્દીના અંત સુધી માનવજાત ટકી રહેશે તો તેને આજની કે અગાઉની વિજ્ઞાનની કલ્પનાકથાઓ હકીકતો બની પાયાના સિદ્ધાંતો તરીકે તેની સામે આવશે.

એકવીસમી સદીમાં ટેક્નોલૉજીનો પ્રચુર માત્રામાં વિકાસ અને ઉપયોગ થશે. માણસના રોજબરોજના કાર્યક્રમોનું સંચાલન કમ્પ્યૂટર કરશે. માણસને કેવો આહાર પસંદ છે, તેને શું વાંચવું ગમે છે તે બધું કમ્પ્યૂટર નક્કી કરી આપશે. માણસ યંત્રને અંકુશમાં નહીં રાખે તો યંત્ર તેના ઉપર દાદાગીરી કરશે. એકવીસમી સદીની આ પ્રકારની ટેક્નોલૉજી આવકાર્ય ગણાય?

આજે અવનવી શોધો આપણા જીવનનો એક હિસ્સો બની ગઈ છે. ભવિષ્યમાં તે કદાચ અનિવાર્ય બને. તેમના પુસ્તક 'ફ્યુચર શૉક'માં એલ્વિન ટૉફલર લખે છે કે આજે ટેક્નોલૉજી એટલી બધી ઝડપે આગળ વધી રહી છે કે માણસ પોતાના જ જીવનકાળ દરમિયાન બદલાતી જતી સંસ્કૃતિથી અજાણ્યો બની જશે. આ સાથે માણસ પોતાની અસ્મિતા (ઓળખ) ગુમાવી બેસશે! □

('કુમાર'ના અમૃતપર્વ નિમિત્તે તા. ૨૭-૧૦-૦૨ના રોજ યોજેલ વ્યાખ્યાનમાળામાં અપાયેલું વ્યાખ્યાન)

સ્પૉર્ટ્સ ક્વીઝ - ૬

ડૉ. પી. ડી. શર્મા

(૧) ક્રિકેટ વર્લ્ડકપ ૨૦૦૩ની થીમ શું રહેશે?
(અ) એકતા (બ) શાંતિ
(ક) ખેલભાવના (ઈ) વિશ્વપ્રેમ

(૨) 'આઈઝન હોવર કપ' કઈ રમતમાં અપાય છે?
(અ) મોટર રેસિંગ (બ) ઘોડાદોડ
(ક) ગોલ્ફ (ઈ) બૅડમિન્ટન

(૩) વન-ડે ક્રિકેટમાં સૌથી નાની વયે ૭૦૦૦ રન બનાવનાર ખેલાડી કોણ છે?
(અ) સચિન તેંડુલકર (બ) સૌરવ ગાંગુલી
(ક) બ્રાયન લારા (ઈ) સનથ જયસૂર્યા

(૪) કૅનેડાની રાષ્ટ્રિય રમત કઈ છે?
(અ) બુલફાઈટ (બ) જુડો
(ક) આઈસ સ્કેટિંગ (ડ) આઈસહૉકી

(૫) ક્યા ક્રિકેટરે બી.આર.ઈશારાની ફિલ્મ 'ચારિત્ર'માં પરવીન બાબી સાથે કામ કર્યું હતું?
(અ) મનસુરઅલીખાન પટૌડી (બ) અજય જાડેજા
(ક) સલીમ દુરાની (ડ) રવિ શાસ્ત્રી

(૬) હાલમાં ક્યો ભૂતપૂર્વ ક્રિકેટર ટેલિવિઝન સિરિયલોમાં છવાઈ ગયો છે?
(અ) અજય જાડેજા (બ) વિનોદ કાંબલી
(ક) સંદીપ પાટિલ (ડ) સલીલ અંકોલા

(૭) નીચેનામાંથી કોણ બૅડમિન્ટન સાથે સંકળાયેલ છે?
(અ) નિશા મિલેટ (બ) મહેશ ભૂપતિ
(ક) પુલેલા ગોપીચંદ (ડ) સુનીતા રાની

(૮) મેરીયન જોન્સ કઈ રમતની વિશ્વવિખ્યાત ખેલાડી છે ?
(અ) ઍથ્લેટિક્સ (બ) બાસ્કેટબૉલ
(ક) બૅડમિન્ટન (ડ) ટેનિસ

(૯) ૧૯૯૮માં બેંગકોક એશિયાડમાં ડિંકોસિંહે કઈ રમતમાં સુવર્ણચંદ્રક મેળવ્યો હતો?
(અ) કુસ્તી (બ) શૂટિંગ
(ક) બૉક્સિંગ (ડ) ઍથ્લેટિક્સ

(૧૦) ચિરંજીવ મિલ્ખાસિંઘ કઈ રમતનો આંતરરાષ્ટ્રિય ખેલાડી છે?
(અ) ગોલ્ફ (બ) બાસ્કેટબૉલ
(ક) વોલીબૉલ (ડ) ફુટબૉલ

(આના સાચા ઉત્તરો આવતા અંકે આપવામાં આવશે.)

સ્પૉર્ટ્સ ક્વીઝ - ૫ના સાચા ઉત્તરો

૧. ઓમ બી. અગ્રવાલ, ૨. મંસૂર અલીખાન પટૌડી, ૩. ભારત તથા પાકિસ્તાન, ૪. અર્જુન અટવાલે, ૫. ઝિમ્બાબ્વે સામે નાગપુર મુકામે, ૬. મોહિન્દર અમરનાથ, ૭. ઝેબ્રા, ૮. આઈસ સ્કેટિંગ, ૯. દિલિપ વેંગસરકર, ૧૦. ૮ ઑગસ્ટ.

ભારતનાં રાજ્યો -૧૯

સિક્કિમ

ડૉ. જયકુમાર ર. શુક્લ

સિક્કિમ ભારતની ઉત્તર-પૂર્વે (ઈશાન ખૂણે) આવેલું પર્વતાળ (પહાડી) રાજ્ય છે. તેની આંતરરાષ્ટ્રિય સરહદોમાં ઉત્તરે તિબેટ, પૂર્વે ભુતાન અને પશ્ચિમે નેપાળ આવેલાં છે. તેની દક્ષિણે પશ્ચિમ બંગાળ દ્વારા ભારતની તળભૂમિ સાથે જોડાયેલું છે. વિશ્વમાં ત્રીજા ક્રમે સૌથી ઊંચો માઉન્ટ કાંચનજંઘા ત્યાં આવેલ છે. તેને ત્યાંનો રક્ષકદેવ માનવામાં આવે છે. તે રાજ્યનું ક્ષેત્રફળ ૭૦૫૬ ચોરસ કિ.મી. છે અને તેમાં ૨૬૫૦ ચોરસ કિ.મી. વિસ્તારમાં જંગલો આવેલાં છે. આ રાજ્યમાં નેપાળી, ભુટિયા, લેપ્ચા અને લિંબુ માન્ય ભાષાઓ છે. ત્યાં ઘણાં થોડાં લોકો હિંદી ભાષા બોલે છે. છેલ્લી ગણતરી મુજબ આ રાજ્યની વસતી ૫,૪૦, ૪૯૩ છે. કુલ વસ્તીનાં ૯.૩૦ ટકા લોકો શહેરોમાં વસે છે, ૬ ટકા લોકો અનુસૂચિત જાતિનાં તથા ૨૨.૪૦ ટકા લોકો અનુસૂચિત જનજાતિનાં છે.

સિક્કિમ રાજ્યમાં ૫૯ ટકા લોકો શિક્ષિત છે, તથા એક ચોરસ કિ.મી.માં વસ્તીની ઘનતા ૫૮ માણસોની છે. રાજ્યમાં ૬૮ ટકા હિન્દુધર્મના, ૨૭ ટકા બૌદ્ધધર્મના, ૩ ટકા ખ્રિસ્તી તથા બાકીનાં અન્ય ધર્મનાં લોકો વસે છે. આ રાજ્યના આશરે ૮ ટકા લોકો ગરીબીની રેખા નીચે જીવે છે. રાજ્યનાં લોકોની વ્યક્તિદીઠ વાર્ષિક આવક રૂ. ૩૪૯૨ છે. સિક્કિમમાં સપાટ ભૂમિ ભાગ્યે જ જોવા મળે છે. દરિયાની સપાટીથી ૨૪૪ મીટરથી કાંચનજંઘાની ૮૫૭૯ મીટર સુધીની ઊંચાઈ ધરાવતા પ્રદેશો ત્યાં આવેલા છે. રાજ્યનું પાટનગર ગંગટોક આશરે ૧૬૦૦ મીટરની ઊંચાઈએ આવેલું છે. ત્યાંની તિસ્તા અને રંગિત નદીઓ રાજ્યમાં થઈને વહે છે.

આ રાજ્ય નાનું છતાં સૌથી ઊંચી સપાટી પર આવેલું હોવાથી, જમીનમાર્ગે ત્યાં ફરતાં તે પ્રદેશના પર્વતો, ખીણો તથા જંગલોનાં સુંદર પ્રાકૃતિક દશ્યો નિહાળીને સૌકોઈનું મન પ્રફુલ્લિત થઈ જાય છે.

સરકાર : વહીવટની સુવિધા વાસ્તે રાજ્યને સાઉથ સિક્કિમ, નૉર્થ સિક્કિમ, વેસ્ટ સિક્કિમ અને ઈસ્ટ સિક્કિમ એ ચાર જિલ્લામાં વહેંચી દીધું છે. રાજ્યની વિધાનસભાની સંખ્યા ૩૨ સભ્યોની છે. સિક્કિમમાંથી લોકસભામાંથી એક તથા રાજ્યસભામાં એક સભ્ય ચૂંટીને મોકલવામાં આવે છે.

ઈતિહાસ : સિક્કિમના નોંધાયેલા ઈતિહાસની શરૂઆત બૌદ્ધધર્મનું આગમન થતાં નામગ્યાલ વંશની સ્થાપનાથી થાય છે. ૧૩મી સદીમાં સેન્ટ્રલ તિબેટ તરફ જઈ રહેલા નામગ્યાલ



લોકો, સિક્કિમનું પ્રાકૃતિક સૌન્દર્ય નિહાળીને પ્રભાવિત થયાં તથા ત્યાં જ વસવાટ માટે સ્થાયી થયાં. તેમનો આગેવાન (મુખી) સ્થાનિક નેપ્ચા કન્યાને પરણ્યો. તેમના વંશજોમાં થઈ ગયેલ ફૂટસોંગ નામગ્યાલ નામનો પ્રતાપી પુરુષ પ્રથમ ચોગ્યાલ અથવા ધર્મરાજા તરીકે પ્રસિદ્ધિ પામ્યો. ઈ.સ. ૧૬૪૨માં તે સિક્કિમનો આધ્યાત્મિક તથા લૌકિક વડો બન્યો. સત્તરમા સૈકામાં ફુટસોંગ નામગ્યાલે પોતાનો રાજવંશ સ્થાપ્યો. આ રાજવંશે ત્રણ સદી પર્યંત સિક્કિમ પર શાસન કર્યું. નેપાળમાંથી ત્યાં આક્રમણ થયું હતું, પરન્તુ ૧૮૧૪માં બ્રિટન સાથે જોડાણ કરીને તેનો અંત આણવામાં આવ્યો. અંગ્રેજો ઑગસ્ટ ૧૯૪૭માં ભારતને સ્વતંત્રતા આપીને સ્વદેશ પાછા ફર્યા પછી ભારત અને સિક્કિમ વચ્ચે કરાર કરવામાં આવ્યા અને સિક્કિમ ભારતનું રક્ષિત રાજ્ય બન્યું. ત્યાં ૧૯૭૩માં થયેલી રાજકીય સુધારા કરવાની લોકોની માગણીના પરિણામે, ૧૯૭૫માં ચોગ્યાલનો હોદ્દો નાબૂદ કરવામાં આવ્યો અને ૨૬ ઍપ્રિલ, ૧૯૭૫ના રોજ સિક્કિમ ભારતના સંઘનું ૨૨મું રાજ્ય બન્યું.

લોકો : સિક્કિમનાં લોકોમાં લેપ્ચા, ભુટિયા તથા નેપાળીનો સમાવેશ થાય છે. લેપ્ચા લોકો, રોંગ્યા એટલે ખીણોમાં વસતા લોકો પણ કહેવાય છે. આસામ તથા અમર મ્યાનમાર (બર્મા)થી આવીને તેમણે સિક્કિમમાં સૌપ્રથમ વસવાટ કર્યો હતો. ઉત્તર અને મધ્ય સિક્કિમમાં ઝોંગુ સિવાયનાં અન્ય લોકોને વસવાટ કરવાની પરવાનગી ન હતી. તેમના પછી સિક્કિમમાં ભુટિયા લોકો આવ્યા. તેઓ આશરે સાતસો વર્ષ પહેલાં, ત્યાં બૌદ્ધધર્મ પોતાની સાથે લઈને ગયા. ભુટિયા લોકો મુખ્યત્વે સિક્કિમના ઉત્તરના વિસ્તારોમાં રહે છે. છતાં તેઓ આખા રાજ્યમાં ફેલાઈ ગયાં છે. છેલ્લાં બસો વર્ષથી નેપાળી લોકો પણ સિક્કિમમાં આવીને વસ્યાં છે.. ઉત્તર સિક્કિમમાં વસવાટ કરવાનો નેપાળી લોકોને માટે અગાઉ પ્રતિબંધ હતો. હાલમાં નેપાળીઓ પૂર્વ, પશ્ચિમ તથા દક્ષિણ સિક્કિમમાં વસવાટ કરે છે.

ઉત્સવો અને નૃત્યો : આ પ્રદેશના લામાઓ ઉત્સવ પ્રસંગે વિચિત્ર મહોરાં તથા પોશાક પહેરીને અદ્ભુત નૃત્યો કરે છે. તે જોવા માટે લોકો ભેગાં થાય છે. મોટી લાંબી ભૂંગળો તથા ઢોલ-ત્રાંસાંના સંગીતના સથવારે ખુલ્લા મેદાનમાં થતાં આ નૃત્યો રંગભર્યાં દશ્યો રજૂ કરે છે. સિક્કિમમાં મઠને લગતાં કરવામાં આવતાં આ નૃત્યો 'ચામ' કહેવાય છે. તેનો મૂળભૂત હેતુ

સમાજમાંથી અનિષ્ટોનો નાશ કરવાનો છે. તેમના રક્ષણની કુળદેવી તરીકે માઉન્ટ કાંચનજંગાના અભિષેક કર્યા બાદ સિક્કિમના લોકો પૅંગલ્હાલ સોલનો અદ્વિતીય ઉત્સવ, આકર્ષક મહોરાં પહેરી, ભપકાદાર નૃત્ય કરીને ઊજવે છે.


સિક્કિમના લેપ્ચા, ભુટિયા તથા નેપાળી લોકો પોતાના સમાન તહેવારો ઊજવવા માટે જુવારને આથો ચડાવીને તેમાંથી બનાવેલ ચાંગ (બિયર) પીણું પીએ છે. પોલા વાંસમાંથી બનાવેલ તોંગ્બામાં ચાંગ પીરસવામાં આવે છે. તેના દરેક તહેવારની ઉજવણીમાં ચાંગ પીવાની પ્રથા પડી ગઈ છે.

સિક્કિમ રાજ્યમાં ઉજવાતા મહત્ત્વના તહેવારોમાં લોસર (તિબેટીઓનું નૂતન વર્ષ), દસાઈ (સિક્કિમના નેપાળી હિન્દુઓનો સૌથી મોટો ઉત્સવ) લોસુંગ (સિક્કિમનાં લોકોનું નૂતન વર્ષ)-તેને ખેડૂતોનું નવું વર્ષ પણ કહેવામાં આવે છે. લોસુંગ ખાનગી રીતે પોતપોતાના પરિવારોમાં ઊજવવામાં આવે છે. તથા ઉત્સવ પહેલાં મઠોમાં કાગ્યાતની જેમ નૃત્યો યોજવામાં આવે છે. સિક્કિમમાં છાબરંગ - પુરુષોનું નૃત્ય, ધાનનાચ - પાક લણતી વખતે કરવામાં આવતું નૃત્ય, મરૂની - સામાજિક વિષયો પર આધારિત નેપાલી નૃત્ય, સ્ટૅગ ડાન્સ - પ્રાણીઓનાં મ્હોરાં પહેરીને કરવામાં આવતું નૃત્ય વગેરે નૃત્યના મુખ્ય પ્રકારો છે.

પ્રવાસન : સિક્કિમ રાજ્યનું પ્રાકૃતિક સૌન્દર્ય માણવા વાસ્તે ત્યાંની મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય પ્રતિવર્ષ માર્ચથી મેના અંત સુધી તથા ઑક્ટોબરથી ડિસેમ્બરની ૧૫મી તારીખ સુધીનો છે. ઉનાળામાં ત્યાં સૌથી વધારે ગરમી ૨૦.૭° સે. તથા લઘુતમ ઉષ્ણતામાન ૧૩.૧° સે. રહે છે. ઉનાળામાં પણ ત્યાં થોડાં ગરમ કપડાં પહેરવાં પડે છે. તેનું પાટનગર ગંગટોકમાં આવેલા ભવ્ય વિહારો તથા રાજ્યનું કુદરતી સૌન્દર્ય પ્રવાસીઓના હૃદયમાં જીવનભર ઉત્તમ છાપ મૂકી જાય છે.

પ્રવાસીઓને આકર્ષે તેવાં અન્ય સ્થળોમાં ડિઅર પાર્ક, એન્ચી વિહાર, ઓર્કિડેરિઅમ, તાશી વ્યૂ પૉઈન્ટ, રામટેક મઠ તથા ફોડોંગ વિહારનો સમાવેશ થાય છે. ટ્રૅકિંગમાં રસ ધરાવનારા તથા શિકારીઓ માટે સિક્કિમનું રાજ્ય સ્વર્ગ સમાન છે. સિક્કિમનો પશ્ચિમનો પ્રદેશ ખાસ કરીને ટ્રૅકિંગ માટે વિકસાવવામાં આવ્યો છે અને પ્રવાસીઓ રસપૂર્વક તેનો લાભ લે છે. ત્યાંનાં બજારોમાંથી ઉત્તમ પ્રકારનું રાચરચીલું, લેપ્ચાની ગૂંથેલી થેલીઓ, ભરતકામની શેતરંજીઓ વગેરે ખરીદવા માટે પ્રવાસીઓની ભીડ થાય છે.

વિશિષ્ટ બાબતો : બુલબુલીમાં ૨૦૫ હેક્ટર વિસ્તારમાં આશરે રૂપિયા સાત કરોડના ખર્ચે પ્રાણીસંગ્રહાલય તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં વિવિધ પ્રકારનાં જવલ્લે જોવા મળતાં પ્રાણીઓના રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવી છે. કેટલાંક ખાસ પ્રકારનાં પ્રાણીઓની પરદેશોમાં નિકાસ કરીને, તેમાંથી


સિક્કિમ

વિદેશી હૂંડિયામણ કમાવવાનો ઈરાદો રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત ચોરી-છૂપીથી થતા પ્રાણીઓના શિકાર વિરુદ્ધ સરકારે ખાસ અભિયાન શરૂ કર્યું છે.

પાટનગર ગંગટોકના નીચલા ઢાળ ઉપર રંગીન ફૂલોવાળા અનેક છોડનું પ્રખ્યાત અભયારણ્ય આવેલું છે. તેમાં ૪૫૦ જાતનાં ફૂલોના છોડ જોવા મળે છે. સિક્કિમમાં સેંકડો પ્રકારનાં ફૂલોના છોડ થતા હોવાથી તે વનસ્પતિશાસ્ત્રીઓ માટે સ્વર્ગ સમાન છે.

સિક્કિમમાં ૧૯૪ જેટલા વિહારો (મઠ) આવેલા છે. તેમાં સૌથી વધારે મહત્ત્વના તાશીડિંગ, ફેનસાંગ, રેલોંગ, ફોડેંગ તથા રૂમટેક છે.

સિંચાઈ : ઍગ્રિકલ્ચરલ ફિનાન્સ કૉર્પોરેશનની સાથે જોડાણ કરીને સમગ્ર રાજ્યમાં સિંચાઈ માટેનો માસ્ટર પ્લાન ઘડવામાં આવ્યો છે. ખરીફ તથા રવિ પાક બંનેને પૂરતું પાણી મળે તથા ભેખડો તૂટી પડવાથી ખુલ્લી નેહરોને થતું નુકસાન દૂર કરવા માટે, ક્રોંકીટની બનાવેલી હ્યુમ પાઈપ અનેક વિસ્તારોમાં વાપરવામાં આવી છે.

માર્ગો : સિક્કિમ રાજ્યમાં કુલ ૨૩૮૩ કિમી. લંબાઈ ધરાવતા માર્ગો છે. પાટનગર ગંગટોક માર્ગો દ્વારા દાર્જિલિંગ, કાલિમપોંગ, સિલિગુડી તથા રાજ્યનાં જિલ્લા-મથકો સાથે જોડાયેલું છે.

રેલવે : સિક્કિમમાં સિલિગુડી તથા ન્યુજલપાઈગુરી આ બે રેલવેસ્ટેશનો રેલવે દ્વારા કલકત્તા, દિલ્હી, ગુવાહાટી, લખનઊ તથા ભારતનાં અન્ય શહેરો સાથે જોડાયેલાં છે.

ઊર્જા : નૉર્થ સિક્કિમ જિલ્લામાં લાચુંગ ખાતે ૨૦૦ કિલોવૉટ ઊર્જા પેદા કરવાની માઈક્રોહાઈડલ સ્કીમ શરૂ કરવામાં આવી છે.

મુખ્ય પાક : સિક્કિમમાં મકાઈ, ઘઉં, ચોખા, બાજરી, જુવાર, બટાટા, આદુ તથા ઈલાયચીની સારી પેદાશ થાય છે. ત્યાં નારંગી તથા સફરજન જેવાં ફળ પણ થાય છે. આ ઉપરાંત સરકારના ચાના બે બગીચા તેમી અને ક્યુઝિંગને નોંધપાત્ર સફળતા મળી છે અને એ રીતે રાજ્યમાં નવો ઉદ્યોગ શરૂ થયો છે. આ રાજ્યમાં ગાઢ જંગલો આવેલાં છે અને તેનો જોઈએ તેવો ઉપયોગ થયો નથી.



એક બૌદ્ધમઠમાંનો કલાત્મક ખંડ

ખનીજો : સિક્કિમની ખાણોમાંથી તાંબું, જસત અને સીસું કાઢવામાં આવે છે. તથા થોડાં વર્ષો પહેલાં સોનું અને ચાંદી પણ મળી આવવાની શક્યતા જણાઈ છે.

ઉદ્યોગો : સિક્કિમને ઔદ્યોગિક પછાત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યો છે. ત્યાં નાના ઉદ્યોગો વિકસાવવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે તથા હસ્તકલાના ઉદ્યોગો માટે તાલીમ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. રાજ્ય સરકારે સિક્કિમ ટાઈમ કૉર્પોરેશન નામથી પોતાની માલિકીની કંપની સ્થાપી છે. તે ઘડિયાળો, ડિજિટલ ઘડિયાળો વગેરે બનાવે છે. સિક્કિમ જ્વેલ્સ લિમિટેડ નામની કંપની ઈલેક્ટ્રિક મીટર તથા વૉટર મીટરના જ્વેલ બૅરિંગ્સ બનાવે છે. ત્યાં પ્રતિવર્ષ ઘડિયાળના ૬૦૦ લાખ જ્વેલ્સ બનાવવામાં આવે છે. આ ઉપરાંત સિક્કિમ રાજ્યમાં ફળો પર પ્રક્રિયા, દારૂ, સિગારેટ, ઘડિયાળો, ચામડા પર પ્રક્રિયા, ઝવેરાત, સાબુ, બૅટરીના સેલ, શેતરંજીઓ, મીણબત્તી, દીવાસળી બનાવવાના ઉદ્યોગો ખીલ્યા છે.

પ્રાણીજીવન : સિક્કિમનાં ગાઢ જંગલોમાં વિવિધ પ્રકારનાં પ્રાણીઓ વસે છે. તેમાંનાં કેટલાંકનો લોપ થવાનો ભય પેદા થયો છે. આલ્પાઈન પ્રદેશમાં યોક ભાર વહન કરવાનું પ્રાણી તથા દૂધ, માંસ અને ઊન મેળવવાનું પ્રાણી છે. ઉપરના સમશીતોષ્ણ પ્રદેશમાં રહેતાં મસ્ક ડીઅરનો સુગંધિત પદાર્થો બનાવવામાં ઉપયોગ થતો હોવાથી, તેને જોખમની યાદીમાં મૂકેલ છે. મુંતજાક અથવા બાર્કિંગ ડીઅર સિક્કિમનાં જંગલોમાં મોટી સંખ્યામાં જોવા મળે છે.

કાંજનજંઘા રાષ્ટ્રિય ઉદ્યાન વિશ્વમાં સૌથી ઊંચા સ્થળે આવેલ છે. તેમાં અન્ય પ્રાણીઓ ઉપરાંત ઐલુરસ, ફુલ્જન, લાલપાંડા, મસ્ક ડીઅર, ચિત્તા (સ્નોલેપાર્ડ), હિમાલયન કાળાં રીંછ, ઘેટાં વગેરે રહે છે.

સિક્કિમમાં ૫૫૦ પ્રકારનાં વિવિધ પક્ષીઓ તથા ૬૦૦ પ્રકારનાં પતંગિયાં જોવા મળે છે. તેતર પક્ષી સિક્કિમના ગૌરવ સમાન છે. ત્યાંનાં પક્ષીઓમાં વ્હિસલિંગ થ્રશ, લાફિંગ થ્રશ, કોયલ, બુલબુલ, મિનિવેટ અને ૩૦ પ્રકારનાં ફિંચ જોવા મળે છે. આ ઉપરાંત કિંગફિશર, લક્કડખોદ, ગરુડ, ઘુવડ, બાજ, કબૂતર, સમડી વગેરે પક્ષીઓમાં પણ વિવિધ પ્રકારનાં પક્ષીઓ છે. ☐

ગણિત ગમ્મત

—નૌતમભાઈ વખારિયા—

૩૭ના આંકડાના ખૂબીભર્યા ગુણાકારો - ૧

૩૭ના આંકડાને ૩, ૬, ૯ની શ્રેણીમાં છેક ૨૭ વડે ગુણતાં ગુણાકારમાં ૧૧૧, ૨૨૨, ૩૩૩, ... ૯૯૯ની સંખ્યા આવે છે તે આ આંકડાની ખાસિયત તો જાણીતી છે. હવે ૩૭ના આંકડાને ૩૦ અને પછીની તે જ શ્રેણીથી ગુણતાં મળતો ગુણાકાર તેથી તેનાથી ઊલટી સંખ્યાનો ગુણાકાર નીચેની રીતે મળે છે તે જુઓ –

૩૭ X ૩૦ = ૧૧૧૦	૩૭ X ૦૩ = ૦૧૧૧
૩૭ X ૩૬ = ૧૩૩૨	૩૭ X ૬૩ = ૨૩૩૧
૩૭ X ૩૯ = ૧૪૪૩	૩૭ X ૯૩ = ૩૪૪૧
૩૭ X ૪૨ = ૧૫૫૪	૩૭ X ૧૨૩ = ૪૫૫૧
૩૭ X ૪૫ = ૧૬૬૫	૩૭ X ૧૫૩ = ૫૬૬૧
૩૭ X ૪૮ = ૧૭૭૬	૩૭ X ૧૮૩ = ૬૭૭૧
૩૭ X ૫૧ = ૧૮૮૭	૩૭ X ૨૧૩ = ૭૮૮૧
૩૪ X ૫૪ = ૧૯૯૮	૩૭ X ૨૪૩ = ૮૯૯૧

ઉપર પહેલી કૉલમમાં ગુણાકારના આંકડામાં પહેલો અંક ૧ જ રહે છે અને પહેલા અને છેલ્લા અંકોનો સરવાળો વચ્ચેના અંકો બરાબર જ આવે છે તેની નોંધ લો. આ કોઠામાં ૩૭ X ૩૩ ની રકમ શા માટે બાકાત રાખવામાં આવી છે તેનું કારણ શોધી કાઢો.

સુધારો : ખગોલીય ગણિત પૃ. ૭૭૭નું મૅટર નીચે પ્રમાણે વાંચવું. ભારતનો સ્ટૅન્ડર્ડ ટાઈમ ગ્રીનિચ કરતાં ૫.૩૦ કલાક આગળ છે એટલે..

અમદાવાદનો સ્ટૅન્ડર્ડ ટાઈમ	૪.૦૦ કલાક
	= ૧૬.૦૦ કલાક
– ગ્રીનિચ ટાઈમ પાછળ હોવાથી	– ૫.૩૦ કલાક
ગ્રીનિચ ટાઈમ... સવારના	= ૧૦.૩૦ કલાક

૨. ગ્રીનિચમાં સ્ટૅન્ડર્ડ ટાઈમ પ્રમાણે સવારના ૧૦.૩૦ કલાક વાગ્યા હોય તો અમદાવાદનો સ્થાનિક સમય શું હશે? અમદાવાદ ગ્રીનિચથી ૭૨°.૩૭' રેખાંશ પૂર્વ ઉપર આવેલું છે. ૧ રેખાંશ ફરકે ૪ મિનિટ પ્રમાણે ૭૨°.૩૭' રેખાંશે ૪ક. ૫૦મિ. ૨૮સે. ફરક પડે. (૭૨°.૩૭'X૪મિ) આથી અમદાવાદમાં ગ્રીનિચ કરતાં સૂર્યોદય, સૂર્યાસ્ત વગેરે એટલા કલાક વહેલા થાય. આ ગણતરી પ્રમાણે...

ગ્રીનિચ ટાઈમ	સવારના	૧૦.૩૦.૦૦ કલાક
+ રેખાંશ ફરક		૪.૫૦ .૨૮ કલાક
અમદાવાદનો સ્થાનિક સમય		૧૫.૨૦.૨૮ કલાક
		= બપોરના ૩.૨૦.૨૮ કલાક

૩. અમદાવાદનો સ્થાનિક સમય બપોરના ૩ક. ૨૦મિ. ૨૮સે. હોય તો તેનો સ્ટૅન્ડર્ડ સમય શું હશે? અમદાવાદના રેખાંશ અને ભારતના સ્ટૅન્ડર્ડ ટાઈમ રેખાંશ વચ્ચે ૯°.૫૩'નો ફરક છે. (૮૨°.૩૦' – ૭૨°.૩૭' = ૯°.૫૩') જેને ૪ વડે ગુણતાં ૩૯મિ. ૩૨સે. આવે.

અમદાવાદનો સ્થાનિક સમય	૩.૨૦.૨૮ કલાક
+ રેખાંશ ફરક	૦૦.૩૯.૩૨ કલાક
અમદાવાદનો સ્ટૅન્ડર્ડ ટાઈમ બપોરના	૪.૦૦.૦૦ કલાક

નેપાળપ્રવાસ

દેવો સદા સમીપે

પ્રીતિ સેનગુપ્તા


૧૧. સર્વત્ર દેવોપસ્થિતિ

એક દિવસ હું ઈન્દ્રચૉકમાં થઈને જતી હતી. દુકાનો ને નાગરિકોથી ધીકતું બજાર. કપડાં, અને તાંબા-પિત્તળનાં મોટાં મોટાં વાસણો - બધું રસપ્રદ અને રંગરંગીન લાગે. એક દરવાજો દુકાનોથી લગભગ ઢંકાઈ ગયેલો હતો. સારું થયું કે એ નજરે પડી ગયો. ટેવ પ્રમાણે મેં અંદર ડોકિયું કર્યું, ને વાહ, એ ચૉગાનમાં વિખ્યાત અને ખૂબ સુંદર એક મંદિર હતું - સેતો મચ્છેન્દ્રનાથનું. 'સેતો' એટલે નેપાળી તળપદીમાં 'શ્વેત' માટેનો શબ્દ. મંદિરની ઉપર તાંબાનું બનાવેલું દ્વિસ્તરીય છત્ર હતું અને ચૉગાનમાં ચારે તરફ નાનાં સ્થાન અને સ્તૂપ હતાં. અંદર પ્રતિપાદિત દેવ પદ્મપાણિ અવલોકિતેશ્વર છે, જેમને લોકો જન્મદ્યો અથવા મચ્છેન્દ્રનાથ પણ કહે છે. કેવળ બૌદ્ધધર્મીઓ જ નહીં, પણ હિંદુઓ પણ એમને પૂજે છે. પાટણમાં રક્ત મચ્છેન્દ્રનાથનું મંદિર છે. અવલોકિતેશ્વર તથા આદિનાથ લોકેશ્વર તરીકે ઓળખાતા એ દેવની પ્રતિમા છ મહિના ત્યાં રહે છે ને બાકીના છ મહિના બન્ગમતિ ગામના એક સ્થાનકમાં લઈ જવામાં આવે છે.

બાજુમાં આકાશ ભૈરવનું ત્રિ-સ્તરીય છત્રવાળું મંદિર હતું. ઈન્દ્ર-જાત્રા કહેવાતા, ઈન્દ્ર દેવ માટેના ઉત્સવ વખતે વરસાદની ઋતુમાં એક અઠવાડિયા માટે અંદરની પ્રતિમાને બહાર ચૉગાનમાં પધરાવી રાખવામાં આવે છે. લોકો દ્વારા એ સતત પૂજાતી રહે છે.

કાઠમંડુની જરાક બહાર હિન્દુઓ માટેનું એક બહુ જ પવિત્ર દેવી-મંદિર છે. એ એટલું પ્રાચીન છે કે એ ક્યા કાળમાં બંધાયું તે કોઈ કહી શકતું નથી. એને દક્ષિણકાલીનું મંદિર કહે છે અને હજી ત્યાં પ્રાણીનાં બલિ આપવામાં આવે છે. ત્યાં જવા હું નીકળી ત્યારે મને ખ્યાલ નહતો કે એ અઢાર કિ.મી. દૂર હશે. એ પણ બહુ દૂર ના કહેવાય, પણ 'આપણી' સ્થાનિક બસો એમની રીતે જાયને. બાઘમતીને પસાર કરી ખરી, પણ કોઈ બીજા પુલ પરથી ને પછી રસ્તો એના વળાંકોને વળગેલો રહ્યો. કેટલીક ટેકરીઓની પાછળ ગયા પછી તો જાણે બીજું જ નેપાળ વસેલું હતું. નખશિખ રૂપાળું, નેપાળ - લીલા, આનંદી ઢોળાવો, માટીના રંગનાં સુઘડ ગ્રામ્ય ઘરો, તાજગીથી ઊભરાતાં, પોપટી પાંખે લહેરાતાં, સોપાન ક્ષેત્રો અને પોચાં, સફેદ, આકાશમાં આઘાં-પાછાં થતાં વાદળો. આવું પ્રાકૃતિક લાવણ્ય જોઈને મન સંતુષ્ટ થઈ જાય.


ધીરે જતી બસનું એ સુખ કે બધાં દૃશ્ય નિરાંતે નિહાળી શકાય. ગામડાંના લોકો પણ એવાં સંતુષ્ટ દેખાય. એમની પાસે હોય સાવ થોડું, કે લગભગ કશું જ નહીં, પણ એમના મનમાં જાણે કોઈ ચંચળતા નહીં. છોકરાઓ પતંગ ઉડાડવામાં પડ્યા હતા. પતંગો મોટે ભાગે ફાટેલા હોય ને સાથે ટૂંકી અમથી દોરી હોય, પણ એમનું ખિલખિલ હસવું માય નહીં! પુરુષો બેઠા બેઠા રમતો રમતા હતા - પત્તાં કે કેરમ કે સાવ સાદી 'સીડી' જેવી રમતો. એક નવી જાતની રમત પણ જોવા મળી. એને 'વાઘ-બકરી' કહે છે, ને કોડીઓથી રમાય છે. સહેજ જેવી ચીજો, ને શાંતિનું જીવન. સ્ત્રીઓ, બસ, જૂથ કરીને બેઠી હતી. થોડી નવરાશની ઘડીઓ મળી તે ય નવાઈને!



કાઠમંડુમાં શિવ-પાર્વતીનું કાષ્ઠશિલ્પ

રસ્તો પહાડો પર ચઢવા માંડ્યો ત્યારે બસને અઘરું પડ્યું. પછી વળી જંગલ આવ્યું. ને છેવટે બસનું છેલ્લું સ્ટૉપ. ત્યાંથી થોડું ચાલવાનું હતું. બસમાંથી ઊતરેલા ત્રણ નેપાળી યુવકો વિવેકપૂર્વક વાતો કરવાનો પ્રયત્ન કરી રહ્યા. એમનું હિંદી કાચુંપાકું હતું, ને અંગ્રેજી તો બિલકુલ નહીં. એટલે કેટલી વાત કરાય? એ લોકો તો ફરવાને બહાને, 'આંટો મારવા'ના વિચારે જ, આવેલા, કુદરતી પરિસર છે, તેથી ત્યાં પિકનિક કરવા પણ લોકો જતા હોય છે.

ધૂળિયો રસ્તો પછી થોડાં વધારે ગીચ વૃક્ષોની વચ્ચે પહોંચ્યો. છેલ્લે ચાલીસેક પગથિયાં ઊતરવાનાં હતાં. ત્યાં એક ઝરણું વહેતું હતું ને સરસ ઠંડક હતી. આ મંદિર તો સાવ જુદી જ જાતનું હતું. કોઈ ઈમારત હતી જ નહીં. પ્રાચીન કાળમાં હોય, ને પછી તૂટી ગઈ હોય એમ બને. પણ મા કાલીની પ્રતિમા એક દીવાલ-સરસી મૂકેલી હતી. બીજી કોઈ દીવાલો કે છાપરું નહીં. કાળા પાષાણની આખી પ્રતિમા પર કંકુના થર લાગી ગયેલા હતા. અનેક વર્ષોથી અનેક લોકો દ્વારા ત્યાં પૂજા થતી આવતી



જાનકીમંદિર - જનકપુર



નેપાળમાં જોવા મળતાં વિવિધ શૈલીનાં શિખરો

હશે તે સ્પષ્ટ હતું. ફૂલો પણ પગ પાસે પડેલાં ને મૂર્તિ પર ખોસાયેલાં. વળી, મૂર્તિના મોઢામાં ખાવાનું - ખાસ કરીને ભાત - ઠસાવેલું હતું. એટલું બેહૂદું લાગે. અન્યત્ર નેપાળમાં પણ આ પ્રથા જોઈ. પથ્થરનું મોઢું કાંઈ ખૂલે? ને છતાં પૂજા કરવા માટે આવનાર દરેક વ્યક્તિ એને કોળિયા ભરાવે, ભક્તોનો 'ભાવ' હોય, હા, એ બરાબર, પણ આ કારણે પથ્થરો ખવાઈ જતા, ને એમ કળાકૃતિને નુકસાન થતું, પણ મને જોવા મળેલું.

જગ્યા સારી જ હતી. આસપાસ ચાલવા જઈ શકાય તેમ હતું. કાલી માતા માટેનું પણ એક મંદિર હતું, પણ ને પહાડની ઉપર હતું. કાઠમંડુ પાછી જતી છેલ્લી બસનો સમય થવા આવ્યો હતો, તેથી મારાથી વધારે રોકાવાયું નહીં. વળી, સાંજ પડી જાય પછી તો આ સ્થળ નિર્જન થઈ જવાનું. બસે તો ઘણો સમય લીધો. બે-ત્રણ જગ્યાએ ઊભી પણ રહી ગઈ. કાઠમંડુની અંધારી ગલીઓમાં તો ચાલવું જ પડ્યું!

ચાલવાનો કંટાળો મને લાગતો જ નથી. નવા નવા રસ્તા, કે દિશા, જાતે શોધવાની મને બહુ મઝા પડે છે. જેમ કે નકશા પરથી મને ખ્યાલ આવી ગયો હતો કે રાષ્ટ્રિય સંગ્રહાલય ક્યાં છે, ને એ લત્તાનું નામ શું છે. હોટેલમાંથી શહેર તરફ જવાને બદલે પાછળ તરફ જવાનું હતું. વિષ્ણુમતીના કિનારા પર નકામું ઘાસ ઊગી ગયેલું હતું ને પુલ પરથી જોતાં પણ એ ભાગ ગંદો દેખાતો હતો. બધાં રહેવાસીઓ ત્યાં જ કચરો નાખતાં રહેતાં હશે. ગંદકી, ઘોંઘાટ ને હવામાંનું પ્રદૂષણ - કાઠમંડુ આ મુશ્કેલીઓ નિવારી નથી શક્યું. બલ્કે એ વધતી જતી જોવામાં આવે છે.

પુલની એ બાજુ બસંતપુરનો વિભાગ હતો. ત્યાં ખૂબ વાહનો ને પગે ચાલનારાંની કોઈને કાંઈ પડી નહોતી. આપણે જ તરીને ચાલવાનું. વળી, રસ્તો કાદવિયો અને લપસણો થયેલો હતો. એ બધું છેવટે પાછળ રહ્યું, ને સારો, ચોખ્ખો, શાંત જેવો નિવાસી વિસ્તાર આવ્યો. ત્યાં મોટા બંગલા હતા ને કેટલાક દૂતાવાસ. કાઠમંડુનો એ સારામાં સારો વિસ્તાર હશે, એ નક્કી, કારણ કે એ પછી 'છાવની'-એટલે કે 'કૅન્ટોનમેન્ટ'નો વિસ્તાર હતો. ખૂબ મોટા, લીલા કાપેલા ઘાસવાળાં, એકદમ સુઘડ રખાયેલા ચોગાનના દરવાજા પર લશ્કરી પોલીસનો પહેરો હતો. અંદર લશ્કરી કાર્યાલયો, રહેવાસો અને આર્મિ હૉસ્પિટલ હતાં, તે હું સમજી શકી.



સર્વત્ર દેવનો દૃષ્ટિપાત

કોરા ને ધૂળિયા રસ્તાની એક બાજુ જ્યારે સંગ્રહાલય આવ્યું ત્યારે એ બંધ નીકળ્યું. ચાલો! આખી દુનિયામાં કળાગારો સોમવારે બંધ હોય, ત્યારે નેપાળમાં મંગળવારે બંધ રાખવાનો નિયમ કરાયેલો હતો. તેથી ફરીથી ત્યાં જવાનો સમય કાઢવો પડ્યો. તિબેટથી પાછાં આવ્યા પછી ફરીથી યાદ કરીને હું ગઈ. ત્યાંના દરવાજે પણ લશ્કરી પોલીસની ચૉકી હતી. એવી રીતે તાકીને જુએ કે આપણને પોતાને જ જાસૂસ હોવાની શંકા થવા માંડે! કળાસંગ્રહ ખાતે પણ જાણે એકલી જતી સ્ત્રી શંકાસ્પદ લાગે. ક્યારેક હું હસી કાઢું, ક્યારેક મનમાં ચીડ ચડે, ને અપમાન થઈ બેસે ત્યારે ખૂબ દુઃખ થાય. કુદરત માટે, કળા માટે કોઈ એક જણને અગાધ સ્નેહ અને આકર્ષણ હોઈ શકે છે - તે સમજનારાં ભાગ્યે જ હોય છે. પણ એવું શા માટે?

નેપાળના રાષ્ટ્રિય કળાગૃહમાંનો સંગ્રહ સાચે જ અસાધારણ છે. પ્રાચીન કાળનાં, જોવા યે માંડ મળે તેવાં પાષાણ-શિલ્પ, ધાતુ-શિલ્પ, માટીની મૂર્તિઓ, અપ્રાપ્ય 'થાન્કા'ચિત્રો, તાંત્રિક-ચિત્રો, તથા કથા-ચિત્રો વગેરે. ઓહો, કેટલાં બધાં કળારત્નો ને કેટલાં સુંદર. અસ્ત્ર-શસ્ત્રો પણ મોટા પ્રમાણમાં છે. સદીઓથી નેપાળમાં રાજ-શાસન ચાલતું આવ્યું છે ને. બધી કળાકૃતિઓની ગોઠવણી સારી હતી, પણ પ્રકાશ ઓછો પડે, ને ક્યાંક ધૂળ ભેગી થયેલી લાગે. દરેક કક્ષમાં પ્રદર્શિત કળાનું ધ્યાન રાખવા, આગંતુકો પર નજર રાખવા કર્મચારીઓ મૂકેલા હતા, પણ એમાંના અમુક ઊંઘતા હોય, અમુક બેધ્યાન હોય. દરેકને મેં આળસની ને કંટાળેલી અવસ્થામાં, અને અતત્પર, નીરસ થઈને રહેલા જોયા. એમને નોકરી મળેલી હતી, પણ કદાચ નવરા બેસવાનું મળ્યું હોત તો એ લોકો ખુશ રહેતા હોત!

મેં મારો ઉત્સાહ ઓછો ના થવા દીધો. સંગ્રહાલયનાં બધાં મકાનોમાં ફરી, ને અવિલંબે સમગ્ર દુર્લભ, અતીવ-સુંદર કળાકૃતિઓને નીરખી, એમાંની ઘણી દેવ-દેવી-પ્રતિમાઓ હતી, ને તેથી આ સ્થાન પણ મંદિર-સમાન જ થયું ને? (ક્રમશઃ)

વિજ્ઞાન અને ૨૧મી સદી

ડૉ. જે. પી. ત્રિવેદી

આઈઝેક ન્યૂટન કહેતા હતા કે હું આગળનું જોઈ શકું છું, કારણ કે હું મહામાનવોના ખભા ઉપર ઊભો છું. આજના વિજ્ઞાન માટે પણ આ રીતે વૈજ્ઞાનિકોનાં સંશોધનો ઉપર નવાં સંશોધનો થતાં ગયાં. આ માટે આવાં સંશોધનોની વિકાસયાત્રા તપાસીએ.

આધુનિક વિજ્ઞાનની શરૂઆત યુરોપમાં નવજાગૃતિ કાળથી થઈ. પેટ્રાર્ક આ પુનર્જાગૃતિના પ્રણેતા ગણાય છે. લગભગ ૧૪મી સદીમાં (૧૩૨૫) આ વિજ્ઞાનનું નવજાગરણ શરૂ થયું. વિજ્ઞાનક્ષેત્રે આવી ક્રાંતિ રોજર બૅકન (૧૨૧૪-૧૨૯૪) દ્વારા શરૂ થઈ. મધ્યકાલીન તથા વર્તમાનકાળનો સેતુ લગભગ ઈ.સ. ૧૫૦૦-૧૯૫૦ વચ્ચેનો ગણાય છે.

પંદરમી સદીમાં યુરોપમાં જૂના સંશોધકોનાં કાર્યો જેવાં કે યુક્લિડની ભૂમિતિ (૩૩૦-૨૬૦ ઈ.સ.પૂર્વે), ટોલેમીનું ભૂગોળશાસ્ત્ર (ઈ. ૧૦૦-૧૭૦), ગેલનનું ઔષધશાસ્ત્ર (ઈ. ૧૨૯-૨૦૦) ફરીને તપાસાયાં તથા આ સંશોધનોની સમાલોચના કરાઈ. સ્વીસ પેરાસેલ્સસ (૧૪૯૩) આધુનિક ફાર્મસીનો પ્રણેતા ગણાય છે.

સોળમી સદીમાં માનવશરીરરચનાશાસ્ત્રનો પ્રમાણભૂત અહેવાલ બેલ્જિયમના ડૉ. એન્ડ્રે વેસાલિયસ દ્વારા ૧૫૪૩માં પુસ્તકરૂપે પ્રસિદ્ધ થયો. આ સમય દરમિયાન નિકૉલસ કૉપરનિક્સે (૧૫૪૩) પૃથ્વી તથા અન્ય ગ્રહો સૂર્ય ફરતે ભ્રમણ કરે છે તેવો સૌરકેન્દ્રીય સિદ્ધાંત રજૂ કર્યો. ૧૫૭૨માં ટાઈકો બ્રાહે નામના ડેનિસ ખગોળવિજ્ઞાનીએ અભિનવ તારા અવલોકીને સાબિત કર્યું કે અવકાશી પિંડોના ભ્રમણમાં ફેરફાર થતા રહે છે અને બધા ગ્રહોની ભ્રમણકક્ષા લંબવર્તુળાકાર હોય છે. બ્રાહેનાં અવલોકનો કૅપલરના નિયમ માટે પાયારૂપ બન્યાં.

સત્તરમી સદીમાં ઈટાલિયન ગણિતજ્ઞ તથા ભૌતિકવિજ્ઞાની ગેલેલિયો ગેલીલીએ નવા શોધાયેલા ટેલિસ્કોપ દ્વારા ચંદ્ર ઉપરના જ્વાળામુખી (ગર્ત) તેમજ સૂર્યકલંકો નોંધ્યાં. તેણે ગુરુના ઉપગ્રહો શોધ્યા તથા પાર્થિવ ગુરુત્વાકર્ષણ અંગે પ્રયોગો કર્યા. આ વર્ષે જ (૧૬૦૯) જોહાન્સ કૅપલર ગ્રહોની ગતિ અંગેના નિયમો રજૂ કરે છે. સ્કોટલૅન્ડના જ્હોન નૅપિઅર ખૂબ જ ઉપયોગી લઘુગુણક રજૂ કરે છે (૧૬૧૪). વિલિયમ હાર્વે નામે ઈંગ્લન્ડના ડૉક્ટર સૌ પ્રથમ (૧૬૨૮) રુધિરાભિસરણનું વર્ણન લખે છે. આ દરમિયાન (૧૬૭૪) ડચ લ્યુવેનહૉક સૂક્ષ્મ જીવાણુઓ, રાતા રક્તકણો, શુક્રાણુઓ વગેરેનું વર્ણન કરે છે. ૧૬૮૭માં આઈઝેક ન્યૂટન તેમના સુવિખ્યાત ગુરુત્વાકર્ષણ તથા ગતિના સિદ્ધાંતો અંગેના નિયમો રજૂ કરીને પાર્થિવ તેમજ અવકાશીય ગતિશાસ્ત્ર એકસૂત્રમાં બાંધે છે. પ્રકાશવિજ્ઞાનનો સિદ્ધાંત પણ તેમનું મહત્ત્વનું યોગદાન છે.

અઢારમી સદીમાં સ્વિડિશ વનસ્પતિશાસ્ત્રી કાર્લ લીનસ **'Systema Natural'** પુસ્તક દ્વારા (૧૭૩૫) જીવોનું વર્ગીકરણ કરે છે. તે પ્રત્યેક જીવને પાંચ વિભાગમાં – વનસ્પતિસૃષ્ટિ, પ્રાણીસૃષ્ટિ, ફૂગ, એકકોષિય નાભિ વિનાના જીવો તથા એકકોષિય નાભિવાળા જીવો મુજબ વહેંચે છે. આધુનિક માનવ આ વર્ગીકરણ મુજબ કરોડપૃષ્ઠવાળા, સસ્તની અંગુષ્ઠધારી, પ્રજાતિ હોમો તથા જાતિ સેપીઅન્સ એમ હોમોસેપીઅન્સ કહેવાય. બેન્જામિન ફ્રાન્કલિને (૧૭૫૨) સ્થૈત વિદ્યુત ઉપર પ્રયોગો કરી આકાશી વીજળીએ વિદ્યુતભાર જ છે તેમ પતંગના પ્રયોગો દ્વારા સાબિત કર્યું. જોસેફ પ્રિસ્ટલીએ (૧૭૭૪) પ્રયોગો દ્વારા ફ્લોજિસ્ટન વિહીન હવા શોધી, જેને ફ્રેન્ચ લેવાઈઝિયરે (૧૭૭૯)માં ઑક્સિજન નામ આપ્યું. ખગોળવિજ્ઞાની ફેડરિક હર્ષલ એક નવો જ ગ્રહ શોધી તેને યુરેસન નામ આપે છે. જેન્સ હટ્ટન નામના સ્કૉટિશ વિજ્ઞાનીએ **'Theory of Earth'** દ્વારા ભૂસ્તરશાસ્ત્રનો પાયો નાખ્યો. સદીના અંતમાં અંગ્રેજ ડૉક્ટર એડવર્ડ જેનર બળિયા સામે પ્રતિકારાત્મક રસી શોધીને (૧૭૯૮) રસીકરણપ્રથા અમલમાં લાવે છે.

ઓગણીસમી સદી વૈજ્ઞાનિક સંશોધનોમાં ખૂબ ફળદાયી રહી. વોલ્ટા વિજપ્રવાહ માટે બૅટરી શોધે છે (૧૮૦૦), જેને લીધે વિદ્યુત તથા ગુરુત્વાકર્ષણમાં સંશોધનો ઝડપી બન્યાં. જ્હોન ડાલ્ટન (૧૮૦૮) પદાર્થ અંગેનો પરમાણુ સિદ્ધાંત રજૂ કરે છે તથા સ્વિડિશ બર્ઝેલિયસ (૧૮૧૮) જાણીતાં તત્ત્વોના પરમાણુભારનું કોષ્ટક રજૂ કરે છે. ઑસ્ટેડ વિદ્યુત તથા ગુરુત્વાકર્ષણ વચ્ચે સંબંધ પ્રસ્થાપિત કરે છે (૧૮૨૦). અંગ્રેજ માઈકલ ફૅરડે (૧૮૩૧) વિદ્યુત ચુંબકીય પ્રેરણનું નિર્દેશન કરી તેના વિખ્યાત ફૅરડે-નિયમો રજૂ કરે છે. લૂઈ પાશ્ચર (૧૮૫૭) રોગો અંગેનો જીવાણુસિદ્ધાંત રજૂ કરે છે. હડકવાની તથા એન્થ્રેક્સની રસી શોધવા ઉપરાંત તેની પાશ્ચરીકરણ-પ્રક્રિયા આજે સર્વસ્વીકૃત છે. આ અરસામાં સ્પેક્ટ્રમિતિ શોધાઈ, જેના દ્વારા તારાઓમાં રહેલા રાસાયણિક ઘટકોનો અભ્યાસ થયો. ૧૮૫૯માં અંગ્રેજ કુદરતવિજ્ઞાની ચાર્લ્સ ડાર્વિન **'Origin of Species by Natural Selection'**માં પ્રાકૃતિક પસંદગી દ્વારા જાતિઓનો ઊગમ એ ઉક્ત પુસ્તક દ્વારા ક્રાંતિ સર્જે છે. સ્કોટિશ જેમ્સ ક્લાર્ક મૅક્સવેલ (૧૮૬૪) વિજચુંબકત્વ વર્ણવે છે તથા તેનાં વિખ્યાત સમીકરણો રજૂ કરે છે. જનીનશાસ્ત્રનો ઉદય ગ્રેગર મેન્ડલ નામના ઑસ્ટ્રિયન પાદરી દ્વારા (૧૮૬૫)માં વટાણા ઉપરના સંકરણ પ્રયોગો દ્વારા

થયો. આનુવંશિકતા અંગેના તેણે સૂચવેલા જનીનિક નિયમોની ૧૯૦૦ સુધી તો ખાસ નોંધ લેવાઈ નહોતી. રશિયન મેન્ડલીવે તત્ત્વોની આવર્તસારણી રજૂ કરી (૧૮૭૧), જેમાં તત્ત્વોને પંક્તિ તથા સ્તંભરૂપે રજૂ કર્યાં. આધુનિક રસાયણમાં આ સારણી મહત્ત્વની છે. રોન્ટજન ક્ષ-કિરણો (૧૮૯૫) શોધે છે તેમજ બીજા જ વર્ષે એન્ટાઈન હેન્રી બૅક્વેરલ દ્વારા યૂરેનિઅમ, થોરિઅમ તથા રેડિઅમનાં ખનીજોમાંથી નીકળતા α, β, γ કિરણો શોધે છે. સદીના અંતમાં (૧૮૯૮) ક્યૂરી દંપતી રેડિઅમ તત્ત્વ શોધી કાઢે છે અને વિકિરણ માત્રા માટે ક્યૂરી એકમ તેમના માનમાં સ્વીકૃત બન્યું છે.

વીસમી સદીએ તો વૈજ્ઞાનીક સંશોધનોમાં હનુમાન-કૂદકો લગાવ્યો છે. સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રે ક્વૉન્ટમ યાંત્રિકી અપનાવ્યું. આલ્બર્ટ આઈન્સ્ટાઈન ૧૯૦૫માં વિશિષ્ટ સાપેક્ષવાદ તથા ૧૯૧૬માં વ્યાપક સાપેક્ષવાદ રજૂ કરે છે. ઊર્જા તથા પદાર્થને સાંકળતું તેમનું સૂત્ર $E = mc^2$ તો ખૂબ મોટા ઝંઝાવાતો સર્જી રહ્યું છે. રૂથરફોર્ડ કેન્દ્રવાળો પરમાણુ રજૂ કરે છે તથા નીલ્સ બ્હોર આધુનિક પરમાણુરચનાની સમજૂતી આપે છે. ભૂભૌતિક વિજ્ઞાનનો પાયો ઑલ્ફ્રેડ વેગેનર ભૂતકતી સંચલન સિદ્ધાંત દ્વારા નાખે છે, જેની ત્યારે ખાસ નોંધ લેવાઈ નહોતી. એલેક્ઝાન્ડર ફ્રીડમેન વિસ્તરતા વિશ્વ અંગેનું મોડેલ રજૂ (૧૯૧૬) કરે છે.

શેપલી નામનો વિજ્ઞાની આપણા વિશાળ તારાવિશ્વ (આકાશગંગા)માં સૂર્ય એક સૂક્ષ્મ તારો છે તેવી રજૂઆત (૧૯૧૮) કરે છે. અમેરિકાના ખગોળશાસ્ત્રી એડવીન હબ્બલ (૧૯૨૯) આકાશગંગા ઉપરાંત અન્ય વિશ્વો શોધી કાઢે છે અને આવાં તારાવિશ્વો એકબીજાંથી દૂર થતાં જાય છે તેવી માન્યતા રજૂ કરે છે. શ્યામ-ગર્તની માન્યતાને તે પુષ્ટિ આપે છે. ખૂબ દૂરના અવકાશમાં મુખ્યત્વે હાઈડ્રોજન હોય છે તેવું રસેલ દર્શાવે છે. તથા કાર્લ જાન્સ્કી નામનો રેડિયો એન્જિનીઅર વૈશ્વિક પ્રભવમાંથી આવતા રેડિયો ઉત્સર્જન નોંધે છે. બીજા વિશ્વયુદ્ધે તો અનેક સંશોધનોની શૃંખલા ઉદ્દીપિત કરી તેમ કહી શકાય.

પ્રથમ ન્યૂક્લીઅર રિઍક્ટર ડિસેમ્બર ૨, ૧૯૪૨માં પ્રો. ફર્મી દ્વારા શિકાગો યુનિવર્સિટીમાં સ્થપાયું. આની ફળશ્રુતિ ૯ ઑગસ્ટ, ૧૯૪૫માં હિરોશીમા તથા નાગાસાકી ખાતે વિશ્વે જોઈ.

પ્રથમ અંકીય ગણકયંત્ર (**Digital Computer**) ૧૯૪૫માં વપરાયું અને આજના કમ્પ્યૂટર ચિપ્સના પુરોગામી ટ્રાન્સિસ્ટર ૧૯૪૮માં વ્યાપારિક ઉપયોગ માટે મુકાયાં. ૧૯૫૩નું વર્ષ વિશ્વ ઇતિહાસમાં એક સીમાચિહ્ન છે. વૉટસન તથા ક્રીક (વીલ્કીન્સ સાથે) ડી.એન.એ.નું દ્વિસર્પિલ બંધારણ રજૂ કર્યું અને જનીનવિજ્ઞાનમાં આ સીમાસ્તંભ શોધ ગણાય છે. આ દરમિયાન અવકાશમાં કૃત્રિમ ઉપગ્રહો સ્પુટનિક ૧ તથા ૨ મુકાયા (૧૮૫૭). સૌપ્રથમ વાયુવિસર્જન લેસર ૧૯૬૦માં બનાવાયું. આ વર્ષે જ ભૂતકતી સંચલનનો વેગેનરનો સિદ્ધાંત સ્વીકારાયો. ચંદ્ર ઉપર ૨૦ જુલાઈ, ૧૯૬૯માં નીલ આર્મસ્ટ્રોન્ગે પ્રથમ પગ મૂક્યો. ૧૯૭૭માં વોયેજર અવકાશયાનો ૧ તથા ૨ છોડાયાં, જેમના દ્વારા ૧૯૯૦ સુધીમાં ગુરુ, શનિ, યુરેનસ તથા નૅપ્ચૂનનાં અદ્ભુત દૃશ્યો પૃથ્વી ઉપર પહોંચ્યાં.

૧૯૯૦માં હબ્બલ ટેલિસ્કોપ કક્ષામાં મુકાયો જે આંતરતારા વિશ્વોનાં દૃશ્યો મોકલે છે. આ ટેલિસ્કોપ દ્વારા ખગોળશાસ્ત્રીઓ પૃથ્વીથી ૧૧ અબજ પ્રકાશવર્ષ દૂર રહેલ તારાવિશ્વ જોઈ શકે છે.

વીસમી સદીના છેલ્લા દસકામાં તો અનેક અદ્ભુત સંશોધનો થયાં છે. રસાયણવિજ્ઞાનમાં સાંશ્લેષિક કાર્બનિક રસાયણ માટે પ્રો. કોરીની સિદ્ધિ અભૂતપૂર્વ છે. આને **Retro-synthetic analysis** કહે છે તથા તેને માટે **LHASA** નામનો કમ્પ્યૂટર પ્રોગ્રામ પણ પ્રાપ્ય છે. કૉઑર્ડિનેશન તેમજ કાર્બધાત્વિય ક્ષેત્રે અનેક સંશોધનો થયાં છે. કાર્બનનું નવું સ્વરૂપ C_{60} તથા C_{70} ફૂલેરીન તરીકે શોધાયું છે. નવાં ૧૧૯ સુધી તત્ત્વો શોધાયાં છે, જેને ભવિષ્યમાં **Superheavy atoms** તરીકે વર્ગીકૃત કરવા પડશે. વિદ્યુતવાહક પ્લાસ્ટિક શોધાયું તેમજ પાણીના શુદ્ધીકરણ માટેની **Reverso osmosis** તથા **Electrodialysis** તકનિક શોધાઈ જેના દ્વારા સાઉદી અરેબિયા લાખો ટન શુદ્ધ પાણી દરિયાનાં પાણીમાંથી બનાવે છે.

ભૌતિકવિજ્ઞાનમાં ન્યૂક્લીઅર વિખંડન તથા સંલયન ઉપરાંત પ્લાઝમા વિજ્ઞાન વિકસી રહ્યું છે. રેડિયો ડેટિંગ માટે C_{14} ઉપરાંત હવે K_{40} વપરાવા લાગ્યું છે, જેના દ્વારા ઍપોલોયાન મારફતે પૃથ્વી ઉપર લવાયેલા ચન્દ્રના ખડકોનું આયુષ્ય ૪૦ લાખ વર્ષ અંકાયું છે. મૅગ્નેટિક મોનોપોલ્સ અંગે સંશોધન ઝડપી બન્યું છે, સુપર કંડક્ટર વિશે વધુ માહિતી મળી, તેમજ સેમિકન્ડક્ટર માટે ક્વૉન્ટમ તાર વપરાશમાં આવ્યા છે. પરમાણુના નાભિમાંના સૂક્ષ્મકણો અનેક પ્રકારના મળ્યા છે. આ ઉપરાંત ન્યૂટ્રિનો, પ્રતિદ્રવ્ય, મ્યુ તથા ટાઉ લેપ્ટોન્સ, મેસોન્સ વગેરે અંગે વિશિષ્ટ માહિતી મળતી રહી છે. પ્રવેગકો જેવાં કે **CERN, FERMILAB, SLAC** જેવાં વિકસાવાયાં છે. ઊર્જા ટૅક્નિક માટે **LIMPETS** તથા **CAVETS** જેવાં પાવર મૉડ્યૂલેટરો વપરાવા લાગ્યાં છે. ઈંધનકોષોનો ઉપભોગ શરૂ થયો છે અને જેમીની તથા ઍપોલો યાન માટે તે વાપરવામાં આવ્યાં છે. અત્યારે ક્વૉન્ટમગ્રેવિટી અથવા સુપરસ્ટ્રિંગ્સ ઉપર સંશોધન સઘન બન્યું છે. **Unification** સિદ્ધાંત તથા **Chaos Theory** અંગે પણ સંશોધન ચાલી રહ્યું છે.

જીવવિજ્ઞાન અંગે આપણે સમજીએ તે પહેલાં આધુનિક વિજ્ઞાનના ઉપયોગ દ્વારા સર્જાતી વિનાશકતા પણ ધ્યાનમાં લેવી જરૂરી છે.

ન્યૂક્લિઅર શસ્ત્રોની વિનાશકતા તો આપણે ૯મી ઑગસ્ટ, ૧૯૪૫માં હીરોશિમા દ્વારા જાણી. માત્ર એક મેગાટનનો પરમાણુબૉમ્બ થોડીક જ સેકંડોમાં ૮૦૦ ચો.કિ.મી.માં વિનાશ સર્જી ૩ થી ૬ માસ સુધી ૨૫૦૦ ચો.કિ.મી. સુધી વિકિરણો ફેલાવતો રહે છે. પરિણામે ૯૦ ટકા મૃત્યુ થાય છે. હીરોશિમા ઉપર ફેંકાયેલા અણુબૉમ્બની ક્ષમતા ૨૦,૦૦૦ ટન ટી.એન.ટી.ની હતી. જ્યારે ૧૯૫૨માં વિકસાવાલેય હાઈડ્રોજન બૉમ્બની ક્ષમતા ૫૦ લાખ ટી.એન.ટી. જેટલી જણાઈ છે. ૧૯૮૬ના એપ્રિલમાં રશિયામાં યુક્રેનના ચેર્નોબિલ ખાતેના અકસ્માતથી જ ૪૦,૦૦૦ મૃત્યુ તેમજ ૬,૦૦૦ તેની આડઅસરોથી પિડાતા મૃત્યુ પામ્યા હતા.

રાસાયણિક શસ્ત્રોમાં પારંપારિક Cl_2 વાયુ ઉપરાંત ફોસ્જિન ખૂબ ઘાતક છે. ૧૯૮૪માં ભોપાલ ખાતેની ઘટના ફોસ્જિનને કારણે થઈ હતી જેમાં ૨,૦૦૦ મૃત્યુ નોંધાયાં છે.

જીવાણુશસ્ત્રોમાં પારંપારિક એન્થ્રેક્સ, પ્લેગ, બળિયા, Q-ફીવર, ટુલેરેમિયાનાં જંતુઓ ખૂબ ઘાતક છે. ઉપરાંત બોટ્યુલીનમ, રીસીન, સાક્સીટૉક્ષિન જેવાં જૈવિક શસ્ત્ર પણ છે. એક્લાટૉક્સિન નામનું જૈવશાસ્ત્ર વિકાસમાં છે અને સંભવતઃ ઈરાક આ અંગે પ્રયોગો કરી રહ્યું છે.

વિજ્ઞાનના ઉપયોગ દરમિયાન તેની અન્ય આડ અસરોમાં ઓઝોન સ્તરમાં પડેલું ગાબડું જે મુખ્યત્વે ક્લોરોફ્લોરોકાર્બન (આપણા રેફ્રિજરેટરમાં હોય છે તે) ઉપરાંત નાઈટ્રસ ઑક્સાઈડ જવાબદાર છે. ખનીજ બળતણોના ઉપયોગથી પૃથ્વીના વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધતાં તાપમાન વધતું જાય છે, જેને ગ્રીનહાઉસ અસર કહે છે. યુરોપમાં ઍસિડ-વર્ષા સામાન્ય બની ગઈ છે, જેથી હવે **ecofriendly** પર્યાવરણને અનુકૂળ રસાયણ **Green Chemistry** અમલમાં આવ્યું છે.

હવે જીવવિજ્ઞાનની પ્રગતિ વિશે માહિતી મેળવીએ. ૧૯૮૮માં માનવ સંજનીન પરિયોજના અમેરિકા તથા બ્રિટનના સહકારથી શરૂ થઈ, જેનું અંદાજિત બજેટ ૧.૫ બિલ્યન ડૉલર હતું અને ૨૦૦૫ સુધીમાં પૂરી થવાની ધારણા હતી. પ્રત્યેક માનવની જનીનીય માહિતીને સંજનીન અથવા જિનોમ કહે છે. આ યોજના ખૂબ ધીમી ચાલી, જેથી સેલોરા જેનોમિક્સ નામની કંપનીના ક્રેઈગવેન્ટર દ્વારા શોધાયેલી **Shotgun Method**નો ઉપયોગ કરી જનીન-ક્રમાંક સંશોધન પરિયોજના મુજબ સંજનીનનો રફ ડ્રાફ્ટ ૧૬ જૂન ૨૦૦૦માં જાહેર થયો તથા ફેબ્રુઆરી ૨૦૦૧માં સંપૂર્ણ જનીનીય ક્રમાંક પૂર્ણ થયેલો જાહેર થયો છે. માનવ સંજનીનમાં ૩ બિલ્યન ડી.એન.એ.નાં બેઈઝયુગ્મો હોય છે.

આમજનતાને જનીનો અંગેનો પ્રથમ રસ તો ૧૯૯૩માં સ્ટીવન્સ સ્પીલબર્ગના જુરાસિક પાર્ક નામના ચલચિત્ર દ્વારા જાગ્રત થયો. ૧૯૯૬ની ૫ જુલાઈએ સ્કૉટલૅન્ડના પ્રો. વિલ્મૂટે તો ઘેટીનો સમજનીનીક ક્લોન તૈયાર કર્યો તેને ડૉલી નામ અપાયું છે. ૧૯૯૮માં ૮ ક્લોન (સમજનીનીક) વાછરડાં, ન્યૂઝીલૅન્ડમાં એક અલભ્ય ગાયનો સમજનીનીક તથા ૫ માર્ચ ૨૦૦૦ના રોજ માનવજનીનીય ધરાવતા ૫ ભૂંડબાળ સર્જાવાયાં. ચીનમાં લુપ્ત થતી જતી પાંડાની જાતિ માટે સમજનીનીક મેળવવાના પ્રયત્નો ચાલી રહ્યા છે.

આમ, ૨૧મી સદી એ જનીનશાસ્ત્રની સદી છે એવું નિશંક માનવામાં આવે છે. આ અંગે અખબારો, મૅગેઝીનો વગેરેમાં જનીન, જનીનીય સંકેતો ડી.એન.એ./આર.એન.એ., જિનેટિક એન્જિનીઅરિંગ, ડી.એન.એ. ફિંગરપ્રિન્ટિંગ, ટ્રાન્સજેનિક છોડ તથા પશુઓ, જનીનીય ઔષધો, જનીનચિકિત્સા કૃત્રિમ જનીનીય અવયવોનું પ્રત્યારોપણ વગેરે વિશે આપણે સાંભળીએ છીએ. બહુ જ સંક્ષેપમાં આ વિશે અહીં લખવું ઉચિત ગણાશે.

માનવશરીરમાં આશરે દસ લાખ અબજ કોષો છે. પ્રત્યેક કોષમાં નાભિકેન્દ્ર હોય છે, જેમાં ૨૩ રંગસૂત્રોના બે સંપૂર્ણ સેટ હોય છે. આ બંને રંગસૂત્રો (અપવાદ : શુક્રાણુ તથા અંડકોષ એક સેટ ધરાવે છે)માં ડી.એન.એ. હોય છે. (અપવાદ : રાતા રક્તકોષ) પ્રત્યેક સેટમાં લગભગ ૩૦,૦૦૦ થી ૮૦,૦૦૦ જનીનો આ ૨૩ રંગસૂત્રોમાં હોય છે. જનીનો ડી.એન.એ.નાં બેઈઝયુગ્મોનાં બનેલાં છે. અને સંજનીન (જિનોમ)માં 3×10^9 (૩ બિલ્યન) ડી.એન.એ. બેઈઝયુગ્મો હોય છે. એક કોષમાં ડી.એન.એ. તંતુ લંબાવતાં તે ૫ ફીટ થાય છે અને એક રંગસૂત્રને એવરેસ્ટની ઊંચાઈ ગણીએ તો એક જનીન કીડી જેવો ગણી શકાય. જનીનો **A, T, G, C** (એડેવીન, થાઈમીન, ગ્વાનીન, સાઈટોસીન) ન્યૂક્લીઓટાઈડનાં બનેલાં છે. આ **ATGC** ચોક્કસ રીતે જ એકબીજાં સાથે જોડાયાં હોય છે. દા.ત. **A** માત્ર **T** સાથે તથા **G** માત્ર **C** સાથે જ જોડાશે. જનીનો **ATGC**ના ત્રિક (કોડોન)માં ગોઠવાયાં છે. દા.ત. **AUG** તથા **UGA** (આર.એન.એ.માં **T**ને બદલે **U** યુરેસિલ હોય છે.) જનીનોમાં કોડોનની ખોટી કે ખામીભરી ગોઠવણીને **mutation** ઉત્પરિવર્તન કહે છે. તેનાથી કોડોનની સંકેતભાષા બદલાઈ જાય છે અને એકને બદલે બીજા પ્રોટિનના સંશ્લેષણના સંકેતો મળે છે. ઉત્પરિવર્તન આનુવંશિક હોય છે. કુલ ૬૪ કોડોન બને છે. આમ, કોડોન એમિનોઍસિડ બનાવવાની સાંકેતિક ભાષા છે.

સરળતા ખાતર આ બધું એક ઉદાહરણ દ્વારા સમજવા પ્રયત્ન કરીએ. ધારી લો કે સંજનીન એક પુસ્તક છે. પુસ્તકમાં ૨૩ પ્રકરણો છે જેને રંગસૂત્રો કહે છે. પ્રત્યેક પ્રકરણમાં હજારો વાર્તાઓ છે જેને જનીન કહે છે. પ્રત્યેક વાર્તા ફકરાઓની બનેલી છે જેને એક્ઝોન કહે છે. આ ફકરાની વચ્ચેવચ્ચે જાહેરખબરો હોય છે જેને ઈન્ટ્રોન્સ કહે છે. પ્રત્યેક ફકરો શબ્દોનો બનેલો

છે જેને ત્રિક અથવા કોડોન કહે છે. પ્રત્યેક શબ્દ મૂળાક્ષરોનો બનેલો છે, જેને બેઈઝ કહે છે. આ પુસ્તકમાં 3×10^9 (૩ બિલ્યન) ડી.એન.એ. બેઈઝયુગ્મો હોય છે. પુસ્તકના પ્રત્યેક પાનામાં ૩૦૦૦ અક્ષરો ધારીએ તો માનવસંજનીન પુસ્તકમાં ૯૦ લાખ પાનાં થાય! કલાકનાં ૫૦ પાનાં વાંચીએ તો ૨૦,૦૦૦ કલાક અથવા પ્રતિદિન આઠ કલાક, પાંચ દિવસનું અઠવાડિયું, ૫૦ અઠવાડિયાં પ્રતિવર્ષ અથવા આશરે ૧૦ વર્ષ આ પુસ્તક વાંચી રહેતાં થાય. તમારા કમ્પ્યૂટર ઉપર આ આખા ક્રમને ડાઉનલોડ કરશો તો તે ૩ ગિગાબાઈટ થશે.

એકવીસમી સદીમાં ૧૯૫૬માં શોધાયેલા સ્રોતકોષનું સંશોધન ખૂબ જ ક્રાન્તિકારી નીવડે તેમ છે. શરૂઆતમાં અસ્થિ-મજ્જામાંથી મેળવાયેલા અને હવે ભ્રૂણકોષોમાંથી મેળવાતાં સ્રોતકોષો વિકાસનું પ્રારંભિક પગથિયું છે. તથા તેમાંથી ભિન્ન ભિન્ન વધારાના કોષો વિકસી હાથ, પગ, હૃદય, મગજ વગેરે અવયવો વિકસે છે. આથી શરીરના કેટલાક ભાગનું સમારકામ સહેલાઈથી થઈ શકશે. દા.ત. મગજની સુધારણા થઈ શકે જે આલ્ઝાઈમર કે પાર્કિન્સન રોગથી પીડાતું હોય, આંખના રોગોમાં તેનું પારદર્શક પટલ મેળવી શકાશે, સ્નાયુપેશીઓ, અસ્થિપેશીઓ, હૃદયપટલ તથા હૃદયપેશીઓ, યકૃત, દાઝેલા માટે નવી ત્વચા વગેરે આ સ્રોતકોષોમાંથી મેળવી દર્દીમાં નવું પ્રત્યારોપણ કરી શકાશે. જનીનોની ગોઠવણીમાં આકસ્મિક ફેરફારને કારણે જે આનુવંશિક ખામીઓ વારસામાં ઊતરી આવે છે તેને દૂર કરવા માટે જનીન-શાસ્ત્રે હવે કૃત્રિમ રીતે નવી રીત શોધી છે. આમ, સિકલસેલ, એનિમિઆ, થેલેસેમિયા, મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, સિસ્ટીક ફાઈબ્રોસીસ, હિમોફોલિયા વગેરેના ઉપચાર માટે જનીનમાં ફેરફાર કરવાના ઉપાયો શોધી કાઢ્યા છે. આ માટે જનીનો અંગેની બાયોટેક્નોલૉજી વિકસાવી છે અને તે માટે ઇરિથ્રોપોઈટીન, ફેક્ટર VIII, ઈન્સ્યુલિટી, ઈન્ટરફેરોન, સોમેટોટ્રોપિન, ટીસ્યુપ્લાઝમીનોજન ઍક્ટિવેટર બનાવ્યાં છે.

જનીનશાસ્ત્રે અપરાધ વિજ્ઞાનમાં ખૂબ ક્રાંતિ સર્જી છે. શંકા ધરાવતા અપરાધીને પારખવા માટે તેના થોડાક જ કોષોની આવશ્યકતા રહે છે. આ માટે ઘટનાસ્થળેથી ગુનેગારનો વાળ, ચામડી, લોહી, વીર્ય કે થૂંક મળી આવે તો તેને પૉલિમેરિક ચેઈન રિઍક્શન નામની વિધિ દ્વારા નમૂનાના કોષમાંના ડી.એન.એ. બહુગુણિત કરી જેલ ઈલેક્ટ્રોફોરેસીસ વિધિ દ્વારા મળતી પ્રિન્ટને શંકાસ્પદ અપરાધીના ડી.એન.એ. સાથે સરખાવવામાં આવે છે. આને ડી.એન.એ. ફિંગરપ્રિન્ટિંગ કહે છે, જે સચોટ સાબિતી છે. આ ઉપરાંત પિતૃત્વ નક્કી કરવા માટે બાળકના ડી.એન.એ. તેનાં માતા-પિતાના ડી.એન.એ. સાથે ઉપર દર્શાવેલ રીત મુજબ સરખાવીને પિતૃત્વ કે માતૃત્વ નક્કી કરી શકાય છે. ખૂબ જૂનાં હાડપિંજરો કોનાં હશે તે નક્કી કરવું શક્ય બન્યું છે અને બોલ્શેવિક ક્રાંતિમાં મારી નંખાયેલા ઝાર નિકૉલર દ્વિતીય, તેની પત્ની તથા બાળકીઓના ૧૯૯૦માં મળેલા અવશેષો ઉપરથી તે હાડપિંજરો ઝાર, ઝરીનાનાં જ હતાં તે સાબિત થઈ ચૂક્યું છે. આદિ માતાની શોધ માટે પણ જનીન-શાસ્ત્ર મદદે આવ્યું છે. માત્ર માતા તરફથી જ વારસામાં મળતા કણાભસૂત્રોમાંના જનીનો દ્વારા એવા નિર્દેશ મળે છે કે માનવજાતિની આદિ માતા (જેને ઈવ કે લ્યૂકા કહે છે) ટાન્ઝાનિયામાં આવેલ એલ્ડૂવાઈ ખીણોમાં ઉદ્ભવી હતી. (વિકસી હતી) અનેક પ્રકારના પાક માટે તેમજ ટ્રાન્સજેનિક પશુઓ માટે જનીનશાસ્ત્રે ખૂબ પ્રગતિ સાધી છે અને આ માટે કમ્પ્યૂટર પર વેબસાઈટ પણ મુકાયેલ છે.

માનવક્લોનિંગ માટે ભિન્ન મતો છે, જે તેની વિરુદ્ધમાં કે તરફેણમાં દલીલો કરે છે. માનવક્લોનિંગ સરમુખત્યાર દ્વારા ગુલામો બનાવવા, ડૉક્ટરો તેમને રોગિષ્ઠ માનવીનાં અવયવોનું આરોપણ કરવા, હીટલર, ચંગીઝખાન જેવા દાનવો મેળવવા ઉપયોગ કરી શકે તેવી સંભાવના રહે છે. પરંતુ વંધ્ય દંપતીને સંતતિ મળે, જનીનીય ખોડવાળાં બાળક થવા સામે રક્ષણ મળે, જનીનિક રોગના પ્રતિકાર માટે તથા તે ઉપરાંત તમારો જ ડુપ્લિકેટ માનવ બનાવી હૃદય પ્રત્યારોપણ વગેરે ઉપયોગો પણ સંભવિત છે. ભવિષ્યમાં વિવેકાનંદ, આઈન્સ્ટાઈન કે મધર ટેરેસાના ક્લોન પણ મેળવી શકાશે.

હવે તો રંગીન રૂ આપતાં કપાસનાં છોડ તેમજ રંગીન ઊન આપતાં ઘેટાં પણ જનીનશાસ્ત્રની મદદથી મેળવાયાં છે. આમ, આ સદીમાં આ વિજ્ઞાનનો વિકાસ માત્ર અભૂતપૂર્વ જ નહિ, પણ અશ્રુતપૂર્વ રીતે નિશ્ચિતપણે થશે એ નક્કી છે. ❒

('કુમાર'ના અમૃતપર્વ નિમિત્તે તા. ૨૭-૧૦-૦૨ના રોજ યોજેલ વ્યાખ્યાનમાળામાં અપાયેલું વ્યાખ્યાન)

અનુસંધાન] પસ્તીનાં પાનાં [પૃ. ૧૭ થી

સાહિત્ય કૂંડાળામાં એની ચર્ચા સરખી નથી. પણ આ ટીકા સાવ સાચી નથી - ભોળાભાઈ આગળ લખે છે : 'પછી નવાં બહાર પડેલાં પુસ્તકો ફંફોળતાં ઉત્પલ ભાયાણીનું નાટ્ય સમીક્ષાનું પુસ્તક 'રંગ-ભૂમિ' હાથમાં આવ્યું. તે પુસ્તકમાં, અંગ્રેજીમાં ભજવાયેલાં નાટકો વિશે વાંચતાં પૃ. ૫૩ ઉપર મુંબઈના પૃથ્વી થીએટર્સના નાટ્યમહોત્સવમાં ભજવાયેલ 'ધી ટાયગર સ્ટોરી'ના લેખ પર નજર પડી અને મારી નજર ચમકી - બીજા પેરામાં દરિયો ફોનું નામ વાંચીને. લેખમાં લખ્યું છે : 'મહોત્સવનો છેલ્લો નાટ્ય પ્રયોગ ઈટાલીના મહત્ત્વના નાટ્યલેખક દારિયો ફોના 'ધી ટાઈગર સ્ટોરી'નો હતો.' ભોળાભાઈ આગળ લખે છે : 'ઓહ, તો ઑક્ટોબરની ૧૧મીએ નૉબલ ઈનામની જાહેરાત થઈ તે પહેલાં ગુજરાતીમાં કોઈએ આ નૉબલ વિજેતા નાટ્યકારનું નામ લીધું છે, એટલું જ નહિ પણ એનું નાટક જોઈ એ નાટક વિશે લખ્યું પણ છે. વિશ્વનાટ્ય પ્રવૃત્તિ વિશે આવી સજ્જતા માટે ઉત્પલ ભાયાણીને અભિનન્દન!' (ક્રમશઃ)

અંગ્રેજી સાહિત્યનું આચમન

— ડૉ. મધુસૂદન પારેખ —

ટૉમસ કાર્લાઈલ

કાર્લાઈલનું 'સાર્ટર રિઝાર્ટસ' ધારાવાહિક રૂપે ઈ. ૧૮૩૩થી ફ્રેઝરના સામયિકમાં પ્રસિદ્ધ થવા માંડ્યું હતું. એ પુસ્તકરૂપે પ્રકાશિત થાય તે દરમિયાન તો એ એના 'ફ્રેન્ચ રેવોલ્યુશન' પુસ્તકથી પ્રતિષ્ઠિત થઈ ચૂક્યો હતો. એ ખ્યાતનામ પુસ્તક ઈ.સ ૧૮૩૭માં પ્રસિદ્ધ થયું હતું.

કાર્લાઈલનું એ ફ્રાન્સની ક્રાંતિ વિશેનું પુસ્તક એની તેજસ્વી પ્રતિભાની પ્રસાદીરૂપ છે. કાર્લાઈલે કોઈ મોટા વિધાન તરીકે કે ઇતિહાસકાર લેખે એ પુસ્તક લખ્યું નહોતું. કાર્લાઈલ એમાં એક નીતિચુસ્ત સુધારક તરીકે પ્રવર્ત્યો છે. એ પુસ્તકમાં ફ્રાંસની સમગ્ર ક્રાંતિની ઘટનાઓ પર એની દૃષ્ટિ ફરી વળી છે. અને એ એમાંથી તારણ કાઢે છે કે ફ્રાંસની ક્રાંતિ, જેનો આત્મા ખતમ થઈ ગયો છે એવા સમાજનું પ્રતિનિધાન કરે છે. એમાં દંભી અને અજુગતાં મૂલ્યોને જડતાથી વળગી રહેનારાં વિશ્રામ સંસ્થાનો ખડી પડ્યાં છે. આ વિનાશમાંથી જીવનનો કોઈ નરવો-ગરવો સિદ્ધાંત પ્રકટ થતો નથી. અન્યાયના ઉન્મૂલન પછી ય ન્યાયની કોઈ ભાવના ઉદ્‌ભવી નથી.

કાર્લાઈલ નીતિના પ્રખર પુરસ્કર્તા તરીકે, ઇતિહાસના ભાષ્યકાર તરીકે અને માનવનું તર્કશાસ્ત્ર વિવિધ વ્યવહારોમાં કેવું પ્રતીત થાય છે તેનો ઘટસ્ફોટ કરનાર લેખક છે. એનું સચોટ નિરીક્ષણ એ છે કે જ્યારે શાસક-સરકાર માત્ર પરંપરા અને જડ પ્રણાલિકાઓના જાળામાં ફસાઈને બંધિયાર-ક્ષીણ બની જાય છે, જ્યારે એનાં રાજકીય, ધાર્મિક અને સામાજિક જીવનને સડો લાગે છે, માત્ર શોભાના ઠઠારામાં જ રાચે છે, એ દૃષ્ટિ શૂન્ય બની જાય છે, અને માત્ર પડછાયાને જ પકડી રાખે છે ત્યારે દિવ્ય ન્યાયે પ્રવર્તે છે અને શાસક વર્ગનો વિનિપાત થઈ જાય છે. પણ એ વિનિપાત પછી સરકાર જે પુનઃ અપિ કેવી રીતે સ્થિર, કાર્યદક્ષ અને ખમીરવંતી બની શકે તેનો આધાર દેશના નવા નેતાઓ તખ્તા પર કેવી રીતે કામગીરી બજાવે છે તેના ઉપર છે. ઇતિહાસ એ કોઈ કાર્ય-કારણને જોડતી સાંકળ નથી. માણસો જાતે પોતાના ભાગ્યવિધાતા હોય છે.

કાર્લાઈલ ફ્રાંસની ક્રાંતિના સમયના અગ્રણી ક્રાંતિકારોથી અભિભૂત થઈને તેમનાં આંતરિક સૂઝ અને કલ્પનાથી અસરકારક ચિત્રો આલેખે છે અને જો કે ભવિષ્યનાં વિધાનો તેનાં તારણો-નિરીક્ષણોને અયોગ્ય ઠરાવે છતાં એ ચિત્રમય ઘટનાઓનો - મહાનાયકોનો સમર્થ સ્પર્શ વાચકોને થયા વિના રહેતો નથી. કાર્લાઈલનું મંતવ્ય એવું છે કે ફ્રાંસની ક્રાંતિ એટલા માટે નિષ્ફળ નીવડી કે ફ્રાંસનો નાગરિક એમાં સક્રિય બન્યો નહિ, યોગ્ય નેતાગીરીનો તેને અભાવ નડ્યો. ટૂંકમાં, મહાનાયકોના શૂન્યાવકાશને લીધે ક્રાંતિ નિષ્ફળ ગઈ.

પણ 'ફ્રેન્ચ રેવોલ્યુશન'નો મુખ્ય રસ એમાં પ્રસ્તુત થયેલા નૈતિક કે માનસશાસ્ત્રોના વિચારોને કારણે નથી. પણ કાર્લાઈલ એના વાચકોને તેજસ્વી શૈલીમાં પોતાની જે ભાવનાઓ છે, પોતાની જે દૃઢ પ્રતીતિ છે તેનું પ્રત્યાયન કરી શક્યો છે, તે રસનું મુખ્ય કારણ છે. એની કથનકળા પર તેનો પ્રશસ્ય કાબૂ છે. ચિત્રાત્મક વર્ણનો, ઊડીને આંખે વળગે તેવાં અર્થસભર રૂપકો, વાચકોને ઉદ્‌બોધન રૂપે વિનોદ-કટાક્ષયુક્ત વિધાનો, નાટ્યત્મકતા આ સર્વ 'ફ્રેંચ રેવલ્યુશન'ને વાચનક્ષમ-રોચક બનાવે છે.

કાર્લાઈલ એના 'સાર્ટર રિઝાર્ટસ'માં જે ફિલસૂફી દર્શાવી હતી તે જ એના આ પુસ્તકમાં વધુ વિગતે અને સામર્થ્યપૂર્વક રજૂ થઈ છે.

કાર્લાઈલનો ઇતિહાસરસ મુખ્યત્વે ભૂતકાળની ઉત્તમ પ્રણાલિઓ શોધવાનો અને યુગપ્રવર્તક અધિનાયકોના જીવન-કાર્યને બિરદાવવામાં છે. ભૂતકાળનાં અનુચિત દૃષ્ટાંતોનું પુનરાવર્તન ન થાય, એ જ જૂના ઢાંચામાં સરકાર, સમાજ અને એમની નીતિ અટવાઈ ન પડે તેની તેને ભારે ચિંતા છે. એણે 'હીરોઝ, હીરો-વર્શિપ ઍન્ડ ધ હીરૉઈક ઈન હિસ્ટરી' વિશે છ વ્યાખ્યાનો આપ્યાં (૧૮૪૧). તેમાં તેણે 'સાર્ટર રિઝાર્ટસ'નું જ તત્ત્વજ્ઞાન અથવા તો દર્શન રજૂ કર્યું છે. એમાં તેણે સમજાવ્યું છે કે સામાજિકોની સમર્થ હિતકારક પ્રવૃત્તિ દ્વારા જ પરાક્રમ પ્રકટે છે અને પ્રજાનો અધિનાયક, ભલે એ રાજા હોય કે પયગંબર, કવિ હોય કે દાર્શનિક, એ હંમેશા જૂની, સડી ગયેલી, ક્ષીણ વ્યવસ્થાઓ માટે પડકારરૂપ છે. જૂનાં અનિષ્ટ તત્ત્વોને સુધારવામાં તેનું દૈવત પ્રકાશે છે.

કાર્લાઈલે હંમેશાં એના નિબંધોમાં કે પુસ્તકોમાં કે વ્યાખ્યાનોમાં શ્રમકાર્ય અને વ્યક્તિપૂજાનો મહિમા દર્શાવ્યો છે. વિક્ટોરિયન યુગની ઉદારમતવાદી વિચારધારા ને તેણે જીવન-ભર પડકારી છે. લોકશાહીમાં વિસ્તૃત મતાધિકારમાં, ભૌતિકવાદ અથવા તો ઉપયોગિતાવાદની ફિલસૂફીમાં, આર્થિક નીતિમાં

વ્યક્તિસ્વાતંત્ર્યની સ્વીકૃતિમાં તેનો ભારે અવિશ્વાસ પ્રકટ થતો રહ્યો છે. નિબંધકાર બૅકનનું સૂત્ર 'માનવજાત માટે આરામ-રાહત' જેને મૅકૉલેએ વધાવી લીધું હતું, તેના પ્રત્યે તેને નફરત છે. એનો વિશ્વાસ દિન-પ્રતિદિન લોકોત્તર નેતા પ્રતિ વધતો જાય છે. એ જ જૂનાં જાળાં તોડીને સમાજનું નવનિર્માણ કરી શકે તેવી તેની દૃઢ શ્રદ્ધા છે. વાચકોને પોતાની આ ફિલસૂફી ખોંખારી-ખંખારીને વાચકોનાં મનને પજવીને-પરેશાન કરીને, તેમના પર કટાક્ષનાં નિશાન તાકીને તે રજૂ કરે છે.

કાર્લાઈલને કોઈ અગમ્ય દૈવીતત્ત્વ, જગતભરની પ્રવૃત્તિઓમાં અનુસ્યુત દેખાય છે અને લોકનાયકમાં તે અંતઃસ્ફુરણા દ્વારા પ્રતીત થાય છે. ઈતિહાસ એ બીજું કશું નથી, માત્ર લોકનાયકોની પ્રજાકલ્યાણની દેશોદ્ધારની પ્રવૃત્તિનો ચિતાર જ છે. દિવ્યતત્ત્વમાં અને તેના રોજબરોજના વ્યવહારમાં અગમ્ય રીતે પ્રચલનમાં કાર્લાઈલની શ્રદ્ધા હોવાથી જ તે માને છે કે સમાજ પોતે જ ઉત્પાતોનું સ્થાન બની બેઠો છે. યંત્રોના વિકાસથી કેટલાકને લાભ હશે પણ એ માનવજાતનો ધ્વંશ કરી નાખશે અને જે દુઃખી ગરીબ વર્ગ છે તે બેહાલ બની જશે. સદીના મધ્યકાળમાં તેનો તારસ્વર વધુ ને વધુ આક્રમક બનતો જાય છે અને એના છેલ્લા દિવસો તો અપ્રતીમ વિષાદમાં જ વીતે છે.

કાર્લાઈલના 'ફ્રેન્ચ રેવોલ્યુશન' અને 'હીરોઝ, હીરોવર્શિપ ઍન્ડ ધ હીરૉઈક ઈન હિસ્ટરી' એ બે પુસ્તકોની આરંભના અને મધ્યના વિક્ટોરિયન યુગમાં ઈલિઝાબેથ ગાસ્કેલ, ચાર્લ્સ કિંગ્ઝલી, આલ્ફ્રેડ ટેનિસન, જ્હોન રસ્કિન, વિલિયમ મોરિસ વગેરે લેખકો પર પ્રબળ અસર પડી હતી; પણ સહુથી વિશેષ તો ચાર્લ્સ ડિકન્સે તેનાં લખાણોનો પ્રભાવ ઝીલ્યો હતો.

કાર્લાઈલનું બીજું એક પુસ્તક 'પાસ્ટ ઍન્ડ પ્રેઝન્ટ' ૧૮૪૩માં પ્રકાશિત થયું હતું. એમાં ધ્યાનપાત્ર બાબત, કાર્લાઈલને સમકાલીન અને ઈંગ્લન્ડની પરિસ્થિતિ વિશે કેવી ઉગ્ર નકારની લાગણી હતી તે છે. એણે જ્હોન સ્ટર્લિંગને લખ્યું હતું કે ઈંગ્લન્ડની સમગ્ર પરિસ્થિતિ જોઈ મારું દિલ ઉશ્કેરાઈ જાય છે. **'It is a moral, political, historical and most questionable red-hot indignant thing, for my heart is sick to look at the things now going on in England.**

તત્કાલીન પ્રચલિત થિઅરી 'ઉત્તમ ભૌતિક સુખનો સિદ્ધાંત'ની સામે એ પોતાનો કડક સિદ્ધાંત - શાંતિ અને શ્રમ વિશેનો - રજૂ કરે છે. શ્રમનું કાર્ય એ ધાર્મિક કાર્ય છે અને આ લોકશાહીમાં લોકોત્તર નાયકો-નેતાઓની ઊણપ છે.

કાર્લાઈલનાં બીજાં લોકોત્તર રાજકર્તાઓ વિશેનાં પુસ્તકોમાં 'લેટર્સ ઍન્ડ સ્પિચીઝ ઑવ ઑલિવર ક્રોમ્વેલ' અને 'ફ્રેડરિક ધ ગ્રેટ'(૬ ગ્રંથોમાં)માં એના લોકોત્તર નાયકો વિશેના પ્રશંસાત્મક વિચારો રજૂ થયા છે. ઈતિહાસ અને માનવ-શાસ્ત્રોમાંથી તે નૈતિકતાનાં મૂલ્યો શોધી લાવીને પ્રસ્તુત કરે છે.

એનાં બીજાં બે પુસ્તકો 'લૅટર-ડે પૅમ્ફલેટ્સ' ઈ. ૧૮૫૦માં અને 'શૂટિંગ નાયગ્રાઃ ઍન્ડ આફ્ટર' ઈ. ૧૮૬૭માં પ્રકટ થયાં હતાં. આ બંને પુસ્તકોમાં એના સમકાલીન રાજ-સમાજવ્યવસ્થા પરના પ્રહારોનું સાતત્ય જળવાઈ રહ્યું છે.

કાર્લાઈલનું અંગ્રેજી સાહિત્યના ઈતિહાસમાં એક સમર્થ લેખક તરીકે અને એના યુગના મસીહા તરીકે સ્થાન છે. કાર્લાઈલની લેખક તરીકેની તેજસ્વિતા એના માત્ર ઈતિહાસગ્રંથોમાં જ નહિ, ક્રૉમ્વેલ અને ફ્રેડરિકનાં જીવનચરિત્રને લગતાં પુસ્તકોમાં પણ છે. એણે ઈતિહાસગ્રંથોમાં આલેખેલાં રેખાચિત્રો વીસરી શકાય તેમ નથી અને એક મસીહા તરીકે તેણે પોતાના સમયના ભૌતિકવાદ તરફ આંધળી દોટ મૂકી રહેલા, અને જૂની, આત્માહીન પરંપરાઓને વળગી રહેલા ઈંગ્લન્ડના શાસકવર્ગ સામે પ્રજાના કલ્યાણ માટે નવું બળ સીંચવા બુલંદ લલકાર કર્યો હતો. ઈંગ્લન્ડની સમસ્ત પ્રજાની નીતિ માટેનો તે સશક્ત, જાગ્રત ચોકીદાર હતો. કાર્લાઈલના વિચારો ભલે કેટલાકને ગૂંચવાડાભર્યા લાગ્યા હોય, એનો નૈતિક વલણો પ્રત્યેનો પક્ષપાત વધુ પડતો જણાયો હોય, ઈતિહાસમાં તેનાં મંતવ્યો, તેણે આલેખેલી વિગતો આજે અસ્વીકૃત હોય છતાં એક ઈતિહાસકાર તરીકે તેણે નવી દૃષ્ટિ આપી છે તે વાત ચોક્કસ છે. (ક્રમશઃ)

'લોકાભિમુખ'ની ટહેલ

વાલ્મીક મહેતા

'લોકાભિમુખ સાહિત્ય'-જ્યારે આ શબ્દપ્રયોગ મારા કાને પડે છે ત્યારે મને મનમાં હસવું આવે છે, કે લોકોને આ 'શબ્દ' પણ સમજવો અઘરો પડશે! સરળ,.... લોકોને સમજાય... રસ પડે અને હિતકારક નીવડે એવા સાહિત્યનું પાછું... ન સમજાય એવું અઘરું...?! જે માણસ સંસ્કૃત ના ભણ્યું હોય, એને પાછા કોઈ 'પંડિત'ને પૂછવા જવું પડે... 'ભાઈ આનો શું અરથ...? ભાષાશાસ્ત્રીઓ... આમ દૂધમાંથી-દૂધપાક અને પછી બાસુદી, શું કામ બનાવતા હશે?! 'લોકાભિમુખ' સાહિત્ય જેમને માટે રચવાની ભલામણ કરવામાં આવે છે, એ 'લોકો'ને પૂછ્યું, 'યાર... સાંભળો, હવે સાહિત્યકારો, તમારા જેવા 'લોકો' માટે 'લોકાભિમુખ' લખવાના છે! તમારે માટે આનંદની વાત છે!' પણ એ લોકોને 'લોકાભિમુખ' એટલે શું એ ખબર નહોતી, મારી સામે મોં વકાસીને... વિકસાવીને જોઈ રહ્યા!

જો કે... હું, સમજું છું, કે આ પરિભાષા તો, પ્રોફેસર-પ્રોફેસર વચ્ચેની વાતચીતની છે. લોકો માટે રચવાનું છું... કે રચાયું છે, તેને 'લોકાભિમુખ' સાહિત્ય કહેવાય... એવું, 'લોકોને' જ્ઞાન આપવાની જરૂર જ ક્યાં છે?!

'હજુ તો બાપલા..., આ તો વાતો ચાલે છે... કાં ઉતાવળા થાઓ...! શું ભાષણમાં ભલામણ થઈ... એટલે રચાઈ ગયું... ઓલું શું કીધું... લોકા... લોકા... લોકાભિમુખ સાહિત્ય...?!'

એક 'ઝામનગર' (જામનગર)થી આવેલ બાપુએ એમનો રસધોધ (રસધાર) વહેવડાવ્યો!

'ભાય..., ઈ તમારા આંયના સાહિત્યકારોએ 'આજે' જેનું નામ પાચડું..., બાકી અમારા સોરઠમાં તો... કાય્યમ માટે... ઈ તમ્યે... શું કીધું... લોકામુખ...'

'લોકાભિમુખ.'

'હા... ઈ સ્તો...! લોકાભિમુખ સાહિત્ય જ લખાય છે... 'મેઘાણી' જુઓ... સંતકવિ...

મેં કહ્યું, 'હા... લોકસાહિત્ય... ખરું... ખરું...' હું સમજ્યો'તો... તો યે...,

'તમે હમજ્યા નંઈ... ઈ તમાર્યે આયાં... બોલવાનું જુદું... ને લખવાનું જુદું! અમાર્ય પંથકમાં 'ઝેવું' બોલીએ ... 'યેવું' લખીએ!...' મેં મારું જ્ઞાન દર્શાવ્યું.

'એવું છે ને ડુંગરશીભાઈ, અહીં પાટણ, વડનગર અને પછી અહમદાબાદમાં ૨૦૦-૨૫૦ વર્ષો પહેલાં તો ગુજરાતી ભાષા અને લિપિ શુદ્ધ અને શિષ્ટ નહોતી. 'મગનલાલ વખતચંદ'નો અમદાવાદનો ઇતિહાસ વાંચો... તો લાગશે કે ગુજરાતી ભાષા પર અરબી-ફારસી ભાષાની અસર ઘણી હતી. અમદાવાદમાં મુસલમાન-સૂબાઓના સમયમાં તો 'રાજભાષા' 'અરબી' હતી! મારા દાદા (સત્તરમી સદીથી અઢારમી)ના સમયમાં, 'અરબી' શીખવા 'રાજારામભાઈ મહેતા' (રાજા મહેતાની પોળવાળા)ની પાસે જતા હતા. સરકારી નોકરી મેળવવા, નાગર-જ્ઞાતિના છોકરા બાર-ચૌદ વર્ષની ઉંમરે અરબી-રાજવ્યવહારની ભાષા શીખવા, જ્ઞાતિના મોભીઓ પાસે જતા હતા. એ સમયની ભાષાને જૂનું ગૂજરાતી' અને 'ઘેડ ગૂજરાતી' કહેવાતું. નર્મદના જમાના સુધીમાં ભાષા સુધરવા માંડી. ઘણી સુધરી... છતાં... ત્યાર પછી... ભાષાનું શિષ્ટ-સ્વરૂપ... 'પંડિતયુગ'માં આવ્યું... આ બધી ક્રાંતિમાં ઠેઠ શરૂઆતથી... નાગરોનો જ સિંહફાળો રહ્યો...! ભાષા ઉપર અરબી-ફારસીની અસર કપાતી ગઈ... અને સંસ્કૃતની અસર વધવા લાગી... એ પંડિતયુગ! ભાષામાંથી ગ્રામીણતા દૂર થઈ... પ્રાદેશિક બોલીઓ, બોલાતી ચાલી રહી... જે આજ સુધી ચાલુ છે... પણ લખાતી-છપાતી-નાગરી ('નગર'ની કહો કે 'નાગર-શહેરી જ્ઞાતિ'ની... બેઉ એક જ છે), 'સ્વીકૃત-શિષ્ટ... સુસંસ્કૃત ગુજરાતી-ભાષા' શિક્ષણના માધ્યમ તરીકે 'સ્ટૅન્ડર્ડાઈઝ્ડ' ગણાઈ...! હવે કચ્છ, કાઠિયાવાડ, ઉત્તર ગુજરાત, સુરતી, ભરુચી... કે ખેડાની ચારુતરી (ચરોતરી)માં 'ટેક્સ્ટ બુકો' છપાય નહિ...! ડુંગરશીભાઈ, હવે તમારી આવનાર પેઢીઓને પણ... 'બોલી'નો મહાવરો ધીમેધીમે છૂટી જશે...! ચોખ્ખું શિષ્ટ લખવું તો પડે જ છે... બોલતાં ય આવડી જશે!

ડુંગરશીભાઈએ નસકોરાંમાંથી એક વાળ ખેંચી તોડી નાખ્યો... અને મારા રૂમની કાર્પેટ પર નાખવા જતા'તા... મેં રોક્યા... 'ડસ્ટ બિન' ધર્યું... એમણે એમની ચપટી એમાં ખંખેરી, પછી બોયલા : 'ઈ તો ઠીક છે હવે...'

મેં કહ્યું : 'ના... નથી ઠીક...! હજુ બીજાં ચાળીસ વર્ષ થશે ત્યારે બધું એકાકાર થશે...! અમદાવાદવાળાને મુંબઈવાળા જેવું અંગ્રેજી બોલતાં હજુ દસ-પંદર વર્ષ થશે. કારણ કે અમદાવાદમાં ઈંગ્લિશ મીડિઅમ સ્કૂલો હવે ઘણી બધી થઈ ગઈ...!'

ડુંગરશી કહે : 'અમારા સોરઠવાળા 'ઈંગલીસ' નથી બોલતા...?!'

મેં કહ્યું : 'હા બોલે છે... પણ એ 'કાઠિયાવાડી ઈંગલીસ', ટીવી ન્યૂઝ એડિટર... જેવું.'

લોકાભિમુખ ગુજરાતી સાહિત્ય અને લોકસાહિત્ય વચ્ચેનો તફાવત... શહેરની ભેંશ અને 'ગિરનાં જંગલી ભેંશ' જેવો છે...! શહેરની ભેંશ થોડી 'કલ્ચર્ડ' હોય... સામેથી મારવા ના આવે... ધીમે ધીમે 'ફૂટપાથ' ઉપર ચાલતાં પણ શીખે! પણ, જંગલની ભેંશમાં કોઈ કાળે સુધારો થાય નહિ.

લોકાભિમુખ સાહિત્યનો વિચાર સાહિત્યકારને આવ્યો એ એક આશ્ચર્ય જ છે! અર્વાચીન સાહિત્યની એવી દશા બેઠી છે કે એ આમ સમાજમાં દિવસે-પ્રતિદિવસે ઓછું ને ઓછું વંચાતું જાય છે. લાઈબ્રેરીઓ સિવાય ક્યાંય વંચાતું નથી.

જુઓ ને... મારા આ વ્યંગલેખનો વિષય જ, ભૂલથી મેં ગંભીર પકડ્યો...! અમારા... આ સાહિત્યકારોને 'લોકાભિમુખ' થતાં 'આવડતું' નથી... 'ફાવતું નથી! 'લોકો'-તો ઠીક... એમનાં 'પત્ની' અને 'બાળકો' પણ એમની શૈલીની ફરિયાદ કરે! એક 'સાહિત્યિક પતિ'ની ફરિયાદ 'અસાહિત્યિક પત્ની' કરે છે. (મોટા ભાગે આવાં કજોડાં જ હોય છે.)

પત્ની કહે છે, 'કાલે રાતરે... મોડાં સુધી... આ દિવાળી આઈને બળ્યાં..., એટલે હું માળિયેથી ઉતારીને, મોટાં વાહણ અજવાળતી'તી! આખે શરીરે... ધૂળ...ધૂળ-વાળી... કાળી મેંશ હતી, ત્યારે રસોડામાં આયીને... મૂઆ મને કહે છે કે, 'માળિયામાં ચઢેલાં તમે... અહો...! ગગને ચઢેલા-ચંદ્ર જેવાં શોભો છો...!'

મેં કીધું : 'જાવ... જાવ... હવે ગોંડા ન કાઢો...! અત્તારે... આખે શરીરે, ભૂત જેવી તો છઉં...! અને તમને... કૈંક લખવાનું હુજતું નંઈ હોય... એટલે આકાશ ભણી તાગતા હશો... પણ આજે છઅ 'અમાસ'! 'ચંદ્ર' ચ્યોંથી નેહળે...?! એટલે માળિયામેં... હું તમોને... કાળીમેંશ! તૉયે ચંદર જેવી દેખાઉં? પછે મેં કીધું, અત્તારે મુને માળિયામેંથી હેઠે ઉતારી... અડ-આભડ કરશો, તો... તમે ય કાળા થશો...! એટલે મને એવા-એ કેહ છઅ કિ :

'તું મુજ અડતાં શ્યામ થાએ તો, હું ક્યમ નહિ થાઉં ગોરો?!,
ફરી મળતાં રંગ અદલાબદલી..., મુજ મોરો... તુજ તોરો...!'

આવી કવિતાઓ કરવા માંડી ઈમણે...! કૈહ કિ... હેઠે આય... બસ હેઠે આય...! નફ્ફટ મૂઆં... 'એ', ને એમનાં ભાઈબંદો-કવિઓ!!'

હવે થયું છે એવું, સાહિત્યના મેળાવડામાં, 'માણહ ભેગું કરવા હાટુ', 'લોકાભિમુખ' સાહિત્યકારોને પણ ઈનામો આપવાં પડે, તો જ 'લોક' ટોળે મળે! 'ન સમજણ પડે'- કે 'ઓછી સમજ પડે'- એવા સાહિત્ય રચનારા સાહિત્યકારોના હાથે, 'લોકાભિમુખિયાઓ' ઈનામો ઝીલે... એનો સ્વપ્ને ય વિચાર હતો?!

બુદ્ધિને કસવી પડે... બે-ચાર વાર ફરી વાંચવું પડે... જ્યાં સુધી, વાર્તા કે નવલકથાનો નાયક કે નાયિકાના મગજના અંતરપ્રવાહો પાંચ-છ પાનાં સુધી વહ્યા કરતા હોય... ત્યાં સુધી વાચકે પણ એને હારોહાર જીવ બાળવો પડે! પોતાની પરણેતરને છોડી, એની શિષ્યા માટે... નક્કી ના કરી શકતો હોય કે, એણે 'પિતાતુલ્ય' રહેવું કે... કૉલેજમાંથી રાજીનામું... પત્ની સાથે બેવફાઈ... નિર્દોષ બાળકોના ચહેરા... આ બધા વિચારો તો આવે, પછી સસરાએ 'સ્કૂટર' અપાવ્યું હોય, સાળાએ 'ફ્લૅટ' ખરીદવા 'સહકારી બૅંક'માંથી 'લોન' અપાવી-હોય... આવા આર્થિક અને સામાજિક ઋણ, નિર્ણય ઉપર, આવવામાં પ્રોફેસર દુબળો પડી ગયો હોય... વિચારોના વમળે (વર્ટિગો) ચઢી જવાથી, કૉલેજની સીડીનાં બધાં પગથિયાં... સામટાં... ઊતરી ગયો હોય...! નવલકથાના અધીરા... ઉતાવળા થઈ ગયેલા વાચકને થાય કે 'ભાઈ...! આ બધા વિચારોના આંતરપ્રવાહોમાં, તેં તારું તો ઠીક... કાળજું બાળ્યું...! પણ મારે ત્હારી નવલકથા પૂરી થાય તો લાઈબ્રેરીમાંથી બદલાવીને, બીજી લાવવી છે! હવે તું પાર લાવ...! કાં તો છૂટાછેડા લેવાનું કારણ શોધી... ફરીથી પરણવાની તૈયાર કરી...! આમ... મોડું કરીશ, તો પેલી 'ચકલી' અમેરિકા ઊડી જશે...! પછી તું એની પાછળ-પાછળ, 'અમેરિકા' જઈશ-એ નવલકથાના ભાગ બીજામાં વાર્તા માંડજે...! અત્યારે , ત્હારે જે તારી નવલકથાના નાયક પાસે... કરાવવું હોય-એ જલ્દી પૂરું કરાવ...!

વિચાર... સદ્ વિચાર... કુવિચાર... ના, એવો કોઈ નિયમ નહિ..., 'નવો વિચાર'... 'નવો આયામ'...! બસ, સાહિત્યમાં આજે... 'ના આવતા હોય'... એવા વિચારો લાવવાનું અધિક મૂલ્ય છે! 'કપોલકલ્પિત'નો શબ્દાર્થ, 'ગાલમાં કલ્પેલા વિચાર'! બધાંને માથામાં વિચાર આવે... પણ આ નવા જ સાહિત્યકાર-પ્રાણીની શરીર-રચના એવી છે કે એને 'ગાલમાં ખીલ' જેવા દુ:સાધ્ય વિચારો ફૂટે છે! કોઈને (સામાન્ય વાચક) શી ખબર પડે... કે..., હા, કપાળ ઉપર કરચલીઓ-કાયમની-પડી ગઈ હોય તો, માની શકાય... કે આ 'જયંતિ દલાલ'-જેવા વિલક્ષણ... જુદી ઘાટીના સાહિત્યકાર છે! પણ... 'કપાળ'ને બદલે 'કપોલ' ઉપર ખીલનો ઉપદ્રવ (કપોલકલ્પિત ઉપમાઓ)... એ નવા આયામી વાર્તાકારનું લક્ષણ (લખ્ખણ?) છે... એવી ક્યાંથી કોઈને ખબર પડે?! અને પછી... 'કપોલ'માં જ નહિ... બીજા શરીરનાં અંગ-ઉપાંગોમાં કેવી કેવી કલ્પનાની વિવિધતા ફૂટતી... વાંચવા મળશે...!!

'લોકાભિમુખ' લખવામાં કોઈ શૈલી જ હળવી કરવી પડે, એવું નથી... વિષયનો પણ અભિગમ લોકાભિમુખ કરવો પડે. મોટા ભાગના સ્થિતપ્રજ્ઞ અને લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારોને, આ ફાવે નહિ. ખાસ કરીને... પીએચ.ડી. જેવા ઉચ્ચ અભ્યાસ પછી તો... સાહિત્ય 'ઈનર સર્કલ' માટે લખાય છે, અથવા કહો કે, 'લોકાભિમુખ' લખવા માટે હાથ ભારે પડે છે! પછી, એ સાક્ષરોને 'લોકાભિમુખ' કરવા... એટલે એમની ડોક મરડવા જેવું બળાત્કારી કાર્ય કરવા જેવું કહેવાય!

હવે અત્યારે રચાતાં... કેટલાંક 'લોકાભિમુખ' - લોકપ્રિય સાહિત્ય ઉપર અછડતી નજર કરી લઈએ.

'લોકાભિમુખ' સાહિત્યનાં કેટલાંક સ્વરૂપોમાં તો મને પણ મજા પડે છે.

(૧) હાજાં (સાંધા) ગગડાવી નાખે એવી 'રહસ્યકથાઓ' સાત્ત્વિક-શાણા સાહિત્યકારો લખી ના શકે. આ કામ તો રિટાયર્ડ-પોલીસ ઈન્સ્પેક્ટર, સી.આઈ.ડી.વાળા કે પછી ઘરડો અનુભવી ફોજદારી વકીલ જ સુપેરે કરી શકે. સ્વાનુભવે કહું છું કે જ્યારે આવી રહસ્યકથા લખવા પ્રયત્ન કર્યો હતો, ત્યારે નાયક-સીઆઈડીના પાત્રમાં-એવા મારાથી, 'ખૂનનું કોકડું' એટલી હદે

(અનુસંધાન પૃ. ૪૦ પર)

ઍન ફ્રૅન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

શનિવાર, ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૪૪
પ્રિયતમ કિટી,

બહાર સૂર્ય ઊગ્યો છે, સ્વચ્છ ભૂરું આકાશ છે, સુંદર હવાની લહેરખી આવે છે અને હું બધાંને ઝંખું છું, વાતચીત કરવાને, મુક્તિને, મિત્રોને, એકલા રહેવાને ઝંખું છું, ઝંખના છે... રડવાની! મને લાગે છે કે હું ગમે ત્યારે ભાંગી પડીશ. જાણું છું કે રડીશ તો મન હળવાશ પામશે, પણ હું રડી શકતી નથી. હું અસ્વસ્થ છું. રૂમે રૂમે ભટકું છું, બંધ બારીની તિરાડમાંથી શ્વાસ લઉં છું. મારા હૃદયની ધડકનો પણ બોલી ઊઠે છે... 'મારી ઝંખના પૂર્ણ કરોને...'

હું વિચારું છું, મારા અંતરમાં વસંત છવાઈ ગઈ છે. એ વાસંતી જાગૃતિ હું અનુભવું છું. રોમે રોમે ને અંતરાત્મા સુધી અનુભવું છું. મારું વર્તન પ્રયત્નપૂર્વક સંયમમાં રાખું છું. હું ગૂંચવણમાં પડી ગઈ છું. શું વાંચું, શું લખું, શું કરું મને કાંઈ જ સમજણ પડતી નથી. એટલી જ ખબર પડે છે કે હું કશાકને ઝંખું છું...

લિ. ઍન.

સોમવાર, ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૪૪
પ્રિયતમ કિટી,

ગયા શનિવારથી બધું જ જાણે કે થોડુંક બદલાઈ ગયું છે. વાત આમ છે : હું કશાકને ઝંખતી હતી (અને હજી પણ ઝંખું છું) પણ... મારી આ સમસ્યાનો નાનકડો ખૂબ નાનકડો ભાગ હલ થયો છે.

રવિવારે મારું ધ્યાન ગયું ને ઘણા જ આનંદ સાથે મેં જોયું કે (તને પ્રામાણિક રીતે કહું છું કે) પીટર મને એકીટસે નિહાળી રહ્યો હતો. સામાન્ય રીતે જુવે એમ નહિ અને ખબર નહિ કેવી રીતે પણ મને અચાનક ભાન થયું કે અત્યાર સુધી હું માનતી હતી એમ પીટર માર્ગટને ચાહતો નહોતો. પછી આખો દિવસ હું એની તરફ જોતી ત્યારે ત્યારે હું એને મારી તરફ જોતો પકડી પાડતી અને એથી અગમ્ય એવો આનંદ અનુભવતી. એ અનુભૂતિ વારંવાર થતી પણ બરોબર નહિ.

રવિવારે સાંજે મારા અને પીમ સિવાયનાં બધાં જ રેડિયોની આસપાસ જમા થઈને રેડિયો પર જર્મન સંગીતકારોનું અમર સંગીત સાંભળતાં હતાં જેનો પીટરને અને બાકી બધાંને જ ત્રાસ થતો હતો. અડધા કલાકના સંયમ પછી પીટરે, સામી વ્યક્તિને જરાક ખરાબ લાગે એ રીતે, કહ્યું કે એ રેડિયો ફેરવવાનું હવે બંધ કરે તો સારું. ત્યારે ડસેલે જવાબ વાળ્યો, 'મારી મરજી!' પીટરને ગુસ્સો ચડ્યો અને તોછડાઈથી સામું બોલ્યો. વૅનડાને પણ પીટરનો પક્ષ લીધો એટલે ડસેલે થોડી પીછેહઠ કરી અને વાત ત્યાં પૂરી થઈ.

આ મતભેદમાં મને ખાસ રસ હતો એમ વાત નહોતી, પણ પીટરને આ પ્રસંગ ઘણો લાગી આવ્યો હતો. કારણ કે આજે સવારે ઉપર માળિયામાં હું ચોપડીઓનાં ખોખાં ફંફોસતી હતી ત્યારે એણે પોતે જ ત્યાં આવીને મને આખી વાત કરી. મને તો કાંઈ ખબર નહોતી પણ પીટરને મારામાં એક ધ્યાનથી વાત સાંભળનાર શ્રોતા મળી આવ્યો અને એ વાતે ચડ્યો.

'ખેર, વાત જાણે એમ છે કે,' એણે કહ્યું, 'હું વાતોડિયો માણસ નથી. હું જાણું છું કે બોલવા જઈશ તો હું થોથવાઈ જઈશ. તતપપ થઈ જશે, શરમ આવશે અને પછી શબ્દોમાં હું એવો અટવાઈ જઈશ કે મારી વાચા જ બંધ થઈ જશે, કારણ કે મને શબ્દો જ સૂઝશે નહિ. ગઈ કાલે પણ એમ જ થયું. મારે કહેવું'તું કાંક જુદું જ પણ એક વાર બોલવા માંડ્યો કે એવો અટવાઈ ગયો કે બસ. મનેય એ ગમ્યું નહિ. પહેલાં મને એક ખરાબ ટેવ હતી, કોઈ પર ગુસ્સો આવ્યો કે દલીલો કરવાને બદલે હું એને ધબેડી નાખતો. ક્યારેક થાય છે એ ટેવ હજી હોત તો સારું થાત. પણ એનાથી ફાયદો તો નથી જ એની મને ખબર છે. અને એટલે જ મને તારા માટે માન થાય છે. તને ક્યારેય શબ્દોની ખોટ પડતી નથી. તારા મનમાં જે હોય તે તું બરાબર કહી શકે છે. શરમમાં તણાઈ જતી નથી.'

'અરે, એ વાતમાં તો તું ભૂલ ખાય છે,' મેં કહ્યું. 'મેં મનમાં ઠરાવ્યું હોય એનાથી હું બોલી પડું એમાંનું મોટા ભાગનું જુદું જ હોય છે. ઉપરથી હું તો બહુ બોલું છું અને ઘણે વખતે બોલ્યા કરું છું. એ પણ એટલું જ અયોગ્ય છે.'

'હશે, પણ તને એક વાતનો લાભ છે. તું શરમાતી હોઈશ તો પણ કોઈની એને ખબર પડતી નથી. કારણ કે નથી તું લાલ લાલ થઈ જતી કે નથી પાણી પાણી થતી.'

અંતરમાં તો આ શબ્દો સાંભળી હરખાયા વિના હું રહી શકી નહિ. પણ એની વાતોમાં ખલેલ ન પડે એટલા ખાતર મારું હસવું ખાળી હું નીચે ઓશીકા પર ઘૂંટણ આસપાસ હાથ

વીંટાળીને બેસી ગઈ અને એકીટસે એની સામે જોઈ રહી.

આ ઘરમાં કોઈ બીજી વ્યક્તિ પણ ગુસ્સાથી રાતીપીળી થઈ જાય છે એ વાતનો મને આનંદ થયો. કોઈ ચાડી ખાશે એના ડર વિના એ ડસેલની ટીકા કરી શક્યો, એનો પીટરને સંતોષ હતો. અને પહેલાંની મારી બહેનપણીઓ જેવો જ એક મિત્ર સાંપડ્યાનો મને આનંદ હતો.

લિ. એન

મંગળવાર, ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૪૪

પ્રિયતમ કિટી,

ડસેલસાહેબવાળા આ નાનકડા પ્રસંગની અસરો ઘણી ફેલાઈ હતી અને એમાં વાંક એમનો જ હતો. સોમવારે સાંજે વિજયી મુદ્રા સાથે ડસેલે મમ્મીને જણાવ્યું કે આજે સવારે પીટર પોતે જ એમની પાસે ગયો, થોડા ખબરઅંતર પૂછીને બોલ્યો કે, ગઈ કાલે રાત્રે જે કાંઈ બોલી ગયો એ માટે માફી માગે છે અને એવું કાંઈ કહેવાનો એનો ઈરાદો નહોતો. ડસેલે જવાબ વાળ્યો કે એવું કાંઈ છે નહિ, એણે વાતને મનમાં રાખવી નહિ. એમ ઘીના ઠામમાં ઘી પડી રહ્યું. આ વાત મમ્મીએ મને કરી ને મને ઘણું જ આશ્ચર્ય થયું કે પીટર જે આટલો ગુસ્સે થયો હતો એ પાછો આટલો વિનમ્ર થઈ ગયો ને તે પણ આટઆટલા બડબડાટ પછી.

આ બાબતમાં પીટર સાથે વાત કર્યા વગર મારાથી રહેવાયું નહિ અને એણે લાગલો જ જવાબ આપ્યો : ડસેલ જૂઠું બોલે છે. પીટરનો ચહેરો ત્યારે જોવા જેવો થઈ ગયો. ત્યારે મારી પાસે કૅમેરો હોત તો સારું થાત. જુઠ્ઠાણાંનો રોષ, ક્રોધ, શું કરું ને શું નહિ એની અનિશ્ચિતતા, ત્રાસ અને એવી ઘણી બધી ભાવનાઓ એક પછી એક એના ચહેરા પરથી પસાર થઈ ગઈ.

એ સાંજે પીટર અને શ્રી વૅનડાને ડસેલને ઘણું સુણાવ્યું. પણ કાંઈ ખાસ બન્યું નહિ હોય કારણ કે આજે જ પીટરની દાંત તપાસવાની ઍપોઈન્ટમેન્ટ હતી.

હકીકતે તો એ લોકો એક બીજા સાથે બોલવાનાં પણ નહોતાં.

લિ. ઍન.

બુધવાર, ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૪૪

પ્રિયતમ કિટી,

આજે આખી સવાર પીટર સાથે બે-ચાર અર્થહીન વાક્યો સિવાય મેં વાતો જ કરી નહોતી. માળિયે જવા માટે ઠંડી ઘણી હતી. અને એ સિવાય આજે માર્ગટનો જન્મદિવસ પણ હતો. સાડા બારે ભેટ જોવાને બહાને એ નીચે આવ્યો અને ખાસ કાંઈ જ કારણ વિના આમતેમ આંટા મારતો અહીં જ રહ્યો. બીજા કોઈ સંજોગોમાં એણે એમ કર્યું ન હોત. ત્યાં બપોરે મને મોકો મળી ગયો. માર્ગટને જન્મદિવસ નિમિત્તે થોડાં લાડ કરવાનું મને મન થયું, એટલે એક વાર કૉફી લાવવા હું ઉપર ગઈ અને પછી બટાકા લાવવાને બહાને ઉપર ગઈ. જ્યારે પીટરના રૂમ પાસે પહોંચી એટલે તરત જ એણે સીડી પર પડેલાં એનાં કાગળિયાં ઉપાડી લીધાં અને મેં પૂછ્યું કે, 'માળિયાનો દરવાજો બંધ કરવાની જરૂર છે?'

'હા,' એણે જવાબ વાળ્યો. 'બંધ કરી દે, તું પાછી આવીશ ત્યારે જરા ખખડાવજે, હું ખોલી દઈશ.'

એનો આભાર માની હું ઉપર ગઈ. મારી દસેક મિનિટ બટાકા પસંદ કરવામાં ગઈ. એમાં મારી કમર દુઃખવા માંડી. ત્યાં ઠંડી પણ ઘણી હતી, એટલે સ્વાભાવિક રીતે બારણું ખખડાવવાની માથાકૂટમાં ન પડતાં મેં જ બારણું ખોલી નાખ્યું. તરત એ ઊઠ્યો અને તપેલું મારા હાથમાંથી લઈ લીધું.

'ઘણો પ્રયત્ન કર્યો પણ આનાથી નાના બટાકા મને મળ્યા નહિ.'

'તેં મોટા પીપમાં જોયું?'

'હા, હું તો બધાં જ પીપ ફરી વળી.'

એટલામાં હું સીડી પર નીચે પહોંચી ગઈ હતી. એણે તપેલામાં એક નજર નાખી કહ્યું, 'પણ આ પણ સારા છે.' પછી ઉમેર્યું, 'તને એ માટે અભિનંદન આપવા જોઈએ.'

અને આમ કહેતાં કહેતાં એણે મને એવી પ્રેમભરી નજરે જોઈ કે મારું અંતર ખીલી ઊઠ્યું. હું સમજી ગઈ કે એ ચાહતો હતો. મને ખુશ કરવા પણ ઝાઝું બોલવાની એને ટેવ નથી એટલે બધું જ એણે નયનોથી સમજાવ્યું. મેં એને બરાબર ઓળખી લીધો હતો. ને એ માટે હું ખુશ હતી. હજી પણ એ શબ્દો અને એ દૃષ્ટિ મને ખુશ કરી દે છે.

હું નીચે આવી ત્યારે મમ્મીએ કહ્યું કે હજી બટાકાની જરૂર છે, રાતના જમણ માટે, એટલે ફરી ઉપર જવા હું જ તૈયાર થઈ ગઈ. પીટરના રૂમમાં દાખલ થતાં જ ફરી એના કામમાં ખલેલ પહોંચાડવા માટે માફી માગી અને ઉપર જવા સીડી ચડવા માંડી, ત્યાં વચ્ચે આવીને એ મારું બાવડું ઝાલીને ઊભો. મને જતી રોકવા પ્રયત્ન કરતાં બોલ્યો :

'હું લઈ આવીશ, આમેય મારે ઉપર તો જવું જ છે.'

'એવી કાંઈ જરૂર નથી.' મેં કહ્યું. 'અને અત્યારે તો ફક્ત નાના બટાકા જ લાવવાની જરૂર છે.' વાત સમજીને એણે મને જવા દીધી. પાછી ફરી ત્યારે એણે બારણું ખોલ્યું અને તપેલું મારા હાથમાંથી લઈ લીધું. ત્યાં જ ઊભાં ઊભાં મેં પૂછ્યું : 'શું કરે છે અત્યારે?'

'ફ્રેંચના પાઠ વાંચું છું.' જવાબ આપ્યો.

મેં પૂછ્યું એટલે ફ્રેંચના પાઠ બતાવવા એ તૈયાર થયો એટલે બેસિનમાં હાથ ધોઈ દીવાન પર એની સામે આવી હું બેઠી.

થોડી ફ્રેંચ વિષે વાતો કરી અમે બીજી વાતોએ ચડ્યાં. વાત વાતમાં એણે કહ્યું કે યુદ્ધ પૂરું થાય પછી એનો વિચાર ડચ ઈસ્ટ ઈન્ડિઝમાં જઈને વસવાનો છે. ત્યાં જઈને રબરની વાડીમાં કામ કરશે. એના જીવન વિષે, કાળા બજાર વિષે, અત્યાર સુધી એની

જિંદગી કેવી નિરાશાભરી રહી એની વાતો કરી. મેં એને સમજાવ્યું કે આ એના ન્યૂનગંડને કારણે લાગે છે. એણે યુદ્ધની વાત કરતાં કહ્યું કે રશિયા અને ઈંગ્લન્ડ વચ્ચે યુદ્ધ થવાનું જ અને તે પણ યહૂદીઓના મુદ્દાને લઈને. પછી એણે કહ્યું કે, યહૂદી જન્મવાને બદલે એ ક્રિશ્ચિયન હોત તો જીવન કેટલું સરળ હોત. કે પછી યુદ્ધ પૂરું થયે એ ક્રિશ્ચિયન બની જશે જેથી જીવન સરળ બની જાય. મેં એને પૂછ્યું કે એને બેપ્ટિસમ કરાવવું છે? પણ એમ એનો ઈરાદો નહોતો.

એણે કહ્યું કે પોતાની જાતને એ ક્રિશ્ચિયન તરીકે ક્યારેય સ્વીકારી શકશે નહિ. પણ લડાઈ પછી એટલી તકેદારી તો લેશે જ કે કોઈને ખબર ન પડે કે એ યહૂદી છે. મને ક્ષણભર ફાળ પડી, હજી એનામાં અપ્રામાણિકતાનો અંશ રહી ગયો છે એ કેટલી શરમજનક વાત કહેવાય.

વાત વધારતાં પીટર બોલ્યો, 'યહૂદીઓને હંમેશાં જુદા પાડવામાં આવ્યા છે અને ભવિષ્યમાં પણ એમ જ થશે.'

'આશા રાખીએ કે એક વાર માટે કોઈ સારા હેતુસર એમને જુદા પાડવામાં આવશે,' મેં જવાબ આપ્યો.

પણ એકંદરે અમે આનંદથી વાતો કરી. પરમપિતા વિશે, મનુષ્ય સ્વભાવની પરખ વિશે અને જાતજાતના વિષય પર. એટલા બધા કે મને બધા યાદ પણ નથી રહ્યા.

પોણા પાંચે હું નીચે આવી કારણ કે બેપ આવી પહોંચી હતી.

એ સાંજે એણે (પીટરે) બીજી વાત કરી જે મને સારી લાગી. અમે એક ફિલ્મસ્ટારના ચિત્ર વિષે વાત કરતાં હતાં. એ ચિત્ર મેં જ એને આપ્યું હતું. એના રૂમમાં એ ઓછામાં ઓછાં દોઢ વરસ થયાં લટકતું હતું. એ એને એટલું તો ગમી ગયું હતું કે મેં એને જોઈતાં હોય તો બીજાં ચિત્રો આપવાની પણ તૈયારી બતાવી.

'ના,' એણે જવાબ આપ્યો, 'મારી પાસે છે એ જ મારે રાખવું છે. રોજ હું એને જોઉં છું અને હવે એ ચિત્રમાંનાં માણસો જ હવે મારાં મિત્રો બની ગયાં છે.'

હવે મને સમજાય છે કે રોજ રોજ એ માઉશીને પકડીને આટલું વહાલ કેમ કરે છે. દેખીતું છે, પીટર પણ વહાલ અને પ્રેમને ઝંખે છે. એણે કરેલી બીજી એક વાત કરવાની તો હું ભૂલી જ ગઈ. એણે કહ્યું, 'મને ડર નથી લાગતો. સિવાય મારા પોતાના વિશે કોઈ બાબત હોય. પણ હવે હું એની ઉપર પણ કાબૂ મેળવવા પ્રયત્ન કરી રહ્યો છું.'

પીટર જબરી લઘુતાગ્રંથિથી પીડાય છે. દા.ત. એ હંમેશાં કહે છે કે, અમે બધાં હોંશિયાર છીએ અને એ કેવો સાવ મૂરખ છે. એને ફ્રેંચમાં કાંક શીખવું તો હજાર વાર મારો આભાર માનશે. એક દિવસ એને કહેવાની છું, 'બહુ થયું, તારું અંગ્રેજી અને ભૂગોળ તો મારા કરતાં ઘણાં સારાં છે.'

લિ. ઍન ફ્રેન્ક (ક્રમશઃ)

અનુસંધાન] 'લોકાભિમુખ'ની ટહેલ [પૃ. ૩૭ થી

ગૂંચવાઈ ગયું હતું કે, ખૂનીને પુરવાર કરતાં કરતાં હું પોતે જ ખૂની ઠર્યો હતો!... અને 'રહસ્યકથા', હાસ્યવાર્તા બની ગઈ હતી.

(૨) લોકાભિમુખ સાહિત્યનો બીજો ધમધોકાર પ્રકાર છે - પ્રેમ-ઈશ્કની ગુલેગુલઝાર ગઝલો અને નજમ (નગ્મા), જેના 'રદીફ-કાફિયા', સૂંઠના ગાંગડા જેવા હોવા જરૂરી છે, અને 'શરાબ'ને કદી સૂંઘ્યો પણ ના હોય તો યે એની કાલ્પનિક મસ્તીનાં ઊબકાં ખાતાં આવડવું જોઈએ. અમે વજનદાર શૈલીના લેખક છીએ, એવા અમારાથી સંસ્કૃત-પ્રચુર ગઝલો લખાઈ ગઈ હતી... ખેર, એ પણ હું-પ્રકાશિત તો કરીશ... જ...! લોકાભિમુખ નહિ... તો 'પંડિતામુખ' લાગશે!

(૩) લોકાભિમુખ સાહિત્યનો ત્રીજો પ્રકાર છે - 'ધારાવાહિક નવલકથા'! 'ધારાવાહિક' નવલકથાની ખાસિયત એ છે કે રૂઢિચુસ્ત માણસ... સદાચારી માણસ... બ્રહ્મચારી માણસને, અઠવાડિયે એક વાર માનસિક-વ્યભિચાર માણવાનું વાચન નિયમિતપણે મળે છે! માત્ર સાડા-ત્રણ રૂપિયામાં વૈચારિક સંવનનનો... નિર્લેપ રહીને માણી શકાય છે! ભલે કોઈ યુવતીને રૂબરૂ બોલતાં સાંભળી ના હોય... પણ... એવી બિનધાસ્ત છોકરીને ધારાવાહિક નવલકથામાં ધડાધડ બોલતી-વાંચવાથી અકથ્ય આનંદમાં ડૂબી જવાય છે!

(૪) લોકાભિમુખ સાહિત્યનો ચોથો પ્રકાર છે - 'ઉપરસે ઠંડા, અંદરસે ગરમ' - દલિત સાહિત્ય! દલિત સમાજ માટેની 'શુભનિષ્ઠા' સાથે 'ખરાબ-ચેષ્ટા'ઓનો આંખે-દેખ્યો નગ્ન અહેવાલ.! આ ઉત્તેજનાપૂર્ણ સાહિત્ય પણ, શહેરી-સાહિત્યકાર, જવલ્લે જ રચી શકે. બાવળ-લીમડાના દાતણથી જ દંતધાવન કરનાર... અને પછી એનાથી જ 'ઊલ' કરનાર મનુષ્ય જ.... આ 'લોકાભિમુખ' સાહિત્ય થૂંકી શકે છે! આઈ ઍમ સૉરી... રચી શકે છે! એને... કોઈ સમાજ-સુધારણા કરવાની લેહ નથી લાગી..., પણ આરક્ષિત-દલિતવાર્તાકારની જગા મેળવવાની 'નેમ'થી... સાહિત્યમાં ઝંપલાવે છે! દલિત વાર્તાકાર... એમના સમાજનું પ્રતિનિધિત્વ કરે છે ખરો, પણ એ 'અંધશ્રદ્ધાળુ' નથી, 'અર્ધશ્રદ્ધાળુ' હોય છે! રામને હોડીમાં બેસાડતાં પહેલાં, પેલા ખલાસી-'કેવટે' કહ્યું હતું : 'પગ મને ધોવા દો... રઘુરાય...' એવો ભોળો સમાજભક્ત છે! દલિત-સાહિત્યથી, દલિત-સમાજની કેટલી સેવા થશે, એ કહેવું અઘરું છે, શહેરી-સુસંસ્કૃત-સમાજના 'સમાજસુધારકો', દલિત-સાહિત્યથી પ્રેરાઈ 'ફિલ્ડ વર્ક' કરવા, ત્યાં અંતરિયાળમાં પહોંચી જાય... તો યે ડર રહે કે... બે બિલાડીઓ વચ્ચે 'વાનર' જેવો ન્યાય તો નહિ કરે ને?!

તો વાચકમિત્રો! ઈર્શાદ! તમારે કેવા સાહિત્યકાર થવું છે? કહી નાખો...! 'લોકાભિમુખ' કે 'પંડિતાભિમુખ'?! પંડિતાભિમુખ થવું હોય... તો ચોટલી બાંધીને ભણવા લાગી જાઓ... પીએચ.ડી. થઈ જાઓ, 'લોકાભિમુખ' થવું હોય તો... કોઈ મારા જેવાને 'ગુરુ' કરજો!! ❐

અતીતમાં અવગાહન



કૌમાર

[ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ]

ચંચલ બાલ્ય લીલા વિરમી જો
ગંભીર ભાવ સ્ફુર્યા વદને;
શૈશવ ઉભું મંદ મલકતું
નવકૌમાર તણે સદને;
અકલિત એ ભાવિ-ભંડાર:
વિજયવંત હો ભવ્ય કુમાર.

◆

નંદનવનનો રોપ દીસે શું
ઉછરેલો એ આમ્ર-અશોક,
વિકસી અંગત્વચા અતિ કોમળ,
જીવન રસમાં ખાતું ઝોક;
શોભાવન એ રસશૃંગાર:
વિજયવંત હો ભવ્ય કુમાર.

◆

ઉદિત અરુણની અંદર જેવી
ભાસ્કરની જ્યોતિ ચળકે;
આછેરી યૌવનની એવી
તનમાંહે સુરખી ઝળકે;
કમનીય કાંતિ, હૃદય ઉદાર:
વિજયવંત હો ભવ્ય કુમાર.

◆

આશાનો એ અખુટ ખજાનો,
અંજામ કલ્પના-ધનની ખાણ;
જીવનભરની જ્વલંત જ્યોતિ,
માનવકુલનો રસ-મેરાણ;
કુસુમાયુધ નવ-ધનુ-ટંકાર:
વિજયવંત હો ભવ્ય કુમાર.

વિલોલ લોચન, મીટ મરમાળી,
અણીઆળાં ભાલાં શાં;
મંજુલ ઘેરો કંઠ ગહેકે.
સ્મિતભર્યાં મુખ સુંદર વે
કલા રહી વરસી ચોધાર:
વિજયવંત હો ભવ્ય કુમાર.

◆

નવ ઉત્સાહ તણાં પુર રેલે,
સાહસના ઊછળે હીલ્લોળ;
ગરજે ઉચ્ચ મનોરથ એમાં,
હૈયાં નીતરતાં રસબોળ;
મૈત્રીના મોંઘા સત્કાર:
વિજયવંત હો ભવ્ય કુમાર.

◆

પ્રદક્ષિણાઓ કર પૃથ્વીની,
સકલ ગગનતલ માપી લે
રત્નાકરનાં રત્ન ઉલેચી
રંક જનોને આપી દે;
સંકટ સહવા થા તૈયાર:
વિજયવંત હો ભવ્ય કુમાર.

◆

જોગી હો, વા જતિ અડગ હો,
દાતા કે શુરવીર થજે;
કલાકાર તું બની કુદરતનો
સ્વર્ગ જગતમાં ચીતરજે;
સત્ય હજો તારો શણગાર:
વિજયવંત હો ભવ્ય કુમાર.

રવીન્દ્રનાથ ઠાકુરની ચીન-યાત્રા

સૈકાઓ પહેલાં ચીન અને ભારત વચ્ચે ઘણો જ થોડો સંબંધ હતો. ચીને જે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો હતો તેની ઉત્પત્તી ભારતમાં થઈ હતી. ઘણાં સંસ્કૃત પુસ્તકોનો ચીનની ભાષામાં અનુવાદ મળી આવે છે અને ત્યાં એવા ઘણાં ગ્રંથો પણ હાથ લાગે છે કે જેનાં મુળ સંસ્કૃત પુસ્તકો નાશ પામ્યાં છે. આ ઉપરથી ચોખ્ખું જણાય છે કે એ બંને દેશોને ઘણ જ ગાઢ સંબંધ હતો. પરંતુ કાળે કરીને એવો સમય આવ્યો કે એમનો એકમેકનો સંબંધ ઓછો થતો ગયો અને છેવટે બંને દેશો એકબીજાને લગભગ ભૂલી ગયા.

ઈ.સ. ૧૯૨૩ની શરૂઆતમાં ચીનથી કવિશ્રી રવીન્દ્રનાથ ટાગોરને ત્યાં જવાનું નિમંત્રણ મળ્યું. ગુરુદેવ રવીન્દ્રનાથની ઈચ્છા તો કે'દહાડાની ત્યાં જવાની હતી. એવામાં આ અવસર મળી ગયો. ગુરુદેવને વિશ્વભારતી તરફથી જવા માટે વિનંતી કરવામાં આવી. આ તેમણે ઘણી ખુશીથી સ્વીકારી. આ પ્રસંગે શ્રી જુગલકિશોર બિરલા ગુરુદેવને મળવા આવેલા. તેમણે ગુરુદેવની ચીન યાત્રાનું બધું ખર્ચ પોતે ઉપાડવા માટે ઈચ્છા દર્શાવી અને ગુરુદેવ સાથે કેટલાક વિદ્વાન મિત્રો જાય એવી સુચના પણ કરી. આ સુચનાને અનુસરીને વિશ્વભારતી તરફથી નંદલાલ બસુ ચિત્રકાર, શ્રી ક્ષિતિમોહન સેન, મિ. એલ્મહર્સ્ટ અને મિસ ગ્રીનને ગુરુદેવ સાથે મોકલવાનું ઠર્યું. આ મંડળીના પ્રવાસખર્ચ માટે આપેલ વચન મુજબ શ્રી બિરલાએ ૧૧,૦૦૦ રૂપીઆ આપ્યા.

ગુરુદેવ પ્રયાણ કરવાના હતા તેને આગલે દહાડે, એટલે કે ૨૦મી માર્ચ, ૧૯૨૪ને રોજ, વિશ્વભારતી તરફથી એક સભા બોલાવવામાં આવી. તે વખતે ગુરુદેવે પોતાનો ચીન જવાનો ઉદ્દેશ કહેતાં જણાવ્યું કે 'ભારત જેવા ગરીબ દેશને - કે જેની પાસે પૈસા નથી, સત્તા નથી અને સેના પણ નથી તેને - આવી રીતે બહારથી પ્રેમાળ નિમંત્રણ મળે તે

એમ બતાવે છે કે હજી તેની પાસે કંઈક આપવા જેવું છે ને છે.

સંસારના કજીઆકંકાસ, વેપાર, રાજનીતિ, લોભ, મોહ, ક્રોધ, ધિક્કાર અને વિનાશ વચ્ચે પણ ભારત પાસે સંસારને માટે હજી મુક્તિનો સંદેશો છે. આ આ તે જ સંદેશો છે કે જે જુના કાળમાં આપણા વડીલો વનમાં બેસીને આપતા હતા. ભારત જાણે છે કે આધ્યાત્મિક સત્તા અને કલ્યાણથી જ છેવટે સંસ્કૃતિ અને સુધારો મળે છે. ધનવૈભવથી અને સત્તાના કલહકંકાસથી નહિ.

હું નથી જાણતો, કઈ કઈ આશાઓ સાથે ચીનની પ્રજાએ મને આ નિમંત્રણ આપ્યું હશે પણ હું માત્ર એટલું જ કહી શકું કે આ સંદેશો લઈને હું જઈશ.'

બીજે દિવસે બધા કલકત્તાથી જવા નીકળ્યા. રંગુન પહોંચ્યા ત્યાં ગુરુદેવને શહેરીઓ તરફથી માનપત્ર આપવામાં આવ્યું. અહીંથી તેઓ પીનીંગ, કુઆલા, લામ્પુર અને હૉંગકોંગ થઈને ૧૨મી એપ્રિલે શાંગહાઈ પહોંચ્યા. ત્યાંના મુખ્ય શહેરીઓનું મંડળ આ યાત્રાળુઓના સંઘને લેવા બંદર પર આવ્યું હતું. તેમાં ચીનના એક પ્રતિભાશાળી કવિ મિ. ઝુઝીમોન પણ હતા; જે પાછળથી કવિ રવીન્દ્રનાથના દુભાષીઆ થઈ રહ્યા હતા. 'વંદે માતરમ્' ધ્વનિઓથી આ 'મોંઘા મહેમાનો'ને વધાવી લેવામાં આવ્યા.

બીજે દિવસે બપોરે શાંગહાઈની હીંદી વસ્તીએ શીખમંદિરમાં કવિશ્રીનો સત્કાર કર્યો. હીંદી સ્ત્રીઓએ મીરાંબાઈનું મધુર ભજન ગાઈ કવિવરને વધાવ્યા અને હીંદી ભાષામાં રવીન્દ્રનાથના ગુણગાન કર્યા. એ ગુરુદ્વારમાં મળેલા સૌ હીંદી નરનારને કવિશ્રીએ સ્મરણ કરાવ્યું કે 'નાનક-કબીરથી માંડીને આજલગીના આપણા ગુરુઓનો સંદેશો એક જ છે. અને તે એ કે માટીની વસ્તુઓના મોહમાંથી મનને વારો અને આખા વિશ્વને સ્નેહ અને સેવાથી ભીંજવો. જો આર્યાવર્તનું નામ જગતભરમાં અમર રાખવું હોય તો દરેક હીંદીનો ધર્મ છે કે તેણે આટલો ગુરુબોધ જીવનમાં ઉતારવો.'

એક વાર શાંગહાઈના જુદાં જુદાં પચીસ મંડળોએ ભેગાં મળી એક મોટી સભા બોલાવી હતી. અહીં ગુરુદેવે



શેન્ગ શીઆઓ અને રવીન્દ્રનાથ ટાગોર
ચીનના અને ભારતના બે મહાવિદ્વાન કવિઓ

પ્રથમ પોતાનું અંતર ખોલ્યું. ચીનની સંસ્કૃતિમાં જે વિકાર પેસી ગયા છે તે વીશે એમણે હૃદયદ્રાવક વિવેચન કર્યું. ચીનને પશ્ચિમના જડવાદનું ઝેર ચડતું જાય છે. જડવાદ મોટાં રાક્ષસ જેવો છે. પૂર્વની પ્રજાને એ ગળવા લાગ્યો છે. આપણી વંશપરંપરાની પવિત્રતા અને સુંદરતાને એ લુંટી રહ્યો છે. જેમ મનુષ્યની વૃત્તિઓ અધમ થાય છે તેમ તેની સાથે દેશની બૂમિ પણ બેડોળ બનવા માંડે છે. મધુરી પર્ણકુટીઓ અને નાનાં સાદાં ઘરોને બદલે સીધા, ઊભા કે તીરકસ લીટીઓના ખુણા પડેલા સફેદ બાઘડા જેવા મહેલો ઊભા થાય છે અને ધુમાડો કાઢતી મીલોની કદરૂપી 'ચીમનીઓ' બંધાય છે. પૂર્વની પ્રજાએ ઘણા જ બળપૂર્વક આ જડવાદ સામે ઝૂઝવું જોઈશે.

હવે પેકિંગ જવાની તૈયારીઓ થઈ રહી. ૨૩મી એપ્રિલની ઘેરાતી સાંજે પેકિંગનું દર્શન થયું. સત્કાર સમિતિના સભ્યો, મિત્રો અને મળવાને આતુર સજ્જનોનાં ટોળાંથી સ્ટેશન ભરચક હતું. અહીંના કેટલાંક પારસી અને સીંધી વેપારીઓએ કવિવરને ફૂલમાળા પહેરાવી અને ચીની લોકોનાં ટોળાંઓએ આનંદનો કોલાહલ મચાવી ફટાકડા ફોડ્યાં!

પેકિંગ ઘણું પુરાતન શહેર છે. કવિવરની મંડળીએ ખુબ ફરીને આખું શહેર જોઈ લીધું. ત્યાં તેમણે ખગોળશાસ્ત્રીઓના કામનું એક અદ્ભૂત યંત્ર જોયું.

અહીં તેમને ઘણા વિદ્વાનો સાથે મેળાપ થયો હતો. તેમાંના મુખ્ય લીઆંગ શુ મીન, શેન્ગ શીઆઓ શી, બૅરન હોલસ્ટીન, પ્રો. વિલહેલ્મ અને મિ. જૉન્સ્ટન હતા. લીઆંગ શુ મીન માત્ર ચીનની ભાષા જાણે છે અને હીંદમાં આવશે એવી આશા છે. તેમણે કહ્યું હતું કે બૌદ્ધ સમયનાં આશરે સીત્તેર હજાર પુસ્તકો ચીનમાં હયાત છે. તે પુસ્તકો બૌદ્ધ ધર્મના નથી પણ હીંદની સ્થિતિ વિશે છે. વળી તેમણે કહ્યું કે ભરતખંડમાં ચોવીસ મોટા ઋષિઓ થઈ ગયા છે, જેમનો ચીન ઉપર ઘણો પ્રભાવ પડ્યો છે અને લગભગ ર૦૦ ચીનીઓ ભરતખંડની યાત્રા કરી ગયા છે તથા સાથે યાદગીરીની ઘણી વસ્તુઓ લઈ ગયા છે. મિ. જૉન્સ્ટનનો મુખ્ય વિષય જ બૌદ્ધ ધર્મ છે. તેઓ ચીનના પાદશાહના શિક્ષક પણ છે.

(પોષ, સં. ૧૯૮૧, વર્ષ ૨, સળંગ અંક ૧૩માંથી)



(આસો, સં. ૧૯૮૦, વર્ષ ૧, સળંગ અંક ૧૦માંથી)

અડકો દડકો

તારાવૃક્ષ

સોમાકાકાને એક દીકરો ને એક દીકરી. જન્માષ્ટમીએ જન્મેલા દીકરાનું નામ પાડ્યું કનૈયો ને ચમકતી મીઠી આંખોવાળી દીકરીનું નામ ફોઈએ પાડ્યું તારા. કનૈયો મોટો ને તારા નાની. પણ બેઉ તોફાને ચઢે ત્યારે કોણ મોટું ને કોણ નાનું કહેવું મુશ્કેલ પડે! કનૈયો જે કરે તે બધું તારાએ કરવા જોઈએ. કનૈયાને ચિત્રો દોરવાં ગમે. તેને ખેતરમાં રમવું ગમે. ગિલ્લી-દંડા રમવામાં તો તે એક્કો. તારાય તેનું જોઈ ચિત્રો ચીતરવા બેસી જાય પણ તેને સરખું ફાવે નહીં. દફતરમાંથી નોટ કાઢે ને એના કાગળમાં પોતાને આવડે તેવું ચિતરામણ કરે. સરખું ચિતરાય નહીં એટલે ખિજાય. કાગળ ફાડે, ડૂચો કરી ફેંકે ખૂણામાં. રોજ સવારે જ્યારે રેખાબહેન કચરો-પૂંજો કરે ત્યારે કાગળના ડૂચાનો ઢગલો તેના ઓરડામાંથી નીકળે. મા ઘણુંય લઢે, 'અલી તારા, કાગળ શું મફતમાં આવે છે તે આમ બગાડે છે? કાગળમાં તો વિદ્યાદેવી વસેલાં હોય છે. એને આમ વેડફાય?' રેખાબહેન આવું કહે કે તારા તરત સામું કહે, 'બા! મને લઢ-લઢ કરે છે તો કનૈયાને વઢને! એ ય કાગળનાં તીર બનાવે છે ને જ્યાં ત્યાં ફેંકે છે! એ ય કાગળ બગાડે જ છે ને!' બિચારી મા! કોને કહે? તેને થાય : 'આ છોકરાંઓને નોટો આપીએ છીએ તો આવું કરે છે! ને એમને ભણાવવાનાં તો છે જ. એટલે નોટો તો આપવી જ પડે. બાકી અમેય નાનાં હતાં. અમેય થોડું લખતાં-વાંચતાં. પણ આવી નોટો નહીં. ભલી અમારી પાટી ને ભલી અમારી પેન. લખો ને ભૂંસો. પાછું લખો. પણ હવે તો બસ નોટો ને નોટો જ. ને તેમાંય પાછો આવો બગાડ!' આમ તે બહુ જીવ બાળે. પણ તારા ને કનૈયો તો બસ, પોતાનામાં જ મસ્ત! બા બોલ્યાં કરે ને છોકરાંઓ એમની રીતે કાગળ બગાડ્યાં કરે!

તારાને તો ખેતરમાં બેસવુંય ખૂબ ગમે. ને તેમાંય પેલા ઘટાદાર વડલા નીચે બેસી લેસન કરવામાં તો તેને ખૂબ મજા આવે. જો તારા ઘરમાં ન હોય તો ત્યાં જ હોય! તેમાં ય સાંજ પડ્યે પંખીઓના પાછા આવવા ટાણે તો તે ત્યાં પહોંચી જ હોય! વળી સોમાકાકાએ ખેતરના શેઢે શેઢે ને વાડ પાસે ખાસ્સું ઘાસ ઉગાડેલું. આવતાંજતાં ગાય-ભેંસ ત્યાં ઊભાં રહે. ઘાસ ખાય ને ખેતરને છેડે આવેલા કૂવાના હવાડે પાણી પીએ ને ડોકે બાંધેલી ઘંટડી ટનનન ટનનન રણકાવતાં જાય. તારાને તે સાંભળવું ય ખૂબ ગમે. ગામમાં બીજાંય ખેતર તો ઘણાંય, પણ એમાં સોઈ તો સોમાકાકાએ જ કરેલી. મૂંગા જીવ ખાય-પીએ ને એમની આંતરડી ઠરે તો આપણે સુખી થઈએ! આ જ એમની ભાવના. આથી ગામનાં ઘણાંય પશુઓ ત્યાં આવે. ખાય-પીએ ને જાય. તારાની સાંજ લગભગ ખેતરમાં જ વીતે.

એક દિવસની વાત છે. સાંજનો સમય હતો. તારા વડલાના થડે અઢેલીને બેઠી હતી. હાથમાં ચિત્રકામની ચોપડી હતી. તેણે નાનકડું જંગલ દોર્યું. એમાં જ એક ઘટાદાર ઝાડ પણ દોર્યું. ચિતરેલા ઝાડના થડ પર લખ્યું, 'તારાવૃક્ષ'. આ તારાવૃક્ષનાં પાંદડાંનાં ઘટાટોપની બે બાજુએ કાનનો આકાર કર્યો. વચ્ચે આંખ-નાક ને મોં દોર્યું. જાણે કે ઝાડ પર જ પોતાનો ચહેરો દોરી દીધો ને આમ ચિત્ર દોરતાં-દોરતાં હાથમાં પેન રહી ગઈ ને તારા તો ઘસઘસાટ ઊંઘી ગઈ. ઊંઘમાં તેને આવ્યું એક સ્વપ્ન. ને સપનામાં તે પોતે જ ઝાડ થઈ ગઈ!

કેવું ઘટાદાર ઝાડ! આ ઝાડની ડાળેડાળે પંખીઓ! એણે જોયું તો આસપાસ પણ કેટલાં બધાં ઝાડ! અ...ધ...ધ...ધ...! કેટલાં બધાં ફૂલ! ચારેય બાજુ અસંખ્ય પશુઓ મોજમાં ફરતાં ને ચરતાં હતાં! તે તો ખુશ ખુશ થઈ ગઈ. પંખીઓ તો મસ્તીમાં કેવો કલરવ કરે છે! ને ઝાડની છાયામાં બાળકોય કેવાં કલ્લોલ કરતાં રમે છે! તેનેય આનંદ આનંદ થઈ ગયો!

એમ ને એમ કેટલોય સમય પસાર થઈ ગયો. તારાવૃક્ષ ખૂબ ખુશ હતું! પણ એક દિવસ એવું થયું કે તેની આ ખુશાલી ખલાસ થઈ ગઈ! થોડા માણસો કરવત-કુહાડી લઈને તારાવૃક્ષ નીચે આવ્યા. તેઓ અંદરો-અંદર વાતો કરતા હતા. તારાવૃક્ષના કાન સળવળ્યા. એક જણ બોલતું હતું : 'લો, હવે ઝાડ-પાન માટે આપણે આગળ જવું નહીં પડે! અહીં તો નર્યું લીલું છમ છે. અહીંનાં આ ઝાડપાન કાપીએ તો આપણું ઘણું કામ થઈ જશે. કાગળ બનાવવા માટેનું પોચું લાકડું તો આ મોટા ઝાડમાંથી જ મળી રહેશે!'

તારાવૃક્ષે આ સાંભળ્યું. શું? આ લોકો ઝાડ કાપવા આવ્યા છે! જો તેઓ ધીમે ધીમે બધાં ઝાડ કાપી નાખે તો આ પ્રદેશ તો સાવ ઉજ્જડ જ થઈ જાય ને! આ વિચારે તારાવૃક્ષનું હૈયું ભરાઈ આવ્યું. તેની આંખો ભીની થઈ ગઈ. પણ તેને સમજાયું નહીં કે કાગળ માટે ઝાડ કેમ કાપવાં પડે! ત્યાં તો

એક ઉપરી-અધિકારીએ એક માણસને કહ્યું : 'ચાલો, કામે લાગી જાઓ.'

પણ જેના હાથમાં કુહાડી હતી તે માણસ બોલ્યો : 'અરે સાહેબ! આવાં લીલાંછમ ઝાડનો નાશ કરતાં મારો જીવ નથી ચાલતો,' કહી તેણે કુહાડી બાજુએ મૂકી દીધી. 'તે એમ કુહાડી મૂક્યે કેમ ચાલશે? કાગળની ફેક્ટરીમાં નોકરી કરવી ને ઝાડ ના કાપવાં એ તે કેમ ચાલે? તમારે કુહાડી ચલાવવી જ પડશે!' અધિકારીએ કહ્યું. 'પણ સાહેબ! મને એ નથી સમજાતું કે લોકો આટલો બધો કાગળ શામાં વાપરે છે! શું લોકો ઊધઈની જેમ કાગળ ખાય છે!' તેણે પૂછ્યું.

'ના, લોકો કાગળ ખાતા નથી. ભણવા-લખવામાં તે વાપરે છે.' અધિકારીએ સમજ પાડી.

'તે એમાં આટલા બધા કાગળ જોઈએ?' તેણે પૂછ્યું.

'ના, માત્ર ભણવા માટે જ વાપરતા હોય તો આટલા બધા કાગળ ન જોઈએ. પણ એ સિવાય પણ ઘણો કાગળ વપરાય છે ને તેનાથી વધારે તો વેડફાય છે. બિનજરૂરી જાહેરાતોમાં ટનબંધ કાગળ વપરાય ને બગડે. જ્યાં એક કાગળથી કામ ચાલતું હોય ત્યાં લોકો ચાર કાગળ બગાડે. વળી, જાતજાતનાં છાપાં ને ચોપાનિયાં નીકળે. કાગળની ડિશોમાં કાગળ વપરાય ને ભેટ-સોગાદોમાં રંગીન કાગળનો ઉપયોગ થાય. હવે, આમ પહાડી રીતે કાગળ વપરાય છે ને તેનાથીયે વધારે વેડફાય છે તેથી કાગળની માંગ વધતી જ જાય છે ને કાગળ બનાવવા પોચાં ઝાડ કાપવાં જ પડે.' અધિકારીએ શાંતિથી બધું સમજાવ્યું.

'તે સાહેબ, લોકો આમ કાગળ માગ્યે જ રાખે, વેડફ્યે જ રાખે એટલે આપણે તો આ ઝાડ-પાન કાપ્યે જ રાખવાનાં ને!' બીજા એક માણસે સાહેબને પૂછ્યું.

'હાસ્તો. કાગળ બનાવવા જે માવો બનાવવાનો હોય તે માટે જે જોઈએ તે આ ઝાડ-પાન કાપવાં જ પડે.' અધિકારીએ કહ્યું.

'તો... તો... સાહેબ, એમ ઝાડ-પાન કપાતાં જ જશે તો... તો... થોડા વખત પછી ઝાડ જોવાય નહીં મળે ને વળી ઝાડ નહીં હોય તો વરસાદ ઓછો થતો જશે. ને એક દિવસ એવો આવશે કે આ લીલોછમ પ્રદેશ રણ જેવો વેરાન બની જશે.' પેલા કુહાડીવાળા માણસે કહ્યું.

આ સાંભળી તારાવૃક્ષનાં જાણે બધાંય પાંદડાં ખરી પડ્યાં. એ રડવા માંડ્યું.

ત્યાં જ એક જણે કહ્યું : 'જુઓ... આ પણે કેટલા બધા કાગળના ડૂચા પડ્યા છે! ને ત્યાં તો જુઓ... કાગળના કટકા વંટોળિયામાં કેવા ઊડે છે! કેટલો બધો બગાડ! ભાઈ, ભણવા માટે લોકો કાગળ વાપરે તો તો સારું, પણ આ આવો બગાડ અટકે ને તોય અડધાં વૃક્ષો-અડધાં ઝાડપાન બચી જાય. વનસ્પતિનો આટલો બધો નાશ ન કરવો પડે. ને તો પશુઓ નિરાંતે ચરી શકે. પંખીઓ કલરવ કરતાં રહે! સૌને છાંયડો મળી રહે! વરસાદેય આવતો રહે! ને તો ધાનથી ખેતરોય લહેરાતાં રહે!... પણ ખાટલે મોટી છે ખોટ. લોકો આ બધું સમજે છે પણ ક્યાં?' એક માણસે કહ્યું.

તારાવૃક્ષે આ બધું સાંભળ્યું. તેને થયું : હા... વાત તો એકદમ સાચી છે. લોકોને આ વાત સમજાવવી જોઈએ પણ હું તો ઝાડ છું. એક જ જગ્યાએ ઊભું રહેનારું! હું શી રીતે લોકોને આ વાત કરી શકીશ? હા.. હું... આ ચકલીને કહું તો એ ઘેર-ઘેર જઈ મારી વાત કરશે... હું પેલી ચરતી ગાયને, ભેંસને વાત કરીશ. અરે! હું અહીં રમતાં બાળકોને આ વાત સમજાવીશ... હા... આ બાળકો સમજશે તો સૌને એ સમજાવશે.' તારાવૃક્ષને આવો વિચાર આવતાં જ હાશ થઈ.

ત્યાં તો એક માણસ તારાવૃક્ષ પાસે કુહાડી લઈને આવ્યો ને બોલ્યો : 'અરે ભાઈઓ! ચાલો, કામે લાગી જાઓ. આ મોટા ઝાડથી શરૂઆત કરો. સમય ના બગાડો.' ને એક માણસ કુહાડી લઈ તારાવૃક્ષ પાસે આવ્યો ને જેવી તેણે કુહાડી ઉઠાવી કે તારા ચીસ પાડી ઊઠી : 'ના... ના... મને કાપો નહીં. હું કાગળ નહીં બગાડું.' ને તે સફાળી બેઠી થઈ ગઈ.

તેની ચીસ સાંભળી ઘરમાંથી બા-બાપુજી દોડી આવ્યાં. કનૈયો ય દોડતો આવ્યો ને તારા સામું જોઈ કહે : 'લે, હવે આ એક કાગળનું તીર વાગ્યું તેમાં તો કેવી ચીસાચીસ કરે છે! સાવ બીકણ!' કનૈયાએ ફેંકેલું તીર તારાના કપાળે લાગ્યું હતું ને બાજુમાં પડ્યું હતું. તારાએ ચારે બાજુ જોયું. તેનાં બા તેના માથે હાથ ફેરવી રહ્યાં હતાં. તેના બાપુ તેને માટે પાણી લઈ આવ્યા. બા કહેતાં હતાં : 'બેટા તારા! આમ, આટલું તીર વાગે તેમાં આવું ડરવાનું? મજબૂત થા. કે પછી તને કોઈ બિહામણું સપનું આવ્યું હતું?' તારાએ પાણી પીધું. તેને શાંતિ થઈ. તેણે ફરી ચારે બાજુએ જોયું. બધું જ બરાબર હતું. તે ખૂબ ખુશ થઈ. પછી સૌ ઘેર ગયાં.

એ પછી ક્યારેય એના ઓરડા-માંથી કાગળના ડૂચા તેની બાને મળ્યા નથી.

- *શ્રદ્ધા ત્રિવેદી*

કંકાવટી

'લિજ્જત પાપડ ગૃહઉદ્યોગ'નાં આદ્યસ્થાપક જશવંતીબહેન પોપટ

ઈ.સ. ૨૦૦૨ના વર્ષનો 'બિઝનેસ પર્સન ઑફ ધ ઈયર'નો ઍવૉર્ડ જેમને પ્રાપ્ત થયો છે તે શ્રીમતી જશવંતીબહેન પોપટે તા. ૧૫ માર્ચ ૧૯૫૯ના રોજ દક્ષિણ મુંબઈના ગિરગામ વિસ્તારની એક ચાલમાં રહેતી ગુજરાતી લોહાણા જ્ઞાતિની છ ગૃહિણીઓ સાથે મળીને 'શ્રી મહિલા ગૃહઉદ્યોગ લિજ્જત પાપડ' નામની સંસ્થાની સ્થાપના કરી હતી. રૂા. ૮૦ ઉધાર લઈને શરૂ કરેલો એ ઉદ્યમ એક દિવસ ભારતના ઈતિહાસમાં અનોખી ભાત પાડશે એવું એ સાતે સ્થાપક બહેનોમાંથી કોઈએ પણ સ્વપ્ને વિચાર્યું નહોતું. વટવૃક્ષસમી વિસ્તરેલી એ સંસ્થામાં આજે ૪૦૦૦ જેટલી મહિલાઓ કાર્યરત છે.



માત્ર મહિલાઓથી સંચાલિત થતી ભારતની આ પહેલી જ અને એકમાત્ર સંસ્થા છે. એમાં કોઈ પણ પુરુષ કામ કરી શકતો નથી. આ સંસ્થામાં શૈક્ષણિક યોગ્યતા કરતાં અનુભવને વધારે મહત્ત્વ આપવામાં આવે છે. દસ વર્ષની વયે વેલણ લઈને પાપડ વણવાનું કામ કરવા માટે દાખલ થયેલી શ્રીમતી જ્યોતિ નાયક આજે એ સંસ્થાના અધ્યક્ષપદે છે અને તેના ઉપાધ્યક્ષ પદે છે શ્રીમતી કમલ ઢાઢોર. પ્રસ્તુત સંસ્થાની સાત સ્થાપક સભ્ય સ્ત્રીઓ પૈકી પાંચનું દુઃખદ નિધન થવા પામ્યું છે. એક બહેને સ્વેચ્છાથી નિવૃત્તિ લઈ લીધી છે, એટલે સાત આદ્યસ્થાપિકાઓ પૈકી આજે ૭૨ વર્ષની વયનાં શ્રીમતી જશવંતીબહેન પોપટ સંસ્થા સાથે સક્રિય રીતે સંકળાયેલાં છે.

તેમણે ઉદ્યોગની સ્થાપના અંગે કહ્યું : 'પ્રભુની કૃપાથી લિજ્જત ઉદ્યોગ પરિવાર વિકાસ પામી રહ્યો છે, અમે સાત સહિયરો ચાલમાં રહેતી હતી. બધાનાં ઘર પાસે પાસે હતાં. ઘરમાં સવારથી જ પુરુષો નોકરી-ધંધે બહાર જતા રહે ને બાળકો ય ભણવા માટે સ્કૂલ-કૉલેજમાં ચાલ્યાં જાય. એટલે અમે બધી સહિયરોએ વિચાર્યું કે કંઈ ધંધો કરીએ. એમાંથી પાપડ બનાવવાનો નિર્ણય થયો. પહેલા દિવસે અમે સાત બહેનોએ ચાર પૅકેટ પાપડ બનાવ્યા ને તે બધા બજારમાં વેચી આવ્યા. આમ, અમારું કામ વધતું ગયું. સાત બહેનોમાંથી ૨૪ બહેનો ભેગી થઈ ગઈ. પાપડ બનાવવા માટે ઉદ્યમ કરનાર બહેનોની સંખ્યા પણ વધતી ચાલી. સમય જતાં અમારી સંસ્થાની પહેલી શાખા વડાલામાં સ્થપાઈ અને ત્યાર બાદ એક પછી એક અમારી શાખાઓ વધતી ગઈ. આજે અમારી સંસ્થાની ૬૨ શાખાઓ ને ૪૦ વિભાગો દેશના જુદા જુદા ભાગોમાં પથરાયેલાં છે ને કાર્યરત છે.'

'આ પાપડનો ઉદ્યોગ વિકાસ પામતો ગયો એટલે એને કોઈ નામ આપવાની જરૂર ઊભી થઈ. એ માટે અમે બોલાવેલી સંસ્થાની મીટિંગમાં એક બહેને 'લિજ્જત' નામ રાખવાનું સૂચન કરતાં કહ્યું, 'લિજ્જત નામ રાખીએ તો ઈજ્જત આપણી વધશે.' આ નામ બધાને પસંદ પડવાથી અમે તે 'લિજ્જત પાપડ ગૃહઉદ્યોગ'નામ અમારી સંસ્થાના પાપડ ઉદ્યોગને આપ્યું. એ પછી રજિસ્ટ્રેશન અને બૉમ્બે પબ્લિક ટ્રસ્ટ અન્વયે એ સંસ્થાને નોંધાવવામાં આવી અને ખાદી ગ્રામોદ્યોગ આયોગે પણ એને માન્યતા આપી.

મારો તો બધી બહેનોને સંદેશો છે કે લિજ્જત પાપડ ઉદ્યોગસંસ્થામાં આવો ને ઈજ્જત વધારો. અમારી સંસ્થા એક પ્રેમાળ પરિવારસમી સુમેળથી કામ કરે છે. એ એક મંદિર છે ને એમાં બધાનું સ્વાગત કરવા અમે ઉત્સુક છીએ.'

- ધર્મેન્દ્ર માસ્તર 'મધુરમ'

હોઠની સુંદરતા અને લિપસ્ટિક

લિપસ્ટિક લગાવતી વખતે આ મુજબ ધ્યાન રાખશો : સૌપ્રથમ લીપ પેન્સિલથી હોઠને આઉટલાઈન આપી દો. આ લીપ પેન્સિલનો રંગ તમારી લિપસ્ટિક કરતાં સહેજ ઘેરો હોવો જોઈએ. પછી આઉટલાઈનની અંદરના ભાગમાં લીપ બ્રશ વડે લિપસ્ટિક લગાવવી. બ્રશ વડે જ લિપસ્ટિકના રંગને પેન્સિલ લાઈન સાથે ભેળવી દો. જો તમે તમારી લિપસ્ટિકનો શેડ આછો કરવા ઇચ્છતાં હો તો પ્રથમ ગ્લૉસ લગાવી પછી લિપસ્ટિક લગાવો.

હોઠ સુંદર દેખાય તે માટે • લિપસ્ટિક કરતાં પહેલાં હોઠ પર વારંવાર જીભ ન ફેરવો. • એક વાર લિપસ્ટિક લગાવેલી હોય તો એની ઉપર નવેસરથી લિપસ્ટિક ના કરશો. • એક વાર લિપસ્ટિક લગાવ્યા બાદ બંને હોઠ ભેગા કરીને લિપસ્ટિક ફેલાવવાનો પ્રયાસ ન કરશો. • ખૂબ જ ઘેરી લિપસ્ટિકથી ચહેરો ઢંકાઈ જશે. હોઠ અને આંખો નાની લાગશે. • લીપ લાઈન દોરતી વખતે ઉપરના હોઠ પર ઘેરી રેખા દોરવી જેથી હોઠનો શેષ ભાગ બહાર તરી આવે. નીચેના હોઠ પર આછી રેખા દોરવી. *- 'સ્ત્રી'માંથી*

• માસિક સમયે વધારે રક્તસ્રાવ થતો હોય અને ચક્કર આવતા હોય તો તુલસીના રસને મધમાં મેળવીને પીવાથી ફાયદો થાય છે.

• આમળાનો રસ મધ સાથે લેવાથી સ્ત્રીઓને યોનિદાહ મટે છે.

——કલાસ્મૃતિ——

પંડિત જશરાજજી

લોકસંગીત, સુગમસંગીત, શાસ્ત્રીય-સંગીત એ ભારતનો પરંપરાગત વારસો છે. હજારો વર્ષોથી આ લોકપ્રિય સંગીત-શૈલીઓમાં અવનવા પ્રયોગો થતા આવ્યા છે. પ્રખ્યાત ગાયકો, વાદકોએ તેમજ સંગીતવિદોએ આપણી આ સંગીત-વિદ્યાને દેશ-પરદેશમાં લોકપ્રિય બનાવી છે અને વર્ષોથી સંગીતપ્રિય ચાહકોને ઘેલા કરી રહી છે.



આ બધા સંગીતકારોમાં લોકપ્રિય સંગીતકાર શ્રી જશરાજજીનું નામ ખૂબ જ આદરથી લેવાય છે. પંડિતજી પોતાના જીવનકાળ દરમિયાન ઘણા બધા અનુભવોમાંથી પસાર થયા છે. તેઓ માને છે કે, અનુભવો તેમજ સંઘર્ષથી કલાકારનું સાચું ઘડતર અને સ્વરૂપ પ્રગટ થતું હોય છે. પંડિત જશરાજના પિતા, પંડિત મોતીરામ પ્રખ્યાત મેવાતી ઘરાનાના ગાયક અને પ્રચારક હતા. તેઓ વર્ષો પહેલાં પોતાનું વતન રાજસ્થાન છોડીને, કલાના વિકાસ માટે હૈદરાબાદ સ્થાઈ થયા હતા. સારો રાજ્યાશ્રય અને સન્માન પામ્યા હતા. જશરાજ માત્ર ત્રણ વર્ષના હતા ત્યારે તેમના પિતાનો સ્વર્ગવાસ થયો. તેમના મોટાભાઈ મણિરામે પંડીતજી માટે શાળાકીય અભ્યાસની વ્યવસ્થા ગોઠવી. પણ યુવાન જશરાજને શાળાના ઓરડાની ચાર દીવાલો કરતાં બહારના મુક્ત વાતાવરણમાં વધારે રસ પડતો. તેઓના ઘરની પાસે એક ચ્હા-પાણીવાળાનો સ્ટોલ-હૉટલ જેવું હતું. અહીં સવારથી સાંજ રસિક હૉટલ-માલિક, ગાયિકા બેગમ અખ્તરની રેકોર્ડ ગ્રામોફોન પર વગાડ્યા કરે. પંડિત જશરાજ દિવસભર અહીં ઊભા રહીને સંગીત સાંભળે. તેમાં પણ 'દીવાના બનાના હૈ તો દીવાના બના દે' ગઝલ ઉપર તો તેઓ ફિદા થઈ જતા. પંડિતજી આજે પણ કહે છે કે કલાકારને પોતાની કલાની મસ્તીમાં દીવાના બની જવું પડે, તો કદાચ તે શ્રોતાગણને દીવાના બનાવી શકે અને દરેક મુખમાંથી 'વાહ' દાદ સરી પડે.

યુવાન જશરાજજીનો સંગીત પ્રત્યેનો પ્રેમ જોઈને તેમના ભાઈ પંડિત પ્રતાપ નારાયણે તેમને તબલા-વાદનનું શિક્ષણ આપ્યું. સારો રિયાઝ કરીને જશરાજ તેમના ભાઈઓના સંગીત કાર્યક્રમમાં તબલાની સંગત કરવાની કક્ષા સુધી પહોંચ્યા. ત્યાં સુધી કે તેમને વૈયક્તિક તબલાવાદન તેમજ સંગત માટે નિમંત્રણો મળવા લાગ્યાં. તબલાવાદક તરીકે સંગત આપતા એક કાર્યક્રમમાં - કોઈ એક ગાયકની ગાયકીમાં નાની શી શાસ્ત્રીય ભૂલ જણાતાં, જશરાજજીથી સૂચન થઈ ગયું અને ગાયકે જશરાજજીને ટપાર્યા કે 'તુમ્હારા કામ ચમડા બઝાના હૈ, વો હી કરો. ગાના તુમ્હારા કામ નહીં.' બસ! પંડિતજીને ચોંટ લાગી ગઈ. પ્રવાહ બદલાઈ ગયો. આ સમય દરમિયાન હૈદરાબાદમાં કોમી તોફાનો થયાં. પંડિતજીને સપરિવાર હૈદ્રાબાદ છોડીને અમદાવાદ આવવાનું થયું. ૧૪ વર્ષના જશરાજ અને તેમના પરિવારને, તે સમયના સાણંદના ઠાકોર બાપુએ આશ્રય આપ્યો અને નાના રાજ્યના પ્રમુખ સંગીતકાર તરીકેનો દરજ્જો આપ્યો. પરિવારના જીવનનિર્વાહનું એકમાત્ર સાધન તેમના ભાઈ પંડિત મણિરામનો સ્વર-અવાજ બેસી ગયો. ગાવું મુશ્કેલ થવા માંડ્યું. દવા-સેવા કારગત ના નીવડી શકી. આ બધું જોઈ-જાણીને સાણંદ બાપુએ પંડિત મણિરામને થોડાક સમય માટે પોતાની કુળદેવી માતાના મંદિરમાં ભજનો ગાવાનો આગ્રહ કર્યો. સાણંદ બાપુના સાન્નિધ્યમાં, જશરાજજીની તબલાસંગતમાં, મણિરામજી માતાની ભક્તિનાં પદો ગાતાં. શ્રદ્ધામાં અપાર શક્તિ છે. ચમત્કાર થયો. શક્તિની કૃપાથી પંડિત મણિરામનો સ્વર સુધર્યો તેમજ વધારે સારા અવાજ સાથે પ્રકટ થવા માંડ્યો. જશરાજજી કહે છે કે આ પ્રસંગથી મારામાં દૈવી શક્તિના વિશ્વાસનાં બીજ વવાણાં હશે. આ સમય દરમિયાન દેશનાં અન્ય રાજ્યોની સાથે સાણંદનું રાજ્ય પણ વિલય પામ્યું. એટલે જશરાજીનું સમગ્ર કુટુંબ, જીવનાશ્રયની શોધમાં બંગાળના રાજ્ય કલકત્તામાં આવ્યું. જાણે કે મા કાલિકાને શરણે આવ્યા. કલકત્તામાં બધા જ પ્રકારના કલાકારોને, સંઘર્ષ સાથે પોતાના વિશ્વાસમાં અડગ રહીને આગળ વધતા જોઈ પંડિત જશરાજમાં પણ વિશ્વાસ પેદા થયો અને રિયાઝ ચાલુ રાખ્યો. ક્યારેક ચાર દિવસના ફરજિયાત ઉપવાસ પણ થતા. એક દિવસે પંડિત જશરાજજીનો ઑલ-ઈન્ડિયા રેડીઓ ઉપર કાર્યક્રમ હતો અને તેમનાં માતુશ્રીનું અવસાન થયું. પોતાના પુત્રનો પ્રથમ કાર્યક્રમ પણ તેઓ સાંભળી ન શક્યાં. આવા આઘાતો સહન કરતાં જશરાજજીએ પોતાની સંગીતયાત્રા ચાલુ રાખી.

જશરાજજીના નિયમિત કાર્યક્રમો ઑલ-ઈન્ડિયા રેડીઓ ઉપર ચાલુ થયા. તેમની કીર્તિની શરૂઆત થઈ. કાર્યક્રમો દરમિયાન તેઓ જાણીતા ફિલ્મનિર્માતા, વ્હી. શાંતારામની પુત્રી મધુરાના પરિચયમાં આવ્યા. બંને લગ્નગ્રંથિથી જોડાયાં. જશરાજજીને તેમનાં પત્ની તરફથી ઘણું જ પ્રોત્સાહન મળતું રહ્યું અને ધીરે ધીરે પંડિતજીનું નામ થતું ગયું. પુરસ્કારો, ઍવૉર્ડ, કાર્યક્રમોનાં નિમંત્રણો વગેરેની વર્ષા થવા લાગી. સખત પરિશ્રમનાં ફળ મળવા માંડ્યાં. છતાં પંડિતજી એ પોતાની મહેનત અને રિયાઝ અકબંધ રાખ્યાં.

(અનુસંધાન પૃ. ૫૨ પર)

કલાવાર્તા

વિશ્વના મહાન ચિત્રકારો-૧૨
વેલેસ્ક્વીઝ



વેલેસ્ક્વીઝનું સ્થાન સત્તરમી સદીના સ્પેનના પ્રતિભાવંત કલાકાર તરીકે છે. એ સમય એટલે યુરોપની કળાના ઇતિહાસમાં 'બારોક-કાળ' ગણાય. બારોક એટલે કળામાં વિગતોની અતિશયતા.

વેલેસ્ક્વીઝ રાજા ફિલિપ ચોથાનો માનીતો ચિત્રકાર હતો. એ ઈશ્વરદત્ત શક્તિવાળો હતો. તેણે પહેલી વીસીમાં જ ઉત્તમકોટીનાં ચિત્રો સર્જ્યાં. ૨૪ વર્ષની ઉંમરે એ ફિલિપ ચોથાનો દરબારી ચિત્રકાર તરીકે ૨૦ ડ્યુકેટના દરમાયા સાથે નિયુક્ત થયો. રાજા તેનાથી એટલો તો અભિભૂત હતો કે તેણે તેના આવાસમાંથી ચિત્રકારના ચિત્રખંડમાં જવાનો રસ્તો રાખેલો. ત્યાં જવા માટે રાજા તેની ચાવી પોતાની પાસે રાખતો. દિવસમાં એકાદ વખત એ જતો. એ ક્યારેક સિટિંગ આપી પોર્ટ્રેટ કરાવતો. રાજા ફિલિપ વેલેસ્ક્વીઝથી ૬ વર્ષ નાનો હતો. વેલેસ્ક્વીઝને તે નોકર ન ગણતાં મિત્ર ગણતો. યુરોપના ચિત્રકારોમાં આજે તેનું નામ છે. પરંતુ તે સમયે સ્પેનની બહાર તેને કોઈ ઓળખતું નહિ.

તેનું આખું નામ ડીઆગો રડરીઝ વેલેસ્ક્વીઝ હતું. તેના પિતાનું નામ જુઆન રોડરીઝ સીલ્વા હતું. તે ધારાશાસ્ત્રી હતો. માતાનું નામ જેરોનિમા વેલેસ્ક્વીઝ હતું. તે સેવિલની જ વતની હતી. સેવિલ વેલેસ્ક્વીઝનું જન્મ સ્થળ. તે શહેર ઝાકમઝોળ હતું. તે ધીકતું બંદર હતું અને સંસ્કૃતિના કેન્દ્ર તરીકે જાણીતું હતું.

વેલેસ્ક્વીઝ સુખી કુટુંબમાં જન્મ્યો અને ધનિક શહેરમાં ઊછર્યો. તે ભણવામાં દરેક વિષયમાં મોખરે હતો. પિતાએ જોયું કે પુત્રમાં કલાની સૂઝ અને રસ સવિશેષ હતાં, એટલે તેને પ્રથમ હેરરાની ચિત્રશાળામાં મૂક્યો. તેના સ્વભાવને હિસાબે તે અનુકૂળ ન આવતાં તેને છોડી દીધી. હવે એના પિતાએ પુત્રની ૧૨ વર્ષની ઉંમરે છ વર્ષના કૉન્ટ્રૅક્ટથી એપ્રેન્ટીસ તરીકે એને ૧૬૪૪માં ફ્રાન્સેસ્કો પોચેકો પાસે મૂક્યો.

પોચેકો બહુ મોટો ચિત્રકાર ન હતો, પરંતુ સંસ્કારી માણસ હતો. તેને ઘેર અનેક ચિત્રકારોનો મેળો જામતો. વિદ્વાનો પણ આવતા. એ નવા વિચારોને આવકારતો. તે જમાનામાં શિલ્પી માર્તિનેઝ મોન્તાનેઝનું તેણે નૅચરાલિસ્ટિક શૈલીમાં સુંદર પોર્ટ્રેટ કર્યું છે. તેણે વેલેસ્ક્વીઝની એક કૃતિની અનુકૃતિ કરેલી. ૧૮ વર્ષની વયે ડીઆગોએ તેની એપ્રેન્ટીસશિપ પૂરી કરી. હવે તેને ગુરુએ ધાર્મિક ચિત્રો માટે માસ્ટર પેઈન્ટર જાહેર કર્યો.

ગુરુ પોચેકો શિષ્ય પર ફિદા હતો. તેની કલાકાર તરીકેની શક્તિથી પ્રભાવિત થઈ તેની પુત્રી જુઆનાને તેની સાથે પરણાવી. જુઆના ત્યારે ૧૬ વર્ષની અને વેલેસ્ક્વીઝ ૧૯ વર્ષનો હતો. 'એડોરેશન ઑફ દ માગી' ચિત્રમાં ડીઆગોએ જુઆનને મોડેલ તરીકે લીધી છે. તેવી જ રીતે 'ઈમેક્યુલેટ કૉન્સેપ્સન' ચિત્રમાં પણ તે જ મોડેલ છે.

શિક્ષણકાર્ય પૂરું થતાં ૧૬૨૦ના અરસામાં ડીઆગોએ પોતાનો સ્વતંત્ર સ્ટૂડિઓ કર્યો. બે વર્ષ પછી એ સ્પેનના મુખ્ય શહેર મૅડ્રિડ ગયો. તેને શાહી કલાસંગ્રહ જોવો હતો અને રાજાનું પોર્ટ્રેટ કરવું હતું. રાજા ફિલિપ ચોથાનું પોર્ટ્રેટ તો ન થયું, પરંતુ ખૂબ જાણીતા કવિ લૂઈ દ ગોગોરાનું પોર્ટ્રેટ એણે કર્યું, જેની કીર્તિ



દયાહીન રાજપુરુષ ગેસ્પર દ ગુઝમાન

રાજા સુધી પહોંચી. દરબારી જુઆન દ ફ્રાન્સિસ્કો અને ડ્યૂક ઑફ ઓલિવર્સ જેવા ઉમરાઓનો પરિચય થયો. બીજે વર્ષે એને ફ્રાન્સીસ્કોનો પત્ર મળ્યો અને ડ્યૂક ઑફ ઓલિવર્સે તેને વાટખર્ચ આપી તેડાવ્યો. મૅડ્રિડ જઈ વેલેસ્ક્વીઝે ફ્રાન્સિસ્કોનું પોર્ટ્રેટ કર્યું અને તે રાજાને બતાવ્યું. રાજા એનાથી પ્રભાવિત થયો.

વેલેસ્ક્વીઝ હવે રાજ્યનો ચિત્રકાર થયો. રાજાનો તે એટલો માનીતો થયો કે રાજા બીજા કોઈ ચિત્રકાર પાસે તેની છબી ચિતરાવતો નહિ. આ બાબતની બીજા ચિત્રકારોને ઈર્ષા થઈ. તેમણે કહ્યું કે વેલેસ્ક્વીઝ માત્ર માથું ચીતરવામાં જ ઉસ્તાદ છે. આ



કાષ્ઠનું તેજસ્વી વ્યક્તિત્વ



અંતિમ યાત્રા

સાંભળી રાજાએ **'The Explusion of Moriscos'** વિષય પર સ્પર્ધા ગોઠવી જેમાં પૂરા કદનાં અનેક પાત્રો હતાં. હરીફાઈમાં વેલેસ્કવીઝ અને બીજા ત્રણ ચિત્રકારો હતા. આ હરીફાઈમાં વેલેસ્કવીઝ જીત્યો અને તેની કાયમની પ્રતિષ્ઠા બંધાઈ.

આ પછી તેણે 'દ સરંડર ઑફ બ્રેડા'નું ચિત્ર કર્યું. જેમાં યુદ્ધમાં જીતની વાત છે. તેના ઈટલીના કલાપ્રવાસ દરમિયાન વેલેસ્કવીઝને સ્પેનિશ જનરલ માર્ક્સ સ્પીનોલા મળેલો. એના વ્યક્તિત્વથી વેલેસ્કવીઝ પ્રભાવિત થયેલો. માત્ર સ્મરણને આધારે આ જનરલ સ્પીનોલાનું પાત્ર એણે ચીતર્યું. પરાજિત ગવર્નર પાસેથી શરણાગતિના પ્રતીક રૂપે તે બ્રેડાની ગઢની ચાવી સ્વીકારે છે. આ ચિત્રમાં અનેક પાત્રો છે. સંયોજનની દૃષ્ટિએ આ ચિત્ર ભવ્ય છે. તેની આ અનેક પાત્રોવાળી ઉત્કૃષ્ટ કૃતિ છે.

રાજાએ ચીતરવા ઉપરાંત બીજી ફરજો પણ આ કલાકારને સોંપી હતી. રાજ્ય પરિવારનાં અને ક્યારેક મહેમાનોનાં ચિત્રો એણે કર્યાં છે. અપૂરતાં વેતન છતાં એ એની ફરજો બજાવવામાં કદી કચાશ રાખતો નહિ. અનેક રાજકારણીઓના પરિચય છતાં એ ક્યાંય કાવાદાવામાં પડ્યો નથી. રંગ અને તેજછાયાની માવજતમાં તે તેના યુગથી બે સદી આગળ હતો. ઈમ્પ્રેશનિસ્ટ માને તેને માનની નજરથી જોતો અને પીકાસોએ તો તેના 'ધ યંગ ઈન્ફન્ટા' રાજકુમારીના વૃંદચિત્ર પરથી બીજાં નવાં પોતાની શૈલીમાં ચિત્રો કર્યાં. તેને જગતના ચિત્રકારોમાં મહત્ત્વનો ગણ્યો. 'ધ યંગ ઈન્ફન્ટા' ચિત્રમાં એ પ્રકાશને ચીતરે છે. એ ચિત્રમાં ત્રિપરિમાણ તો છે જ, પરંતુ ઓરડાની પ્રકાશિત બારી બતાવી ચિત્રની પેલે પાર નજરને લઈ જાય છે. એ ચિત્રમાં ચિત્રકાર પોતાની જાતને પણ પાત્ર તરીકે મૂકી દે છે. તે કાલ્પનિક ભવ્યતામાં રાચતો નથી. પરંતુ વર્તમાનમાં જિવાતું જીવન ચીતરે છે. ઈંડાં પકવતી સ્ત્રી અને 'ધ વૉટર સેલર ઑફ સવીલ'માં પૂરી વાસ્તવિકતા છે. પહેલે ને છેલ્લે તે છબી-ચિત્રકાર હોઈ મનના ભાવો, અંતરની વાત વ્યક્ત કરે છે.

'દ રોકી વિનસ' ચિત્ર નારીદેહનું ઉત્તમ નિરૂપણ છે. તે જમાનામાં નિર્વસ્ત્ર નારીદેહનું ચિત્ર કરવું શક્ય જ નહોતું. ચિત્રકાર ગોયા પહેલાં સ્પેનમાં ચિતરાયેલ નગ્ન નારીદેહનું આ એક માત્ર ચિત્ર છે. એમાં વિનસની પીઠ બતાવી છે. માથું ટેકવવાની એની અદામાં આધુનિકતા છે. આ ચિત્ર એણે ૧૬૫૧માં કરેલું. કેટલાક મીમાંસકોનું માનવું છે કે તે ઈટલીમાં થયું હોય પછી વહાણ મારફતે સ્પેન આવ્યું હોય. વેલેસ્કવીઝની આગવી ખાસિયત એ હતી કે તે જૂના માઈથોલૉજિકલ વિષયો નવી રીતે ચીતરતો. એ રીતે **Bacchus and his companions** ચિત્ર મહત્ત્વનું છે.


તેણે પોતાનું ચિત્ર ઈટાલીની બીજી સફર વખતે કરેલું. એની ગણના ઉત્તમ કોટીનાં પોર્ટ્રેટમાં થાય છે. તે માધ્યમનો ઉપયોગ ચરમ સીમાએ કરતો. પોપે આ ચિત્ર માટે તેને સુવર્ણચંદ્રક આપેલો. દરબારના ઠીંગુજીઓ પણ એણે પૂરી કાળજીથી ચીતર્યા છે. તેણે તેના કુટુંબનું પણ ચિત્ર કર્યું છે, જે આજે વિએના મ્યૂઝીઅમમાં છે. આ ચિત્રનું નામ છે 'ધ ફ્રૂટ્સ ઑફ ઓલ્ડ એજ'.

વેલેસ્કવીઝના જીવનની મોટી ઘટના તે ઈટલી જવું. રાજાએ તેને ચાલુ પગારે મોકલ્યો. તેનો આશય હતો, ત્યાંની કલા જોવી અને રાજ્ય માટે કલાકૃતિઓ ખરીદવી. રાજા ફિલિપ ચોથો મોજીલો હતો, રાજ્ય કારભારમાં પૂરતી યોગ્યતા ધરાવતો નહોતો. પરંતુ કલા બાબતે રસજ્ઞ હતો. તે જમાનામાં કલાકાર રૂબેન્સ સ્પેન આવેલો. તેણે પણ રાજાને વેલેસ્કવીઝ માટે ઈટલી જવાની ભલામણ કરેલી. રૂબેન્સે ડીઆગોને માસ્ટર પેઈન્ટર તરીકે સ્વીકારેલો. તે બન્ને મિત્રો હતા.

૧૬૨૯માં વેલેસ્કવીઝ ઈટલી ગયો. નવા-જૂના ચિત્રકારોને મળ્યો. તેના જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરી. વીંચી, માઈકલ ઍન્જેલોનાં મૌલિક ચિત્રો જોઈ પ્રભાવિત થયો. તે બે વખત ઈટલી ગયેલો. ત્યાંથી તેણે મનોમન નક્કી કરેલું કે કોઈ પણ ચિત્ર કે ચિત્રકારની નકલ ન કરવી. પરંતુ બધાં પાત્રો



યુવાન ઇન્ફન્ટા



શનિગ્રહ

કે વસ્તુઓને જેવાં છે તેવાં જોવાં.

તેના સમયમાં જે કામ અદ્યતન ગણાતું તેનાથી તે આગળ નીકળી ગયો હતો. તેણે જીવનની નિરાડંબર ગંભીરતાને સવિશેષ આલેખી છે.

૧૬૫૦નું વર્ષ તેના જીવનનું અગત્યનું વર્ષ છે. ત્યારે તે બીજી વખત ઈટલી જાય છે. તે ઈટલીનું રોકાણ લંબાવતો જાય છે. રાજા તેને પાછો બોલાવવા ખૂબ પત્રો લખે છે, જે ૧૯૮૩માં પ્રકટ થયા. એ ઈટલીની એક વિધવાના પ્રેમમાં હતો. તેનું નામ માર્થા હતું. તેનાથી માર્થાને એક પુત્ર થયેલો. તેના મન પર ઈટલીની જેટલી અસર હતી તેટલી જ માર્થા અને એન્ટોનીઓની હતી. ઈચ્છા છતાં તે તેમને સ્પેન લાવી શકતો નથી.

વેલેસ્ક્વીઝને માથે રાજ્યની અનેક જવાબદારીઓ હતી. ૧૬૬૦માં ફ્રાન્સ અને સ્પેઈનને સંધિ થઈ. ત્યારે બન્ને દેશોએ તેની સરહદો પર તેની ઉજવણી કરી. તે વખતે સ્પેનની કુંવરી ફ્રાન્સના લૂઈ ૧૪મા સાથે લગ્નથી જોડાઈ. આ લગ્નના ભવ્ય સમારંભની ને સુશોભનની જવાબદારી એણે પૂર્ણ કરી. પરંતુ કાર્યભારથી તે હવે તૂટી ગયો હતો. તે પથારીએ પડ્યો. વૈદ હકીમોએ તેને સાજો કરવા ઘણી જહેમત ઉઠાવી. પરંતુ ૧૬૬૦ની ૬ઠ્ઠી ઑગસ્ટે એણે શાહી સન્માન સાથે ચિર વિદાય લીધી. એની કબર મૅડ્રિડમાં જહાંન ધ બૅપ્ટિસ્ટના દેવળમાં કરી, જે કાળબળે નાશ પામી. આજે તે ચિત્રદેહે આપણી સાથે જીવિત છે.

-નટુ પરીખ : હરિત પંડ્યા

કલાવૃત્ત

શ્રી બળવંત જોષીને મહાકવિ કાલિદાસ સમારોહ - ઉજ્જૈનનું પ્રથમ ઈનામ

કાલિદાસ અકાદમી દ્વારા ઉજ્જૈનમાં દર વર્ષે અખિલ ભારતીય મહાકવિ કાલિદાસ સમારોહ યોજાય છે. આ વર્ષે કાલિદાસની પ્રખ્યાત સાહિત્ય કૃતિ 'માલવિકા અગ્નિમિત્રમ્' ઉપર ચિત્ર



માલવિકા અગ્નિમિત્રનું મિલન (બળવંત જોષી)

તૈયાર કરી ચિત્રકલા પ્રદર્શનમાં ભાગ લેવાનો હતો. રાજકોટના જાણીતા ચિત્રકાર શ્રી બળવંત જોષીને 'રત્નમ્ સમાગચ્છતુ કાન્ચનેન' ચિત્ર માટે ભારતીય પરંપરાગત ચિત્રશૈલીમાં પંદર હજાર રૂપિયાનું પ્રથમ ઈનામ મળેલ છે.

બંગાલી કલાકાર સજલ સરકારની ચિત્રસૃષ્ટિ

૧૯૭૧માં કલકત્તામાં જન્મેલા સજલ સરકારે ડ્રૉઈંગ અને ચિત્રકલા વિષયમાં ૧૯૯૫માં રવીન્દ્ર ભારતી યુનિવર્સિટીમાંથી ડિપ્લોમા મેળવ્યો. ૨૦૦૦માં વડોદરાની ફાઈન આર્ટ્સ ફેકલ્ટીમાંથી પ્રિન્ટ મેકિંગ વિષયમાં પોસ્ટ ડિપ્લોમાની પદવી તેમણે પ્રાપ્ત કરી. ૧૯૯૨થી તેમણે કલકત્તાનાં ઘણાં પ્રદર્શનોમાં ભાગ લીધો છે. તદુપરાંત વડોદરા, નાગપુર, મુંબઈ, બૅંગલોર, ન્યૂ દિલ્હી જેવાં સ્થળોમાં ભરાયેલાં પ્રદર્શનોમાં ભાગ લીધો. ઈન્ડિયન કૉલેજ ઑવ્ આર્ટ ઍન્ડ ડ્રાફ્ટમેનશિપમાંથી તેમણે શ્રેષ્ઠ ઍવૉર્ડ મેળવ્યા છે. રેન્ડેવૂ, ચંદીગઢમાંથી તેમને સર્ટિફિકેટ ઑવ્




સજલ સરકાર રચિત 'માનવ મસ્તક'

મેરિટ પ્રાપ્ત કર્યું. રાજ્યકક્ષાના આઈફેક્સના મિલેનિયમ ઑલ ઈન્ડિયા આર્ટ પ્રદર્શનમાં ઍવૉર્ડ મેળવ્યો. વર્તમાનમાં તેઓ વડોદરામાં રહી સર્જન-કાર્ય કરી રહ્યા છે. તેમણે તાજેતરમાં આર્ચર આર્ટ ગૅલરી, અમદાવાદમાં નોંધપાત્ર વૈયક્તિક પ્રદર્શન યોજ્યું. આ પ્રદર્શનને સાચા આર્થમાં કલાકારો, કલા-રસિકો તથા કલાવિવેચકોની પ્રશંસા મળી.


કુદરતનાં તત્ત્વો તથા સશક્ત નગ્ન માનવાકૃતિઓનો રંગો તથા રેખાઓમાં સુભગ સમન્વય સાધતાં આ ચિત્રો ખરેખર સજલ સરકારનું ડ્રૉઈંગ પરનું પ્રભુત્વ, ઉચ્ચ પ્રકારની ડિઝાઈન-દૃષ્ટિ, માનવદેહની એનેટમિનો અભ્યાસ,



સ્વીકારની પ્રક્રિયા (સજલ સરકાર)



સજલ સરકાર ની એક કૃતિ (એક્રિલિક ઓન કેન્વાસ)



કાટમાળ (બિલેશ ચૌહાણ)

દ્વિપરિમાણીય સપાટી પર પરિપ્રેક્ષ્યનું દર્શન, માનવની ભીતરનું તેમજ બહારના જગતનું નિરૂપણ તથા વિશિષ્ટ અવકાશ વિધાન અને સંરચનાઓ આપણને પ્રભાવિત કરે છે અને નાની, મોટી સાઈઝનાં આ ચિત્રો આપણને સૌંદર્યાત્મક તથા કલાત્મક, દૃશ્યાત્મક આનંદની અનુભૂતિ કરાવે છે. મોટા ભાગનાં ચિત્રોમાં તેમણે પર્ણયુક્ત વેલ તથા પતંગિયાં અને ભારતીય સંસ્કૃતિનાં પ્રતીકસમાં શિલ્પો અને તેની સામે વિરોધાભાસરૂપે પરપોટામાં થાળી-વાજુનું નિરૂપણ કરી માનવચહેરાઓમાં તથા માનવીય નગ્ન આકૃતિઓની આસપાસ રજૂ કર્યાં છે. આકૃતિઓના ચહેરાઓ ગાંભીર્ય અને ઊંડું ચિંતન સૂચવે છે. ખાસ નોંધનીય બાબત એ છે કે તેમનાં ઘણાં ચિત્રો પોસ્ટલ ટિકિટના આકારમાં સર્જાયાં છે. આ ટિકિટોમાં વ્યક્તિઓના ચહેરાઓ સમાયા છે અને કેટલાંક ચિત્રોમાં તેના પર વડોદરા દર્શાવતી છાપ મારેલી દર્શાવાઈ છે. તેમના મતે કુદરત તેમનામાં છે અને પોતે કુદરતના ખોળામાં છે. તેથી જ તેમનાં ચિત્રોમાં હાથીઓ, ગગનના અવકાશમાં ઊડતાં પંખીઓ, પતંગિયાં, લીલાં પર્ણોયુક્ત વેલની ભાત, દૃશ્યપ્રતીકો તરીકે માનવાકૃતિઓ જોડે અવિયોગ્ય રીતે વણાયેલાં જોવા મળે છે.

- બંસીલાલ દલાલ

'રૂપદા' દક્ષિણ ગુજરાત કલાવૃંદ આયોજિત કલાપ્રદર્શન

'રૂપદા' દક્ષિણ ગુજરાત કલાવૃંદ અને સ્પંદન નામની કલાસંસ્થા છે અને તે છેલ્લાં બાવીસ વર્ષથી કલા, સંગીત અને સંસ્કૃતિને સમર્પિત છે. તેના પ્રમુખ છે રમેશભાઈ નાયક કે જેઓ અમલસાડની ફાઈન આર્ટ્સ કૉલેજના માજી આચાર્ય રહી ચૂક્યા છે તથા હરિભાઈ ટંડેલ તેના સેક્રેટરી છે. હરિભાઈ 'કલાપ્રસાર' મેગેઝિનના વર્ષો સુધી સંપાદક હતા. આ સંસ્થા દ્વારા કલા-પ્રદર્શનો, કલા-શિબિરો તથા કલા-વિષયક સેમિનારો યોજાતા રહે છે. ચિત્રકલા, શિલ્પ-કલા, ગ્રાફિકકલા, ફોટોગ્રાફી તથા ડ્રૉઈંગકલાને આવરી લેતું એક નોંધપાત્ર કલાપ્રદર્શન એ 'સ્પંદન'ના સહ-યોગથી શ્રીમતી સાન્દ્રા શ્રૉફ જ્ઞાન-ધામ સ્કૂલ હૉલ, વાપી ખાતે યોજાયું હતું. પ્રદર્શનમાં કુલ ૯૫ જેટલી કૃતિઓ રજૂ થઈ હતી.

દક્ષિણ ગુજરાતની અમલસાડની ફાઈન આર્ટ્સ કૉલેજના કલાવિદ્યાર્થીઓ ઉપરાંત નવસારી, વલસાડ જેવાં સ્થળોના યુવાકલાકારોની કૃતિઓ રજૂ થઈ હતી અને કેટલીક કૃતિઓ ઈનામ-પાત્ર જાહેર કરવામાં આવી. આવાં ઈનામોથી યુવા



ત્રણ સ્ત્રીઓ (દીપકભાઈ પટેલ)



અગ્નિ (રજનીકાન્ત ચૌહાણ)



એક સંરચના (કમલેશકુમાર પટેલ)

કલાકારોને પ્રોત્સાહન મળે છે અને રાજ્યકક્ષા તથા રાષ્ટ્રિયકક્ષાએ યોજાતાં પ્રદર્શનોમાં તેઓ ભાગ લેતા થાય છે.

કમલેશકુમાર પટેલની વારલી લોકોની આદિવાસીકલા શૈલીમાં તૈયાર થયેલું સંયોજન, બંકિમ પટેલનું ઊંડાણવાળું, કાવ્યાત્મક દૃશ્ય-ચિત્ર, દીપકભાઈ પટેલનું ત્રણ સ્ત્રીઓવાળું આકૃતિપ્રધાન ચિત્ર, નિલેશ ચૌહાણની ભગ્ન-વસ્થાવાળા ભૂકંપને કારણે સર્જાયેલા કાટમાળનું નિરુપણ કરતી પોતપ્રધાન ધ્યાનપાત્ર સંરચના તથા અંતમાં રજનીકાંત ચૌહાણનું 'અગ્નિ' શીર્ષકવાળું પૉલિશ થયેલું લીસી સપાટીવાળું લાકડાના માધ્યમમાં પ્રતીકાત્મક ઊર્ધ્વગતિવાળું શિલ્પ ખરેખર નોંધપાત્ર છે. આવા પ્રદર્શન માટે સંસ્થાના સંચાલકો ખરેખર પ્રશંસાને પાત્ર છે. *- બંસીલાલ દલાલ*



દૃશ્યચિત્ર (બંકિમ પટેલ)

અનુસંધાન] કલાસ્મૃતિ [પૃ. ૪૭ થી

સંગીતમાં પણ નવાં સંશોધનો કરતા રહ્યા. એક કાર્યક્રમમાં 'રાગ ધૂલિયા મલ્હાર' ગાતા હતા ત્યારે આકસ્મિક અસાધારણ વર્ષા થઈ. પ્રેક્ષકો-શ્રોતાઓ આનંદવિભોર થઈ ગયા. બનારસના એક કાર્યક્રમ દરમિયાન પંડિત જશરાજ 'રાગિણી તોડી' ગાતા હતા ત્યારે અચાનક સભાગૃહમાં એક હરણનો પ્રવેશ થયો હતો. સંગીતના કાર્યક્રમમાં બે ગાયકો કે વાદકો હોય તો જુગલબંધી કહેવામાં આવે છે. જ્યારે પંડિત જશરાજે પૂનામાં એક કાર્યક્રમમાં, કાર્યક્રમને 'જશરંગી' નામાભિધાન કરીને શ્રોતાઓને મુગ્ધ કરી દીધા હતા.

પંડિત જશરાજજી આજે, ભરપૂર જીવનપ્રણાલી અને કાર્યક્રમોની ભરમાર વચ્ચે પણ હૈદરાબાદના વાર્ષિક કાર્યક્રમમાં હાજરી આપે છે. જાણે કે તીર્થભૂમિમાં દર્શન કરવા આવ્યા હોય. સાથે સંગીતના રસિયા, યુવાન સંગીતકારોને ગુરુ-શિષ્ય પરંપરાની જેમ પ્રોત્સાહન આપતા હોય છે. આથી લોકોએ તેમને 'સંગીત માર્તન્ડ'નું બિરુદ આપેલું છે. તેમના શિષ્યોની સંખ્યા પણ વધતી રહે છે. પંડિતજીના કાર્યક્રમો, ઈંગ્લન્ડ, અમેરિકા, કેનેડા, રશિયા તેમજ યુરોપીઅન દેશોનાં જાણીતાં શહેરોમાં સતત યોજાતાં હોય છે. તેમના ગાયનથી, તેમાં પણ ભક્તિરસ સભર ભજનોથી, માત્ર આત્માને આનંદ થાય છે તેવું નથી પણ માનસિક અને શારીરિક શાંતિ પણ અનુભવાય છે તેમ શ્રોતાઓનું માનવું છે.

મુંબઈ જેવા ધમાલિયા શહેરમાં સપરિવાર રહેવા છતાં તેઓ પોતાની સંગીતયાત્રા આનંદથી ચાલુ રાખી શકે છે. સ્વભાવે મિલનસાર, ન ગમતા પ્રસંગોએ ક્યારેક ટીકાત્મક વલણ પણ અપનાવે, છતાં પોતાનું અકળ સ્મિત જાળવી રાખતા હોય છે. આજે પણ, પંડિત જશરાજજીના આગમન સાથે જ તાળીઓના ગડગડાટ સાથે તેમને રાગમાં 'ઓમ નમો ભગવતે વાસુદેવાય' ગાય છે ત્યારે શ્રોતાઓને, તેઓ હજારો મંદિરો વચ્ચેના પ્રાંગણમાં બેઠા હોય તેવી અનુભૂતિ કરાવે છે.

પંડિત જશરાજ માટેના અન્ય મહાન સંગીતકારો તેમજ શ્રોતાઓના અભિપ્રાય વાચકમિત્રોને આનંદ આપશે તેમ સમજી રજૂ કરું છું :

'પંડિત જશરાજે શાસ્ત્રીય ગાયનને એક નવી જ શ્રેષ્ઠતા પ્રદાન કરી છે. માત્ર ભારતમાં જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં જ્યારે પણ શાસ્ત્રીય ગાયન સાંભળીએ ત્યારે એમ લાગે કે પંડિત જશરાજને સાંભળીએ છીએ.' - પંડિત હરિપ્રસાદ ચૌરસીઆ.

'પંડિતજીએ પોતાના શિષ્યોને, પોતાના ઘરાનાનું જ્ઞાન ખૂબ જ ચીવટ-પૂર્વક આપેલું છે. જે દુનિયાભરમાં પ્રસરી રહેલ છે. તેમનું આ પ્રદાન શાસ્ત્રીય સંગીતની દુનિયામાં હંમેશાં યાદગાર રહેશ.' - ઉસ્તાદ અમજદ અલીખાં

'પંડિતજીએ પોતાની ગાયકી દ્વારા પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયનાં પદો અને સંગીતને એક નવી જ તરાહ આપેલ છે. સંસ્કૃત ભાષાની રચનાઓને પોતાના ગાયનમાં સમાવેશ કરીને ઉત્તમ સેવા કરી છે.' - શ્યામ મનોહર ગોસ્વામી.

'પંડિત જશરાજ માત્ર રાગ અને લયના ગાયક નથી પણ ગાયન દ્વારા શ્રોતાઓની ઊંડી ભાવનાઓને પણ ઉજાગર કરતા હોય છે. હું પ્રાર્થના કરું કે તેઓ સો વર્ષ જીવે અને દુનિયાને પોતાની ગાયકી સંભળાવતા રહે.' - શ્રીમતી ગિરિજા દેવી.

'પંડિતજી, તમો તો માત્ર ભજન જ ગાઓ છો. પણ અમને તેમાં અમારા અલ્લાહનાં દર્શન થતાં હોય છે.' - પાકિસ્તાનના એક મુસ્લિમ શ્રોતા.

- ગજેન્દ્ર શાહ

સાહિત્યસંપર્ક

નવલકથા લેખિકા - આયન રેન્ડ



અંગ્રેજી સાહિત્યના વાચકોમાં, ભાગ્યે જ કોઈ એવા હશે જેમણે આયન રેન્ડનું નામ સાંભળ્યું ન હોય! કે એકાદ-બે એમની જાણીતી કૃતિઓ વાંચી ન હોય! 'ફાઉન્ટન હેડ' અને 'એટલાસ શ્રુઝ' એ તેઓની મહાન નવલકથાઓ છે. સમૂહવાદથી અલગ વૈયક્તિક વિચારસરણી ધરાવનાર વ્યક્તિઓ માટે તો આ પુસ્તકો ગીતા સમાન ગણાય છે. વિશ્વભરનાં ઘણાં વાચકો એવાં છે, જે છેલ્લાં ૫૦ વર્ષથી આ બન્ને પુસ્તકો, તેમજ તેના અંડરલાઈન કરેલા ફકરા ને વાક્યો અવારનવાર વાંચતા હોય છે અને પોતપોતાના સર્જનાત્મક કાર્યમાં પ્રેરણા મેળવતા હોય છે.

આયન રેન્ડ એવાં મહિલા છે કે જેમના અભિપ્રાયો અફર છે. એમણે એમની આ અજોડ હિંમતને - દૃઢ માન્યતાઓને, એમની બે ખૂબ જ વેચાતી નવલકથાઓમાં રૂપાંતરિત કરી છે. તેઓ અને તેમના સહકાર્યકરો, આ પ્રખર રૂઢિચુસ્ત ફિલસૂફીને સમાજની સમસ્યાઓના ઈલાજ તરીકે લેખે છે. પોતે તૈયાર કરેલી રહેઠાણયોજનામાં ફેરફાર કરવાનું પસંદ કરવાને બદલે એને ઉડાવી દેનાર એક તેજસ્વી અને દૃઢ મનોબળ ધરાવતા સ્થપતિનું ચરિત્ર ચિત્રણ ધરાવતી એક મોટી ઘટનાપ્રચુર લગભગ ૬૯૫ પાનાંની નવલકથા 'ધ ફાઉન્ટન હેડ' સન-૧૯૪૩માં પ્રકટ થઈ ત્યારથી આયન રેન્ડની ખ્યાતિ વધી ગઈ. વિવેચકોએ એ પુસ્તકને વધાવી લીધા પછી, વાચકોમાં પડા-પડી થવા લાગી, એમ વેચાણ કૂદકે ને ભૂસકે વધવા લાગ્યું. સન-૧૯૪૭માં 'ધ ફાઉન્ટન હેડ'ની વાર્તા ઉપરથી 'મેટ્રોગોલ્ડવીન મેયર' નામની ફિલ્મ કંપનીએ એક શ્વેત-શ્યામ ફિલ્મ બનાવેલી જેમાં કથાના નાયક 'હાવર્ડ રોઅર્ક' તરીકેની ભૂમિકા કલાકાર ગેરી કુપરે આબાદ નિભાવી હતી. ફિલ્મ ટેલિવિઝનની એક અંગ્રેજી ચૅનલ પર ત્રણેક વખત જોવા મળી હતી. એવી જ રીતે પાકિસ્તાનમાં 'તીસરા કિનારા' નામે ત્રણ ભાગની ટીવી સિરીઅલ પણ બનાવવામાં આવેલી જેમાં મુખ્ય કથાનકના અંગ્રેજી સંવાદો, નાયક-નાયિકાના મુખે ઉર્દુમાં સાંભળવાનો અનેરો આનંદ મળેલો. એમની બીજી મોટી નવલકથા 'એટલાસ શ્રુઝ' સન ૧૯૫૭માં લખેલી, તે પણ અત્યંત સફળ નીવડી હતી. પોતાની જહેમતનો અનુકૂળ જવાબ મળતો ન હોવાથી શેષ સમાજની નેતાગીરીનો બોજો ઉપાડવાના વિરોધમાં મુખ્ય મુખ્ય વિજ્ઞાનીઓ અને ઉદ્યોગના વહીવટકર્તાઓ હડતાળ પર ઊતરતાં જે અંધાધૂંધી ફેલાઈ એનું વર્ણન આ નવલકથામાં છે. જ્હૉન ગાલ્ટ, ડાગ્ની ટાગાર્ટ, ફ્રાન્સીકો-દ-એન્કોની આ કથાનાં મુખ્ય પાત્રો છે.

આયન રેન્ડના વાચકો એમની નવલકથા વરસે દહાડે એક લાખ નકલના હિસાબે ખરીદે છે. આ વાચકો નવલ-કથાની કરુણ વસ્તુને વધાવે છે જ પણ સાથે સાથે એમનાં નાયકોને નાયિકાઓ જે ફિલસૂફીની અભિવ્યક્તિ કરે છે તેનાય પ્રસંશક છે. વાચકોના આ રસને લીધે લેખિકાને એમના વિચારોને એકસૂત્રે સાંકળવા પડ્યા છે એટલે કે તેઓ વાસ્તુનિષ્ઠ બન્યાં છે. 'માનવી નાયક છે, પોતાનું સુખ એ એમના જીવનનો નૈતિક ઉદ્દેશ, ઉત્પાદક સિદ્ધિ એ એની ઉમદા પ્રવૃત્તિ છે અને બુદ્ધિ એ જ એનું સર્વસ્વ છે.' આ છે લેખિકાની વસ્તુનિષ્ઠાની વ્યાખ્યા. ખાનગી સાહસો પરનાં સરકારનાં નિયંત્રણ, આવકવેરો અને જાહેર કલ્યાણ જેવાં અમેરિકન જીવનનાં સ્વીકૃત પાસાં પર આકરા પ્રહારો કરવા માટે તેઓ એમના આ તત્ત્વને વિકસાવે છે. તેઓ કહે છે કે ધર્માદા અંગેના મારા વિચારો અત્યંત સાદા છે. હું એને ખાસ સદ્‌ગુણ લેખતી નથી, અને એથીય વિશેષ હું એને નૈતિક ફરજ ગણતી નથી.

આયન રેન્ડ કહે છે કે મારી મૂળભૂત માન્યતાઓ 'મને યાદ આવે છે ત્યાં સુધી બદલાઈ નથી', અને એમનાં સાહિત્યિક સમર્થકોની જેમ, પોતાને શું જોઈએ છે એની એમને બચપણથી ખબર હતી. રશિયાના પીટર્સબર્ગ ખાતે સન ૧૯૦૫માં જન્મેલાં આયને નવ વર્ષની વયે લેખિકા બનવાનો નિર્ણય કર્યો હતો. સન ૧૯૨૬માં તેઓ અમેરિકા ગયાં અને ઝડપથી વિકસી રહેલા ચલચિત્ર ઉદ્યોગમાં જોડાવા માટે સીધાં હોલિવુડ ગયાં. ત્યાં પહેલાં તેમણે એક્સ્ટ્રા અભિનેત્રી તરીકે અને પાછળથી લેખિકા તરીકે કામ કર્યું. તેઓ કહે છે કે મારી પ્રથમ ચિત્રકથા, પહેલું નાટક અને પહેલી નવલકથા હું વેચી શકી હતી. પરંતુ 'ધ ફાઉન્ટ હેડ' નવલકથા એમણે લખી ત્યાં સુધી એમનું નામ ખાસ જાણીતું નહોતું. ન્યૂ યૉર્ક ખાતેની એક મોટા સ્થપતિની કચેરીમાં ટાઈપિસ્ટ તરીકે કામ કરતાં કરતાં એમણે 'ધ ફાઉન્ટ હેડ' કથાનું વસ્તુ મળ્યું હતું. અમેરિકા તેમજ સમગ્ર વિશ્વના સ્થાપત્ય જગતમાં ઉપરોક્ત મહાન સ્થપતિ આજે, ફ્રેન્ક લોઈડ રાઈટના નામે પ્રખ્યાત છે. ફાઉન્ટન હેડ નવલકથામાં આવતાં બે પાત્રો નવલકથાનાં લેખિકા તેમજ સ્થપતિનાં છે તેમ કહેવાય છે. ઉપરોક્ત નવલકથાઓ જે વર્ષો પહેલાં ૧૮ કે ૨૦ રૂપિયામાં ઉપલબ્ધ હતી તે આજે ૨૦૦-૩૦૦ રૂપિયામાં મળે છે. કોઈ પણ મોટા પુસ્તક વિક્રેતાને આયન રેન્ડનાં આ બે પુસ્તકો તો રાખવાં જ પડે તેવી તેમની ખ્યાતિ છે.

આયન રેન્ડની અન્ય કૃતિઓમાં 'ઍન્થમ', 'કૅપિટાલિઝમ', 'ધ ન્યૂ લેફ્ટ', 'નાઈટ ઑફ ધ જાન્યુઆરી સિક્સ્ટીન્થ', 'ધ રૉમેન્ટિક મેનિફેસ્ટો', 'વર્ચ્યુ ઑફ સેલ્સિસનેસ, 'વી ધ લિવિંગ' અને 'ઑબજેક્ટિવિસ્ટ ઈપિસ્ટોમોલૉજી' મુખ્ય છે. આયન રેન્ડે સન. ૧૯૬૪થી ઘણાં વર્ષો સુધી 'ધ ઑબ્જેક્ટિવિસ્ટ' ન્યૂઝ લેટર નામે લખાણો પ્રકટ કર્યાં હતાં. જેમાં નાથાનિઅલ બ્રાન્ડેન તેમના મુખ્ય સહયોગી હતા.

આજે પણ વયસ્ક સંસ્કારી વાચકો જેમ સાયગલ, પંકજ મલ્લિક, યુથિકા રાય કે બેગમ અખ્તરને સાંભળે કે રવિશંકર, અલી-અકબર ખાન, કે રવીન્દ્ર સંગીત સાંભળે તેમ આયન રેન્ડના પુસ્તકોના ફકરા અને લાઈનો વાંચે છે.

- ગજેન્દ્ર શાહ

શબ્દકથા : સાહસ

કેટલાક શબ્દોના પ્રારંભનો અર્થ ક્રમશઃ ફેરફાર થતો જઈ વર્તમાન સુધી આવતાં-આવતાં લગભગ બદલાઈ જતો હોય છે. આવો જ એક શબ્દ છે - સાહસ.

'સાર્થ જોડણીકોશ' સાહસનો અર્થ આ પ્રમાણે નોંધે છે : સાહસ ન. (સં.) જોખમ ભરેલું કામ, (૨) અવિચારી કામ, (૩) જોખમ હોવા છતાં હામ ભીડી ઝંપલાવવું તે. (આવૃત્તિ ૫, ઈ.સ. ૧૯૬૭, પૃ. ૮૫૧)

પરંતુ મનુ (મનુસ્મૃતિ ૮.૩૨૨), નારદ (નારદસ્મૃતિ ૧૭.૧), યાજ્ઞવલ્ક્ય (યા. સ્મૃતિ ૨.૨૩૦) અને કૌટિલ્ય (અર્થશાસ્ત્ર ૩.૧૭) સાહસને એક એવું કર્મ માને છે કે જે કર્મચારીઓ, રક્ષકો કે અન્ય લોકોની ઉપસ્થિતિમાં પણ બળપૂર્વક કરવામાં આવે. સાહસ શબ્દ 'સાહસ' અર્થાત્ બળ (નારદ ૧૭.૧)માંથી ઉત્પન્ન થાય છે. આમાં બળ અને હિંસાનો પ્રયોગ નિહિત છે. સાહસના ચાર પ્રકાર ગણાવાયા છે : મનુષ્ય-મારણ, ચૌર્ય, પરદારાભિમર્શન (અન્યની સ્ત્રી લઈ લેવી) અને પારુષ્ય. સાહસ કરનારને ચોરોથી પણ વધુ ખરાબ માન્યા છે. (મનુ ૮.૩૪૫) આવાં લોકોને રાજાએ છોડવાં ન જોઈએ ને તેને સખત દંડ-શિક્ષા કરવી-થવી જોઈએ એવો જનમત હતો. સાહસ સંબંધિત કેટલાક અપરાધોનું નીતિશાસ્ત્ર વર્ણન કરે છે અને તદનુસાર દંડ-શિક્ષા થવાથી પણ દર્શાવે છે (યાજ્ઞ ૨.૨૩૨-૪૨) : બંધ મકાનમાં પ્રવેશ કરવો, પડોશીઓને પરેશાન કરવા, માતા-પિતા-પુત્રો, ભાઈ-બહેનોનો ત્યાગ કરવો, વિધવા સાથે વ્યભિચાર કરવો, નકલી સિક્કા બનાવવા વગેરે. જુઓ, ડૉ. કાણે, પી.વી., 'ધર્મશાસ્ત્રકા ઈતિહાસ' ભાગ-૨, પૃ.૮૨૭). પરંતુ બહુ ઝડપથી-સામાન્ય રીતે શબ્દના અર્થની ગતિ ધીમી હોય છે - તે તદ્દન જુદા જ અર્થમાં પ્રયોજવા લાગ્યો. શૂદ્રકના 'મૃચ્છકટિક' નાટકમાં તે આ રીતે પ્રયોજાયેલ મળે છે. साहसे श्रीः प्रतिवसति। (૪થો અંક, શર્વિલકની ઉક્તિ) આમ, અહીં તે સારા - પ્રશસ્ય અર્થમાં વપરાયેલ છે. અને અહીંથી તેમાં વર્તમાન અર્થનો મૂળ સંદર્ભ જોઈ શકાય છે. પ્રસિદ્ધ કહેવત 'સાહસ વિના સિદ્ધિ નહિ'માં પણ કંઈક આવો જ અર્થસંકેત છે.

-હસમુખ વ્યાસ

કચ્છી ભાષામાં પ્રકટ છે એક 'અપૂર્વ' પુસ્તક

કચ્છ ઘરાનાના કચ્છી ભાષાના એક કવિએ 'પખિયનજી પિરોલિયું' નામક દળદાર ગ્રંથમાં ત્રણસોથી વધારે પંખીઓનો સચિત્ર સવિસ્તર પરિચય આપીને ગ્રંથકર્તા શ્રી તેજપાલ ધારશી શાહ ઉર્ફે કવિ તેજે એક ઇતિહાસ સર્જ્યો છે. શ્રી તેજ મૂળે કવિ હોઈ કલ્પના-વિલાસ અને રંગધનુષી છટાની વાચકને એમના લખાણમાં અપેક્ષા રહે; પણ અહીં તેઓ તટસ્થ, વસ્તુલક્ષી, વૈજ્ઞાનિકના જેવી મુદ્દાસર, સરળ નિરલંકાર, લાઘવયુક્ત ભાષાશૈલી પ્રયોજે છે.



આ ગ્રંથમાં પંખીઓનો પરિચય પદ્યમાં શાને? તો કર્તા કવિ છે એટલે એમનું સહજ વાહન પદ્ય હોય જ. લોકસાહિત્યમાં સદીઓથી દુહા, બ્હેતો, મુક્તકો ને કાફીઓ-બાઉલગીતો રૂપી ઊર્મિકાવ્યોની બોલબાલા રહી છે. પંખી એ પણ સાક્ષાત્ કાવ્ય :

નિડી જાડી, પિંઢ નિંઢા, રંગે ગુલાભી હંજ;
હિકડી ટંગસેં ઉભા ડિઠા, કારી ગુલાભી ચુંજ.

- એ 'સુરખાબ'નો પરિચય કેટલો ચિત્રાત્મક ને લાઘવયુક્ત અને સચોટ છે?

આવો ગ્રંથ લખીને કવિશિરોમણિ તેજે કચ્છી ભાષાની ઈર્ષા થાય એવી સ્થિતિ ઊભી કરી છે. કચ્છી માડુ આજથી ભારતીય વાઙ્મયના દરબારમાં ઊંચે માથે છાતી કાઢીને ખડો રહી શકશે.

પંખીઓ સાથેની તેજની મહોબ્બત ન્યારી છે - એ વાતની સાબિતી ગ્રંથમાં ઠેર ઠેર વેરાયેલી પડી છે. જુઓ–

મીંયડા વસે પોઆ ઝાડેમેં ઘટા વેં,
ને સીમાડેજી તેર સુધી જ છટા વેં;
પખિયેંજો કિલકાર ને કુલેંજી બુસકાર,
'તેજ' માણેજી મજા મોસમ વટા વેં.

કવિની ઉપસંહાર જેવી પંક્તિઓમાં જે વેદના ટપકે છે તેની સૌએ નોંધ લેવી જોઈએ–

કાં ભાવ ભુલેતી ભોમકા, કાં ખુટા અઈં ખાણ;
ન-ત ઘટે ન 'તેજ' ચેં, પખિયેંજો પ્રમાણ.


આ ગ્રંથમાં એક વૈજ્ઞાનિક કે સંશોધકને છાજે તેવી ચોકસાઈ, સરળતા,

સર્જકસૃષ્ટિ : વ્યંગદૃષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



બને તો એમને કહેજો કે ખુશબો ધ્યાનમાં રાખે,
બગીચામાં બધાં ફૂલોની હમણાં ઘાત ચાલે છે.
- મનહર મોદી




વેદના ભરપૂર ચિન્તાતુર મન આપો મને,
આપની આંખોનું ઘેરું સંવનન આપો મને.
- અનંતરાય ઠક્કર 'શાહબાઝ'

વિશદતા અને નિરાડંબર-નિરલંકાર શૈલી જ પ્રયોજાઈ છે. આને માટે શ્રી તેજ અભિનંદનને પાત્ર છે.

'પખિયનજિયું પિરોલિયું' (સચિત્ર) લેખક : 'તેજ' (તેજપાળ ધારશી શાહ) સંપાદક : મુનિ શ્રી ભુવનચંદ્રજી, સજાવટ : લાલ રાંભિયા, પ્રકાશક : પોતે, નળિયા-૩૭૦૬૫૫ (કચ્છ), ડબલ ડિમાઈ સાઈઝ, પૃ. ૪૦૦, મૂલ્ય : રૂ. ૧૨૦૦. *- પ્રભાશંકર ફડકે*

ભારતનો સાંસ્કૃતિક વારસો

સંશોધનાત્મક પ્રાચ્યવિદ્યા વિષયક અભ્યાસનિષ્ઠ લેખોના આ સંગ્રહમાં કુલ ૧૪ પ્રકરણો છે. દરેક પ્રકરણ-લેખ ભારતના ગૌરવશીલ સાંસ્કૃતિક વારસાને સુપેરે વ્યક્ત કરે છે અને આપણને વૈદિક યુગનાં દર્શન કરાવે છે. મૂલતઃ પ્રાચ્ય-વિદ્યાને પ્રાધાન્ય ભાવે નિરૂપતા આ અભ્યાસ-લેખો અવારનવાર નૃવંશ શાસ્ત્ર, પુરાતત્ત્વ, અભિલેખવિદ્યા, શિક્ષણ વગેરેને સ્પર્શી લેતા હોય છે. ઉચ્ચ આધ્યાત્મિક રુચિ ધરાવનાર વાચકને આ પુસ્તકના લેખો દિવ્ય જ્ઞાનનાં દર્શન કરાવે છે તેમજ સામાન્ય વાચક પણ



અમુક લેખોનાં પ્રકરણો ઘણા રસથી માણી શકે છે. આ પુસ્તકના રચયિતાનાં અડધા દાયકાથી પણ વધુ સમયનાં અનુભવ અને ચિંતનનાં તારણરૂપ આ સંકલન લેખોના સંગ્રહના લેખક શ્રી કાન્તિભાઈ ડી. ઓઝા જેઓ એક નિવૃત્ત પ્રાધ્યાપક છે પણ તેઓ હંમેશાં કંઈ ને કંઈ લેખન-કાર્યમાં સતત વ્યસ્ત રહે છે. (ભારતનો સાંસ્કૃતિક વારસો : લેખક : પ્રા. કાન્તિભાઈ દામોદર ઓઝા, પ્રકાશક : કાન્તાલક્ષ્મી કાન્તિલાલ ઓઝા, ૭૪૨, આદર્શનગર, સેક્ટર ૨૪, ગાંધીનગર-૩૮૨૦૨૪. ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૪૪, કિં. રૂ. ૧૦૦. નોંધ : આ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ પણ પ્રકટ થયેલી છે.) *-કા.વ.રામી*



વાઇઝરીગલ લૉઝ

ભારતના હિમાચલ પ્રદેશની રાજધાનીનું શહેર શિમલા છે. શિમલા ૨,૧૫૯ મીટરની ઊંચાઈએ આવેલું શહેર છે. શિમલા નામ શ્યામલાદેવી પરથી પડ્યું છે. જો કે શ્યામલાદેવી કાળિકા માતાનું સ્વરૂપ છે. શિમલાનું મુખ્ય આકર્ષણ છે અહીંનાં 'મૉલ'. 'સ્કેન્ડલ પોઈન્ટ' પરથી દૂર સુદૂરનાં બરફથી આચ્છાદિત હિમાલયનાં શિખરો જોઈ શકાય છે. અહીં 'રિજ'ની પાસે એક પુરાણું ગિરજાઘર આવેલું છે. તેનું નિર્માણ ૧૮૪૬-૫૭ દરમિયાન થયેલું અને તે ઉત્તર ભારતનું બીજું સૌથી પુરાણું ગિરજાઘર મનાય છે.

૨૬૨૨ મીટરની ઊંચાઈ પર આવેલું કુફ્રી, નાલડેરી, જાખૂ હિલ, ફાગુ અને ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઍડવાન્સ સ્ટડીઝ વગેરે અહીંનાં વિશેષ આકર્ષણો છે. કુફ્રીમાં જાન્યુઆરીથી માર્ચ દરમિયાન ઠંડીની મોસમમાં સ્કીઈંગની સુવિધા છે. નાલડેરામાં અતિસુંદર ગૉલ્ફ કોર્સ છે અને અહીંનો સમગ્ર વિસ્તાર દેવદારનાં વૃક્ષોથી સુશોભિત છે. લૉર્ડ કર્ઝન નાલડેરાના સૌન્દર્યથી એટલા પ્રભાવિત થયેલા કે તેમણે આ વિસ્તારમાં દેવદારનાં વૃક્ષો રોપાવ્યાં હતાં અને તેમણે પોતાની સૌથી નાની દીકરીનું નામ 'ઍલેક્ઝેન્ડ્રા નાલડેરા' રાખેલું હતું. જાખૂ હિલ શિમલાનું મનોહર સ્થળ છે. શિમલામાં આવેલી 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઍડવાન્સ્ડ સ્ટડીઝ'નું નિર્માણ બ્રિટિશ સમયમાં 'વાઈઝરીગલ લૉઝના રૂપે થયું હતું. સમગ્ર ભારતમાંથી વૅકેશન ગાળવા અહીં પર્યટકો આવે છે અને રજાઓનો આનંદ માણે છે. *('યોગક્ષેમ'ને આધારે)*



અવૉર્ડ ઝરૂખો


અમે જો ખીજ્યાં તો ભૂંડાં આગથી,
રીઝ્યાં તો વળી કંકુથી રળિયાત;
અનાથ્યાં જોબન, કુંવારા ઓરતાઃ
કોની આગળ કહીએ મનની વાત?
જલ રે બોલે ને કાંઠા સાંભળે.

-બાલમુકુન્દ દવે

શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળાને રણજિતરામ સુવર્ણચંદ્રક

શ્રી ગોવર્ધનરામનો ચન્દ્રકાન્ત સરસ્વતીચંદ્રનો, તો આપણા મિત્ર સરસ્વતીના આપ્તજન, વિચક્ષણ વિવેચક ને કવિ. પિતા અમૃતલાલ, માતા લીલાવતી. જન્મ વડોદરામાં ૭ ઑગસ્ટ, ૧૯૩૬માં. ઉછેર ને અભ્યાસ મુંબઈમાં. ત્યાંની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં અભ્યાસ કરી ગુજરાતી વિષય સાથે બી.એ. ૧૯૫૮માં અને એમ.એ. ૧૯૬૦માં. પીએચ.ડી. કર્યું ૧૯૮૨માં, ગુજરાત યુનિવર્સિટીમાંથી 'સંસર્જનાત્મક કાવ્યવિજ્ઞાન' એ વિષય પર. ૧૯૮૨માં ગુજરાત યુનિવર્સિટી તરફથી નિયુક્ત થઈ પૂના ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટનો ફિલ્મ ઍપ્રીસિયેશનનો કોર્સ કર્યો. ૧૯૬૧ થી ૧૯૬૫ સુધી પોરબંદરની કૉલેજમાં અને ત્યાર બાદ ૧૯૬૫ થી ૧૯૮૪ દાહોદની કૉલેજમાં. ત્યાં ૧૯૭૧ થી '૮૪ સુધી આચાર્યપદે રહી કૉલેજના વિદ્યાકીય વિકાસમાં અભૂતપૂર્વ પ્રદાન કર્યું. ૧૯૮૪ થી ૧૯૯૬ સુધી ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક.લા. સ્વાધ્યાય મંદિરના નિયામક. હાલ અમદાવાદમાં પોતાનો નિવૃત્તિસમય સર્જન-અનુવાદ તથા અધ્યયન-વિવેચનમાં સરસ રીતે પસાર કરે છે. એમાં ઉત્તમ સહયોગ છે એમનાં વિદુષી સહધર્મચારિણી-સહકર્મચારિણી શાલિનીબહેનનો. તેમણે એકમાત્ર દીકરી પર્વણીના વિદેશવસવાટને કારણે પહેલા ૧૯૮૭માં યુરોપનો અને પછી ૧૯૯૭માં અમેરિકાનો પ્રવાસ કરેલો.

ચન્દ્રકાન્તે અધ્યયન-અધ્યાપન ઉપરાંત અનેક વિદ્યાકીય તેમજ સાહિત્યિક મંડળોમાં વિવિધ હેસિયતથી કાર્ય કર્યું છે. તેઓ ૧૯૮૦થી ૧૯૮૩ તથા ૧૯૯૭ થી ૨૦૦૧ દરમિયાન જ્ઞાનપીઠની ભાષા-સલાહકાર સમિતિના સભ્યપદે તેમજ ૧૯૮૩ થી ૧૯૮૬ દરમિયાન એ સમિતિના અધ્યક્ષપદે હતા. ૧૯૮૨માં તેઓ ગુજરાતીના અધ્યાપક સંઘના પ્રમુખ તથા ૧૯૮૭માં વિલેપાર્લેમાં યોજાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના ૩૪મા અધિવેશનના વિવેચન-સંશોધનવિભાગના અધ્યક્ષ હતા. આ



ઉપરાંત તેમણે નૅશનલ બુક ટ્રસ્ટ દિલ્હી તેમજ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને એમ.એસ. યુનિવર્સિટીની ગુજરાતીની અભ્યાસ સમિતિઓમાં પણ સેવા આપી છે.

ચન્દ્રકાન્તને તેમની તેજસ્વી શૈક્ષણિક કારકિર્દીના ફળસ્વરૂપે બલવંતરાય ક. ઠાકોર ચંદ્રક પ્રાપ્ત થયો હતો. એ તેજસ્વિતા એમના અધ્યાપનમાં તેમજ વિવેચન-સર્જન-અનુવાદમાંયે ઝળકતી પામી શકાય છે. ચન્દ્રકાન્તે પાંચ કાવ્યગ્રંથો,

સોળ વિવેચનગ્રંથો, સાત અનુવાદગ્રંથો તથા પંદર સંપાદનગ્રંથો આપ્યા છે. હજુયે તેમની સાહિત્યોપાસના અનવરત ચાલુ છે.

ચન્દ્રકાન્ત ગુજરાતી નવ્ય વિવેચકોમાં અગ્રસ્થાને છે. સાહિત્ય વિવેચનક્ષેત્રની તેમની જાગૃતિ નરસિંહરાવનું તો તેમની વિલક્ષણ સાહિત્યરુચિ દુરારાધ્ય બલવંતરાયનું સ્મરણ કરાવે છે. તેઓ રા.વિ.પાઠકની પરંપરાના પંડિત-કવિ છે. વિશ્વ-સાહિત્યના સર્જન-વિવેચનની વિવિધ ધારાઓના પરિચયમાં રહીને તેઓ ઘર-આંગણાના સાહિત્યને જોવા-મૂલવવાનો સૌંદર્ય-લક્ષી અને સત્યનિષ્ઠ ઉપક્રમ રચે છે. સાહિત્યપદાર્થને સાંપ્રત કલાકીય વાતાવરણમાં પોતાની રીતે ને ઝીણી રીતે જોઈ તે વિશે સ્પષ્ટ અભિપ્રાય આપવાની તેમની નિષ્ઠા અને ચેષ્ટા પ્રશસ્ય છે. ચન્દ્રકાન્ત પાશ્ચાત્ય કલાવિચાર ને ભાષાવિચારની અદ્યતન ઉપલબ્ધિઓથી વાકેફ રહી, તેના અનુસંધાનમાં પોતાના આગવા વસ્તુલક્ષી માનદંડથી કૃતિના રસ-રહસ્યને પ્રીછવા-પામવા સતત ઉદ્યમશીલ રહે છે. તેમની સાહિત્યરુચિ પર આધુનિકતાની ઊંડી મુદ્રા છતાં મધ્યકાલીન કૃતિઓના રસાસ્વાદ ને વિવેચનમાંયે તેમની અકૂતોભય ગતિ રહી છે.

ચન્દ્રકાન્તનો પહેલો સાહિત્યગ્રંથ તો કવિતાનો, 'મહેરામણ' નામનો, ૧૯૬૨માં પ્રકાશિત થયો, પરંતુ તેમાંની પરંપરા-પરસ્તી ૧૯૭૧માં કવિતાનો બીજો સંગ્રહ 'કાન્ત તારી રાણી' આવતાં નિરસ્ત થયાનું જણાય છે. નગરજીવનની વેદના ને અજંપાને વ્યક્ત કરતા 'કાન્ત તારી રાણી' કાવ્યસંગ્રહમાંના પ્રગલ્ભ પ્રયોગોએ પ્રયોગશીલ કવિસર્જકોનું ધ્યાન તો ખેંચ્યું જ હતું એમની સર્જકતામાં નરવો ઉઘાડ-પ્રકાશ 'પક્ષીતીર્થ' (૧૯૮૮)માં અને તે પછી 'બ્લૅક ફૉરેસ્ટ' (૧૯૮૯, ૧૯૮૮માં 'કવિલોક' દ્વારા બ.ક.ઠાકોર પુરસ્કારથી સન્માનિત)માં અનુભવાય છે. પ્રયોગશીલ સર્જકતાનો ગતિ-વ્યાપ એમાં ધ્યાનાર્હ છે. વસ્તુલક્ષી સ્વસ્થતા તેમજ આંતરિક તણાવ અહીં આસ્વાદ્ય બને છે. રજૂઆતની પારદર્શકતા ને કલ્પનનિષ્ઠ તિર્યકતા આકર્ષક છે. 'આવાગમન' (૧૯૯૯)માં કવિનું વસ્તુ-ગત ને સ્વરૂપગત નાવીન્ય સંસર્જનાત્મક અભિવ્યક્તિના એક પ્રબળ સંકેત સાથે પ્રકટતું વરતી શકાય છે. અહીં છાંદસ-અછાંદસ ઉભય માધ્યમો પરની એમની સિદ્ધહસ્તતા સ્પષ્ટ જોઈ શકાય છે. ગુજરાતી કવિતાના પ્રતીકાત્મક તથા કલ્પનાત્મક, લયાત્મક તથા ભાષાગત સ્તરે જે કેટલાક નૂતન સંચારો ઊભર્યા છે તેમાં ચન્દ્રકાન્તનું પણ પ્રદાન ઉલ્લેખનીય છે.

ચન્દ્રકાન્તની વિવેચનામાં કાવ્યાભિવ્યક્તિગત - કાવ્યભાષાગત ઊહાપોહ ઊડીને ચિત્તે વળગે એવો છે. એમનો પ્રથમ વિવેચનગ્રંથ 'અપરિચિત અ, અપરિચિત બ (૧૯૭૫) વિવેચનની ભાષાભિમુખ તરેહનું દર્શન કરાવે છે. એ જ વર્ષના બીજા વિવેચનગ્રંથ 'હદ-પારના હંસ અને આલ્બેટ્રૉસ'માં ફ્રેન્ચ પ્રતીકવાદી કવિતાના અનુવાદો સાથે પ્રતીકવાદ-વિષયક લઘુ પ્રબંધ પણ સાંપડે છે. મધ્યકાલીન કવિતાને સાંપ્રત અભિગમે જોવા-આસ્વાદવા જે અખબારી લખાણો થયાં તેનો સંચય 'મધ્યમાલા' (૧૯૮૩)માં છે. 'પ્રતિભાષાનું કવચ' (૧૯૮૪) ચન્દ્રકાન્તના વિવેચન સામર્થ્યનું દર્શન કરાવતો ગ્રંથ છે. તેમાં ભાષાવિજ્ઞાનના અનુલક્ષમાં જે પ્રકારે વિવેચના થઈ છે તે નોંધપાત્ર છે. તેમનું વિવેચનક્ષેત્રનું બીજું એક મહત્ત્વનું પ્રદાન તે 'સંસર્જનાત્મક કાવ્યવિજ્ઞાન' (૧૯૮૫) છે. તેમાં ચૉમ્સ્કીના સંસર્જનાત્મક રૂપાંતરણ વ્યાકરણના આધારે કાવ્યના વિચલન સિદ્ધાંતને સમર્થિત કરતું પ્રત્યક્ષ કાવ્યવિવરણ છે. 'વિવેચનનો વિભાજિત પટ' (૧૯૯૦) ચન્દ્રકાન્તની શાસ્ત્રપ્રતિભાના એક સબળ આવિષ્કારરૂપ ગ્રંથ છે, જેમાં કાવ્યશાસ્ત્ર તેમજ સૌંદર્યશાસ્ત્રના આધારે એમનો સાહિત્યતત્ત્વવિચાર પ્રતિપાદિત થાય છે. આ ઉપરાંત ચન્દ્રકાન્તે 'ગ્રંથઘટન' (૧૯૯૪), 'સુરેશ જોષી' (૧૯૯૬), 'અનેકાયન' (૧૯૯૮), 'નાનાવિધ' (૧૯૯૯), 'અનુ-આધુનિકતાવાદ' (૧૯૯૯), 'સાહિત્યના ઈતિહાસની અભિધારણા' (૨૦૦૦), 'બહુસંવાદ' (૨૦૦૧), 'દલપતરામ' (૨૦૦૨) તથા 'રચનાવલી' (૨૦૦૨)—એ વિવેચનગ્રંથો આપ્યા છે જે તેમની ભાવયિત્રી પ્રતિભાનું તપઃતૂપ દર્શન કરાવે છે. દલપતરામને ચન્દ્રકાન્તની દૃષ્ટિએ જોવાનું આજનો ભાવક પસંદ કરશે જ. વળી, વિવેચનના કેટલાક અક્ષુણ્ણ પ્રદેશો પ્રતિનો ચન્દ્રકાન્તનો અંગૂલનિર્દેશ પણ ભાવકો આવકારશે જ.

ચન્દ્રકાન્તનાં સંપાદનોમાં દેખીતી રીતે જ, મુખ્ય સંપાદક તરીકે અન્યના સહકારથી કરેલ 'ગુજરાતી સાહિત્યકોશ : ભાગ-૨' (૧૯૯૦) તથા 'ગુજરાતી સાહિત્યકોશ : ભાગ-૩' (૧૯૯૬) પ્રથમ ધ્યાન ખેંચે. આ ભગીરથ કાર્ય પાર પાડવામાં તેમણે જે નિષ્ઠા, નેતૃત્વ ને સાહિત્યિક સૂઝ-સમજ દાખવ્યાં છે તેની નોંધ લેવી જોઈએ. વળી, ગુજરાતી સંદર્ભ સાહિત્યમાં 'આધુનિક સાહિત્યસંજ્ઞાકોશ' (અન્ય સાથે, ૧૯૮૬), 'વિશિષ્ટ સાહિત્યસંજ્ઞાકોશ' (૧૯૮૮) અને 'ગુજરાતી ટૂંકી વાર્તાકોશ' (અન્ય સાથે, ૧૯૯૦) - એ એમનું આવકાર્ય પ્રદાન લેખાશે. તેમણે આ ઉપરાંત 'વનશ્રી' (દેવજી રા. મોઢાનાં કાવ્યોનું સંપાદન, ૧૯૬૩), 'નવલરામ' (૧૯૮૮), 'વિવેચક ઉમાશંકર' (૧૯૮૯), 'નવમા દાયકાની કવિતા' (અન્ય સાથે, ૧૯૯૨), 'અનુઆધુનિકતાવાદ' (અન્ય સાથે, ૧૯૯૩), 'તુલનાત્મક કાવ્યશાસ્ત્ર' (અન્ય સાથે, ૧૯૯૪), 'જયંત ખત્રીની શ્રેષ્ઠ વાર્તાઓ' (૧૯૯૪), 'કવિતાસંચય : ૧૯૯૩' (૧૯૯૫) તથા 'ગુજરાતી આત્મકથાલેખન' (૧૯૯૮) જેવાં સાહિત્ય સ્વરૂપો, સાહિત્યકારો તેમજ સાહિત્યપ્રવાહોને અનુલક્ષતાં ઉપયોગી સંપાદનો સુલભ કર્યાં છે.

ચન્દ્રકાન્તનો સાહિત્યરસ ને વાગ્રસ અનોખી રીતે એમના અનુવાદકર્મમાં સંક્રાન્ત થયેલો જોઈ શકાય છે. તેમણે

'કલ્પો કે કલ્પના મરી પરવારી છે' (બૅકેટ, ૧૯૬૯), 'Contemporary Gujarati Poetry' (૧૯૭૨) 'દુઈનો કરુણિકાઓ' (રિલ્કે, ૧૯૭૬), 'સૉનેટ્સ ટુ ઑર્ફિયસ' (રિલ્કે, ૧૯૭૭), 'મૈથિલી સાહિત્યનો ઇતિહાસ' (૧૯૮૭), 'ઈથાકા અને જેરૂસલેમ' (૧૯૯૬, ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રથમ પુરસ્કારથી સન્માનિત) અને 'ધ રેવન' (એડગર એલન પો, ૧૯૯૯) - એ અનુવાદગ્રંથો આપ્યા છે. તેમાં દેખીતી રીતે જ તેમનો રસ કાવ્યાનુવાદો માટેનો પ્રબળ હોવાનું જણાય છે.

ચન્દ્રકાન્તનાં સંપાદનો તેમજ અનુવાદો તેમની ઉત્કટ સાહિત્યરુચિ ને સાહિત્યસાધનાનાં દ્યોતક છે. હજુયે એમની પાસેથી સાહિત્યક્ષેત્રે વધુ વિસ્મયો પ્રાપ્ત થશે એવી શ્રદ્ધા છે. - *ચિનુ મોદી*

શ્રી રતિલાલ બોરીસાગરને શ્રી ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક

શ્રી રતિલાલ બોરીસાગરનો જન્મ ૩૧ ઑગસ્ટ ૧૯૩૮. જન્મસ્થળ અને વતન : સાવરકુંડલા (જિ. અમરેલી). પિતા શિક્ષક, ધીર-ગંભીર પ્રકૃતિનાં અને જીવનરસથી સભર માતા તો હાસ્યનો જીવ. આમ, ગળથૂથીમાંથી જ મળેલાં હાસ્ય, ભાષાપ્રેમ અને જીવનપ્રેમ. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સાવરકુંડલામાં અને ઉચ્ચ શિક્ષણ રાજકોટ અને ભાવનગરમાં. ડિગ્રી-ઉપાધી : બી.એ. (૧૯૬૩), એમ.એ. (૧૯૬૭), બી.એડ્. (૧૯૭૧), પીએચ.ડી. (૧૯૮૯). પીએચ.ડી.માં તેમનો વિષય હતો 'ગુજરાતી સાહિત્યિક સંપાદન - વિવેચનાત્મક અધ્યયન' (અમુદ્રિત).



વિવિધ નોકરીઓ : પ્રાથમિક શિક્ષક, પોસ્ટ ઑફિસમાં ક્લાર્ક, માધ્યમિક શિક્ષક, કૉલેજમાં થોડો વખત પ્રોફેસર. પછી ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગરમાં. ત્યાંથી નાયબ નિયામક (શૈક્ષણિક) તરીકે નિવૃત્ત, પણ સર્જન-સંપાદન-અભ્યાસમાં પ્રવૃત્ત. વિખ્યાત હાસ્યકાર.

સાહિત્યસર્જનની શરૂઆત બોરીસાગરે સત્તર-અઢાર વર્ષની વયે કરેલી - હાસ્યલેખ કે નિબંધથી નહિ, પણ કરુણગંભીર વાર્તાઓથી! છપાયેલી પહેલી વાર્તા - 'સમાજ જાગશે?. એ સમયે એમણે કરુણરસનું સાહિત્ય સર્જવા 'ઝનૂની પ્રયત્નો' કરેલા! એમાંની કેટલીક વાર્તાઓ છપાઈ પણ હતી, પણ એમની ભીતર બેઠેલા જાગ્રત વિવેચકને (તથા હાસ્યકારને પણ) ખૂબ વહેલી જાણ થઈ ગઈ કે 'મોટા ભાગની મારી કરુણ વાર્તાઓ પાછી ફરીને મને એકલાને જ કરુણરસનો અનુભવ કરાવતી.' એમણે લઘુકથાઓ પણ લખેલી. છપાયેલી પાંચેક લઘુકથાઓમાંથી કોઈ કોઈ તો લઘુકથાના સંચયોમાં પણ લેવાઈ છે. એ વિશે બોરીસાગરે લખ્યું છે : 'અલબત્ત, આમાં મારી લઘુકથાઓની ગુણવત્તા કરતાં સંપાદકોનું ઔદાર્ય વધુ કારણભૂત હતું.' 'કુમાર'માં છપાયેલી એમની એક લઘુકથાને વર્ષની શ્રેષ્ઠ લઘુકથા તરીકે પારિતોષિક મળ્યુ હતું (૧૯૭૩). એમની જન્મજાત - વારસાગત પ્રકૃતિ હસવા-હસાવવાની. એક હાસ્યકૃતિ સર્જાઈ અને 'ચાંદની'માં તસવીર-પરિચય સાથે ધામ-ધૂમથી છપાઈ ને પછી તો 'મરક મરક'નો દોર ચાલ્યો અને ચગ્યો.

બોરીસાગરની હાસ્યરચનાઓનો પહેલો સંગ્રહ 'મરક મરક' (૧૯૭૭) વાંચીને જ્યોતીન્દ્ર દવેએ તેમની રસનિર્મિત માટે આવશ્યક એવી દર્શનની ને સર્જનની સહજ શક્તિ સંદર્ભે પત્રમાં લખેલું : '... તમારું પુસ્તક વાંચી ગયો. કેટલુંક લખાણ તો મેં જ લખ્યું હોય એવું લાગ્યું છે.' હાસ્ય નિષ્પન્ન કરવા માટે બોરીસાગરને ચબરાકિયાપણાનો આશ્રય લેવો પડતો નથી. જીવનનું, માણસનું - માણસના સ્વભાવનું, રોજબરોજના ઘરેળુ પ્રસંગોનું, ઘટના કે પરિસ્થિતિનું સૂક્ષ્મ નિરીક્ષણ-દર્શન અને વધુ તો પોતાની જાતનુંયે નિરીક્ષણ ને પોતા પર હસવાની ટેવ તેમજ અપાર ભાષાપ્રેમના કારણે બોરીસાગરને હાસ્યનો વિષય શોધવા દીવો લઈને ક્યાંય જવું પડતું નથી. હાસ્ય સ્વયં ઝરણાની જેમ સ્ફુરે છે - ફૂટે છે અને નર્મ-મર્મ સાથેની અવનવા વળાંકો દાખવતી હાસ્યવિનોદની સરવાણી લીલયા વહેતી થાય છે. અવળવાણી તથા અવળદર્શન એ એમની રિદ્ધિ છે તો હાસ્યલેખો લલિત નિબંધની કક્ષાએ પહોંચે એ એમની સિદ્ધિ છે.

'આનંદલોક' (૧૯૮૩)ની પ્રસ્તાવનામાં રઘુવીર ચૌધરીએ નોંધ્યું છે : 'વિદ્વજ્જનોને પણ આનંદ આપે એવું હાસ્ય જ્યોતીન્દ્ર પાસે હતું. બોરીસાગર જ્યોતીન્દ્રના એક યોગ્ય ઉત્તરાધિકારી બની શકે એવી શક્યતા ધરાવે છે.' સ્વરૂપની સભાનતાનો તથા નાના નાના દીવડાની જેમ હાસ્યને પ્રગટાવવાની સજ્જનતાનો બોરીસાગરમાં સતત વિકાસ થતો રહ્યો છે. આગવી અને મર્માળી, અવળતર્કભરી નિરૂપણરીતિય ખીલતી રહી છે. પરિણામે શબ્દરમતના ચાતુર્ય તથા શૈલીવેડાથી તેઓ બચી શક્યા છે.

'સંભવામિ યુગે યુગે' (૧૯૯૪) હાસ્ય લઘુનવલ છે. તેમાં નર્મદા યોજનાના પ્રશ્નને કેન્દ્રમાં રાખીને ભદ્રંભદ્રનું આજના સમયમાં પુનરાગમન કરાવીને હાસ્ય નિષ્પન્ન કરાયું છે. રમણભાઈ નીલકંઠે સર્જેલા ભદ્રંભદ્રનાં ગુણલક્ષણોની યથાતથ જાળવણી તથા સો વરસ અગાઉ લખાયેલી 'ભદ્રંભદ્ર'ની કથાને આગળ ચલાવીને પોતાના સમય સુધી લાવવા માટેની લેખકની શિસ્ત ધ્યાનાર્હ છે. આ લઘુનવલમાં કટાક્ષ વગરનો શુદ્ધ હાસ્યરસ છે. કટાક્ષ વગરનો શુદ્ધ-નિર્મળ હાસ્યરસ એ કોઈ પણ હાસ્યકાર માટે એક પડકાર છે.

'એન્જૉયગ્રાફી' (૧૯૯૭) હાસ્યકથાના પ્રાગટ્યથી બોરીસાગર સવિશેષ જાણીતા થયા. ૧૯૮૯માં એક રાત્રે બોરીસાગરને છાતીમાં દુઃખાવો થયો. જુદા જુદા ટેસ્ટના અંતે એન્જ્યોગ્રાફી તથા

બાઈપાસ-સર્જરી માટે સજ્જ થવાની વાત આવી. ધૂમ્રપાન કે મદિરાપાન લેખકે કદીયે કર્યાં નથી. ઊંચું દબાણ કરી શકે એટલું બધું લોહી પણ એમના શરીરમાં કદી ભરાયું નથી. આથી હૃદયરોગનું કારણ કદાચ કૌટુંબિક વારસો હોઈ શકે. એમનાં બા હૃદયરોગથી તેર વર્ષ પિડાયેલાં. આ પીડા દરમિયાન પણ બા હસતાં-હસાવતાં રહેલાં. બોરીસાગર પ્રસ્તાવનામાં નોંધે છે : 'હૃદયરોગ મને બાને કારણે મળ્યો હોય કે નહિ, પણ ભીતર છલોછલ ભરેલું હાસ્ય તો બાનો - માત્ર બાનો વારસો છે એમાં શંકા નથી.'

હૃદયરોગથી મુક્ત થવા બોરીસાગરે અશ્રુધારાને બદલે હાસ્યધારાનો આશ્રય લીધો. એ ધારાથી સર્જાયેલું હાસ્યસરોવર તે 'એન્જૉયગ્રાફી'. આની પ્રેરણા એમને નૉર્મન કઝિન્સ પાસેથી મળેલી. તેઓ હાસ્યની મદદથી હૃદયરોગમાંથી મુક્ત થયા હતા. કેવળ હાસ્યની મદદથી એમણે બાઈપાસ-સર્જરી નિવારી હતી. બોરીસાગરેય જાતને ઢંઢોળી ને મેરુ જેવો સંકલ્પ કર્યો - હૃદયરોગની સારવાર દરમિયાન હળવો રહું, પ્રસન્ન રહું, સારવારની ભારે ક્ષણોમાંથી હળવી ક્ષણો શોધી કાઢું... આ હળવી ક્ષણોની કરુણગર્ભ હાસ્યમધુર લહર પર લહર પર લહર એટલે 'એન્જૉયગ્રાફી'.

કોઈ પણ પરિસ્થિતિમાં જાત ઉપર કેવી અને કેટલી રીતે હસી શકાય તેનું સર્જનાત્મક ભાષામાં એમના થકી કરાવાતું મર્મસ્પર્શી દર્શન એમને સબળ હાસ્યકાર બનાવે છે. કરુણમાંથી હાસ્ય નિપજાવવાના પ્રપંચોને પડછે લેખકની સ્વસ્થતા અને ધીર-ગંભીર પ્રસન્નતા રહેલી હોય છે.

ઈ.સ. ૧૯૯૮ના જૂનથી તેઓ 'સંદેશ' દૈનિકમાં 'મરક-મરક' નામથી દર રવિવારે કૉલમ લખી રહ્યા છે. આ કૉલમમાંથી પસંદ કરેલા લેખોનો સંચય 'તિલક કરતાં ત્રેસઠ થયાં' આજના અવસરે પ્રકાશન પામે છે.

'અમદાવાદ દૂરદર્શન' અને 'ઈ ટીવી ગુજરાતી' પરથી એમના હળવા કાર્યક્રમો પ્રસારિત થયા છે. અમદાવાદ દૂરદર્શન પરથી ઈ.સ. ૧૯૯૪માં શ્રી નિમેષ દેસાઈના દિગ્દર્શનમાં હળવી શ્રેણી 'પ્રોફેસર ઝૂનઝૂનવાલા' પ્રસારિત થઈ હતી.

'બાલવંદના' (૧૯૯૪)માં બાલ-ઉછેર વિશેના વાર્તિકો સરળ ભાષામાં આલેખાયાં છે. દરેક લેખમાં કોઈ ને કોઈ ચિંતકનું બાલ-ઉછેર વિશેનું વિધાન આપીને પછી લેખકે એનું વિવરણ કર્યું છે. તેઓ પાઠ્યપુસ્તક મંડળના માસિકપત્ર 'બાલસૃષ્ટિ'માં બાળકોને અનુલક્ષીને 'બાલમહાભારત'ના અંશો પણ ક્રમિક રીતે આપતા રહ્યા છે.

સર્જનાત્મક લખાણ ઉપરાંત બોરીસાગરે કેટલાંક ઉપયોગી સંપાદનો પણ કર્યાં છે — 'મા એ મા' (૧૯૯૯ : માતૃભાવનાની વાર્તાઓ અને અન્ય રચનાઓ), 'અનોખાં જીવનચરિત્રો' (૧૯૯૯ : રજનીકુમાર પંડ્યાનાં રેખાચિત્રો), 'નમું તે હાસ્યબ્રહ્મને' (૨૦૦૦ : વિનોદ ભટ્ટની હાસ્યરચનાઓ), 'ગૂર્જર હાસ્ય નિબંધસંચય' (૧૯૯૮ : ભોળાભાઈ પટેલ સાથે), 'ગૂર્જર પ્રહસન સંચય' (૧૯૯૮ : રઘુવીર ચૌધરી સાથે), 'ગૂર્જર અદ્યતન પ્રહસન સંચય' (૧૯૯૮ : રઘુવીર ચૌધરી સાથે), 'હાસ્ય તેત્રીસી' (૨૦૦૨ : વિનોદ ભટ્ટ સાથે) તેમજ 'અર્વાચીન ગુજરાતી હાસ્યરચનાઓ' જે સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા પ્રકાશિત થવામાં છે.

આ ધનજી કાનજી સુવર્ણચંદ્રક ઉપરાંત બોરીસાગરને ગુજરાત સાહિત્ય અકાદમીનાં પારિતોષિકો ('મરક મરક', 'આનંદ-લોક', 'એન્જૉયગ્રાફી') ગુજરાતી સાહિત્ય પરિષદનું જ્યોતીન્દ્ર દવે હાસ્ય પરિતોષિકો ('મરક મરક') તથા મારવાડી સમ્મેલન, મુંબઈ દ્વારા ઘનશ્યામદાસ સરાફ સર્વોત્તમ સાહિત્ય ઍવૉર્ડ' ('એન્જૉય-ગ્રાફી' માટે) પ્રાપ્ત થયા છે. (ટૂંકાવીને) - *યોગેશ જોષી*

વિશિષ્ટ યાદદાસ્ત ધરાવતી વ્યક્તિઓ

બાળકોની વિશિષ્ટ યાદદાસ્ત માટે તમે સાંભળ્યું જ હશે. આવા લોકોની યાદદાસ્ત ખૂબ સરસ હોય છે. કેટલાક લોકો તો વાંચેલાં પાનાંનાં પાનાં થોડા સમય પછી બરાબર વિરામ, અલ્પવિરામ ચિહ્નો સાથે કડકડાટ બોલી જતા હોય છે. ઇતિહાસમાં એવી કેટલીક વ્યક્તિઓનાં નામ જોવા મળે છે જેમની યાદદાસ્તથી આપણે આશ્ચર્યચકિત થઈએ છીએ.

રાજા ભોજના દરબારી શ્રુતિધર ચોવીસ મિનિટ સુધી સાંભળેલ કોઈ પણ વાત કે પ્રસંગ કે ધર્મગ્રંથનો કોઈ ભાગ વાંચ્યા પછી શબ્દેશબ્દ બોલી જતા હતા.

સ્વામી વિવેકાનંદે શિકાગોની લાયબ્રેરીમાં એક મોટો વિશ્વ-કોષ રાત્રે જોવા માટે માગ્યો અને સવારે એ પાછો આપતી વખતે આખા વિશ્વકોષનાં બધાં પાનાં એમને શબ્દેશબ્દ યાદ હતાં.

મિસરના સુલતાન નાસીરને પોતાના બધા વીસ હજાર ગુલામોનાં નામ, જન્મસ્થળ, જાતિ, ઉંમર અને એમને ખરીદવામાં આવેલ સ્થાન, સમય અને એમને ખરીદવા માટે આપવામાં આવેલી રકમ મ્હોંએ યાદ હતી.

નેપોલિયનને પોતાના દરેક સૈનિકનું નામ-સરનામું યાદ હતાં.

દક્ષિણ આફ્રિકાના ફિલ્ડ માર્શલ જનરલ સ્મટ્સની પાસે લગભગ દશેક હજાર પુસ્તકોનો ભંડાર હતો. તે પુસ્તકોના આ વિશાળ સંગ્રહમાંથી કોઈ પણ પુસ્તકના કોઈ પણ ભાગનાં પાનાંની સંખ્યા અને અન્ય વિવરણ તરત જ કહી શકતા હતા.

ખ્યાતનામ લેખક ટી.ઈ. લોરેન્સના પુસ્તક 'ધ સિબલ પિલર્સ ઑફ વિઝડમ' ની આખી હસ્તપ્રત ખોવાઈ ગઈ. પરંતુ તેમણે આખું પુસ્તક પોતાની યાદશક્તિથી ફરી લખી નાખ્યું અને સમયસર પ્રકાશિત કરવા માટે પોતાની હસ્તપ્રત આપી દીધી.

એક વાર જર્મનીના હેગન શહેરમાં એક મોટી બૅન્કમાં ભયંકર આગ લાગતાં બૅન્કનો બધો રેકોર્ડ અને કાગળની નોટો બળીને ખાખ થઈ ગઈ. બીજા દિવસે બૅન્કની આગળ ગ્રાહકોની

ભીડ જામી ગઈ અને ઉપસ્થિત ગ્રાહકો બૅન્ક પાસે હિસાબ માગવા લાગ્યા. રેકોર્ડ વગર ખાતેદારોના હિસાબ ચૂકતે કરવા મુશ્કેલ હતા. આવી વિષમ પરિસ્થિતિમાં બૅન્કમાં નોકરી કરતા બર્થોલ્ડ નિવ્રૂરે બધી મુશ્કેલીઓ સહજતાથી દૂર કરી દીધી. બધા ગ્રાહકો એમના દ્વારા બનાવવામાં આવેલા હિસાબથી પૂરેપૂરી રીતે સંતુષ્ટ હતા. એમનો આ વિશિષ્ટ સેવાઓ માટે બૅન્કે એમની કદરદાની રૂપે એમને કારકુનમાંથી આ બૅન્કની બધી શાખાઓના ડિરેક્ટર બનાવી દીધા.

ફિલ્ડિંગ જન્મથી અંધ હતા. એમને દસ હજાર વ્યક્તિઓનાં નામ, સરનામાં, વ્યવસાય મોઢે યાદ હતાં. એમાંના દરેકનો અવાજ સાંભળીને તે એમનાં નામ બતાવી શકતા હતા.

ફ્રાન્સના પૂર્વ વડાપ્રધાન મેમ્બ્રેજ લિયાનને વિરોધ પક્ષના નેતાઓ દ્વારા સંસદ્‌માં આપેલા ભાષણોનો એક-એક શબ્દ મોઢે યાદ રહેતો હતો. સંસદમાં રજૂ કરવામાં આવેલા તમામ અગાઉના બજેટોની એક-એક વાત તે આંકડાઓ સાથે કહેતા હતા. - *યશવંત કડીકર*

ગુણકારી મેથી

ભારતીય કુટુંબોમાં મેથીનો ઉપયોગ મરીમસાલા તરીકે થતો આવ્યો છે. મેથીનો સ્વાદ કડવો છે પણ એના ગુણો અનેક છે. મેથી ભૂખ ઉઘાડે છે. એનાં પાન શાકમાં વપરાય છે અને બીનો ઉપયોગ ખોરાકને સ્વાદ અને સોડમ આપવા માટે થાય છે. મેથીમાં પ્રોટીન, ચરબી, કાર્બોદિત પદાર્થો, કૅલ્શિયમ, ફૉસ્ફરસ અને લોહતત્ત્વ જેવાં અનેક પોષક તત્ત્વો આવેલાં છે. અનેક આયુર્વેદિક ઔષધો બનાવવામાં મેથી વપરાય છે.

સેકેલી મેથી, ગૉળ અને ઘઉંના લોટનો લાડુ અને અડદિયા શિયાળામાં સંધિવામાં ઘણી રાહત આપે છે.

સુવાવડી સ્ત્રીઓ માટે મેથીના લાડુ ગુણકારી છે. સ્તનપાન કરાવનારી માતાઓએ તો મેથી ખાસ ખાવી જોઈએ. ગુહ્યાંગોમાં સોજો આવ્યો હોય એવી મહિલાઓને મેથીનાં બીનો રસ બનાવીને પીવાથી લાભ થાય છે.

રાત્રે સૂતાં પહેલાં મેથીના દાણાને પાણીમાં લેવાથી કબજિયાતમાં રાહત થાય છે. તેનાં પાન એસિડિટી, અજીર્ણ, અપચો, ગૅસની તકલીફ, કબજિયાત અને પેટના દુઃખાવામાં ઉપયોગી છે. મેથીનાં બી નાખીને ઉકાળેલું એક કપ પાણી લેવાથી આંતરડાં સાફ થાય છે.

દૂધમાં મેથીનો પાઉડર લેવાથી મધુપ્રમેહના દર્દીઓના લોહીમાં સાકરનું પ્રમાણ નિયંત્રણમાં આવે છે.

મેથીમાં લોહતત્ત્વ પ્રચુર માત્રામાં હોવાથી એનાથી લોહીમાં હિમોગ્લોબીનનું પ્રમાણ વધે છે. પાંડુરોગના દર્દીઓ માટે તે ખાસ ઉપયોગી છે.

મેથીનાં બીને દૂધમાં વાટીને તૈયાર કરેલા રસનાં ટીપાં કાનમાં નાખવાથી કાનમાં થયેલું પરું મટે છે.

મેથીના પાઉડરનું સેવન કરવાથી ચેતાતંત્રની વ્યાધિઓ, વારંવાર પેશાબ થવો, મૂત્રપથરી, કાકડાનો ચેપ, લોહીનું ઊંચું દબાણ અને ચિંતા, ટેન્શન જેવી બીમારીઓમાં ઘણી રાહત થાય છે. ('લોકૉસ્ટ ફીચર'માંથી)

આઠ પહર ચોસઠ ઘડી, લાગિ રહે અનુરાગ;
હિરદૈ પલક ન બીસરે, તબ સાઁચા વૈરાગ.

— કબીર

લાલબહાદુર શાસ્ત્રી ગરીબ કે પિડીતોને મદદ કરવા સદા તત્પર રહેતા. આપણી આઝાદ સરકારે દેશને માટે સહન કરનારાઓને મદદ આપવાની જાહેરાત કરેલી. બિહારના માહારાજ ગંજ નામના રામધનને આ યોજનામાં રૂ. ૨૦૦ મળ્યા, પણ એ લેવા માટે પંચોતેર રૂપિયાનો ખર્ચ કર્યો છતાં તે રકમ મળી નહીં. આખરે એણે શાસ્ત્રીજીને કાગળ લખ્યો. શાસ્ત્રીજી બિહારના મુખ્યમંત્રીને મળ્યા અને ચર્ચા કરી પણ પરિણામ શૂન્ય આવ્યું. તેથી શાસ્ત્રીજીએ પોતાના તરફથી ત્રણસો રૂપિયા રામધનને આપ્યા.

*

મોંઘામાં મોંઘી પેન્સિલ



ફોટોગ્રાફમાં દેખાતી પેન્સિલ દુનિયાની મોટામાં મોટી પેન્સિલ છે એમાં અઢાર કેરેટના સોનાનું ઢાંકણ લગાવવામાં આવ્યું છે. આ ઢાંકણામાં વળી ત્રણ હીરા જડવામાં આવ્યા છે. આ બંને કરતાં વધારે કિંમતી તો આ પેન્સિલ બનાવવામાં વપરાયેલું લાકડું છે. 'પરફેક્ટ પેન્સિલ' નામની આ પેન્સિલ બનાવવામાં બસો ચાલીસ વર્ષ જૂના ઑલીવ વૃક્ષનું લાકડું વાપરવામાં આવ્યું છે. સરવાળે આ પેન્સિલની કિંમત દસ હજાર રૂપિયા થાય છે.



શીશી આકારમાં શીશી શબ્દ
(મહેબુબ એ. સૈયદ)

न हि वैरेण वैराणि शाम्यन्तीह कदाचन ।
अवैरेण च शाम्यन्ति एष धर्मः सनातनः ॥
આ સંસારમાં વેરથી કદી વેર શાન્ત થતું નથી, અવેરથી જ શાન્ત થાય છે. આ સનાતન ધર્મ (નિયમ) છે.

*

ખાખી નાનું-મોટું ગીધ જે મધ્ય એશિયાના રણમાં જોવા મળે છે તે પોતાના પ્રજનન-આવાસો છોડીને ઉત્તર ભારતમાં શિયાળો ગાળવા આવવા માટે હિમાલયનાં શિખરોને ઓળંગીને આવે છે અને તે ૨૦ થી ૨૩ હજાર ફૂટની ઊંચાઈએ પણ જોવા મળે છે.

*

તુલસીનાં પાનનો રસ પાંચ-દસ ટીપાં પાણીમાં નાખીને રોજ પિવડાવવાથી બાળકનાં સ્નાયુ અને હાડકાં મજબૂત બને છે અને જલદી ચાલતાં શીખે છે.

*

ફ્રીજમાં જુદી જુદી વસ્તુઓની વાસ ચડી ગઈ હોય તો એક ચમચી ખાવાનો સોડા બાટલીના નકામા ઢાંકણામાં મૂકી રાખવો. વાસ દૂર થઈ જશે.

*

ભારત સહિત દક્ષિણ એશિયામાં પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓનું પ્રમાણ ઘટી રહ્યું છે. ૧૯૯૧માં ૧૦૦ પુરુષે ૯૩ મહિલાઓ હતી. અત્યારે મહિલાઓના સરેરાશ આયુષ્યમાં થયેલો વધારો, ઘટેલો બાળમૃત્યુદર અને માતૃમૃત્યુદર હોવા છતાં મહિલાઓની સંખ્યા ઓછી થઈ રહી છે. બાળમૃત્યુ કે માતૃમૃત્યુનો દર ચીન અને શ્રીલંકા કરતાં ભારતમાં વધારે છે.

*



વાંચવા-સમજવાનું જોઈ
(રેખાંકન : ઈન્દ્રદેવ આચાર્ય)

પતિ : 'મેં સરસ નોકરી શોધી છે. સરસ પગાર, મફત તબીબી સારવાર, વીમો, ખાસી રજાઓ અને ખાવાપીવાની સુવિધા સુધ્ધાં.'
પત્ની : 'આ તો ઘણું સારું કહેવાય!'
પતિ : 'મને હતું જ કે તને ગમશે. એમ કર કાલથી જ શરૂ કરી દે જવાનું.'

*

૧૪મી જુલાઈ ૧૭૮૯ના દિવસે પૅરિસ શહેરમાં બેસિલે નામની જેલ પર હલ્લો કરીને ફ્રાન્સની જગવિખ્યાત ક્રાંતિની શરૂઆત થઈ હતી. ફ્રાન્સના રાજા લૂઈ (સોળમા)એ પોતાની ડાયરીમાં ૧૪મી તારીખના પાને લખ્યું હતું, 'ખાસ કંઈ જ નથી!' જે ક્રાંતિને લૂઈએ ખાસ કંઈ નહોતી માની એ જ ક્રાંતિમાં ચાર વર્ષ પછી રાજા લૂઈનું માથું જાહેરમાં વાઢી નાખવામાં આવ્યું હતું.

*



કલાકૃતિકા : પ્રાચીન ઉત્તર ચીનનું કાંસામાંથી બનાવેલું સુરાપાત્ર, જેના પર ઘુવડની આકૃતિ છે અને તે વિધિવિધાનોમાં ખપમાં લેવાતું. શાંગવંશનું ઈ.સ.પૂ. ૧૨૦૦-૧૧૦૦નું આ પાત્ર ૩૦.૧ સેમી ઊંચાઈ ધરાવે છે.